લાઇટહાઉસ

જૂલે વર્ન

VISIT…

LANZAROTE Caliente.com

લાઇટહાઉસ

જૂલે વર્ન



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

લાઇટહાઉસ

"The Light House at the end of the world"નો અનુવાદ

જૂલે વર્ન

ભાવાનુવાદ : દોલતભાઈ બી. નાયક

(ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, નવયુગ લૉ કાલેજ, સુરત)



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩

Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

LIGHTHOUSE

Originaly Published in Franch in the year 1905 as

LE PHARE DU BOUT DU MONDE and

Translated in English as

The Lighthouse at the end of the world

Adventure Novel by Jules Verne

Translated by Dolatbhai B. Naik

R. R. Sheth & Co. Mumbai □ Ahmedabad

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર. આર. શેઠની કંપની

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Web : www.rrsheth.com

E-mail : sales@rrsheth.com

અર્પણ

મારામાં રહેલી વાંચનભૂખને સંતોષનારાં

અને

આઠ વર્ષના વિસ્તૃત સમય ફલકમાં

મારા મનમાં અંકિત થઈ ગયેલાં-

મારાં **સરસ્વતી મંદિરોને** . . .

* શ્રી સાર્વજનિક પુસ્તકાલય

(જૂનું નામ શ્રી કિશોર પુસ્તકાલય)
મોહનપુર, જિલ્લા નવસારી

* શ્રી સાર્વજનિક લાઇબ્રેરી

અંચેલી, જિલ્લા નવસારી

* શ્રી સયાજી સુવર્ણ મહોત્સવ પુસ્તકાલય

ધમડાછા, જિલ્લા નવસારી

* શ્રી વિદ્યામૃતવર્ષિણી પાઠશાળા ગ્રંથાલય

વલસાડ

તથા

* Bradley University Library

\- Peoria, Il-USA.

* Longmont Public Library

\- Longmont - co-USA.

ને સપ્રેમ...

- દોલતભાઈ નાયક

કિશોરો માટે વર્ષોથી લોકપ્રિય પુસ્તકો

સાહસકથાઓ

[અરધી સદી પહેલાં કલ્પેલી આ વૈજ્ઞાનિક વાર્તાઓ આજે તો સત્યસૃષ્ટિમાં ઊતરેલી જોઈ શકાય છે.]

જુલે વર્ન

સાહસિકોની સૃષ્ટિ

સાગરસમ્રાટ

પાતાળપ્રવેશ

સોનેરી ધૂમકેતુની પીછો

કાળા સૂરજના રહેવાસી

અગ્નિરથ

૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા

મિખાઇલ સ્ટ્રગોવ

લાઇટહાઉસ

તરતું મહાનગર

રૉબર્ટ લુઇ સ્ટીવન્સન

ખજાનાની શોધમાં

અન્ય

મંગળની સફરે	ગિરીશ ગણાત્રા
પાતાળનગરી	ગિરીશ ગણાત્રા
તુરંગાને પેલે પાર	ગિરીશ ગણાત્રા
સાગરરાજની સંગાથે	ગિરીશ ગણાત્રા
અગનગુલાબ	અનામી
પરાક્રમી થોર	હરીશ નાયક

પ્રસ્તાવના

૧૮૫૭ના આપણા પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામનાં દશ વર્ષ બાદની એ અનોખી યુદ્ધકથા હતી. સંગ્રામના નાયક અને ખલનાયક વચ્ચેના વેરની વસુલાતની એ દાસ્તાન હતી. જુલે વર્ન જેવા ફ્રેન્ચ લેખકની ઘડાયેલી કલમે, ચારસો કરતાં પણ વધુ પૃષ્ઠોના ફલક ઉપર આલેખાયેલી એ અદ્‌ભુત મહાનવલ હતી. એ હતી Steam House, ગુજરાતીમાં મારે હાથે ભાવાનુવાદ પામેલી 'અગ્નિરથ' નવલકથા.

૧૯૯૯ના વર્ષમાં ટાઇમ્સ ઑફ ઇન્ડિયાના બંગાળની એક વિદ્‌યાર્થિની બહેન સ્વાતિ દાસગુપ્તાના એ અંગેના લેખ છપાયો હતો. એનાથી 'સ્ટીમ હાઉસ' ની મને જાણ થઈ. લગભગ અપ્રાપ્ય બનેલી હોવા છતાં અમેરિકાના ગ્રંથાલયોમાં તપાસ કરાવીને એ કૃતિ હું મેળવી શક્યો હતો.

દેશના ઇતિહાસની એક શકવર્તી ઘટનાને કેન્દ્રમાં રાખીને મારા પ્રિય લેખકે લખેલી એ કથા હું એકી શ્વાસે વાંચી ગયો. જુલે વર્નના ગુજરાતના અન્ય ચાહકો પણ એ કથાને માણી શકે એ હેતુથી મેં એના ભાવાનુવાદ કર્યો અને આર. આર. શેઠની કંપનીના ચિંતનભાઈએ એનું પ્રકાશન પણ કર્યું.

સમાચારપત્રના ચકમકીમાંથી ઝરેલો એ એક તણખો માત્ર હતો. એના વ્યાપક સ્વરૂપમાં એ 'અગ્નિરથ' બની ગયો. એવી જ બીજો તણખો ૨૦૦૨ના વર્ષ દરમ્યાન અમેરિકાના કોલોરાડો રાજ્યના ડેન્વર શહેરના એક પ્રતિષ્ઠિત વર્તમાનપત્રમાંથી ઝર્યો. સમાચાર તો બહુ જ નાના હતા. એમાં જુલે વર્નની અન્ય એક કૃતિની સંદર્ભ હતો. એ હું રસપૂર્વક વાંચી ગયો .

એમાંની વિગતો દક્ષિણ અમેરિકાની છેક દક્ષિણે આવેલા સ્ટેટન ટાપુ ઉપર દોઢસો વર્ષ ઉપર બંધાયેલી દીવાદાંડી એટલે કે લાઇટહાઉસ સંબંધમાં હતી. ટાપુની પૂર્વમાં આવેલા આટલાન્ટિક અને પશ્ચિમે આવેલા પ્રશાંત (પૅસિફિક) મહાસાગરો વચ્ચે આવનજાવન કરતાં, વહાણોને માર્ગદર્શન આપવા આર્જેન્ટિના દેશની સરકારે એનું નિર્માણ કર્યું હતું. સઢથી હંકારાતાં વહાણોની એ જમાનો હતો. વરાળયંત્રની શોધ થયા પછીનાં વરસોમાં વરાળની અશ્વશક્તિથી ચાલતાં જહાજોની યુગ શરૂ થયો હતો. ૧૯૧૨ના અરસામાં બંને મહાસાગરોને જોડતી પનામા કેનાલનું બાંધકામ થતાં કેપહોર્ન નજીકના તોફાની અને ખડકાળ જળમાર્ગનો ઉપયોગ લગભગ બંધ થઈ ગયો હતો. એ સાથે લાઇટહાઉસની જાળવણી પણ બંધ થઈ ગઈ. એવા દુર્લક્ષને કારણે તે જર્જરિત બની ગઈ હતી.

આ લાઇટહાઉસને કેન્દ્રમાં રાખીને જુલે વર્ને ૧૯૦૫ના અરસામાં પોતાની છેલ્લી નવલકથા *'The Light House at the end of the world'* નું આલેખન કર્યું હતું. પોતાના દેશના જ વિશ્વવિખ્યાત બની ગયેલા લેખક જુલે વર્નની કલમે અમર બની ગયેલી આ લાઇટહાઉસની ફ્રાન્સના જ એક ધનપતિએ શોધ ચલાવી. દક્ષિણ ધ્રુવ પ્રદેશના ઝંઝાવાની ઠંડા પવનો અને પ્રકૃતિની અન્ય પરિબળોના મારથી લગભગ ભંગાર બની ગયેલી લાઇટહાઉસનું ખંડિયેર માત્ર એના જોવામાં આવ્યું.

જુલે વર્ન માટેના પ્રેમને કારણે તેને તથા આ લાઇટહાઉસની સ્મૃતિને ચિરંજીવ બનાવવા આ સજ્જને મોટો ખર્ચ કરીને લાઇટહાઉસનો જીર્ણોદ્ધાર કરાવ્યો. થોડા સમય માટે એણે ત્યાં વસવાટ પણ કર્યો.

પુનર્જન્મ પામેલ આ લાઇટહાઉસ તથા તેના ચોકમાં ઊભેલા આ ફ્રેન્ચ સાહિત્ય પ્રેમીનો ફોટો પણ સમાચારની સાથે છપાયો હતો. આ નાનકડા સમાચાર મારે માટે બીજો એક તણખો બની રહ્યો. એને આધારે જ જુલે વર્નની આ છેલ્લી કૃતિની મને માહિતી મળી શકી. અમેરિકાભરના સંકલિત ગ્રંથાલયોમાં વળી પાછી શોધ શરૂ થઈ. મારા સદ્‌ભાગ્યે હું તે મેળવી પણ શક્યો.

એનું કથાવસ્તુ મને ગમી ગયું. શીર્ષક સાથે કથાનો મેં ભાવાનુવાદ કર્યો. પ્રથમ ભાવાનુવાદ 'અગ્નિરથ'ની પ્રસ્તાવનામાં લાઇટહાઉસની આ કથા અંગેનો મારો સંકલ્પ મેં જણાવ્યો જ હતો. સમયની મોકળાશ મળતાં એ સંકલ્પ એક સિદ્‌ધિ બની ગયો, અને ટૂંક સમયમાં જુલે વર્નના ચાહકોના હાથમાં એ મુકાશે એના અનહદ આનંદ અનુભવું છું .

જુલે વર્નની આ છેલ્લી નવલકથા મુખ્યપણે સારા અને ખરાબ વચ્ચેની સંઘર્ષકથા છે.એમાં પ્રવાસ નહીવત છે. વિજ્ઞાનના કોઈ સિદ્ધાંતો પણ એમાં કસોટીએ ચડતા નથી. લઇટહાઉસમાંના પોતાના બે સાથીઓની નિર્મમ હત્યા બાદ ચાંચિયાગિરોહ સાથે જીવસટોસટનો સંઘર્ષ ખેલતા એકલવીર કથાનાયકની એ સાહસકથા છે.

સ્ટેટન ટાપુ ઉપર નવી જ બંધાયેલ એ લાઇટહાઉસનું નવમી ડિસેમ્બર ૧૮૫૯ની સાંજ ધમાકેદાર ઉદ્‌ઘાટન થયું. એની સાથે શરૂ થયેલો કથાપ્રવાહ શરૂના ત્રણેક પ્રકરણો સુધી કાંઈક ધીમી ગતિએ ચાલતાં જણાયો છે, પરંતુ ત્યાર બાદ એ જોરદાર બને છે. અહી કથાનાયક જ નહી એના ખલનાયકો પણ આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતા માનવો તરીકે જ રજૂ થયા છે. પ્રારબ્ધનું પલ્લું પળભર ખલનાયકને પક્ષે નમતું દેખાતું હોય, તો બીજી જ પળે નાયકને પણ ધ્યેયસિદ્‌ધિ હાથવેંતમાં જણાતી હોય છે.

મુઠ્ઠીભર ચાંચિયાઓની, કેવળ પોતાના અંગત હેતુ માટે થતી રક્તરંજિત ગુનાખોરીઓ સામે, સમગ્ર સમાજના અંકે માત્ર પ્રતિનિધિ તરીકે આ એકલવીર

નાયક પોતાના જીવના ભોગે પણ સમાજના હિતની ચિંતા કરે છે. એક તરફ કેવળ અંગત અંગત સ્વર્થનું ઝનૂન હતું, તો સામે પક્ષે સમાજના વ્યાપક હિતની રક્ષા માટે આત્મબલિદાન માટેની ભાવનાનું ઝનૂન હતું.

સામાન્ય રીતે સારા-ખરાબ્ વચ્ચેના સંઘર્ષનો ખ્યાલ, દુનિયાનાં તમામ સાહિત્યસર્જનો માટેનો મધ્યસ્થ વિચાર હોય છે. આમ છતાં જુલે વર્નની કસાયેલી કલમે એવી સંઘર્ષકથા આલેખાતી હોય, ત્યારે વાચકે તો ઇચ્છાઅનિચ્છાએ એમાં તણાવાનું જ હોય. મહદ્ અંશે એમાં સદ્‌નો જ હાથ ઉપર રહેતો હોય છે, પરંતુ કથાનાં વહેણ અને વમળોમાં અટવાતા નાયક અને ખલનાયકનાં પાત્રો સાથે વાચક પણ છેવટ સુધી અસમંજસ દશામાં જ રહેતો હોય છે. જુલે વર્ને લખેલી *'Steam House'* કે *'Michael Strugoft'* જેવી પ્રવાસ અને સાહસ આધારિત નવલોની સરખામણીમાં આ કથા મધ્યમ કદની અને સ્થિર સ્વરૂપની છે. એમાં મુખ્ય ઘટનાનું સ્થળ અવાવરું સ્ટેટન ટાપુ અને તેના ઉપર બંધાયેલ આ લાઇટહાઉસના આસપાસનાં સ્થળોમાં જ કેન્દ્રિત થયેલું છે. એનો કથાવિસ્તાર પણ માત્ર ત્રણ માસના ચોક્કસ સમયમાં જ મર્યાદિત થયેલો છે.

જુલે વર્નની કૃતિઓમાં વિજ્ઞાન આધારિત પરિકલ્પનાઓ એના જીવનકાળ વાસ્તવિકતા બની રહેશે એવો ખ્યાલ તો ખુદ એને પણ આવ્યો નહીં હોય. પવન અને હવામાનની દયા ઉપર જ હંકારાતાં સઢયુક્ત વહાણોના જમાનામાં દુનિયાના મહાસાગરોમાં એના કેપ્ટન નીમોની મરજી પ્રમાણે ચાલતી અને ઊંડા દરિયામાં ડૂબકીઓ લગાવતી નોટીલસ સબમરીનની કલ્પના એણે *Twenty Thousand Leagues under the Sea* (સાગરસમ્રાટ)માં કરી હતી. પવનની ગતિ અને દિશા પ્રમાણે ઘસડાતાં બલૂનોના સમયમાં આકાશ અને હવા ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવતા 'ગગનરાજ' વિમાનની કલ્પના આજે વહેવારમાં આપણા દરેકના જીવન સાથે વણાઈ ગયેલી છે. માલિકની મરજી પ્રમાણે જળ- સ્થળમાં આસાનીથી પ્રવાસ કરી શકતો 'ઐરાવત' એની *Steam House* (અગ્નિરથ) કથાનું અવિચ્છિન્ન પાત્ર છે. બાંગલાદેશ સંબંધી યુદ્ધમાં આપણા સૈન્યે પાકિસ્તાનની સેના સામે જળસ્થળમાં વિચરતી એ પ્રકારની એમ્ફિબિયસ ટેન્કને આધારે જ વિજય મેળવ્યો હતો. આપણી પૃથ્વી ગોળ છે. એના કોઈ પણ બિંદુથી પૂર્વમાં અથવા પશ્ચિમમાં સીધી લીટીમાં પ્રવાસ કરતાં માણસ પાછો પોતાના મૂળ સ્થાને આવી જાવ છે, પરંતુ તેમાં એક દિવસ વહેલું કે મોડું પહોંચાય છે, એ સ્થિતિનો ખ્યાલ એના જમાનામાં પણ લોકોને નહી જ હોય. પૂર્વમાં નીકળેલો માણસ મૂળ સ્થાનના સમય પ્રમાણે એક દિવસ વહેલો પહોંચે છે, એ સિદ્ધાંતને આધારે *Around the world in Eighty-Days* (એંશી દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા)નો નાયક હજારો પાઉન્ડનું ઇનામ જીતે છે.

લાઇટહાઉસને કેન્દ્રમાં રાખીને જુલે વર્ને લખેલી એની આ છેલ્લી કથામાં વિજ્ઞાન આધારિત સાધનો કે સિદ્ધાંતોની કોઈ બોલબોલા નથી. પ્રવાસ દરમ્યાનના સાહસોની ભરમાર પણ એમાં નથી. નાનકડા સ્ટેટન ટાપુ ઉપર બંધાયેલી નવી લાઇટહાઉસની દેખભાળ તથા સંચાલન માટે રહેલા માત્ર ત્રણ માણસોની ગતિવિધિઓની એ એક સાદીસીધી સંઘર્ષકથા છે. આમ છતાં વાચકને આદિથી અંત સુધી જકડી રાખવાની એમાં ક્ષમતા છે, એમ વિશ્વાસપૂર્વક રીતે કહી શકાય તેમ છે.

સ્ટેટન ટાપુ ઉપર બંધાયેલ આ નવી લાઇટહાઉસના દીવાની રચના સંબંધોમાં થોડા ફેરફાર કરવાની છૂટ લેવાનું મને જરૂરી લાગ્યું છે. ટોચે ગોઠવાઈને રાત્રી દરમ્યાન વહાણોને માર્ગદર્શન આપતી આ દીવો લેખકની રજૂઆત પ્રમાણે સ્થિર હતી. તેના બળતણ માટે તેલનો ઉપયોગ કરવામાં આવતી હતી. જોકે વીજળીના દીવાનો ઉપયોગ શરૂ થવો, તે અગાઉ દુનિયાભરના તમામ પ્રકારના દીવાઓ તેલથી જ સળગતા હતા. એ તેલ પછી વનસ્પતિજન્ય હોય, પ્રાણીઓની ચરબીમાંથી બનાવાયું હોય કે પછી ખનીજ તેલ હોય, તેનું મહત્ત્વ રહેતું નથી, પરંતુ આવી દીવો જો સ્થિર સ્વરૂપનો હોય તો રાત્રીના સમયે દરિયામાં માઈલી દૂર રહેલા વહાણના માણસો માટે તો આકાશમાંનો એક વધારાના તારો જ બની રહેવાનો. એવી સ્થિતિ ટાળવા માટે ચાકડા ઉપર ફરતા દીવાનો ખ્યાલ ઘણા લાંબા સમયથી પ્રચલિત હતો. ચાકડો ફેરવવા માટે યંત્રોના ઉપયોગ શરૂ થયો, તે અગાઉ ચાકડાને વળગીને માણસોએ બાવડાંના બળથી તે ફેરવવો પડતો હતો. ચોક્કસ સમયમાં ચારે દિશામાં એક ફેરો ફરતો આ દીવો વહાણોના કૂવાથંભની છાજલીમાં બેઠેલા નિરીક્ષકનું તરત જ ધ્યાન ખેંચી શકે એમ હોય છે. એવા હેતુને ધ્યાનમાં રાખીને મૂળ લેખક પ્રત્યેની ક્ષમાયાચના સાથે એ દીવાને મેં ફરતો બતાવ્યો છે.

૧૮૨૮માં જન્મેલા આ ફ્રેન્ચ લેખક સુદીર્ઘ લેખનયાત્રા બાદ ૧૯૦૫માં ગુજરી ગયા હતા. એમના લેખનકાળ દરમ્યાન જુલે વર્ને મોટે ભાગે યુરોપના પ્રવાસો ખેડ્યા હતા. પ્રવાસ માટે ઇંગ્લૅન્ડ એનો પસંદગીનો દેશ હતો. માત્ર એક વાર તેઓ ન્યૂયોર્ક અને નાયગ્રા ગયા હતા. એવા પ્રવાસો દરમ્યાન એમણે મેળવેલી માહિતી તથા જ્ઞાન અને અનુભવોનું સીધું પ્રતિબિંબ એનાં સર્જનોમાં પડેલું દેખાય છે. એનું અંગત ગ્રંથાલય જુદા જુદા દેશો અને પ્રદેશોનાં ઇતિહાસ અને ભૂગોળ તથા લોકજીવન સંબંધી સાહિત્યથી ભરેલું રહેતું હતું.

પ્રવાસ આધારિત નવલકથાઓમાં જે તે સ્થળની ઝીણામાં ઝીણી વિગતો લેખકના મનના કેવળ તુક્કા જેવી ન હતી, પરંતુ એમાં વર્ણવેલી ઘટનાના સ્થળે અને સમયે લેખક રૂબરૂ હાજર હોય, તેટલું વાસ્તવિક અને તાદૃશ એ વર્ણન હોય છે. ‘અગ્નિરથ’ કથામાં ઉત્તરભારતનાં અલાહાબાદ, ગયા, બનારસ વગેરે હિંદુઓનાં તીર્થસ્થાનોનાં અને ત્યાં આવતા શ્રદ્ધાળુઓનાં એણે દોરેલાં શબ્દચિત્રો આજે દોઢસો

વર્ષ પછી પણ એટલાં જ વાસ્તવિક લાગે છે. આમ છતાં એના લેખનમાં ઘણી વાર કાર્યકારણ ભાવ કે સ્થળ કાળના સંદર્ભો બાબતમાં ચોકસાઈ જળવાયેલી જણાતી નથી, એટલી ક્ષતિની નોંધ લેવાનું જરૂરી લાગે છે. જોકે એને કારણે કથાપ્રવાહમાં કોઈ ઊણપ લાગતી હોય તેવું પણ જણાયું નથી. વળી ફ્રાન્સના પેરિસ શહેરના વૈભવી વિલામાં બેસીને પ્રાચીન ભારતનાં તીર્થસ્થાનોનું કે, દક્ષિણ અમેરિકાના છેક દક્ષિણ છેડે આવેલા સ્ટેટન ટાપુના ખડકાળ ભૂભાગનું વર્ણન કરવાનું હોય ત્યારે બધી રીતની ચોકસાઈ જાળવવાની અપેક્ષા રાખી શકાય પણ નહીં

જુલે વર્ને એના લેખનજીવન દરમ્યાન લઘુ, ગુરુ તથા મધ્યમ કદના એંશી કરતાં પણ વધુ કથાઓનું સર્જન કર્યું હતું. યુરોપ- અમેરિકામાં એની કૃતિઓ વાંચનારો વર્ગ ઘણો મોટો હતો. એના સર્જનોના વ્યાપક પ્રસાર માટે એના ચાહકોએ North America Jule Verne Society (NAJVS) જેવી સંસ્થાઓ સ્થાપી છે. એમણે બનાવેલી વેબસાઇટો ઉપરથી જુલે વર્ને સર્જનો સંબંધી માહિતીનો ધોધ દુનિયાભરના એના ચાહકો તરફ વહેતો રહેલો છે. એવી એક વેબ સાઇટ http://epguides.com/djk/julesverne/works.shtml દ્વારા જુલે વર્નના સાહિત્ય ખજાનામાં કોઈ પણ ભાવક ડોકિયું કરી શકે છે.

લેખનની દુનિયામાં મેં પ્રવેશ કર્યો, ત્યારથી જ જીવનસંગિની પ્રાધ્યાપક સુમતિબહેન નાયક મને પૂરેપૂરો સહકાર આપી રહેલાં છે. આ કૃતિને વધુ સારી બનાવવામાં પણ એમનું યોગદાન રહેલું જ છે. એમનો અહીં આભાર માનું કે નહીં તે માટે હું દ્વિધા અનુભવું છું. લેખનકાર્યમાં ક્યારેક ઉદ્‌ભવતી ઉદાસીનતા ખંખેરીને આ ઉમદા કાર્યમાં મંડ્યા રહેવા માટે પ્રોત્સાહિત કરવા બદલ પ્રકાશક શ્રી ચિંતનભાઈ શેઠનો હું ખૂબખૂબ આભાર માનું છું. એમના આગ્રહને કારણે જ 'અગ્નિરથ' કથાનું પ્રકાશન થયું હતું, અને 'લાઇટહાઉસ'નો આ બીજો પ્રોજેક્ટ પણ પૂરો કરી શક્યો છું.

હવે પછીની લેખનયાત્રા પણ એમના સૂચન પ્રમાણે જ આગળ વધી રહી છે. દક્ષિણ અમેરિકાના છેક દક્ષિણે આવેલા સ્ટેટન ટાપુ ઉપરની અમર બનેલ લાઇટહાઉસની ટોચેથી એક બહુ જ લાંબી છલાંગ લગાવી, ઝારશાહી રશિયામાં અવતરણ કરવાનું ઇજન મળ્યું છે. એના કથાનાયક મિખાઈલ સ્ટ્રગોવની સાથે સાથે મોસ્કોસ્થિત ઝારના વૈભવી મહેલથી શરૂ કરીને પૂર્વમાં સાઇબિરિયાનાં બરફના અફાટ મેદાનમાં હવે નીકળી પડવાનું છે.

આશા છે, 'અગ્નિરથ' કથાના પ્રકાશન બાદની 'લાઇટહાઉસ' ની આ કથા અને તેની ભાવાનુવાદ પણ જુલે વર્નના ચાહકોનાં દિલમાં કાયમી સ્થાન મેળવશે .

'લાઇટહાઉસ' ની પ્રથમ આવૃત્તિ ૨૦૦૬ના જુલાઈ માસમાં બહાર પડી હતી. બે જ વર્ષમાં એની બીજી આવૃત્તિનું પ્રકાશક તરફથી કહેણ આવ્યું. જુલે વર્ન કૃત

'અગ્નિરથ'ની પણ બીજી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે. સાહિત્યમાં કોઈ પણ હેસિયતથી ચંચૂપાત કરનારને એથી જરૂર આનંદ થાય. છતાં એનું પૂરેપૂરું શ્રેય તો મૂળ ફ્રેન્ચ લેખક જુલે વર્નને જ આપવું પડે. એની અન્ય બે કથાઓનો મેં કરેલો ભાવાનુવાદ 'મિખાઇલ સ્ટ્રગોવ' અને '૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા' પણ એટલી જ લોકચાહના પામ્યાં છે.

એ જ ગ્રંથમાળાનો પાંચમો મણકો 'તરતું મહાનગર' પણ પ્રકાશિત થયું છે.

૧૯૦૫માં સમાપ્ત થયેલી લેખનયાત્રાનાં પચાસ વર્ષોમાં જુલે વ્રર્ને સો કરતાં પણ વધુ નાની-મોટી કે મદયમ કથાઓ લખી હતી. એમાંનાં માંડ પંદરેક પુસ્તકોનું ગુજરાતીમાં અવતરણ થયું છે.

આર. આર. શેઠની કંપની તરફથી ૫૦ના દાયકામાં સ્વ. મૂળશંકર ભટ્ટના ત્રણેક પુસ્તકોના સંક્ષિપ્ત અનુવાદો પ્રગટ થયા હતા. થોડા વર્ષો ઉપર શ્રી હરીશ નાયકના પૂર્ણકદના બે અનુવાદો પણ પ્રગટ થયા હતા. જોકે મૂળશંકર ભટ્ટ (જુનિયર) અને અમૃત રાણિંગા જેવા અન્ય સારસ્વતોના અનુવાદો પણ જુદા જુદા પ્રકાશકોએ પ્રગટ કર્યા હતા, પરંતુ એ તમામનો સરવાળો માંડ પંદર ઉપર પહોંચે છે.

જુલે વર્નની વિપુલ સાહિત્ય સૃષ્ટિમાં એ તો માત્ર ટોચકું જ છે. આપણા દેશમાં વિજ્ઞાનના સિદ્ધાંતો પર આધારિત વિજ્ઞાનકથાના સર્જકોનો આમ પણ ભારે દુકાળ છે, સત્યજિત રાય અને ડૉ. જયંત નારલિકર જેવા ગણ્યાગાંઠ્યા લેખકોનું પ્રદાન અમૂલ્ય છે, છતાં તેનું પ્રમાણ અને પ્રસિદ્ધિ અલ્પ જ રહેલાં છે. એવી સ્થિતિમાં જુલે વર્ન, આર્થર સી. ક્લાર્ક એચ. જી. વેલ્સ, આઇઝેક આસિમોવ, વાસીલ બીરીઝનોય, ઇઆન્ડો બાઇન્ડર જેવા વિશ્વકક્ષાના સાહિત્ય સ્વામીઓની વિજ્ઞાનકથાઓનો ભાવાનુવાદ કરવાનું જરૂરી બને છે.

પરંતુ એ દિશાની એક વરવી વાસ્તવિકતા એ છે કે ઉપર જાણાવેલ હરીશ નાયક, મૂળશંકર ભટ્ટ (જૂનિયર) તથા અમૃત રાણિંગા જેવા આ ક્ષેત્રમાં કાર્યરત અમે જે થોડા માણસો છીએ, તે સૌ જીવનની પોણી સદી વટાવી ચૂકેલા વયસ્કો છીએ. જુલે વર્નની તથા ઉપર જણાવેલા અન્ય લેખકોની કૃતિઓને ગુજરાતના યુવાવાચકો સમક્ષ રજૂ કરવાની ઇચ્છાશક્તિ અને ઉત્સાહ અમારી પાસે હોવા છતાં ઉંમર અમારી વિરુદ્ધમાં ગણી શકાય. એ માટે અમ વયસ્કો વધતી ઉંમરની મર્યાદાઓ સાગ્ર ઝઝૂમીને પણ પ્રયત્નશીલ છીએ, પરંતુ નવોદિતોમાંથી કોઈ નામ આગળ આવ્યું હોય એવું જણાયું નથી.

જોકે એ દિશામાં નવી પેઢીના બે પ્રતિનિધિઓનું પદાર્પણ નવી જ આશા જન્માવે છે. 'અગ્નિરથ' જેવા મારાં પુસ્તકો વાંચીને પ્રભાવિત થયેલા સુરતના શ્રી જિગર શાહ તથા વડોદરાનાં શ્રી સાધનાબહેન નાયક-દેસાઈએ જુલે વર્નની શબ્દસૃષ્ટિમાં ઊંડા

ઊતરવાની પૂરેપૂરી ક્ષમતા દર્શાવી છે. શ્રી જિગર શાહનું 'ડોલ્ફીન'(Blockade runner) પુસ્તક થોડા જ સમયમાં પ્રગટ થનાર છે. જ્યારે 'એક શિયાળો બરફમાં' (Winter on Ice)ની કથા માટેની તૈયારી શરૂ થઈ ગઈ છે. શ્રી સાધનાબહેન પણ વર્નની લઘુકથાઓના વિવિધરંગી પુષ્પગુચ્છ દ્વારા વર્નના ભાવવિશ્વમાં વિહાર કરવાની તૈયારી કરી રહ્યાં છે.

વર્નની દુનિયામાં આ બંને નવા આગંતુકોને પ્રોત્સાહનની ખાતરી આર. આર. શેઠની કંપનીના ચિંતનભાઈ તરફથી મળેલી છે.

અપેક્ષા રાખી શકાય કે એમને હાથે હવે પછી દાયકાઓ સુધી ગુજરાતી ભાષામાં વર્ન જેવા અનેકોની સાહસકથાઓનું અવતરણ થતું રહેશે.

'લાઇટહાઉસ'ની આ બીજી આવૃત્તિમાં જરૂરી લાગ્યા તે રીતના સુધારાવધારા કર્યા છે. વિશ્વાસ છે વર્નના ચાહકોને આ આવૃત્તિ વધુ પસંદ આવશે.

૯૦૪-બી, આલીશાન એન્કલેવ
બંબાબેટ અડાજણ રોડ
સુરત ૩૯૫૦૦૯
મો. ૯૩૭-૪૨૪-૮૪૫૪
(૦૨૬૧-૨૭૮-૩૫૦૮)

- દોલતભાઈ નાયક

૧૫-૩-૨૦૦૯

અનુક્રમણિકા

શુભારંભ

સન ૧૮૫૯ના ડિસેમ્બર માસની નવમી તારીખનો દિવસ હતો. દક્ષિણ અમેરિકા ખંડની છેક દક્ષિણે આવેલા સ્ટેટન ટાપુ ઉપર સાંજ ઢળી રહી હતી. આથમી રહેલો સૂર્ય પશ્ચિમે આવેલી ડુંગરમાળાની પાછળ ધીમેધીમે સરી રહ્યો હતો. પૂર્વમાં વિસ્તરતી ક્ષિતિજ સુધી આટલાન્ટિક સાગર ઘૂઘવતો હતો. નીલા આકાશમાં થોડી વાદળીઓ હવામાં ઝળૂંબી રહી હતી. ઢળી રહેલા સૂર્યનાં છેલ્લાં કિરણોથી સંધ્યાકાશ રક્તવર્ણું હતું. દૃશ્ય આહ્લાદક હતું અને તે લાંબો સમય જળવાઈ રહ્યું . હવામાન પણ ખુશનુમા હતું.

એવી ચિરસ્મરણીય પળે પુરવઠા જહાજ શાંતા-ફી ઉપરથી સલામી આપતો તોપનો ધડાકો થયો. સાથે જ જહાજ ઉપર આવેલા ધ્વજદંડની ટોચે હળવાં બંધનમાં બંધાયેલો રાષ્ટ્રધ્વજ મુક્ત થઈ ગયો અને આટલાન્ટિક મહાસાગર ઉપરથી ફૂંકાઈ રહેલા તેજીલા પવનમાં ગૌરવભેર ફરફરી રહ્યો.

આર્જેન્ટિના દેશના દક્ષિણ છેડે આવેલા સ્ટેટન ટાપુ અને તળભૂમિ વચ્ચેની લમાયર ખાડીના મુખપ્રદેશ પાસે એલ્ગર-બેનો અખાત આવેલો છે. આ સ્થળે નવો જ બંધાયેલ લાઇટહાઉસના ઉદ્‌ઘાટનનો એ અનેરો અવસર હતો. તોપના ધડાકા અને ધ્વજના લહેરાટ સાથે જ લાઇટહાઉસના દીવાનો જોરદાર શેરડો ચારે દિશામાં ફેંકાવા લાગ્યો. આર્જેન્ટિના રાષ્ટ્રના નૌકાદળનું પુરવઠા જહાજ શાન્તા- ફી એ હેતુ માટે જ અહીં એલ્ગર-બેના પાણીમાં લંગર નાખીને ઊભું હતું.

લાઇટહાઉસની દેખભાળ તથા સંચાલન માટે ત્રણ કર્મચારીઓ અહીં રહેવાના હતા. એમાંનો એક લાઇટહાઉસની ટોચે આવેલી દર્શનગૅલેરીમાં ઊભો હતા. અન્ય બે માણસો તથા શાન્તા-ફીના થોડા ખલાસીઓ તટ ઉપર કતારબંધ શિસ્તબદ્ધ રીતે ઊભા હતા. જહાજના અન્ય ખલાસીઓ તૂતક ઉપર એ જ રીતે ઊભા હતા. જહાજની ટોચે મુક્ત રીતે ફરકી રહેલા રાષ્ટ્રધ્વજને સૌએ સલામી આપી. લાઇટહાઉસની ફ્લડલાઇટ ચાલુ થતાં જ સૌએ આનંદની ચિચિયારી પાડી.

એક બાજુ સંધ્યાના અદ્‌ભુત રંગોથી ભરેલું ખુલ્લું આકાશ હતું. સાથે સૂસવાટા મારતા પવનો અને સાગરી મોજાંઓનો ઘૂઘવાટ હતો. બીજી બાજુ આ સાવ નિર્જન અને ખડકાળ ટાપુ ઉપર માણસોએ બાંધેલું લાઇટહાઉસ હતું. સાથે એઓના પરિશ્રમની સફળતાના પ્રતીકરૂપ એવો એમનો કોલાહલ હતો. બંનેના સુમેળથી વાતાવરણ જીવંત અને ભર્યુંભર્યું બની ગયું.

બીજી જ પળે જહાજની તોપમાંથી બીજા બે ધડાકા થયા. સામેની ડુંગરમાળામાં એના પડઘા ક્યાંય સુધી ઘૂમરાતા રહ્યા. સલામી પૂરી થઈ. નિયમ પ્રમાણે

રાષ્ટ્રધ્વજને પૂરા માન સાથે ઉતારી લેવામાં આવ્યો.

આટલાન્ટિક, પ્રશાંત (પૅસિફિક મહાસાગર) અને દક્ષિણ ધ્રુવના એન્ટાર્ટિકા મહાસાગરોના મિલન સ્થળે આવેલા આ સ્ટેટન ટાપુ ઉપર ફરીથી શાંતિ પથરાઈ ગઈ. સાથે અંધકારના ઓળા ઊતરવા લાગ્યા. કાંઠે ઊભેલા તમામ નાવિકો જહાજ ઉપર પહોંચી ગયા. લાઇટહાઉસમાં રહેનારા ફક્ત ત્રણ માણસો જ ટાપુ ઉપર રહી ગયા. એ પૈકીના કાંઠે ઊભેલા પેલા બે જણ ત્યાં જ ઊભા રહીને વાતે વળગ્યા. બે પૈકીનો જુવાન લાગતો ફીલિપ એમની સામે જ દરિયામાં ઊભેલા જહાજ તરફ જ મોં રાખીને કાંઈક ભારે અવાજે બોલ્યો,

‘મિસ્ટર વાકુઝ ! આ જહાજ આવતી કાલે તો એના મથક બ્રુએનોસ- એરિસ જવા માટે હંકારી પણ જશે !! કેમ ખરુંને?’

હા ભાઈ ફીલિપ ! તારી વાત સાચી છે.’ પીઢ અને અનુભવી જણાતા વાકુઝે એવા જ ગંભીર ભાવે જવાબ આપ્યો. વધુમાં જણાવ્યું, ‘આપણે આશા રાખીએ કે એના હોમપૉર્ટ સુધીની એની યાત્રા સુખદ રહેશે.’

‘લાંબી યાત્ર! છે ! નહી?’

‘આ જહાજ અહી આવ્યું તેનાથી તો વધુ નહીં જ હોય. શું કહે છે તું?’

આવો હળવો જવાબ સાંભળીને યુવાન ફીલિપ હસી પડ્યો. ‘એ તો એમ જ હોયને. એમાં મગજ કસવા જેવું શું છે?’

‘એ ખરું, પરંતુ ક્યારેક વળતી મુસાફરી વધુ સમય લેતો હોય છે. એનો આધાર તો હવામાન ઉપર જ રહેવાનો, છતાં એટલું જરૂર કહી શકાય કે જહાજનું એન્જિન સારું હોય, અને સઢ મજબૂત હોય તો અહીંથી હોમપૉર્ટ સુધીનું પંદરસો માઇલનું અંતર કંઈ વધુ ન કહેવાય.’

‘જહાજનો કૅપ્ટન લફાયત અનુભવી માણસ છે. આ માર્ગે એણ અનેક વાર આવન-જાવન કરી છે. એ પણ જમા પાસું ગણવું જોઈએ.’

‘હોમપૉર્ટ સુધીનો રસ્તો પણ આંટીઘૂંટી વિનાનો સીધો જ છે ને ! જેમ ઉત્તરથી સીધું દક્ષિણમાં આવ્યું, તે જ રીતે વળતી મુસાફરીમાં તેણ ઉત્તરમાં નાકની દાંડીએ સીધું હંકારી જવાનું છે. તેમાંય જમીન ઉપરથી દરિયા તરફના હળવા પવનની દિશા જો એને મળી જાય, તો તો નદીમાં હંકારવા જેટલું આસાન કામ બની જાય.’

પણ અહી આ નદીને તો એક જ કિનારો હોવાનો !’

‘એનાથી શું ફરક પડે? જો પવનની દિશા અનુકૂળ હોય તો હંકારવાનું બે કિનારાવાળી નદીમાં હોય કે પછી એક કિનારાવાળા મહાસાગરમાં હોય, બધું સરખું જ

રહેવાનું.'

'એવું બને તો કેટલું સારું? પણ જો પવનની દિશા એનાથી વિરુદ્ધની હોય તો?'

'આવી અવળવાણી તને અત્યારે ક્યાંથી સૂઝે છે? આપણે સારું જ વિચારવાનું. આશા રાખવાની કે કોઈ પણ મુશ્કેલી વિના આપણું શાન્તા-ફી જહાજ પંદર દિવસમાં જ એની વળતી મુસાફરી પૂરી કરશે.' ફીલિપની નિરાશાભરી વાતો સામે વાકુઝે આશાવાદ દર્શાવ્યો, આશ્વાસન આપ્યું તથા હિંમત આપી. એ સાથે સાગરી વાસ્તવિકતાઓ પ્રત્યે તેને સચેત પણ કર્યો. જણાવ્યું :

'એ રીતે જો પૂર્વ તરફના તોફાની પવન શરૂ થાય, તો જહાજને તો કંઈ તકલીફ ન થાય, પરંતુ વિલંબ જરૂર થાય.'

'એવું બને તો ખરેખર મુશ્કેલી ઊભી થાય. કાંઠા નજીક દરિયામાં લંગર નાંખવા લાયક જગ્યા શોધવાનાં એને ફાંફાં પડી જાય. માર્ગમાં આવતાં ટીએરા- ડેલ-ફ્યુએગો કે પછી પેટાગોનિયાની તળભૂમિ પાસેના કિનારે એક પણ સ્થળ એને માટે સલામત નહી હોય. પૂર્વની દિશામાં ફૂંકાતા તોફાની પવનોથી બચવા માટે પહેલાં તો જહાજને મધદરિયે લઈ જવું પડે. આવા ઝંઝાવાતોમાં કિનારા નજીક રહેલાં જહાજો ખરાબે ચડી જવાની પૂરી શક્યતા રહેતી હોય છે.'

'મને પણ એમ જ લાગે છે. હવામાન સારું જ રહેવાનું છે. કોઈ પણ મુશ્કેલી વિના જહાજ એના મુકામે પહોંચી જ જવાનું છે.' વાકુઝની આશ્વાસન અને હિંમતભરી વાતોથી ફીલિપનો આત્મવિશ્વાસ વધ્યો.

'અહીં આપણ માટે પણ આ ટાપુ ઉપર હવામાન સારું રહેવાનું છે. પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધના છેવાડાના આ પ્રદેશમા સારા અને ગરમ હવામાનનો સમય હજી હમણાં જ શરૂ થયો છે.'

'લાઇટહાઉસનું બાંધકામ એ રીતે જોતાં યોગ્ય સમયે જ થયું કહેવાય. હવામાન ખુલ્લું બનતાં આ માર્ગે વહાણોની અવરજવર હવે વધુ રહેવાની. તોફાની અને ખડકાળ જળમાર્ગ વટાવીને વહાણ એક વાર સલામત રીતે ઉત્તર તરફ ઊંડા દરિયામાં પહોંચી જાય અથવા ઉત્તર તરફના કોઈ બંદરમાં પહોંચી જાય, પછી દરિયાલાલ ગમે તેટલો ગાંડો બને, પણ વહાણોને કોઈ તકલીફ નહીં પડે. આવાં સાગરી તોફાનો ગમે તેટલાં મોટાં હોય અને વરસનાં ગમે તે સમયે આવે, પરંતુ આ સ્ટેટન ટાપુ અને એના ઉપરનું આ લાઇટહાઉસ સલામત રહેવાનું છે.'

'તમને ખાતરી છે ! મિ. વાકુઝ !! આપણું આ પુરવઠા જહાજ સહીસલામત રીતે હોમપૉર્ટ પહોંચી જાય અને ત્રણ માસમાં પુરવઠો લઈને સમયસર પાછું આવી જશે?'

'કેમ ! તને કંઈ શંકા છે?'

'ના ના ! એવું નથી. પણ! મને થયા કરે છે કે શાંતા-ફી પરત આવે ત્યાં સુધીમાં આપણો આ ટાપુ વ્યવસ્થિત થઈ ગયો હશે કે કેમ?'

'વિશ્વાસ રાખ ! મારા ભાઈ !! આ ટાપુ પણ હશે અને એના ઉપર આપણે પણ ક્ષેમકુશળ હોઈશું.' વાકુઝે પોતાના હાથ મસળ્યા. મોંમાં મૂકેલી ચલમમાંથી ધુમાડાના ગોટા કાઢતાં, આશાવાદી સૂર સાથે તેણે જણાવ્યું. વધુમાં કહ્યું, 'આપણે અહીં હાલકડોલક થતા કોઈ જહાજના તૂતક ઉપર ઊભેલા નથી. સાગરી તોફાનમાં અહીંતહીં ફંગોળાતા જહાજમાં હોઈએ, તેની સરખામણીમાં આપણે અહીં વધુ સલામત છીએ.'

'દક્ષિણ છેડેના દરિયાઈ ત્રિભેટાનું આ સ્થળ ખૂબ જ તોફાની અને જોખમોથી ભરેલું છે. કેપ ઑફ હોર્નની આસપાસનો દરિયો એની રાક્ષસી લીલા માટે નામચીન છે. તોફાનમા સપડાવેલાં કંઈ કેટલાંયે જહાજો અહીંના ખડકો સાથે અથડાઈ અથડાઈને નષ્ટ થયાં હશે. સાગરખેડુઓએ હવે તો એવાં નાશ પામેલાં જહાજોની ગણતરી કરવાનું પણ છોડી દીધું છે. લમાયર ખાડીનો માર્ગ આ લાઇટહાઉસને કારણે હવે સલામત બન્યો છે. એને કારણે જહાજોને આટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરો વચ્ચે અવરજવર કરવા માટે ટૂંકો અને સલામત માર્ગ મળી ગયો ગણાય. કેપ ઑફ હૉર્ન ભૂશિરની ફરતેના તોફાની દરિયામાં હવે તેમને જવું નહીં પડે. 'આપણે બે જણ અહીં ઉપર ઑપરેશન રૂમમાં બેઠેલા આપણા ત્રીજા સાથી મોરીઝે તો પવિત્ર ફરજ હવે પછીના ત્રણ માસ માટે નિભાવવાની રહેશે ! કેમ ખરું ને?'

ઉંમરમાં વડીલ અને અનુભવી સાગરખેડુ વાકુઝના આવા પ્રેરણાદાયી શબ્દો યુવાન ફીલિપનો ઉત્સાહ વધારતા રહ્યા. આ વેરાન ટાપુ ઉપર ત્રણ માસના એકાકી જીવનસંબંધમાં તે થોડો ચિંતાતુર અને હતોત્સાહી જણાતો હતો. ત્રણ માસ માટેની એકાંત કેદની સજા જવી જ આ નોકરી હતી. પુરવઠા જહાજ પાછું આવે, નવા માણસો લઈને આવે ત્યારે જ એમનો છુટકારો થવાનો હતો.

એવી આશાને તાંતણે અને પંદરસો માઈલ દૂરના એનાં ઘર તથા ગામનાં સ્વજનો તેમજ મિત્રોને યાદ કરીને જ એમણે અહીં રહેવાનું હતું. એમને ગમે કે ન ગમે, પણ ત્રણ મારા માટે અહીંથી છુટકારાનો કોઈ અવકાશ ન હતો. તળ-ભૂમિનાં સ્વજનો સાથે સંપર્ક કરવાનું કાંઈ જ સાધન એમની પાસે ન હતું.

'ભાઈ ફીલિપ !' વાકુઝે પોતાની વાતનું સમાપન કરતાં જણાવ્યું.

'દુનિયાભરમાં પથરાયેલા આ મહાસાગરો ઉપર વહાણોમાં રખડપટ્ટી કરતાં કરતાં મને ચાલીસ જેટલાં વર્ષ થઈ ગયાં. એ દરમ્યાન જૂની દુનિયા અને નવી શોધાયેલી દુનિયાના લગભગ બધા જ દેશોમાં હું ફર્યો છું. છેક કેબિનબૉયથી શરૂ કરીને મેં અનેક પ્રકારની જવાબદારીઓ નિભાવી છે. હવે હું નિવૃત્તિને આરે પહોંચી ગયો છું. ચાર દાયકાની આવી હાડમારી ભરી જિંદગી પછી હવે મારું શરીર આરામ ઝંખે

છે. હું ઇચ્છતો જ હતો કે મને હવે હળવી જવાબદારીવાળી કામગીરી મળે. મારી એ ઇચ્છા ફળી છે. અને તે પણ ક્યાં તે ખબર છે? ધરતી છેવાડેના આ લાઇટહાઉસ ઉપર, એની જાળવણી અને સંચાલનની.'

વાકુઝની વાત સાચી હતી. અહી સ્ટેટન ટાપુ અને આજુબાજુના સેંકડો નાનામોટા ટાપુઓ સાવ નિર્જન હતા. માનવજીવન પાંગરી શકે અને સ્થાયી બનીને રહી શકે એવી અહી જમીન પણ ન હતી, તેમજ એવું હવામાન પણ ન હતું. દક્ષિણ અમેરિકાના છેક દક્ષિણ છેડા ઉપર નવું જ બંધાયેલું આ લાઇટહાઉસ માટે એ જ નામ યોગ્ય હતું.

વાકુઝની ચલમમાંની તંબાકુ હવે પૂરેપૂરો બળી ગઈ હતી. ચલમ ઠંડી બની ગઈ હતી. ડાબા હાથની હથેળીની ખોબલીમાં ખાલી ચલમને સાફ કરવા બેત્રણ વાર ઊંધી ઠોકી. બળેલી તંબાકુની રાખ બહાર ઠલવાઈ. સાગર ઉપરથી આવતા પવનમાં, પળવારમાં તો તે ઊડી પણ ગઈ.

ફીલિપને એની ડ્યુટી બાબત પૂછી લીધું. જોકે એ શબ્દો બોલવા ખાતર જ બોલાયા હતા.

'ઑપરેશન રૂમમાં બેઠેલા મોરીઝને તારે કેટલા વાગે મુક્ત કરવાનો છે?'

'રાત્રે દશ વાગે.'

'બરાબર છે, અને ત્યાર બાદ રાત્રે બે વાગે હું તને મુક્ત કરીશ. આપણે બંનેએ એ સમયની ફરજ બજાવવાની છે. તેને હજી ઘણી વાર છે. થાય છે કે ત્યાં સુધી આપણે થોડો આરામ લઈએ. ચાલો, આપણે આપણી કૅબિનમાં જ જઈએ.' ઘટ્ટ બની રહેલા અંધકારમાં હજી ઝાંખું જોઈ શકાતું હતું. તરત જ લાઇટહાઉસને ભોંયતળિયે આવેલી કૅબિનમાં બંને પહોંચી ગયા.

રાત્રી શાંત અને સુખદ રહી. સવાર પડી. લાઇટહાઉસની લાઇટ સતત બાર કલાક સુધી જલતી રહી હતી. સવાર થતાં જ તેને બુઝાવી દેવામાં આવી. રાત્રીના કાળા અંધકારમાં લાઇટહાઉસે અપેક્ષા મુજબ જ કામગીરી બજાવી હતી.

અમેરિકા ખંડના પશ્ચિમ કિનારાને સતત પલાળી રહેલા પ્રશાંત મહાસાગરની ભરતી સામાન્ય રીતે બહુ તોફાની નથી હોતી. એથી વિપરીત પૂર્વકાંઠાના આટલાન્ટિક સાગરની ભરતીનો માર પ્રચંડ રહેતો હોય છે. દક્ષિણ અમેરિકાની છેક દક્ષિણે આવેલી મેગેલનની સામુદ્રધૂની સુધી એના ઓથારની અસર વર્તાતી હોય છે.

જમીનના બે ભૂભાગો વચ્ચેની આવી સાંકડી ખાડીને સામુદ્રધૂની કહેવામાં આવે છે. રાત્રે આવેલી ભરતી બાદની ઓટ સવારે છ વાગ્યે શરૂ થઈ હતી. ભરતી જટલી તેજ હોય છે, ઓટ પણ એટલી જ તેજ અને ઝડપી હોય છે. ઓટના પાણીનો ખરેખર

લાભ લેવો હોય તો પુરવઠા-જહાજે તો આ સમયે જ નીકળવું જોઈએ. પરંતુ પંદરસો માઈલની ઉત્તરની મુસાફરી માટેની કેટલીક તૈયારી હજી બાકી હતી. પૂરેપૂરી તૈયારી વિના એના કૅપ્ટન લફાયત અહીં એલ્ગર-બેના અખાતમાંથી લંગર ઉપાડવા તૈયાર ન હતા. સ્ટેટન ટાપુ અને લાઇટહાઉસનું આખરી ઇન્સ્પેક્શન હજી બાકી હતું.

બસો ટનની ક્ષમતા ધરાવતું શાંતા-ફી જહાજ આર્જેન્ટિના દેશના નૌકાદળનું એક સહાયક જહાજ હતું. એકસો આઠ હોર્સ-પાવરની ક્ષમતા ધરાવતું એનું એન્જિન મધદરિયા કરતાં ખાસ તો કાંઠાના છીછરા પાણી માટે જ વધુ યોગ્ય હતું.

દેશના લાંબા પૂર્વ કાંઠાની રખેવાળી એની મુખ્ય જવાબદારી હતી. આટલાન્ટિકના આ સમગ્ર વિસ્તારમાં એ હેતુ માટે એના આંટાફેરા રહેતા. સાગરકિનારાની રક્ષાની જવાબદારી માટેનાં તટરક્ષક જહાજો એ જમાનામાં ઝડપી ગતિવાળાં ન હતાં. જુદાજુદા હેતુઓ માટેનાં નૌકાદળનાં બધાં જહાજો પણ વેપારી જહાજોની જેમ જ ધીમી ગતિના હતાં. શાંતા-ફી જહાજની ગતિ પણ કલાકના માંડ નવ માઈલની હતી. કાંઠાના એ વિસ્તારમાં મોટે ભાગે નાના માછીમાર જહાજોની જ પ્રવૃત્તિ રહેતી. એની ઉપર નજર રાખવા માટે બહુ ઝડપી યાનોની જરૂર પણ ન હતી.

આ વરસે શાંતા-ફી જહાજને વધારાની ખાસ કામગીરી માટે ઉપયોગમાં લેવાયું હતું. દેશના છેક દક્ષિણ છેડે એલ્ગર-બે વિસ્તારમાં આટલાન્ટિક સાગરને પશ્ચિમમાં પ્રશાંત, સાગર સાથે જોડતી લેમાયરની ખાડી આવેલી છે. ખાડીમાં થઈને આવજા કરતાં જહાજો માટે એના ખડકાળ કિનારા ભયજનક પુરવાર થતા હતા. એને કારણે અનેક જહાજોનું એ સ્થળ કબ્રસ્તાન બની ગયું હતું. સરકારે આ પ્રવેશદ્વાર પાસેના સ્ટેટન ટાપુ ઉપર લાઇટહાઉસ બાંધવાનું નક્કી કર્યું હતું.

એ માટે સૌ પ્રથમ શાંતા-ફી જહાજને ત્યાં મોકલીને સ્થળ ઉપર મોજણી કરાવી હતી. એને આધારે રાજધાની બુએનોસ-એરીસના કુશળ સ્થપતિ પાસે લાઇટહાઉસ માટેના પ્લાન તથા એસ્ટિમેટ તૈયાર કરાવ્યા હતા. એ પ્રમાણેના બાંધકામ માટે જરૂરી માલસામાન તથા માણસો લઈને જ શાંતા-ફી જહાજે અહીં એલ્ગર-બે વિસ્તારમાં ધામા નાંખ્યા હતા. બાંધકામની તમામ કામગીરી એક વરસમાં પૂરી કરવામાં આવી હતી. હજી ગઈકાલે સાંજે જ એનું ઉદ્‌ઘાટન થયું હતું ત્યારથી જ એ વિસ્તારમાંથી પસાર થતાં જહાજોને રાત્રિ દરમ્યાન માર્ગદર્શન આપવાનું કામ શરૂ થઈ ગયું હતું. લાઇટહાઉસની દેખભાળ તથા સંચાલન માટેની જવાબદારી વાકુઝ તથા તેના બે જુનિયર સહાયકોને સોંપવામાં આવી હતી. એમણે અહીં ત્રણ માસ માટે રોકાવાનું હતું. એ મુદત પૂરી થાય તે અગાઉ શાંતા-ફી નવાં માણસો તથા પુરવઠો લઈને પાછું અહીં આવવાનું હતું. લાઇટહાઉસની નીચે આવેલા ભંડાર રૂમમાં પૂરતી મોકળાશ હતી. એમાં તેલથી બળતા દીવા માટે જરૂરી માત્રામાં તેલ તથા સ્પેરપાર્ટ્સ અને અહીં રહેનારા માણસો માટે

ખોરાક તથા જીવન જરૂરી ચીજવસ્તુઓ ભરવામાં આવ્યાં હતાં. એ રીતની અહીંની તમામ કામગીરી પૂરી થઇ ગઈ હતી. જહાજના કૅપ્ટન લફાયત માટે હવે વળતી મુસાફરીનો સમય થઈ ગયો હતો.

નહી ધારેલાં કારણોને લીધે જોકે શાંતા-ફીનું પુનર્ગમન એકાદ માસ લંબાઈ ગયું હતું, છતાં એને અહી એલ્ગર-બેનાં પાણીમાં કોઈ જ તકલીફ ન હતી. એ સંપૂર્ણ રીતે સલામત હતું. અહી દક્ષિણ ગોળાર્ધમાં ઉનાળો શરૂ થવા પૂર્વેની વસંત ઋતુ શરૂ થઈ હતી. હવામાન ખુશનુમા હતું. મધદરિયામાંથી અચાનક કોઈ તોફાની વંટોળિયો ત્રાટકે અને ખાનાખરાબી કરી નાંખે, તે જ એક શક્યતા રહેતી. મેગેલન સ્ટ્રેઇટનો આ સમગ્ર વિસ્તાર દુર્લભ એવા ઉનાળાને વધાવવા જાણે તૈયાર થઈ ગયો હતો.

સવારના સાત વાગ્યાનો સમય થયો હશે. કૅપ્ટન લફાયત અને તેના મદદનીશ લેફ્ટેનન્ટ રીગલ તૈયાર થઈને તેમની કૅબિનોમાંથી બહાર નીકળ્યા. ડેક ઉપર ખલાસીઓ પાણીની છાલકો મારીને સાફસૂફી કરી રહ્યા હતા. પાણીની સાથે કચરો પણ બાજુની નીકમાંથી બહાર વહી રહ્યો હતો.

કોઈ પણ સમયે વળતી મુસાફરી શરૂ થઈ શકે તેમ હતું. આમ છતાં પ્રયાણ પહેલાં કૅપ્ટન છેલ્લી વાર ટાપુ ઉપર જઈને લાઇટહાઉસની વ્યવસ્થા અને તૈયારીઓ ચકાસી લેવા આતુર હતા. જહાજ ઉપરની કેટલીક કામગીરી તો પ્રયાણ શરૂ થાય તે વખતે જ કરવાની હોય છે એવી બાબતો ઉપર પણ અત્યારે ધ્યાન અપાઈ રહ્યું હતું. એન્જિનનો ઉપયોગ શરૂ થઈ ગયો હોવા છતાં હજી સઢનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ થયો ન હતો. જરૂર જણાય ત્યાં સઢને પણ તૈયાર કરી દેવામાં આવ્યા. જહાજની કિનાર ઉપરની પિત્તળની રેલિંગ તથા હોકાયંત્ર રાખવા માટેની પેટીના પિત્તળના પટ્ટાઓને પણ ઘસીને ચકચકિત કરવામાં આવ્યા હતા. જહાજ ઉપર જ રહેતી, લાંબી બચાવ નૌકાને પણ ઊંટડાની મદદથી ઉપર લઈ લેવામાં આવી. એક માત્ર નાનો મછવો જહાજની બાજુમાં પાણી ઉપર ડોલી રહ્યો હતો.

પૂર્વમાં પ્રભાતના સૂર્ય ક્ષિતિજ ઉપર ડોકું બહાર કાઢ્યું. એ સાથે નિયમ પ્રમાણે રાષ્ટ્રધ્વજને જહાજની ટોચે ફરકાવામાં આવ્યો. બંને અધિકારીઓએ સાથે બેસીને ચા-નાસ્તો લીધો. હવામાનની રૂખ પારખવા આકાશમાં નજર કરી. જમીન ઉપરથી મંદમંદ પવન વહી રહ્યો હતો. ભૂરા આકાશમાં ઝળૂંબી રહેલી થોડી વાદળીઓ પવનના પ્રવાહની સાથે દૂર દૂર ખેંચાઈ રહી હતી. સબસલામતની ખાતરી થતાં બન્ને અધિકારીઓ મછવામાં બેસી ગયા. કાંઠે હંકારવા ખલાસીઓને સૂચના આપી.

લાઇટહાઉસનો દીવો રાતભર જલતો રહ્યો હતો. એમાં રહેલા ત્રણ કર્મચારીઓનો પ્રથમ રાત્રીનો અનુભવ જાણવા કૅપ્ટન આતુર હતા. એ લોકો પૂરા ત્રણ માસ અહી એકલા રહેવાના હતા. એ માટેની એમની માનસિક સજ્જતા અને

અન્ય પ્રકારની તૈયારીઓ અંગેની માહિતી મેળવવી જરૂરી હતી. રહેવા માટેની કૅબિનો, ભંડારમાંની વ્યવસ્થા તથા બળતણ અને પુરવઠા સંબંધી તમામ માહિતી મેળવવાનું કૅપ્ટનને જરૂરી લાગ્યું. લાઇટહાઉસના કેન્દ્રસ્થાને, એની ટોચે ગોઠવવામાં આવેલો દીવો હતો. હવે પછી રોજરોજ રાત્રીના સમયે બાર કલાક સુધી એણે એકધારી કામગીરી બજાવવાની હતી. એ માટેનું યંત્ર બરાબર કામ આપતું રહે તે જરૂરી હતું. કૅપ્ટન એની સંરચના બાબતમાં નિશ્ચિત થવા માગતા હતા. દેશના દૂરના ખૂણે આવેલા આ નિર્જન ટાપુ ઉપર વિષમ હવામાનમાં રહેનારા ત્રણે માણસો માટે એને બહુ ચિંતા થતી હતી. હોડી કાંઠે આવતાં જ ટાપુ ઉપર ઊતરી એમણે લાઇટહાઉસ તરફ ચાલવા માંડ્યું. આખો સમય મૌન જાળવ્યા પછી કૅપ્ટને આખરે મૌન તોડ્યું.

'આ એક બહુ કઠિન નિર્ણય છે ! મિસ્ટર રીગલ !! આપણે જાણીએ છીએ કે આ ત્રણે માણસો આ પહેલાં પણ કઠોર પરિશ્રમવાળું જીવન જ જીવતા હતા. પ્રૌઢ વયના માણસો માટે આ પ્રકારની હળવી મહેનતની કામગીરી આવકારદાયક જરૂર બની શકે.'

'તમારી વાત સાચી છે, પરંતુ આવી નોકરીનું સ્થળ માણસોના વસવાટની નજીકમાં હોય અને માનવ સમાજ સાથે સરળતાથી સંપર્ક થઈ શકે તેમ હોય તેવા સ્થળની આરામદાયી કામગીરી ઘણી સારી વાત છે, પરંતુ સાવ નિર્જન અને વસ્તીથી ઘણે દૂર આવેલા આ પથરાળ સ્ટેટન ટાપુ ઉપરની આ નોકરીની વાત સાવ અલગ છે. દસ-પંદર માઈલ દૂરના દરિયામાં બારોબાર પસાર થઈ જતાં જહાજની હાજરી માત્ર ક્ષણિક આનંદ આપી શકે. એવી એમની હાજરીનું કેટલું મહત્ત્વ? એ કેટલું આશ્વાસન આપી શકે?'

'આશ્વાસન એક રીતે લઈ શકાય કે અહીં એમણે એકી સાથે માત્ર ત્રણ માસ માટે જ રોકાવાનું રહેશે. એ પહેલાં તો બીજા માણસો તથા નવો પુરવઠો લઈને આપણે અહીં આવવાનું જ છે. વળી આ ત્રણે જણા નસીબદાર છે કે આ વિભાગમાં હમણાં ઉનાળો ચાલે છે. એમને માટે એનો અનુભવ સુખદ રહેવાનો છે.'

'આ બંને બાબતોથી એમને ઘણી મોટી રાહત રહેશે એમ માની શકાય. આ ટાપુ દક્ષિણધ્રુવ પ્રદેશથી માત્ર સાત ડિગ્રી અક્ષાંશ જેટલા જ અંતરે છે. એ ઓછું હોય તેમ ત્રણે બાજુએ મહાસાગરોથી ઘેરાયેલો છે. એના અસહ્ય બનતા તોફાની શિયાળાનો એમણે અનુભવ કરવો નહીં પડે, એ પણ મોટો લાભ રહેશે. હજી આ તો અહીંની કામગીરીની શરૂઆત જ છે, એટલે આપણને એમની ચિંતા થાય એ સ્વાભાવિક છે.'

'ખરેખર ડરામણો અને કષ્ટમય શિયાળો ! મિ. રિગલ !! થોડાં વરસ ઉપર હું અહીંના ટીએરા-ડેલ-ફ્યુગો તથા ડેઝોલેશન ટાપુઓમાં આવ્યો હતો. એ માટે મારે મેગેલનની ખાડીમાં થઈને જવાનું થયું હતું. એ શિયાળાની ઋતુ હતી. એના ખડકાળ

પ્રદેશ ઉપર છૂટા પથ્થરો છવાયેલા હતા. એના ઉપર થઈને ચાલવાનો દુખદ અનુભવ યાદ કરતાં આજે પણ મને કમકમાં આવે છે. જોકે આવી વિષમ સ્થિતિમાં પણ એક બાબતનું મોટું આશ્વાસન છે, અને તે છે આ લાઇટહાઉસની મજબૂતાઈ અંગેનું. એની તોતિંગ અને મજબૂત દીવાલો ગમે તેવા ભયાનક ઝંઝાવાતો સામે પણ અડીખમ રહી શકે તેમ છે. આપણું આ પુરવઠા જહાજ સંજોગવશાત્ બીજા ત્રણ મહિના મોડું આવે તો પણ અહીં ખોરાક તથા બળતણનો પુરવઠો ખૂટે તેમ નથી.'

'આપણે એમને સંપૂર્ણ તંદુરસ્ત અને સલામત સ્થિતિમાં મૂકીને જઈએ છીએ. મને પૂરો વિશ્વાસ છે કે ત્રણ માસ બાદ એ જ સ્થિતિમાં આપણે એમને ફરીથી મળી શકીશું.'

જહાજના આ ટોચના અધિકારીઓની મુલાકાતને લાઇટહાઉસના ત્રણે કર્મચારીઓએ વધાવી લીધી. તેઓ પૂરા ગણવેશમાં હતા. હારબંધ ઊભા રહી તેમણે લશ્કરી ઢબે સલામ આપી. તેઓની સાથે કાંઈ પણ વાત કરતાં પહેલાં કૅપ્ટન લફાયતે ત્રણેયને નજરથી માપી લીધા. એમણે આ સ્થળની કામગીરીને અનુરૂપ ભારેખમ બૂટ તથા ચામડાની ટોપી અને કપડાં પહેર્યાં હતાં.

'રાતે લાઇટહાઉસની કામગીરી કેવી રહી? કૅપ્ટને પ્રથમ રાત્રીની અહીંની કામગીરીનો હેવાલ માંગ્યો. જહાજ તથા માણસો હજી અહીં જ હતા, એટલે સંચાલનમાં કોઈ મોટી મુશ્કેલી જણાઈ હોય તો તેને હજી પણ દુરસ્ત કરાવી શકાય તેમ હતું.

'ઘણી જ સારી. દીવાના સંચાલનમાં કોઈ તકલીફ પડી નથી.' વાકુઝે જવાબ આપ્યો.

'રાત દરમ્યાન દરિયામાં કોઈ વહાણ જતું જોયું હોવાનો ખ્યાલ છે?'

'ના જી ! રાતે આકાશ સાવ ચોખ્ખું હતું. એવા સ્વચ્છ હવામાનમાં ઘણે દૂરથી આપણો આ દીવો જોઈ શકાયો હશે.'

'દર્શનગૅલેરીમાં રાતે વધુ પડતી ઠંડીનો અનુભવ થયો હતો?'

'ના જી, અંદરનું હવામાન હૂંફાળું હતું. એની અંદરની બારીમાં અંદર અને બહાર એમ બંને બાજુ કાચ બેસાડેલા છે. બહારની ઠંડી હવા અંદર આવી શકે તેમ જ નથી.'

'પહેલાં તમારી નિવાસી કૅબિનો તથા સ્ટોર-રૂમ અને તેમાં રાખેલી ચીજવસ્તુઓ જોઈ લઈએ. ત્યાર બાદ ઉપર જઈશું.'

'જેવી આપસાહેબની મરજી.' વાકુઝે નમ્રતાથી જણાવ્યું.

નિવાસી કૅબિનો તથા ભંડાર-રૂમ વગેરે લાઇટહાઉસના વિશાળ સંકુલના ભાગરૂપ જ હતાં. દક્ષિણ અમેરિકાના છેક દક્ષિણ છેડે આવેલો આ ભાગ ઍન્ટાર્કટિકા

ખંડના દક્ષિણ ધ્રુવીય વર્તુળમાં જ આવે છે. કાતિલ ઠંડી અને બરફનાં તોફાનો માટે આ ભાગ એ રીતે નામચીન ગણાતો આવેલો. મેગેલનની સામુદ્રધૂની સુધી વિસ્તરતાં આવાં સાગરી તોફાનો માટે લાઇટહાઉસની જાડી દીવાલો અભેદ્ય હતી.

આ પ્રકારનાં જોખમોને ધ્યાનમાં રાખીને જ એની મજબૂતાઇ તથા અંદરની સુવિધાઓ બનાવવામાં આવી હતી. એ તમામ રૂમોને લાઇટહાઉસ સાથે અંદરના પેસેજથી જોડવામાં આવ્યા હતા. એને લીધે બહાર નીકળવાની જરૂર રહે તેમ ન હતું. લાઇટહાઉસમાં છેક ઉપર જવા માટે લગભગ દસ માળ જેટલી ગોળ ચકરાકાર સીડી દીવાલમાં જ પથ્થરો જડીને બનાવવામાં આવી હતી.

કૅપ્ટન એ તરફ વળ્યા. વાકુઝને જણાવ્યું કે તેના સાથીદારોએ ઉપર આવવાની જરૂર નથી. વાકુઝે પોતાના સાથીઓને ત્યાં જ રહેવા ઇશારો કર્યો. અંદર જવાનો દરવાજો ઉઘાડ્યો અને સીડીનાં પગથિયાં ચડવાની શરૂઆત કરી. બંને ઑફિસરો તેની પાછળ ચઢવા લાગ્યા. દરેક માળે પગથિયાં ટેકવવા માટે તથા વિરામ લેવા થોભી શકાય તે માટે રમણાં મુકાયેલાં હતાં. તેમજ પ્રકાશ માટે લંબચોરસ બારી મુકાયેલી હતી. સલામતી માટે તેમાં લોખંડની જાળી તેમજ કાચ પણ બેસાડવામાં આવ્યા હતા.

લાઇટહાઉસનો દીવો, ખાસ એ માટે જ ટોચ ઉપર ગોઠવવામાં આવેલા પ્લેટફૉર્મ ઉપર ચારે દિશામાં ગોળગોળ ફરતો રહેતો હતો. દીવાની નીચેના ભાગમાં દર્શનગૅલેરી હતી. એમાંથી ચારે દિશાઓમાં દૂરદૂર સુધી નજર રાખી શકાતી. એની પથ્થરની બેઠક ઉપર વંને થોડો સમય બેઠા રહ્યા. અહીંથી ઉત્તર બાજુએ લમાયર ખાડીની સામે પાર એવી જ વેરાન તળભૂમિ આવેલી હતી. પશ્ચિમે ટાપુ ઉપરનો પઠારી પ્રદેશ અને એનાથી દૂર એન્ડીઝ પર્વતમાળાના ઊંચા ડુંગરા દેખાતા હતા. જ્યારે પૂર્વ અને દક્ષિણમાં દરિયાનાં પાણી ઘૂઘવતાં હતાં. લાઇટહાઉસના માનવસર્જિત બાંધકામને બાદ કરતાં અહીં નિતાંતપણે કુદરતનું સામ્રાજ્ય હતું. હવા તેજ હતી, છતાં લાંબી પાંખોવાળાં દરિયાઇ પક્ષીઓ ઉપર એની કોઈ અસર જણાતી ન હતી. એમનો સ્વૈરવિહાર બેરોકટોક ચાલુ જ હતો. માનવ ચહેલપહેલ કેવળ આ લાઇટહાઉસ તથા કિનારા નજીકના પાણીમાં ડીલી રહેલા શાંતા-ફી જહાજમાં જ હતી. દૂરના દરિયામાં કોઈ વહાણ કે તેના કૂવાથંભ નજરે ચડતાં ન હતાં. કૅપ્ટનને લાગ્યું કે ટાપુના પાછળના ભાગની તપાસ કરવી જરૂરી હતી. લાઇટહાઉસ અને એમાંના માણસોની સલામતી માટે એ જરૂરી જણાયું. થોડો સમય ઉપર રોકાઈને સૌ નીચે આવ્યા. કૅપ્ટન અને રીગલ ત્યાર બાદ જહાજ ઉપર પહોંચી ગયા.

બપોરના ભોજન બાદ બંને ફરીથી કિનારે આવ્યા. વળતી મુસાફરી શરૂ થાય તે પહેલાં તેઓ ટાપુના પશ્ચિમના ભાગ સંબંધી વધુ માહિતી મેળવવા આતુર હતા. કૅપ્ટને અગાઉ આ વિસ્તારની અનેક વાર મુલાકાત લીધી હતી. કોઈના માર્ગદર્શન વિના આ

ખાડીમાં ઊંડે સુધી જહાજને લઈ જવાનું જોખમ લીધું હતું, પરંતુ કાંઠે ઊતરી અંદરના ભાગમાં જવાની જરૂર જણાઈ ન હતી. હવે સ્થિતિ બદલાઈ હતી. લાઇટહાઉસની જાળવણી તથા સંચાલન માટે કાયમ માટે અહીં માણસો રહેવાના હતા. પુરવઠા જહાજ અહીંથી પરત રવાના થયા બાદ ત્રણ માસ સુધી એમની સાથેનો સંપર્ક સંપૂર્ણપણે કપાયેલો રહેવાનો હતો. એ દરમ્યાન અહીં કંઈ પણ બને તો તેની કોઈ જ જાણકારી મળવાની ન હતી. આ વખતે નજીકના કાંઠા ઉપર ઊતરીને જોઈ લેવાનું નક્કી કર્યું. સ્ટેટન ટાપુની નજીકના સાવ નાના ટાપુ વચ્ચેની ખાડીનો ભાગ હમણાં ઓટને કારણે ખુલ્લો થયો હતો. એ ટાપુનો એક છેડો ભૂશિર બનીને બીજી બાજુ દરિયામાં ખૂંપેલો હતો. એ ભાગ કેપ સેન્ટ જીન તરીકે ઓળખાતો હતો. એમાં કુદરતી રીતે રચાયેલું ઊંડું બંદર હતું. બન્નેએ સહર્ષ એની નોંધ લીધી. કૅપ્ટન એનાથી પ્રભાવિત થયા. મદદનીશ રીગલને કહેવા લાગ્યા :

'સેન્ટ જીનનું આ કુદરતી બંદર કેટલું ઊંડું અને મોટું છે? કેટલું સુંદર પણ છે? મોટા કદનાં જહાજો પણ એમાં મોકળાશથી રહી શકે તેમ છે. છતાં એમાં આવવા માટે આ લમાયર ખાડીના બંને બાજુના પ્રવેશદ્વાર કેટલાં જોખમી છે? આપણી સરકારે જેમ અહીં પૂર્વ કાંઠે આ લાઇટહાઉસ બાંધ્યું છે એ જ રીતે ચીલી દેશની સરકાર પણ જો ખાડીને પશ્ચિમ કાંઠે લાઇટહાઉસ બાંધે તો આ જળમાર્ગ કેટલો સલામત બની જાય !' મદદનીશે પણ ઉત્તેજિત થઈને સંમતિ દર્શાવી.

બપોરના ચાર વાગવા આવ્યા. બંને ઑફિસરોએ વાકુઝ, ફીલિપ તથા મોરીઝની વિદાય લીધી. મછવામાં બેસી જહાજ તરફ જવા નીકળ્યા. કાંઠે રહેલા આ ત્રણે જણા, વીલા મોંએ જોઈ રહ્યા. જહાજમાં પગ મૂકતાં જ એમણે લંગર ઉઠાવવાનો આદેશ આપી દીધો. ઘડિયાળમાં પાંચનો સમય થયો. જહાજના પેટાળમાંના બૉઇલરમાં કોલસા નંખાવા માંડ્યા. ધુમાડાના ગોટેગોટા ચીમનીમાંથી બહાર નીકળી ભૂરા આકાશમાં ફેલાવા માંડ્યા. વરાળનું પ્રેશર વધવા લાગ્યું. ભરતી બાદ હવે ઓટની શરૂઆત થઈ ગઈ. એનાં ઓસરતાં પાણી સાગર તરફ જવા લાગ્યાં. એવાં વળતાં વહેણનો લાભ લેવા માટે આ યોગ્ય સમય હતો.

વધુ અડધો કલાક વીત્યો. લંગરને ઉઠાવી લેવા માટેનો ચાકડો ઊંધો ફરવા લાગ્યો. એની ઉપર લંગરનું તારનું દોરડું વીટાવા લાગ્યું. બૉઇલરમાંની વધારાની વરાળ સેફ્ટી વાલ્વ મારફતે વારંવાર સૂસવાટ કરતી બહાર ફેંકાવા લાગી.

પ્રયાણ સમયે કૅપ્ટન અથવા તેના મદદનીશે તૂતક ઉપર હાજર રહેવું જરૂરી હોય છે. એ પળો અનેક રીતે જોખમભરી ગણાય. ગલમાં ફસાયેલી માછલી જેમ દોરી સાથે પાણીની બહાર ખેંચાઈ આવે, તેમ લંગર પણ ઉપર ખેંચાઈ આવ્યું.

શાંતા-ફીની વળતી મુસાફરી શરૂ થઈ ગઈ. કાંઠે ઊભેલા ત્રણે સાથીઓએ ભાવુક બનીને સલામી આપી. એ પૈકીનો વાકુઝ અનુભવી સાગરખેડુ હતો. એ સદાય જોખમો સાથે જીવ્યો હતો, પરંતુ એના બે યુવાન સાથીઓ માટે નવો જ અનુભવ હતો. એમને માટે આ પળ આંખો ભીની કરે તેવી હતી. જહાજ ઉપરના ટોચથી તળિયા સુધીના તમામ માણસો એમનું કોઈ સ્વજન વિખૂટું પડી રહ્યું હોય, તે રીતે ક્ષુબ્ધ બનીને એમની સલામી ઝીલી રહ્યા.

હાલની મધ્યમસરની ગતિ સાથે શાંતાએ પ્રથમ તો એલ્ગર-બેની બહાર નીકળવાનું હતું. આટલાન્ટિકના અફાટ જળરાશિમાં પહોંચતાં રાત્રે આઠ વાગે તેમ હતું. કેપ સાન-જુઆનના ભૂખંડની ગોળાઈ સાથે સલામત અંતરે હંકારતાં તેણે લમાયરની ખાડીને પશ્ચિમે છોડવા માંડી. ઉત્તરમાં જવા માટે પણ પહેલાં પૂર્વ તરફ જવું પડે તેમ હતું.

ધીમે ધીમે રાત્રીનું અંધારું ગાઢું થવા માંડ્યું. ધરતીના છેવાડેની આ નવી જ બંધાયેલી દીવાદાંડીની ઝળહળતી જ્યોતનો શેરડી, દૂર સરકી રહેલા શાંતા-ફી જહાજના તૂતક ઉપરથી જોઈ શકાતો હતો – દક્ષિણ ગોળાર્ધ માટે દુર્લભ એવો ધ્રુવતારક અહીં જાણે કે પશ્ચિમાકાશમાં ઊગ્યો હોય !

❐

દોજખ ટાપુ

સ્ટેટન ટાપુ એનું નામ હતું. દક્ષિણ અમેરિકા ખંડના છેક દક્ષિણે આવેલા મેગેલન દ્વિપસમૂહ (Archipelgo)નો એ લગભગ અંતિમ મણકો ગણી શકાય. એનો દક્ષિણનો શિંગડા આકારનો અણિયાળો ભાગ દક્ષિણના એન્ટાર્કિટકા મહાસાગરમાં ખૂંપેલો. એ કારણે તે કેપ હોર્ન-શિંગ ભૂશિર તરીકે ઓળખાતો. એની પૂર્વે આટલાન્ટિક મહાસાગર ઘૂઘવે. તેમ જ પશ્ચિમ કિનારા સાથે પ્રશાંત (પૅસિફિક) મહાસાગરનાં તોફાની મોજાં અનાદિ કાળથી અફળાતાં આવેલાં. ટાપુની ઉત્તરે આરપારની સાંકડી ખાડી બંને મહાસાગરોને જોડે. હૉલેન્ડ દેશના સાહસિક સાગરખેડુ લમાયરે એની શોધ કરી હતી. તેના નામ ઉપરથી તે લમાયર ખાડી તરીકે ઓળખાતી આવેલી. પૂર્વ દિશામાં આટલાન્ટિક સાગરમાં પડતું મુખ પણ ખાસ્સું પહોળું હતું. દરિયાનો આવો પહોળો છતાં અણિયાળો ભાગ જમીનના ભાગમાં ઘૂસેલો હોય, ત્યારે તે બે-એટલે કે અખાત કહેવાય. અહીંનો અખાત તે એલ્ગર-બે અખાત હતો.

આમ તો અહીં સેંકડોની સંખ્યામાં નાનામોટા ટાપુઓનો પથારો હતો. પંદરમી સદીના મહાન સાગરખેડુ મેગેલનના નામ ઉપરથી આખો દ્વિપસમૂહ મેગેલન દ્વિપસમૂહ તરીકે ઓળખાતો હતો. આ બધા ટાપુઓની વચ્ચે સાંકડી-પહોળી કે ઊંડી અને છીછરી હોય તેવી અનેક ખાડીઓ હતી. એમાં લમાયરની ખાડી વધુ ઊંડી હતી. મોટાં જહાજો પણ આટલાન્ટિક અને પૅસિફિક વચ્ચે આવજા કરી શકે તેટલી પહોળી પણ હતી.

દક્ષિણ અમેરિકા ખંડની તળભૂમિથી આ ખાડીને કારણે જ સ્ટેટન ટાપુ અલગ હતો. આખો ટાપુ કાળમીંઢ ખડકોનો બનેલો હતો. લમાયરની ખાડી ઘણી ઊંડી હતી, પરંતુ બંને બાજુના કાંઠાઓ ખડકોથી ભરેલા હતા. જહાજો આમ તો કેપ હોર્નની છેક દક્ષિણે થઈને પણ આવજા કરી શકે તેમ હતાં, પરંતુ એ ભાગ દક્ષિણ ધ્રુવની સાવ નજીક હતો. ધ્રુવપ્રદેશના એન્ટાર્કિટકા મહાસાગરમાંથી છૂટા પડેલા બરફના તરતા પહાડોનું એમાં બહુ જ મોટું જોખમ રહેતું. ત્રણે મહાસાગરોના આ ત્રિભેટાનું સ્થળ દરિયાઈ તોફાનો માટે કુખ્યાત હતું. એના સૂસવાટા મારતા ઠંડા પવનોમાં જહાજોને જાળવવાનું કામ મુશ્કેલ રહેતું. એ ઉપરાંત એ જળમાર્ગ લાંબો પણ હતો. સ્ટેટન ટાપુની ઉત્તરે આવેલી લમાયરની ખાડીનું એટલે જ મહત્ત્વ વધુ હતું. આટલાન્ટિક અને પ્રશાંત સાગરોમાં આવજા કરતાં જહાજો હિમખંડો તથા ઠંડા પવનોથી અહીં મુક્ત હતાં અને માર્ગ પણ ટૂંકો હતો.

સ્ટેટન ટાપુ પૂર્વ-પશ્ચિમે ઓગણચાલીસ માઈલ લાંબો અને ઉત્તર દક્ષિણે માત્ર અગિયાર માઈલ પહોળો હતો. દક્ષિણ અમેરિકા ખંડના પશ્ચિમ કિનારાની સમાંતરે ઉત્તર-દક્ષિણની સળંગ લંબાઈની એન્ડીઝની પર્વતમાળા આવેલી છે. સ્ટેટન ટાપુ

ઉપરના ડુંગરા એ પર્વતમાળાના છેલ્લા મણકા હતા. ટાપુ મોટે ભાગે કાળા ખડકોનો જ બનેલો હતો. મધ્યભાગમાં ઊંચાઈ ઉપર થોડો જમીનનો સપાટ ભાગ હતો, પરંતુ ફરતેના ઊંચા ખડકોથી ઘેરાયેલો હતો. એમાં ખીણો અને કંદરાઓ હતી. એ ઉપરાંત કુદરતી રીતે બનેલી અસંખ્ય ગુફાઓ પણ તેમાં હતી.

ટાપુની ઉત્તરની લમાયર ખાડી જહાજોની આવનજાવન માટે ઉપયોગી હતી, પરંતુ એના બંને કાંઠા લાકડાં વહેરવાની કરવતની ધાર જેવા વાંકાચૂકા અને કાળા ખડકોથી ભરેલા હતા. આટલાન્ટિક તરફના પ્રવેશદ્વારમાં પણ અનેક ખડકો પાણીમાંથી બહાર ડોકાં કાઢી ઊભેલા હતા. કેટલાક ભરતીના સમયે ઢંકાઈ જાય, પરંતુ ઓટ થતાં જ ખુલ્લા બની જાય. રાત્રીના અંધારામાં કોઈ જહાજ જો ક્યાંક એમાં ફસાયું તો એમાંથી સલામત રીતે બહાર નીકળવાનું અશક્ય બની જાય. ખરાબે ચડી ગયેલું જહાજ મોજાંની થપાટોને કારણે આ ખડકો સાથે અથડાતું રહે અને ધીમે ધીમે ભાંગીને ભૂકો થઈ જાય. સંખ્યાબંધ જહાજોનો દર વરસે અહીં ભોગ લેવાતો. એમાંના નાવિકો અને કિંમતી માલસામાન ભાગ્યે જ બચવા પામે. જહાજો માટેની એ જાણે સ્મશાનભૂમિ હતી.

ખૂબ ઠંડું હવામાન હોય અને સાવ ખડકાળ ધરતી હોય, ત્યારે માણસોના કાયમી વસવાટની શક્યતા પણ નહીવત્ હોવાની. ઉત્તરગોળાર્ધથી વિરુદ્ધ અહીંનો શિયાળો માર્ચથી ઓક્ટોબર સુધીના આઠ માસ જેટલો લાંબો હોય છે. એ દરમ્યાન બરફ પડે, ધરતી સફેદ બરફની ચાદરથી ઢંકાયેલી જ રહેતી. નવેમ્બરથી ફેબ્રુઆરીના ચારેક માસ ઉનાળો હોય, તે વખતે આ બરફ પીગળે અને પાણી વહેતું થાય, પરંતુ સાવ નાના ટાપુ ઉપર નદીઓ હોવાની શક્યતા જ નહીં, એટલે નાનાં ઝરણાં અને વહેળાના રૂપમાં મોટા ભાગનું પાણી નીચે દરિયામાં જ સીધું વહી જાય. થોડું પાણી પથ્થરની બખોલ, કોતરો કે ખાડાઓમાં ભરાઈ રહે. જમીનનો ભાગ હોય ત્યાં ઘાસચારો તથા થોડી વનસ્પતિ ઊગી નીકળતી.

ટાપુની ઉત્તરે આવેલી તળભૂમિ ઉપરના માલધારીઓ આવા ઉનાળાના ખુલ્લા દિવસોમાં પોતાનાં ઢોરઢાંખર લઈને અહીં આવી ચડતા. ઉત્તર-પૂર્વના ટીએરા-ડેલ-ફ્યુગો તથા મધ્ય પઠારના પેટાગોનિયાના પ્રદેશોમાં છૂટાછવાયા રહેતા એવા લોકો માટે આ એક વધારાની ચરણભૂમિ બની જાય. એમનો અહીંનો વસવાટ, થોડા સમય માટેનો જ રહેવાનો, કેમ કે ઘાસ અને વનસ્પતિનો જથ્થો સાવ મર્યાદિત અને ઝડપથી આવી રહેતા શિયાળાનો સામનો કરવાનું આસાન હોતું નથી.

અહીં વનસ્પતિ પાંખી, તેમ જ નિવાસી પ્રાણીઓની જાતો અને સંખ્યા પણ સાવ મર્યાદિત જ હતી. ગુનાકો નામે ઓળખાતું જંગલી હરણ અહીંનું સૌથી મોટું નિવાસી પ્રાણી ગણાય. ઉનાળામાં ઊગેલા ઘાસચારામાં પાડોશના પ્રદેશોમાંથી આવતા

માલધારીઓનાં પ્રાણીઓ ભાગ પડાવી જાય, પરંતુ શિયાળામાં આ ગુનાકો એકલાં જ હોય છે. પગની ખરીથી બરફના થર ખોતરી – તેમાં દટાયેલાં કંદમૂળ શોધી કાઢે. આખો શિયાળો એના ઉપર જેમતેમ ખેંચી કાઢે. ગુનાકાનું માંસ માણસો માટે બહુ સ્વાદિષ્ટ તો ન ગણાય. છતાં જેવા મરીમસાલા અને રાંધનારની આવડત, તેવો તેનો સ્વાદ ગણવાનો. દેખાવે અણઘડ છતાં નિર્દોષ લાગે, પરંતુ એની છેડછાડ થાય ત્યારે ગુનાકો ઝનૂની અને જોખમી બની શકે, એવું આ પ્રાણી શિકાર માટેનું કોઈ આદર્શ પ્રાણી ગણાતું નહીં, છતાં ખોરાકની અછત હોય ત્યારે ખપમાં આવે તેમ હતું. મધ્યભાગના જમીની પ્રદેશમાં છૂટાછવાયાં વૃક્ષો હતાં. અહીંના વિષમ હવામાનમાં પણ જીવન ટકાવી તેઓ અડીખમ ઊભાં હતાં. સાઠેક ફૂટની ઊંચાઈ ધરાવતાં આ ધ્રુવીય વૃક્ષોની પાંખી ડાળીઓ કાટખૂણે જ ફેલાયેલી હતી. ઉનાળામાં એના ઉપર લીલાં નહીં, પરંતુ ફીકાં પીળાં પાંદડાંની કૂંપળો ફૂટે. સાવ અલ્પ જીવી આ કૂંપળો શિયાળો શરૂ થતાં તો ખરી પણ પડે. થડ અને ડાળીઓ ઉપરની જાડી છાલને કારણે જ લાંબા શિયાળા દરમ્યાન આ વૃક્ષો જીવંત રહી શકે છે.

ટાપુ ઉપરનો આ વનશ્રી વૈભવ અલ્પજીવી તો હતો જ, સાથે અલ્પમાત્રામાં અને અલ્પવિસ્તાર પૂરતો જ મર્યાદિત હતો. ચારે બાજુના કિનારાઓ ગંજાવર ખડકોના ખડકલા જ હતા. થોડા જ ભાગમાં કિનારો નીચો અને રેતાળ હતો. મોટે ભાગે તો ઊંચા ઊંચા ખડકો જ હતા, ક્યાંક ક્યાંક તો આ ખડકો સીધા પાણીમાંથી નીકળી બસો ફૂટ કરતાં પણ વધુ ઊંચાઈએ પહોંચેલા હતા. પશ્ચિમ ભાગમાં આવેલા ડુંગરો પણ ત્રણેક હજાર ફૂટની ઊંચાઈના હશે. ડુંગરાઓ સાવ બોડા હતા. એટલી ઊંચાઈએ કોઈ જઈ શકે તો, ટાપુના અને ટાપુ બહારના અન્ય ટાપુઓ તથા ખાડીઓને લાંબે સુધી જોઈ શકાય.

આવો ખડકસભર ભૂભાગ અને એની ઉપરનું કાતિલ હવામાન કોઈ પ્રકારના જીવનના અસ્તિત્વ માટે અનુકૂળ ગણી શકાય નહીં. એવી જ સ્થિતિ ઉત્તરે આવેલા પૅટેગોનિયાના પઠારી વિસ્તારમાં, તેમજ ઉત્તરપૂર્વ ખૂણાના ટીએરા-ડેલ-ફ્યુગો પ્રદેશની હતી. એની પૂર્વમાં માત્ર અઢીસો માઈલ દૂર સમાંતર અક્ષાંશે આવેલા ફોકલૅન્ડ ટાપુઓની હાલત પણ કાંઈ જુદી ન હતી, છતાં એ ભૂભાગો સાવ નિર્જન ન હતા. પ્રતિકૂળ પ્રકૃતિ હોવા છતાં ઉનાળાના મહિનાઓમાં શાકભાજી વગેરે લીલોતરી માટે ત્યાં તક રહેતી.

ટાપુઓને વિંટળાયેલાં જળવિસ્તારોમાં દરિયાઈ જીવોની વિવિધતા અને વિપુલતા હતી. આ ખાડીઓમાં પાણી નીચે ઢંકાયેલા ખડકોને કારણે નાનકડી હોડીઓ માટે પણ ઘણું જોખમ હતું ! તેમ છતાં ઉત્તરની તળભૂમિમાં રહેતા ફ્યુજીઅનો આ ઋતુમાં અહીં આવવાનું જોખમ ઉઠાવતા. જોકે એના ઊંડા જળવિસ્તારોમાં મચ્છીમારી માટે મોટેભાગે તો મોટાં જહાજોની જ અવરજવર વધુ રહેતી. એ કારણે એમાંના જળચરો દક્ષિણના

વધુ ઠંડા અને બરફીલા પાણીમાં ખસી ગયાં હોય તેમ મનાતું હતું. ત્યાંના ખુલ્લા સાગરમાં માછીમારીનું કામ વધુ જોખમી અને વધુ મહેનત માંગી લે તેવું રહેતું.

આવા ખડકાળ ટાપુ ઉપર આર્જેન્ટિના દેશની હકૂમત હતી. લમાચર ખાડીના પૂર્વ તરફના મુખ પાસેનો પહોળો ભાગ એલ્ગર-બે તરીકે ઓળખાતો હતો. રાત્રીના કાળા અંધકારમાં અહીંથી ખાડીમાં થઈને પશ્ચિમ તરફ પ્રશાંત મહાસાગરમાં જતાં જહાજોને એનું જોખમ રહેતું. રાત્રી દરમ્યાન તેને માર્ગદર્શન આપવા આ સ્થળે લાઇટહાઉસની તાતી જરૂર હતી. આર્જેન્ટિનાની પ્રજાસત્તાક સરકારે એ બાંધવા માટેનો નિર્ણય લીધો પણ હતો.

દેશની રાજધાની બુએનોસ-એરીસ અહીંથી ઉત્તરમાં પંદરસો માઇલ દૂર હતી. સૌપ્રથમ તો નૌકાદળના એક સુસજ્જ જહાજ શાંતા-ફીને અહીં મોકલીને સરકારે દીવાદાંડી બાંધવા માટેના ચોક્કસ સ્થળ તથા ઊંચાઈ વગેરે બાબતોની તપાસ કરાવી હતી. ત્યારબાદ બાંધકામ માટેના જરૂરી માલસામાન તથા માણસોને લઈને શાંતા-ફી અહીં ફરીથી આવ્યું હતું.

સરકારના ઇજનેરોએ પસંદ કરેલું સ્થળ પાંચસો ચોરસવારના સમથળ ખડક ઉપર હતું. મહિનાઓ સુધીની એકધારી કામગીરી બાદ સૌથી આધુનિક કહી શકાય એવી આ દીવાદાંડીનું બાંધકામ પૂરું થયું હતું. નીચે ભોંયતળિયાના ભાગમાં ત્રણ કર્મચારીઓ રહી શકે તેવા નિવાસી રૂમો હતા. સાથે રસોઈઘર અને તે માટેના ભંડારની પણ વ્યવસ્થા હતી. વળી લાઇટહાઉસ માટેનું બળતણ ઉપરાંત એના યંત્ર માટેના સ્પેરપાર્ટ્સ રાખવાના જુદા વિભાગો હતા. લાઇટહાઉસ તથા અહીં રહેનારા કર્મચારીઓને એક વર્ષ સુધી ચાલે તેટલો સામાન રાખવાની એના ભંડારમાં મોકળાશ હતી. અહીંના લાંબા અને કાતિલ શિયાળામાં માણસ તથા મશીનોને ગરમ રાખવા પુષ્કળ તેલની જરૂર પડે તેમ હતું.

લાઇટહાઉસના ચણતરમાં અહીંના કાળા સખત પથ્થરોનો જ ઉપયોગ થયો હતો. ટાપુ ઉપરના પવન અને પાણીના ઝંઝાવાતોમાં અડીખમ રહી શકે એટલું મજબૂત એ બાંધકામ હતું. વાકુઝે એના યુવાન સાથીદાર ફલિપને સાચું જ કહ્યું હતું, કે લાઇટહાઉસ અને તેની સાથેનાં મકાનો સલામત હતાં. તેમાં રહેનારા તેઓ પણ સલામત હતા. એમણે જ હવે અહીં રહીને લાઇટહાઉસના દીપને જલતો રાખવાનો હતો, મધ્યરાત્રીએ જહાજોને મોતના મુખમાં હોમાતાં બચાવવાનાં હતાં.

ઊંચા ખડક ઉપર બાંધકામ થયું હોવાથી લાઇટહાઉસને એટલી વધારાની ઊંચાઈનો લાભ મળતો હતો. એનો દીવો દરિયાની સપાટીથી બસોત્રેવીસ ફૂટની ઊંચાઈ ઉપર ગોઠવાયો હતો. એટલી ઊંચાઈનો દીવો પંદરેક માઇલ દૂરથી જોઈ શકાતો હતો. ખોટે રસ્તે જઈ રહેલાં જહાજોને યોગ્ય માર્ગે વાળવા દશ માઇલનું અંતર પૂરતું ગણાય.

બળતણ તરીકે ગૅસ કે વીજળીનો વપરાશ હજી વહેવારુ બન્યો ન હતો. વળી તળભૂમિથી ખૂબ જ દૂરના આવા નિર્જન પ્રદેશમાં એનો પુરવઠો જાળવી રાખવાનું કામ મુશ્કેલ બને તેમ હતું. એ કારણે તેલથી બળતો સીધો સાદો દીવો જ આ સ્થળ માટે પસંદ કરાયો હતો. તેલનો પુરવઠો જાળવવામાં અને પર્યાપ્ત માત્રામાં સંગ્રહ કરી રાખવાનું સહેલું હતું. તેમજ સમારકામની પણ ઝાઝી ઝંઝટ નહી. આ પ્રકારના તેલના દીવાનો અહી ઉપયોગ આમ તો જરીપુરાણો ગણાય. છતાં વિકસતા વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી શોધનો એમાં ઉપયોગ કરાયો હતો. ચાકડા ઉપર ચારે દિશામાં ફરતા રહેતા દીવાની ચારેબાજુ કાચના મોટા લેન્સ મૂકવામાં આવ્યા હતા. સ્થળ ઉપર દીવો સાવ નાનો દેખાતો હતો, પરંતુ લેન્સને કારણે પ્રકાશનાં આવર્તનો સર્જાતાં હતાં. એનાં બિંબ-પ્રતિબિંબને લીધે માઈલો દૂરથી પણ તે ઝળહળતો દેખાતો હતો.

એલ્ગર-બેનું આ પ્રવેશદ્વાર ખડકોથી ભરેલું હતું. છતાં આ લાઇટહાઉસને આધારે સાવચેતીથી જહાજને હંકારી શકાય તો કિનારાથી વધુ નજીક લાવી શકાય તેમ હતું. દરિયો બહુ ઊંડો ન હોવાથી લંગર નાંખીને એને ઊભું રાખવાનું પણ આસાન હતું.

આ વિસ્તારમાં બીજું કોઈ લાઇટહાઉસ ન હતું, તેમ જ ઊંચાં મકાનો પણ ન હતાં. એટલે અન્ય કોઈ દીવા બાબત વહાણોના ચાલકોને ગેરસમજ થવાનો સંભવ જ રહેતો ન હતો. છતાં અંધારી રાત્રે ઊંચા આકાશમાં ટમટમતા તારલા સાથે ભેળસેળ થવાનો સંભવ રહેતો હોય છે. એવી સ્થિતિ ટાળવા દીવાને પોતાની ધરી ઉપર સતત ફરતા રહેતા ચાકડા ઉપર રાખવામાં આવ્યો હતો. સામે આવે ત્યારે જ તે દેખાતો હતો. પાછળ જાય ત્યારે એનો પ્રકાશ અદૃશ્ય બની જતો. એ કારણે એની હાજરી તરત જ ધ્યાન ખેંચે તેવી હતી.

અહીની કામગીરી પૂરી કરીને વળતી મુસાફરી કરી રહેલા શાંતા-ફી જહાજના કૅપ્ટને રાત્રીના અંધકારમાં લાઇટહાઉસના દીવાની કામગીરીની નોંધ લીધી. એની સફળતાથી સંતોષ થયો. આનંદ પણ થયો.

હવે પછીની એ દીવાની ઉપયોગિતાનો આધાર અહી રહેનારા ત્રણે કર્મચારીઓની બહાદુરી અને કુશળતા ઉપર હતો. દીવા સંબંધી સંયંત્રની જાળવણી ખૂબ જ જરૂરી હતી. અંધારું થાય તે પૂર્વે જ એ દીવાને સળગાવવાનો હતો અને સવારે તેને બુઝાવી દેવાનો હતો. રાત્રી દરમ્યાન પસાર થતાં જહાજો, ઉપરથી લાઇટના સિગ્નલો આવે, તેને સમજીને પ્રકાશની એવી જ સાંકેતિક ભાષામાં જવાબો આપવાના હતા. એ રીતે જ યોગ્ય માર્ગ સંબંધી સૂચનાઓ મોકલવાની રહેતી. આ ત્રણે કર્મચારીઓને એ માટેની તાલીમ આપવામાં આવી હતી. રાત્રી દરમ્યાન એક જણે ફરજિયાત રીતે ઉપરની દર્શનગૅલેરીમાં જાગતા હાજર રહેવાનું હતું. એમની આ ફરજમાંનો સહેજ પ્રમાદ પણ જહાજોને મોતના મુખમાં ધકેલી શકે તેમ હતો.

વાકુઝ અને તેના હાથ નીચેના મદદનીશો ફીલિપ અને મોરીઝ ખંત અને ઉત્સાહથી ભરપૂર હતા. બહાદુર અને સશક્ત હતા. એમની બુદ્ધિ અને શક્તિમાં કૅપ્ટનને પૂરો વિશ્વાસ હતો. એઓની પસંદગીમાં બહુ જ કડક માપદંડ અપનાવાયો હતો. ડઝનબંધી ઉમેદવારોમાંથી ગુણવત્તાને ધોરણે જ એમની પસંદગી થઈ હતી.

આ બધું હોવા છતાં મુખ્ય મથક બુએનોસ-એરીસથી ટાપુ પંદરસો માઈલ દૂર હતો. એવા આ નિર્જન સ્થળે એઓની સલામતીનો પ્રશ્ન ગંભીર હતો. ઉનાળાના ખુલ્લા અને હૂંફાળા દિવસોમાં તળભૂમિના માલધારીઓ સિવાય અહીં કોઈ આવતું ન હતું. ખરો ભય દરિયાઈ ચાંચિયાઓ તરફનો હતો.

ચાંચિયાઓનો સામનો કરવા આ ત્રણે પાસે પૂરતા પ્રમાણમાં શસ્ત્રો તથા દારૂગોળો હતાં. લાઇટહાઉસની ફરતે પણ પથ્થરની ઊંચી કમ્પાઉન્ડવૉલ કરવામાં આવી હતી. ભોંયતળિયાનો મુખ્ય દરવાજો અંદરથી બંધ કર્યા બાદ બહારથી ખોલી શકાય તેમ ન હતું.

ભોંયતળિયાના વપરાશી ઓરડાઓમાં થઈને લાઇટહાઉસની ઉપર ચડવા માટેનું બારણું હતું. ઉપર ચડવા માટેની વર્તુળાકાર સીડી ગોળ દીવાલમાં પથ્થર બેસાડીને બનાવવામાં આવી હતી. દરેક માળે થોભીને શ્વાસ લઈ શકાય તે માટે વાનું પ્લૅટફૉર્મ કે રમણું બનાવવામાં આવ્યું હતું. તે જ સ્થળે બહારના પ્રકાશ માટે બારી મૂકવામાં આવી હતી. સલામતી માટે તેમાં લોખંડની મજબૂત જાળી બેસાડવામાં આવી હતી

લાઇટહાઉસની છેક ટોચે દર્શનગૅલેરી હતી. એ ખુલ્લી જ હતી, છતાં દશ માળ જેટલી ઊંચી હતી. એટલી ઊંચાઈએ બહારની બાજુએથી ઉપર ચડવાનું કોઈ પણ વ્યક્તિ માટે અશક્ય હતું.

દેશના સાવ છેવાડેનો આ ટાપુ નિર્જન અને જીવતું દોજખ જ હતો. એની ઉપર આવી સુરક્ષિત અને સાધનસંપન્ન લાઇટહાઉસનું નિર્માણ આર્જેન્ટિના દેશની સરકારે કર્યું હતું. તેના સંચાલન અને સારસંભાળની જવાબદારી વાકુઝ, ફીલિપ અને મોરીઝની ત્રિપુટીને સોંપવામાં આવી હતી.

ડિસેમ્બર માસની નવમી તારીખે સંધ્યા સમયે એનું ઉદ્‌ઘાટન થયું, ત્યારથી લાઇટહાઉસની કામગીરી ચાલુ થઈ ગઈ હતી. ત્રણે કર્મચારીઓની સેવા અને જવાબદારી પણ એ સાથે જ શરૂ થઈ ગઈ હતી.



અમંગળની એંધાણી

દક્ષિણ અમેરિકાના આ દક્ષિણ ભાગમાં ઉનાળો નવેમ્બર માસથી શરૂ થતો હોય છે અને માર્ચ માસમાં એનો અંત આવે. મેગેલન દ્વિપસમૂહની નજીકના જળવિસ્તારમાં આ સમય દરમ્યાન જ નાનાંમોટાં જહાજોની અવરજવર વધી જતી હોય છે.

સાગરી ત્રિભેટા ઉપરના ત્રણે મહાસાગરોમાં તોફાનો આમ તો અવારનવાર આવતાં જ હોય છે, પરંતુ ઋતુચક્રના આ ભાગમાં હવામાન મોટે ભાગે શાંત અને મૈત્રીપૂર્ણ રહેતું હોય છે. વહાણો સઢવાળાં હોય કે એન્જિનવાળાં હોય, અથવા મિશ્ર હોય – સારા હવામાનનો લાભ બધાં જ લેતાં હોય છે. કોઈ પણ તકલીફ વિના આસાનીથી તેઓ કેપહોર્ન ફરીને પણ મહાસાગરોમાં આવનજાવન કરતાં રહે છે.

આ જહાજો એ રીતે કેપહોર્ન સુધી લાંબા થાય, કે પછી લમાયરની ખાડીના ખડકોથી ભરેલા માર્ગે જાય – એનાથી નિર્જન સ્ટેટન ટાપુના ભયાનક એકાકીપણામાં કાંઈ તફાવત પડતો નથી. ઉનાળાના દિવસો વધુ મોટા અને રાત્રીઓ ટૂંકી હોય, એટલું જ આશ્વાસન લઈ શકાય.

એકાકીપણું તો કુદરતે આ ટાપુઓને [illegible] મારેલું જ કહી શકાય. લાઇટહાઉસના સંચાલન માટેના માણસોની પસંદગી આવી એકલતામાં દિવસો ગુજારવાની અને છતાં સ્વસ્થ રહી શકવાની ક્ષમતાને આધારે કરવામાં આવી હતી. એવી લાયકાત મોટે ભાગે ઉંમરમાં મોટા અને અનુભવી સાગરખેડુઓમાં જ હોય એ સ્વાભાવિક હતું. એવા માણસો મિનિટો, કલાકો કે દિવસો ગણવાવાળા હોતા નથી. મોટે ભાગે સાંસારિક જરૂરિયાતોમાંથી અને જવાબદારીઓમાંથી તેઓ મુક્ત થઈ ગયેલા જ હોવાના. કુટુંબ અને મિત્રોની યાદમાં ઝૂરવાને બદલે પોતાની ફરજ સંબંધી પ્રવૃત્તિઓમાં તેઓ મનને રોકેલું રાખી શકતા હોય છે, એવી માન્યતા સ્વાભાવિક પણ હતી. સ્ટેટન ટાપુ આમ તો નાનો ગણાય. છતાં એની ભૂભૌગોલિક સ્થિતિની ઝીણવટભરી તપાસ કે મોજણી હજી સુધી કરવામાં આવી ન હતી. ખરેખર તો સરકારે જ એ કામ કરવું જોઈએ, પરંતુ સરકાર તરફથી એવી કોઈ પ્રવૃત્તિ થઈ ન હતી. એટલે ટાપુ સંબંધી સામાન્ય માહિતી મેળવવાનું આ ત્રણ કર્મચારીઓને જ સોંપવામાં આવ્યું હતું. ટાપુ તથા સામેના એલગર-બેની આજુબાજુના વિસ્તારોમાં જ્યારે જ્યારે સમય મળે, ત્યારે તેમણે મુલાકાત લેવાની હતી. પરંતુ સાથે એક શરત હતી. લાઇટહાઉસથી ત્રણેક માઈલથી વધુ દૂર નહીં જવાની, એક જણે એકલાએ નહીં જવાની પણ તેમને તાકીદ થઈ હતી.

ટાપુ ઉપરની હવામાનની તથા દરિયામાં થતી ભરતીની અને વહાણોની અવરજવરની વિગતો લૉગ-બુકમાં નોંધવાની હતી. રોજે- રોજ બનતા નાના મોટા બનાવોની વિગતો પણ લખવાની હતી. ભરતી-ઓટની ઊંચાઈ-ઊંડાઈ, હવામાનમાં થતા

ફેરફારો તેમ જ વરસાદ કે બરફ પડે તેનો સમય અને પ્રમાણ પણ તેમાં જણાવવાનાં હતાં.

હવામાનશાસ્ત્રીઓ ભવિષ્યમાં સંશોધન કરી શકે એવા પ્રકારની એ માહિતીઓ હતી.

આ ત્રણે કર્મચારીઓ આર્જેન્ટિનાના જ નાગરિકો હતા. વાકુઝ ત્રણેમાં મોટો હતો. ઉપરાંત અન્ય બે સાથીઓનો ઉપરી હતો. ૪૭ વર્ષની ઉંમર હશે. સશક્ત બાંધાનો એ ખડતલ આદમી હતો. પૃથ્વી ઉપરના તમામ સાગરોમાં એણે અનેક વાર મુસાફરી કરી હતી.

ઊંડી સૂઝ તેમ જ ત્વરિત નિર્ણય લેવાની બુદ્ધિશક્તિને કારણે જ આ નિર્જન ટાપુ ઉપરની લાઇટહાઉસની જવાબદારી તેને સોંપાઈ હતી. દેશના નૌકાદળમાં એણે કદી ઊંચો હોદ્દો ભોગવ્યો ન હતો, છતાં તેની ઉમદા, વિશ્વાસસભર તથા હિંમતભરી કામગીરીની હંમેશાં પ્રશંસા થતી હતી. ત્યાંથી નિવૃત્ત થયો ત્યારે પ્રશંસનીય સેવા માટે એનું ઉચિત સન્માન થયું હતું.

લાઇટહાઉસની અહીંની સેવા માટે જ્યારે એણે અરજી કરી, ત્યારે એ કારણે જ કોઈ પણ ઔપચારિકતા વિના એને જવાબદારી સોંપવામાં આવી હતી.

ચાલીસ વર્ષના ફીલિપ તથા ૩૭ વર્ષના મોરીઝને એ સારી રીતે ઓળખતો હતો. એણે જ તેમને અહીંની સેવા માટે અરજી કરવા ભલામણ કરી હતી. મોરીઝ પરણેલો હતો. નિ:સંતાન હતો. એની પત્ની બુએનોસ-એરીસના કોઈ રેસ્ટોરાંમાં સેવા આપતી હતી.

ત્રણ માસની અહીંની કામગીરી બાદ આ શાંતા-ફી જહાજ જ એમને અહીંથી લઈ જવા માટે આવવાનું હતું. ત્રણ નવા માણસો, નવા વધારાના પુરવઠા સાથે અહીં એમને મુક્ત કરાવવા આવવાના હતા. એના ત્રણ માસ બાદ જૂનમાં વાકુઝ વગેરેએ અહીંના શિયાળા દરમ્યાનની કામગીરી માટે ફરીથી આવવાનું હતું.

હમણાંની ત્રણ માસની રખડપટ્ટીનો અનુભવ જૂનથી શરૂ થતા કાતિલ શિયાળામાં ટકી રહેવામાં એમને ઉપયોગી બની શકે તેવી ગણતરી હતી.

લાઇટહાઉસના ઉદ્ઘાટન બાદના બીજા દિવસે કૅપ્ટન લફાયત અને તેના મદદનીશ લાઇટહાઉસની મુલાકાતે આવ્યા હતા. આ ત્રણ માણસોની પહેલા દિવસની કામગીરી જોઈ તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. સાંજ પડતાં શાંતા-ફીમાં પાછા ફર્યા હતા. શાંતા-ફીની રવાનગી બાદ લાઇટહાઉસમાં વાકુઝ તથા સાથીઓના કામકાજનું વ્યવસ્થાતંત્ર બરાબરનું ગોઠવાઈ ગયું. રાત્રી દરમ્યાન નિયમિત રીતે દીવો પેટાવા લાગ્યો. એ દરમ્યાન એમણે વારાફરતી દર્શનગૅલેરીમાં બેસીને દરિયામાં નજર રાખતા

રહેવાનું હતું. એક જણ ઉપર ગૅલેરીમાં હોય ત્યારે બાકીના બે જણે નીચેની નિવાસી કૅબિનોમાં આરામ કરી લેવાનો હતો.

દિવસ દરમ્યાન બત્તી બંધ હોય, ત્યારે તેને લગતી યંત્રસામગ્રીની ચકાસણી પણ થવા લાગી. એ ઉપરાંત વારાફરતી રસોઈ બનાવવાની તથા અન્ય કામગીરી સ્વસ્થતાથી થવા લાગી.

દિવસે જ્યારે પણ અનુકૂળતા હોય ત્યારે બે પૈકીના એક સાથીને લઈને વાકુઝ ટાપુ ઉપર તથા એલ્ગર-બેના જુદા જુદા વિસ્તારોમાં ફરવા લાગ્યો. ક્યારેક પગપાળા, તો ક્યારેક એમના ઉપયોગ માટે રાખવામાં આવેલી હોડીમાં તેઓ નીકળી પડતા. બે જણ બહાર ગયા હોય, ત્યારે ત્રીજા સાથીએ ગૅલેરીમાં રહીને તેઓની ગતિવિધિઓ ઉપર નજર રાખવાની હતી. લાઇટહાઉસની પશ્ચિમ દિશા તરફ ઊંચા ખડકોની આડશ હતી. એટલે નીચેના વિશાળ ઓટલા ઉપરથી માત્ર પૂર્વના અને ઉત્તરપૂર્વના દરિયા ઉપર જ નજર રાખી શકાતી, જોકે ઉપર દર્શનગૅલેરીમાં દૃષ્ટિમર્યાદા માઈલો દૂર સુધીની રહી શકતી.

શાંતા-ફી પુરવઠા જહાજની વિદાય બાદ ટાપુ ઉપર સંપૂર્ણ શાંતિ પથરાઈ ગઈ. ટાપુ ઉપર કે બહાર કોઈ હિલચાલ દેખાતી ન હતી. થોડા દિવસો એકધારા અને ખાસ બનાવ વિના જ વીતી ગયા. દૂર દરિયામાં ક્ષિતિજ ઉપર જ ઉત્તરદક્ષિણ બારોબાર પસાર થઈ જતાં જહાજો દર્શનગૅલેરીમાંથી દેખાતાં, પરંતુ એમના માર્ગદર્શન હેઠળ કોઈ જહાજ નજીક આવીને લમાયરની ખાડીમાં થઈને પસાર થયું ન હતું. કોઈ જહાજ અહીં એમની નજીકમાં થઈને ખાડીમાં થઈને જાય તે જોવા એ ત્રણે આતુર બની ગયા હતા. એમની અહીંની ઉપસ્થિતિ એ કારણે એમને નિરર્થક લાગવા માંડી હતી. અન્ય રીતે હવામાન ખુશનુમા રહેતું હતું. તાપમાન પણ ઊંચું રહેતું હતું. દિવસ દરમ્યાન જમીન અને ખડકો ઉપરથી ગરમ થયેલી હવા દરિયા તરફ વહેતી. રાત્રે ખડકો જલદી ઠંડા પડી જતા ત્યારે દરિયા ઉપરથી જમીન તરફ ફૂંકાતી હૂંફાળી હવાનો અનુભવ થતો.

હવામાનના ગરમાટા સાથે ટાપુ ઉપર વસંતનું આગમન થઈ ગયું. જમીનવાળા ભાગોમાં જાતજાતની વનસ્પતિ ઊગી નીકળવા લાગી. લીલા ઘાસનો ગાલીચો છવાઈ ગયો. બરફ પીગળતાં જ એનું પાણી ખડકોની બખોલમાં થઈને ઝરણાં બનીને ખળખળ વહેવા માંડ્યું. લીલ અને શેવાળ જેવી વનસ્પતિ, ભેજવાળી જમીન અને ઝાડના થડ ઉપર, તો ક્યારેક ભીના રહેતા ખડકો ઉપર પોતાનો અધિકાર જમાવી દેતી. પ્રકૃતિ અહીં પુરબહારમાં ખીલી ઊઠતી. ભલે પછી તે અલ્પજીવી કેમ ન હોય. મે માસ બેસતાં જ અહીંનો શિયાળો શરૂ થઈ જાય. એની ઠંડીમાં કેવળ પાણી જ નહીં, સમગ્ર પ્રકૃતિ પણ થીજી જાય તેવી સ્થિતિ હતી. એવા જ એક ખુલ્લા દિવસની સાંજનો સમય હતો.

લાઇટહાઉસના મથાળેનો દીવો પેટાવવાને થોડી વાર હતી. વાકુઝ અને બંને સાથીઓ દર્શનગૅલેરીમાં ઊભા રહીને પશ્ચિમાકાશમાં સૂર્યની વિદાયની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

મિત્રો !' પોતાની સદાયની સાથી એવી ચૂંગીમાં તમાકુ દબાવતાં વાકુઝે વાત શરૂ કરી. 'માનું છે કે અહીંની આ એકલવાયી જિંદગીથી તમે હવે ટેવાઈ ગયા હશો.'

'એમાં કાંઈ પૂછવાનું હોય જ નહીં.' ફીલિપે સામો જવાબ આપ્યો. 'અમે થાકી જઈએ કે કંટાળી જઈએ એવો સમય હજી આવ્યો જ નથી.'

મોરીઝે એમાં સંમતિ દર્શાવી. 'લાગે છે કે અહીંના ત્રણ માસ આપણે ધારતા હતા તેના કરતાં ઘણા વહેલા પૂરા થઈ જવાના.'

'કોઈ વહાણ આ લાઇટહાઉસ અને આપણી મદદ લઈને અહીંથી પસાર ન થાય, ત્યાં સુધી આપણી અહીંની ઉપસ્થિતિ બેકાર લાગે છે.' ફીલિપે નિરાશા વ્યક્ત કરી. 'એ પણ થશે જ.' પોતાના હાથની હથેળીને આંખો ઉપર ઠેરવીને દરિયામાં દૂર ક્ષિતિજ સુધી નજર દોડાવતાં વાકુઝે જણાવ્યું. 'વહાણો આપણી અહીંની હાજરીનો લાભ જરૂર લેશે. ધરતીને છેવાડે આવા નિર્જન ટાપુ ઉપર આટલું સુંદર લાઇટહાઉસ કોઈ ગણતરી વિના તો ન જ બાંધે. હજી તો હમણાં પાંચ-સાત દિવસ ઉપર જ એનું ઉદ્‌ઘાટન થયું. વહાણવટાને એની જાણકારી થતાં હજી વાર લાગશે. શાંતા-ફી આપણા પાટનગરમાં પહોંચી જાય, ત્યાર પછી જ દેશવિદેશની જહાજી કપનીઓને એ સંબંધી અધિકૃત માહિતી મળશે. હજી થોડો સમય એમાં નીકળી જવાનો. ત્યારબાદ અહીં થઈને વહાણોની અવરજવર વધી ગઈ જ સમજો.'

મોરીઝને એ સાંભળી હિંમત આવી. બોલ્યો, 'સાચી વાત છે. લાઇટહાઉસ કામ કરતું થઈ ગયું છે, એની ખબર જ ન હોય તો થોડું કોઈ અહીં જોખમ લેવા આવવાનું પસંદ કરે !'

'જુઓ ! એક બાબત ધ્યાનમાં રાખો.' વાકુઝે અનુભવવાણી ઉચ્ચારી. 'સૌને જાણ થયા પછી તો લાઇટહાઉસનો ઉપયોગ વધવાનો જ છે, પરંતુ આપણે અહીં હોઈએ તેટલું પૂરતું નથી. સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી આ દીવો નિયમિત રીતે સળગતો રહેવો જોઈએ. તો જ સાગરખેડુઓને વિશ્વાસ બેસે ! એવો વિશ્વાસ ઊભો થાય તે જવાબદારી આપણી છે.'

'શાંતા-ફીને અહીંથી ગયાને પાંચેક દિવસ જ થયા છે. બુએનોસ-એરીસ પહોંચતાં હજી સાતેક દિવસ તો થશે જ. એ હિસાબે વહાણોનું અહીંનું આવાગમન વધવાને હજી લાંબો સમય નીકળી જશે.' વાકુઝે વધુમાં જણાવ્યું, 'અત્યારે હવામાન ઘણું જ સારું છે. દરિયો પણ શાંત છે. પવનની દિશા પણ શાંતા-ફીને અનુકૂળ છે.

એનાં સઢ મજબૂત અને એન્જિન શક્તિશાળી છે. એ સતત કામ કરતાં રહે તો કલાકના દશેક માઈલની ઝડપ તો જરૂરથી જળવાઈ રહેશે.'

'કેટલું સારું કહેવાય ! એ રીતે તો અત્યારે એ મેગેલનની ખાડીના મુખભાગ સામે થઈને ઉત્તરમાં આગળ નીકળી ગયું હશે. કદાચ એથી વધુ આગળ ડી-લા-વર્જીનીસની ભૂશિર સુધી પણ પહોંચી ગયું હશે.'

'આનંદો મિત્રો, આ ઘડીએ શાંતા-ફી પેટાગોનિયાના તટ પ્રદેશને સમાંતરે ઉત્તરે જઈ રહ્યું હશે. આ પ્રદેશના ઘોડા તેની ઝડપ માટે જાણીતા છે. જોકે આવા સાનુકૂળ હવામાનને કારણે શાંતા-ફી જહાજ, ત્યાંના સારામાં સારા ઘોડાની ગતિનો મુકાબલો કરે તેવું મને તો લાગે છે.'

એઓની વાતચીતમાં શાંતા-ફીની ગતિવિધિઓ સંબંધી ચર્ચા જ પ્રધાનપણે રહેતી. એ સાહજિક પણ હતું. ભલે એ વહાણ હોય, દૂર દૂર દરિયામાં હંકારાઈ રહ્યું હોય, પરંતુ એઓની માતૃભૂમિના ભાગરૂપ હતું. કુટુંબ, મિત્રો અને સ્વભૂમિ છોડીને એઓ એમાં મુસાફરી કરીને જ અહીં આવ્યા હતા. ત્રણ માસનો સમય વીતે ત્યારબાદ એમણે એમાં જ પાછા જવાનું હતું. ભવિષ્યની આવનજાવન પણ એમાં જ થવાની હતી. એ રીતે શાંતા-ફી જહાજ પણ એમનું એક સ્વજન બની ગયું હતું. એઓની સામાન્ય વાતચીતમાં પણ શાંતા-ફીનો મુદ્દો સતત સામે આવ્યા જ કરતો.

થોડા જ દિવસમાં તેઓ આસપાસના વિસ્તારોની સ્થિતિથી પરિચિત બની ગયા. લાઇટહાઉસ સંબંધી કામગીરી ન હોય, ત્યારે વારાફરતી બે જણ રસોઈઘર માટે માછલી કે કોઈ નાનાં પ્રાણી મળી જાય તો તેનો શિકાર કરવા નીકળતા. આજની બહારી મુલાકાત સંબંધમાં વાકુઝે બંને સાથીઓ પાસે જાણકારી માંગી. ફીલિપે થોડી માછલીઓ તથા ત્રણેક પાઉન્ડ વજનનો કાચબો મળ્યો હોવાનું જણાવ્યું.

મોરીઝે જમીનમાં દટાયેલા કેટલાક કંદમૂળ શોધ્યાં હતાં. 'આ પ્રકારના કંદમૂળનો ઉપયોગ આપણા જહાજ ઉપરનો રસોઇયો કરતો હતો તે મેં જોયું હતું. એટલી સરસ વાનગી તો મારાથી બનાવી શકાય નહી, છતાં હું પ્રયાસ કરીશ.

'ડબ્બામાં પૅક કરેલા કે સૂકવી રાખેલા ખોરાક ઉપર કેટલો સમય આધાર રાખી શકાય? આ પ્રકારનો તાજો ખોરાક એક આવકાર્ય પૂરક વ્યવસ્થા કહેવાય.' વાકુઝે તાજા ખોરાક માટેનો પક્ષપાત દર્શાવ્યો.

'અહી એકાદ હરણનો શિકાર થઈ શકે તો રંગ રહી જાય.' ફીલિપને ભોજનની વાત માત્રથી પાણી પડતું હોય તે રીતે બોલ્યો. 'ટાપુના અંદરના ભાગમાં જવાય તો એકાદ ગુનાકો તો જરૂર મળી આવે.'

'હરણનું તાજું માંસ મળતું હોય તો કોઈ પણ સંજોગોમાં હું ના પાડી શકીશ નહી.' વાકુઝે જણાવ્યું, 'પરંતુ એક વાત બરાબર ખ્યાલમાં રાખવાની છે. આપણે અહી કેવળ શિકાર કરવા માટે આવ્યા નથી કે બિનજરૂરી રખડપટ્ટી આપણું ધ્યેય નથી. આપણું મિશન લાઇટહાઉસ છે. એમાંથી સમય મળે તો ટાપુ સંબંધી માહિતી એકત્ર કરી લૉગબુકમાં તેની નોંધ કરવાની છે. અહીથી બહુ દૂર પણ જવાનું નથી. સામેનો એલ્ગર-બે તેમ જ તેની બંને બાજુની અણીઓ જેવા સાન-જુઆન ભૂશિર કે ડીઆગો પૉઇન્ટ જેવા, દૂરના પ્રદેશોમાં કાંઈક અસામાન્ય સ્થિતિ ઊભી થાય તો જ એની તપાસ માટે જવાનું છે. આપણે બિનજરૂરી જોખમ લેવાનું નથી.'

'તમારી વાત નહી માનવાનો કોઈ પ્રશ્ન જ નથી. પરંતુ ટાપુના અંદરના ભાગમાં ગુનાકો મળી આવે અને તેનો પીછો કરવાની જરૂર પડે તો શું કરવું? શિકાર શોખીન ફીલિપને શિકારની વાત માત્રથી ગલગલિયાં થતાં હતાં.

'અરે ભાઈ ! એની કોણ ના પાડે છે? એમાં બે કે ત્રણ માઈલનું મહત્ત્વ નથી. વાત એટલી જ છે કે બહુ દૂર સુધી જવામાં કોઈક ને કોઈક પ્રકારનું જોખમ રહેવાનું. વળી આ ગુનાકો હરણ અન્ય હરણોની જેમ આપણું મિત્ર બની રહે એવો સ્વભાવ ધરાવતું નથી. સામે ઊભેલા જોખમ સામે ઝનૂની બનીને પોતાનાં લાંબાં શિંગડાંથી હુમલો કરે તેવાં ઉગ્ર હોય છે. એ કારણે થોડી સાવધાની રાખવી જરૂરી રહેશે.'

ગુનાકો હરણ સંબંધી અવારનવાર વાત જરૂર નીકળતી, પરંતુ આટલા દિવસમાં એક પણ ગુનાકો કે અન્ય કોઈ મોટું પ્રાણી એમની નજરે ચડ્યું ન હતું. શાંતા-ફી જહાજના સહાયક કૅપ્ટન શિકાર શોખીન હતો. અહી મુકામ હતો ત્યારે નવરાશ મળતાં જ ટાપુના અંદરના ભાગમાં પાંચ-છ માઈલ સુધી ઘણી વાર જઈ આવ્યો હતો, પરંતુ ખાલી હાથે જ પાછો આવ્યો હતો. વધુ અંદર જવા માટે ટાપુની મધ્યમાં આવેલા ઊંચા ડુંગરાઓ ઓળગવા પડે તેમ હતું. સામે છેડેના પારી પૉર્ટ તરફ એ જઈ શક્યો હોત તો એની મહેનતનો બદલો એને જરૂર મળ્યો હોત. પરંતુ એવા મુશ્કેલ અને દૂરના અભિયાન માટે એની પાસે સમય અને સાધનનો અભાવ હતો. ટાપુના છેક પશ્ચિમ છેડે આવેલી સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર સુધી પહોંચવાનો તો કોઈ સવાલ જ ન હતો.

સોળમી ડિસેમ્બરની રાત્રીનો સમય હતો. સાંજના છ વાગ્યાથી રાત્રે દશ વાગ્યા સુધી મોરીઝ દર્શનગૅલેરીમાં ફરજ ઉપર હતો. ક્ષિતિજ ઉપર સાતેક માઈલ દૂર પૂર્વમાં કોઈ જહાજ હોય તે રીતનો દીવાનો પ્રકાશ એણે જોયો. સ્પષ્ટ રીતે કોઈ જહાજના જ એ દીવા હતા.

લાઇટહાઉસની સેવા શરૂ થયા પછીનું આ સૌપ્રથમ જહાજ આટલું નજીક આવ્યું હતું. પ્રથમ વાર થતો આ અનુભવ આનંદદાયક હતો. અન્ય બે સાથીઓ પણ એમાં સહભાગી બની શકે એવી સાહજિક લાગણીથી એણે તેઓને બોલાવવા બૂમ પાડી.

બંને સાથીઓ પણ ઉત્તેજિત થઈ ગયા. ઝડપભેર પગથિયાં ચડીને ઉપર આવી ગયા. દૂરબીન ગોઠવીને પૂર્વમાં નજર દોડાવી.

'અરે ! આ તો સાદી, સામાન્ય પ્રકાશ માટેની બત્તી જણાય છે.' વાકુઝે જુદાજુદા હેતુ માટે વપરાતી જુદા જુદા રંગની લાઇટના અનુસંધાનમાં જણાવ્યું. 'આમ કે તેમ જવાની સૂચના આપતી આ કોઈ પોઝિશન લાઇટ નથી. એ માટે તો લાલ કે લીલા રંગના પ્રકાશવાળી લાઇટનો ઉપયોગ કરવાનો હોય છે. જહાજના તૂતક અને લાઇટહાઉસના ચાલક વચ્ચે એવી રંગીન લાઇટના ઝબકારાથી જ સંદેશાઓની આપલે થતી હોય છે.'

જહાજના તૂતક ઉપર સાદી લાઇટ જ હતી. એનો અર્થ એ થઈ શકે કે તે હજી સાન-જુઆનની ભૂશિર તરફ જઈ રહ્યું હતું. આ ત્રણે જણ વહાણની દિશા બાબત વિમાસણમાં પડ્યા. જહાજ અહીં લમાયરની ખાડી તરફ સીધું આવવાનું હશે કે પછી દક્ષિણી સાગરમાં કેપ હોર્ન તરફ જવાનું હશે, તેનો ખ્યાલ આવતો ન હતો.

જહાજની હિલચાલ ઉપર નજર રાખતા તેઓ ત્યાં જ ઊભા રહ્યા. લાઇટહાઉસના દીવાની જહાજના ચાલકોએ નોંધ લીધી હોય, તે રીતે એ સેન્ટ જુઆનના બારામાં પ્રવેશતું હોય તેમ લાગ્યું. એ માર્ગે તે સીધું જ લમાયરની ખાડીમાં પ્રવેશી શકે. એ રીતની મથામણ થોડો સમય જ જોઈ શકાઈ. હવામાં ધુમ્મસ વધવા લાગ્યું. રાત્રી પણ એ સાથે કાજળકાળી બની ગઈ. જહાજ ઉપરના દીવા દેખાતા બંધ થઈ ગયા. છતાં છેલ્લે જોઈ શકાયેલી એની દિશા ઉપરથી આ ત્રણે જણને પાકી ખાતરી થઈ કે જહાજ લમાયર ખાડીમાં થઈને જ જવાનું હતું.

'આપણા લાઇટહાઉસના માર્ગદર્શન સાથે અહીંથી પસાર થનારું આ પહેલું જ જહાજ બનવાનું હોય તેમ લાગે છે !' ફીલિપે આનંદ વ્યક્ત કર્યો.

'અને, તે છેલ્લું નહીં જ હોય ! આવો સિલસિલો હવે હંમેશ માટે ચાલુ જ રહેવાનો છે.' વાકુઝે ઠાવકાઈથી જવાબ આપ્યો.

બીજા દિવસની બપોર સુધી ધુમ્મસ રહ્યું. ત્યારબાદ હવામાનમાં થોડો પલટો આવ્યો. તેજીલો પવન શરૂ થતાં ધુમ્મસનું આવરણ ધીમેધીમે ખસી ગયું. રાત્રે માત્ર દીવાના પ્રકાશથી જ હાજરી નોંધાવનારું જહાજ હવે ક્ષિતિજ ઉપર સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યું.

ફીલિપ દર્શનગૅલેરીમાં ફરજ ઉપર હતો. તરત જ એણે વાકુઝ તથા મોરીઝને ઉપર બોલાવ્યા. ગૅલેરીમાંથી જ પેલા જહાજને લાઇટના ઝબકારાથી સાંકેતિક ભાષામાં સંદેશો પાઠવવામાં આવ્યો. એનો કોઈ જવાબ સામેથી આવ્યો નહીં. એને કારણે આ ત્રણેના મનમાં કુતૂહલ વધી ગયું.

દિવસના ખુલ્લા હવામાનમાં ત્યારબાદ જણાયું કે તે એલ્ગર-બેની જમણી દિશાએ આવેલા ડીઆગો પૉઇન્ટ તથા પૉઇન્ટ સેવરલ તરફ પવનના જોરથી આગળ સરકી રહ્યું હતું. બધા જ સઢો ખુલ્લા મુકાયેલા હતા, સાથે પવનનું જોર પણ હતું. એને કારણે જહાજે બારથી તેર માઈલની ઝડપ પકડી હોય તેમ જણાતું હતું. એલ્ગર-બેમાં પ્રવેશવાને બદલે એ સીધું દક્ષિણ તરફ આગળ જવાનું હોય તેવી ફીલિપની ધારણા હતી. અને તે સાચી પણ પડી. સ્પષ્ટ રીતે એ જહાજ ખાડીના મુખ તરફ આવતું ન હતું.

જે સ્થળે વહાણ હતું, તે સ્થળથી પૉઇન્ટ સેવરલનો કિનારો માત્ર દોઢ માઈલ દૂર હતો. પવનનો અનુકૂળ રીતે લાભ લઈ શકાય તે રીતે એનો મોરો વાળવામાં આવ્યો. ચિત્ર હવે સ્પષ્ટ બન્યું કે પૉઇન્ટ સેવરલ ફરતે ગોળાકાર આંટો લઈને તે હવે આગળ નીકળવાનું હતું.

દર્શનગૅલેરીમાં રાખેલા દૂરબીનની મદદથી તે સ્પષ્ટ રીતે દેખાતું હતું. મોટું હતું. અઢારસો ટનનું હોય એમ જણાતું હતું. ત્રણ કૂવાથંભ ધરાવતા જહાજના તળિયાનો આગળનો ભાગ વિશિષ્ટ રીતે પાણીની બહાર દેખાતો હતો. વાકુઝની અનુભવી આંખ સમજી ગઈ કે એ અમેરિકાના જહાજવાડામાં બન્યું હતું. આ પ્રકારનાં જહાજ એની ઝડપ માટે જાણીતાં હતાં.

'અરે ! આ તો ઉત્તર અમેરિકાના ન્યૂ ઇંગ્લૅન્ડ રાજ્યના જહાજવાડામાં બનેલું જણાય છે.'

'તમને ખાતરી છે કે તેઓ આપણને જહાજનું નામ અને નોંધણી નંબર આપશે?' ફરજનિષ્ઠ મોરીઝને જહાજની બનાવટ કરતાં એના નામ તથા નોંધણી નંબરમાં વધુ રસ હતો. અહીંથી પસાર થતાં દરેક જહાજોની એવી વિગતોની તેમણે લૉગબુકમાં નોંધ રાખવાની હતી.

'નામ અને નંબર આપવાની એમની ફરજ છે. એ એમના લાભમાં પણ છે. એટલી વિગત એ લોકો લાઇટના સંકેતોથી આપણને મોકલે તેમાં એ લોકો કોઈ ઉપકાર કરતા નથી.' જહાજની અચોક્કસ ગતિવિધિથી અકળાયેલા વાકુઝે થોડી કડવી વાણી ઉચ્ચારી.

જોકે મોરીઝે વધુ રાહ જોવી પડી નહી. પોઈન્ટ સેવરલ તરફ ફરતાંની સાથે જ જહાજના સૌથી ઊંચા ધ્વજદંડ ઉપર અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ફરકતો જોયો. જહાજ ઉપરથી સંકેતો પણ પાઠવવામાં આવ્યા. દર્શનગૅલેરીમાં રાખવામાં આવેલી સિગ્નલ બુકમાં જોઈને વાકુઝે તરત જ એ સંકેતોને ઉકેલી નાંખ્યા.

તે આધારે ખ્યાલ આવ્યો કે અમેરિકી સંઘરાજ્યના ન્યૂઇંગ્લૅન્ડ રાજ્યના બોસ્ટન બંદરેથી એ આવ્યું હતું. એનું નામ 'મોન્ટાન્ક' હતું. એના જવાબમાં મોરીઝે પણ લાઇટહાઉસના ધ્વજદંડ ઉપર આર્જન્ટિના દેશનો ઝંડો લહેરાવ્યો. સંકેતો પણ મોકલ્યા.

કેપહાર્ન તરફ જતું હોય, તે રીતે મોન્ટાન્ક જહાજ ધીમે ધીમે દક્ષિણી સાગરમાં કેપ વેબસ્ટર તરફ સરી રહ્યું, અને ત્યાંના કિનારાના ઊંચા ઊંચા ખડકો પાછળ દેખાતું બંધ થયું.

છેક દક્ષિણમાં કેપ હોર્નના તોફાની દરિયા તરફ જતાં જહાજ અદૃશ્ય બની ગયું. વાકુઝે ઊંડો નિશ્વાસ મૂક્યો. સ્વજનને વિદાય લીધી હોય તે રીતે ખિન્ન બનતો બોલ્યો : 'અલવિદા ! મોન્ટાન્ક !! કેપ હોર્નના તોફાની સાગરમાં પણ અડીખમ રહી શકશે એવી શુભેચ્છા પાઠવું છું.'

પછીના થોડા દિવસ સાવ શાંતિ રહી. સામે પૂર્વ દિશામાં આટલાન્ટિક સાગર ઘૂઘવાતો રહ્યો. કોઈ પણ જહાજ નજીક આવ્યું નહીં. દૂરદૂર ક્ષિતિજ ઉપર એક-બે વહાણોના કૂવાથંભોની ટોચ માત્ર દેખાઈ હતી. પરંતુ વધુ નજીક આવ્યા વિના જ દક્ષિણમાં એન્ટાર્કિટકા સાગર તરફ ખસી ગયાં હતાં. સ્ટેટન ટાપુથી માઈલો દૂર રહીને એ રીતે જતાં જહાજો ચોક્કસપણે વ્હેલ માછલીઓના શિકાર માટેનાં વ્હેલિંગ શીપ જ હોય છે. ઠંડો એન્ટાર્કિટક સાગર વ્હેલના શિકાર માટે ખૂબ અનુકૂળ ગણાય.

એ દરમ્યાન વ્હેલ જેવાં વિશાળકાય જળચરો પણ ટોળાબંધ રીતે જોવામાં આવ્યાં. ઉત્તરમાંથી આવી કેપહોર્નની ભૂશિર વટાવીને તેઓ પ્રશાંત મહાસાગર તરફ જઈ રહ્યાં હતાં.

સ્ટેટન ટાપુમાં, એની આ દીવાદાંડી કે સામેના આટલાન્ટિક મહાસાગરમાં - સર્વત્ર સમય જાણે થીજી ગયો હતો. કશી જ કોઈ પ્રવૃત્તિ ન હતી. કોઈ નવાજૂની ન હતી. ભરતી સમયના સાગરી ઘૂઘવાટ સિવાય બધું સૂમસામ હતું.

૨૦મી ડિસેમ્બર સુધી એવી સ્થિતિ રહી ત્યાર બાદ દરિયાઈ પવનોની ગતિ અને દિશા બદલાઈ રહી હોવાનો અણસાર આવ્યો. ઉત્તરપૂર્વ તરફથી આવતા પવનો હવે દક્ષિણપશ્ચિમ તરફથી વહેવા લાગ્યા. આ પવનો સાથે વરસાદનું આગમન થતું હોય છે. અહીંના ચોમાસાની ઋતુની એ શરૂઆત ગણવાની ! વરસાદની સાથે તરત જ તોફાની પવન શરૂ થઈ જાય, સાથે વાદળોની ગડગડાટી જ. વસંત ઋતુ સાથે વરસાદનું આગમન હોય એટલે ફૂલઝાડ, ઘાસ, વેલા વગેરે પણ ઊગી નીકળતા હોય છે.

એકવીસમી ડિસેમ્બરનો સવારનો સમય હતો. ફીલિપ નિત્યક્રમ પ્રમાણે લાઇટહાઉસના ચોગાનમાં આંટા મારતો હતો. મોંમાં ચૂંગી હતી. અવારનવાર તેમાંથી

ધુમાડો કાઢતો હતો. થોડે દૂર બીચના એક ઝાડ પાસે કોઈક મોટું પ્રાણી ખસતું હોય તેવી હીલચાલ તરફ એની નજર ગઈ.

તરત દોડીને પોતાની કૅબિનમાં જઈ દૂરબીન લઈ આવ્યો. ધ્યાનથી એ દિશામાં નજર ઘુમાવી. એના આનંદ અને આશ્ચર્ય વચ્ચે દૂર ઝાડની પાસે એક ગુનાકો હરણ ઊભું હતું. બંદૂકની ગોળીના સાવ સીધા નિશાન ઉપર જ તે ઊભેલું હતું. સ્થિર હતું. તરત એણે વાકુઝ તથા મોરીઝને બોલાવ્યા. ગુનાકોનું તાજું માંસ લોભાવનારું હતું. સંઘરી રાખેલા વાસી ખોરાકમાંથી થોડા દિવસની મુક્તિ પણ એક ઉત્સવ બની જાય તેમ હતું. ગુનાકોનો આ રીતનો સરળ કહી શકાય તેવો શિકાર સૌને ગમતી વાત હતી. નક્કી થયું કે મોરીઝ પોતાની બંદૂક લઈ ગુનાકોની પાછલી બાજુએ જાય અને તેને ભડકાવીને આ તરફ ભગાડે. અહીં નજીક આવે એટલે ફીલિપે પોતાના હથિયારનો ઉપયોગ કરવો.

અનુભવી વાકુઝે એઓને સાવચેત રહેવા જણાવ્યું. ‘જંગલનાં પ્રાણીઓની ગંધશક્તિ અને શ્રવણશક્તિ બહુ જ તીવ્ર હોય છે. જરા સરખો પણ અણસાર આવતાં એકદમ ઝડપ પકડીને ભાગી છૂટવા માટે તેઓ જાણીતાં છે. એવી સ્થિતિમાં નહી તમે એનું નિશાન લઈ શકો, કે ન તેનો પીછો કરી શકો. આ ગુનાકો ભાગે તોપણ પીછો કરી દૂર નીકળી જવાનો વિચાર કરશો નહીં.’

‘તમે ચિંતા ન કરો ! મને આ બાબતનો પૂરો ખ્યાલ છે.’ મોરીઝે વાકુઝની ચેતવણીમાં સૂર પુરાવ્યો.

નક્કી થયા પ્રમાણે વાકુઝ અને ફીલિપ ત્યાં જ ચોકમાં આડશ લઈને ઊભા રહ્યા. આંગળી બંદૂકના ઘોડા ઉપર મુકાયેલી જ હતી. મોરીઝ દબાતે પગલે આજુબાજુનાં ઝાંખરાં તથા ખડકોની આડશ લઈને ગુનાકોની પાછળ સરવા લાગ્યો. એકદમ હાજર થઈ ગુનાકોને એણે ભડકાવવાનું હતું. અહીં વાકુઝ તથા ફીલિપ અડધો કલાક સુધી ગુનાકોને એ જ સ્થળે ઊભેલું જોઈ રહ્યા. એમને આશ્ચર્યું થયું. ગુનાકોની પાછળ જવા નીકળેલો મોરીઝ ત્યાં પહોંચી ગયો હશે. કે તેને કોઈ તકલીફ નડી હશે તેની ચિંતા કરવા લાગ્યા. એ તરફથી ગોળી છૂટવાનો કોઈ અવાજ આવ્યો નહીં. ગુનાકો પણ ત્યાંથી ભાગી છૂટવાને બદલે લંગડાતું હોય તે રીતે થોડાં ડગલાં આગળ ખસ્યું. એ પછી શરીરમાં ચેતન ન હોય તે રીતે ખડક ઉપર ઢળી પડ્યું.

એ જ વખતે મોરીઝ પાછળના ખડકમાંથી બહાર આવતો દેખાયો. એની સામે જ ઢળી પડેલું ગુનાકો જોયું. કુતૂહલ થયું. કેવી રીતે એ બન્યું તે જોવા દોડ્યો. ગુનાકોને મરણ પામેલું જોઈ તરત જ સાથીઓને ઇશારો કરીને બોલાવ્યા.

‘જલદી આવો ! અહીં કંઈક વિચિત્ર બની ગયું.’

બંને ઝડપથી ત્યાં પહોંચી ગયા. સૌને આશ્ચર્ય થયું.

‘કેવી રીતે મરી ગયું? ઘરડું થઈને મર્યું હશે?’

‘ના ભાઈ ના ! કોઈક ઘાને કારણે થયું છે.’

‘ઘા? અહીં કેવો ઘા?’

‘હા, જી ! એને કોઈની બંદૂકની ગોળી વાગી હોય એવો ઘા છે.’

‘કેવી વાત કરે છે? અહીં આ નિર્જન વેરાન ટાપુમાં ગોળીનો ઘા કેવી રીતે શક્ય હોય? ફીલિપ અને વાકુઝનું આશ્ચર્ય હજી શમતું ન હતું.

‘લાગે છે કોઈ શિકારી આ ખુલ્લી તુમાં અહીં ટાપુ ઉપર આવી પહોંચ્યો હોય. નિશાન બરાબર ગયું નહી હોય, અને માત્ર ઘાયલ થઈને અહીં સુધી દોડી શક્યું હોય?

આવા એકાકી અને નિર્જન ટાપુ ઉપર કોઈ હથિયારધારી વ્યક્તિની હાજરી? ત્રણે જણ એકબીજાને પ્રશ્ન પૂછી રહ્યા. ચોક્કસ માહિતીના અભાવમાં ત્રણે અટકળબાજી કરી રહ્યા. કોઈક પ્રકારના અમંગળ બનાવની એ જાણે એંધાણી બની ગઈ. એક વાત ચોક્કસ હતી. ત્રણેના મનમાં ખતરાની ઘંટી વાગી રહી. કોઈ અજ્ઞાત ખૂણાના આ ભય સામે સૌ ચિંતાતુર બની ગયા. અધિક સાવચેતી રાખવી પડે એવી સ્થિતિ ઊભી થઈ.

કૉંગ્રેનો-ચાંચિયા ગિરોહ

લાઇટહાઉસ નવું હતું. એમાં કામ કરતા ત્રણે કર્મચારીઓ માટે પણ આ ટાપુ અજાણ્યો જ હતો. લાઇટહાઉસની જાળવણી અને સંચાલન ઉપરાંતના ફાજલ સમયમાં તેઓ આજુબાજુમાં થોડી રખડપટ્ટી કરી લેતા. પરંતુ એમને મળેલી સૂચના પ્રમાણે એમણે વધુ પડતા ઉત્સાહી અને સાહસિક બનવાનું ન હતું. એ કારણે આજુબાજુના ત્રણેક માઈલના વિસ્તાર પૂરતી જ એમની પ્રવૃત્તિઓ મર્યાદિત હતી.

એમના આ સ્ટેટન ટાપુની પશ્ચિમે વિશાળ મોટો પ્રશાંત મહાસાગર રાત ને દિવસ ઘૂઘવતો રહેતો. એ વિસ્તારની એમણે મુલાકાત લીધી હોત તો ત્યાંની અત્યંત કઠિન ભૂરચનાનો એમને ખ્યાલ આવ્યો હોત. પૂર્વકાંઠાના નજીકના વિસ્તારોની જ એ લોકો અવારનવાર મુલાકાત લઈ શકતા. એ સંબંધી એમને ઘણીબધી માહિતી મળી હતી. પરંતુ પશ્ચિમનો ભાગ સાવ જુદો જ હતો. લમાયર ખાડીનું પશ્ચિમનું મુખ પ્રશાંત સાગરમાં પડતું હતું. એની એક બાજુએ સેન્ટ બાર્થાલોમ્યુની ભૂશિર આવેલી હતી. એની લાંબી ખડકાળ આણી દરિયામાં ઊંટની ખૂંધની જેમ ઊંડે સુધી લંબાયેલી હતી. એની બંને બાજુએ દરિયામાંથી સીધા જ નીકળેલા સેંકડો ખડકો ભરતીના સમયે બહાર ડોકિયાં કરી રહ્યા હોય તેવા લાગતા હતા. દરિયો ઊંડો હોવાથી ઓટના સમયમાં પણ એની ફરતે પાણી રહેતું હતું, સાથે તેની નાની નાની સાંકડી ખાડીઓ બની ગઈ હતી. શાંત હવામાનમાં પણ પાણીનાં મોજાંની છાલક આ ખડકો સાથે અથડાતી. આ ભાગ સાવ અવાવરું અને નિર્જન હતો. એમાં અનેક તિરાડો, બખોલો અને છિદ્રો હતાં. દરિયાઈ જીવો તથા પક્ષીઓ માટે તે આદર્શ આશ્રયસ્થાન હતાં.

ખડકો વચ્ચેની સાંકડી ખાડીઓમાં નાની હોડી પણ સલામત રીતે જઈ શકે તેમ ન હતી. કાંઠાનો કેટલોક ભાગ રેતાળ અને નીચો પણ હતો. મોજાંના મારથી ભાંગી ગયેલી છીપોનો ભૂકો આ રેતી સાથે ભળી જતાં બંનેનો રંગ પણ બદલાયેલો હતો. અનાદિકાળથી આ ભોમકા સાવ અસ્પર્શ્ય જ રહી જણાતી હતી. કિનારાની ઊંચી ભેખડો, એમાંની બખોલો તથા ગુફાઓને કારણે ધોળે દિવસે પણ બિહામણી લાગે તેવી હતી. પાણીની સપાટીથી છેક ઉપરની ઊંચાઈ સુધીના ખડકોમાં આવી નાની મોટી અસંખ્ય બખોલો હતી. એમાં માણસો વસી શકે એટલી મોટી ગુફાઓ પણ હતી. કેટલીક સાવ ખુલ્લી હતી. કેટલીક તેનાં સાંકડાં મોંને કારણે એકદમ નજરે પડે તેવી ન હતી.

ભેંકાર લાગતી આ ઊંચી ભેખડોની વચ્ચે વચ્ચે ઊંડી સાંકડી ખીણો હતી. કિનારાના આવા ઊંચા ખડકોની પાછળના ભાગમાં એન્ડીઝ પર્વતમાળાના ત્રણેક હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચતા ડુંગરાની હારમાળા હતી. દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કાંઠે ઉત્તરથી છેક દક્ષિણમાં આ ટાપુ સુધી એ ગિરિમાળા લંબાયેલી હતી. સ્ટેટન

ટાપુ છેક દક્ષિણનો સૌથી મોટો ટાપુ હોવાથી દેખીતી રીતે તે અહી સુધી લંબાયેલી હતી. અહીથી આગળ દક્ષિણે પણ એના મણકા હશે જ. પરંતુ તે દક્ષિણના એન્ટાર્કિટકા સાગરના પાણીમાં ડૂબેલા જ રહ્યા હશે. આ ડુંગરાની પૂર્વમાં સ્ટેટન ટાપુના મધ્યભાગમાં સમથળ પઠારી પ્રદેશ હતો, ત્યાં જવા માટે આ ઊંચા ડુંગરા ઓળંગવા પડે તેમ હતું. સાવ બોડા અને સીધી જ ઊંચાઈવાળા મોટા ભાગના આ ડુંગરોને ઓળંગવાનું આસાન ન હતું. મધ્યભાગના પઠારી ભાગમાં જ્યાં જમીન જેવું હતું, ત્યાં ઉનાળાની ઋતુમાં ઘાસ તથા વિવિધ પ્રકારની વનસ્પતિ ઊગી નીકળતી. છૂટાંછવાયાં વૃક્ષો હતાં. એને બાદ કરતાં સર્વત્ર કાળમીંઢ ખડકોનું જ અહી સામ્રાજ્ય હતું.

ટાપુને ઉત્તરની મુખ્યભૂમિથી અલગ કરતી લમાયરની ખાડીની ઊંડાઈ ઘણી હતી, પરંતુ તેના બંને બાજુના કિનારા ખડકોથી ભરેલા હતા. સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર પાસેનો આ ખાડીનો મુખપ્રદેશ પણ ખડકાળ હતો, ખાડી પારના ઉત્તરના ભૂભાગ ઉપર ચીલી દેશની હકૂમત હતી. દક્ષિણ અમેરિકા ખંડના પશ્ચિમ કાંઠે ઉત્તરથી દક્ષિણે સ્ટેટન ટાપુ સુધી એ દેશ પાઘડીપને લંબાયેલો હતો. લમાયર ખાડીના ઉત્તરપશ્ચિમના કાંઠે એ ચીલી દેશની હકૂમત હતી.

આર્જેન્ટિના દેશની સરકારે લમાયર ખાડીના પૂર્વના પ્રવેશદ્વાર સામેના એલ્ગર-બેમાં આ લાઇટહાઉસ બાંધ્યું. તે જ રીતે ચીલી દેશે પણ પશ્ચિમ તરફના આ પ્રવેશદ્વાર પાસે બીજું લાઇટહાઉસ બાંધવું જરૂરી હતું. એનાથી આટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરો વચ્ચે જહાજોની અવરજવર માટેનો આ ટૂંકો જળમાર્ગ સંપૂર્ણ રીતે સલામત બની શકે તેમ હતો.

અહી દક્ષિણ છેડેના આ જહાજીમાર્ગમાં બીજો પણ મોટો ભય હજી ઊભેલો જ હતો. ચાંચિયા કહેવાતા દરિયાઈ લૂંટારાઓની અનેક ટોળીઓ આ વિસ્તારમાં કાર્યરત હતી. બળજબરીથી પડાવી કે ચોરી લીધેલાં વહાણોમાં રખડતા આ ગુનેગારો વેપારી વહાણો ઉપર હુમલો કરી તેને લૂંટી લેતા હતા. નવા બંધાયેલા લાઇટહાઉસને કારણે આ વિસ્તારમાં વહાણોની અવરજવર વધી જવાની હતી. સાથે વહાણોની સલામતી પણ વધે તેમ હતી. એવી માન્યતા હતી કે એ કારણે આ ચાંચિયાઓની પ્રવૃત્તિ ઉપર પણ અંકુશ આવી શકશે. લમાયર ખાડીના પૂર્વકાંઠે હમણાં જ બંધાયેલા આ નવા લાઇટહાઉસની નજીકમાં જ એક મોટી ગુફામાં ત્રણેક વર્ષ ઉપર ચાંચિયાઓની એક ટોળીએ અડ્ડો જમાવ્યો હતો.

દક્ષિણ ધ્રુવ પ્રદેશની નજીક આવેલા પ્રદેશમાં નાના મોટા અનેક ટાપુઓ હતા. વરસના મોટા ભાગે અહી અસહ્ય ઠંડી હોય છે. ખડકાળ કિનારાઓને કારણે અહી વહાણોની અવરજવર નહીવત્ રહેતી. ચાંચિયાઓની આ ટોળી માટે એ રીતે આ ગુફા અને ટાપુ સંપૂર્ણ રીતે સલામત કહી શકાય તેવું આશ્રયસ્થાન બની ગયું હતું.

એ હતી કૉંગ્રે નામના ચાંચિયાની ટોળી સાથમાં કાર્સેન્ટી નામનો એનો ખાસ વિશ્વાસુ મિત્ર હતો. બીજા બાર જેટલા એમના જેવા જ ગુનાહિત ભૂતકાળવાળા માણસોની એમણે આજુબાજુના પ્રદેશોમાંથી ભરતી કરી હતી. એ પૈકીના પાંચેક સાથીઓ આર્જેન્ટિના અને ચીલીના નાગરિકો હતા. બાકીના અહીં સ્ટેટન ટાપુની બાજુના ટીએરા-ડેલ-ફ્યુગો પ્રદેશના આદિવાસીઓ હતા. જેઓ એમની નજીકમાં આવેલા એલ્ગર-બે તથા એની બાજુના અન્ય જળવિસ્તારોમાં ખુલ્લી મોસમમાં નાની હોડીઓમાં માછલાં પકડવા આવતા. એને કારણે આ પ્રદેશના ભૂભાગથી તેઓ પરિચિત હતા.

ચાળીસેક વર્ષનો કાર્સેન્ટી ચીલીનો વતની હતો. એનાં ઘર, ગામ કે કુટુંબ અંગે કોઈને જ માહિતી ન હતી. એકવડું પાતળું શરીર હોવા છતાં બાંધો મજબૂત હતો. હિંમતવાન અને બુદ્ધિશાળી હતો. કૉંગ્રે સાથે જોડાયો તે પૂર્વેનો એનો ભૂતકાળ એને અનેક વાર ફાંસીની સજા અપાવી શકે તેવો હતો. જ્યારે કૉંગ્રે તો દેખાવે અને કામકાજે નખશિખ, ચાંચિયો જ હતો. આર્જેન્ટિના દેશની મધ્યમાં આવેલા પેટાગોનિયાના પઠારી પ્રદેશનો એ નિવાસી હતો. એ પ્રદેશના મૂળ રહીશોના ચહેરા ઉપર કુદરતી રીતે નિર્દોષપણું અને હળવાશ ઝલકતાં હોય છે, પરંતુ કૉંગ્રે તેમાં અપવાદ હતો. તેનો ચહેરો ઋક્ષ અને બિહામણો હતો. દાઢીમૂછોને કારણે તેમાં વધારો થતો હતો.

એસ્ટ્રોલેબ અને ઝીલી નામના બે વેપારી જહાજોના કૅપ્ટન દમોન્ટ ઉર્વીલે મેગેલનની ખાડીનાં બંદરોની અગાઉ મુલાકાત લીધી હતી. કૉંગ્રે-કાર્સેન્ટીની જોડી સાથે એનો આકસ્મિક રીતે ભેટો થયો હતો. આછીપાતળી ઓળખાણ નીકળતાં બંનેને ખલાસી તરીકે નોકરીમાં રાખ્યા હતા. નોકરીની શિસ્ત આ બંને ગુનેગારોને ફાવે તેમ ન હતી. એટલે એ ખાડીના પુન્ટા-એરીનાસ નામના બંદરે જ એઓ ગાયબ થઈ ગયા. અહીંની એમની ગુનાખોરી માટે બંનેને ફાંસીની જ સજા થાય તેમ હતું.

પકડાય તે પૂર્વે જ પોલીસને હાથતાળી દઈને તેઓ નજીકના ટીએરા-ડેલ-ફ્યુગોના ખડકાળ અને આદિવાસીઓની પાંખી વસ્તીવાળા ઉજ્જડ પ્રદેશમાં પહોંચી ગયા. સરકાર માટે આ પ્રદેશમાં એમને શોધવાનું કામ મુશ્કેલ હતું. અહીંના વસવાટ દરમ્યાન માછીમાર આદિવાસીઓ પાસેથી તેમણે જાણ્યું હતું કે સ્ટેટન ટાપુના ખડકાળ દરિયાકાંઠા ઉપર સાગરી તોફાનમાં જહાજો અવારનવાર ફસાઈ જતાં હતાં. મોટેભાગે તો તે ત્યાં જ તૂટી જતાં હતાં. તેમાંનો કિંમતી માલસામાન કાંઠાના ભાગોમાં વેરવિખેર પડેલો મળી આવતો. તૂટતાં જહાજો અને તેમાંના કિંમતી માલસામાનની વાતો સાંભળીને કૉંગ્રેનું ગુનાહિત માનસ તરત જ કામે વળગ્યું. કાર્સેન્ટી સાથે મળીને તરત જ એણે યોજના બનાવી. એમની ગુનાહિત પ્રવૃત્તિમાં મદદ માટે ત્રણેક દેશવાસીઓ ઉપરાંત

અહીંના કેટલાક માથાભારે માણસોને એમણે નોકરીમાં રાખી લીધા. એ રીતે તેણે પોતાની એક ગિરોહ બનાવી દીધી.

એક હોડી મેળવીને કૉંગ્રેની ટોળકી લમાયરની ખાડી ઓળંગી સ્ટેટન ટાપુ જવા માટે નીકળી. એઓ બંને તો અનુભવી સાગરખેડુ હતા. પ્રશાંત સહિતના દુનિયાના મહાસાગરોનાં તોફાનો એમણે ઝીલ્યાં હતાં. આમ છતાં આ નાનકડી યાત્રામાં એમને ખાબોચિયામાં ડૂબવા જેવું થયું.

એલ્ગર-બેમાં થઈને લમાયરની ખાડીમાં જતાં સામે જ સ્ટેટન ટાપુ હતો. થોડા દક્ષિણમાં જઈને એમણે પશ્ચિમ દિશામાં નાવડી હંકારવાની હતી, તેને બદલે ભારે તોફાની પવન નડવાને કારણે તેમની હોડી પૂર્વમાં ધકેલાઈ ગઈ. નજીકમાં આવેલા પૉર્ટ પારી નામના ઊંડા અને સુરક્ષિત સ્થળે હોડીને લઈ જવાના એમના પ્રયાસો વિફળ બન્યા. તેને બદલે કોનેટની ભૂશિર તરફ ખેંચાતા રહ્યા. એ મુશ્કેલી કમ હોય, તેમ પાણીમાં ડૂબેલા ખડકો ઉપર એમની હોડી ચડી ગઈ. એ પછી તો એણે તૂટીને વેરવિખેર જ થવાનું હોય.

માંડમાંડ તેમના જીવ બચ્યા. લાંબી તકલીફભરી પદયાત્રા કરીને મુશ્કેલીથી તેઓ એલ્ગર-બે સુધી પાછા આવી શક્યા. એમને હેરાનગતિ તો થઈ, પરંતુ જ્યાં જવા નીકળ્યા હતા, ત્યાં જ આખરે આવી પહોંચ્યા હતા તેનો સંતોષ થયો. એલ્ગર-બેની ઉત્તરની અણી ઉપર સાનજુઆનની ભૂશિર હતી. એની અણી આટલાન્ટિકમાં ઘણે ઊંડે સુધી પૂર્વમાં લંબાયેલી હતી. જ્યારે એની સામે છેડે દક્ષિણની અણી પૉઇન્ટ સેવરલ નામે ઓળખાતી હતી. એ બે છેડા વચ્ચેના અંતરનો કિનારો વહાણોના ભંગારથી છવાયેલો હતો. મોટે ભાગે તોફાની રહેતા આ પહોળા જળવિસ્તારમાં જહાજો કાબૂ ગુમાવી કાંઠાના ખડકો ઉપર ખરાબે ચડી જતાં. ત્યાર બાદ મોજાંની થપાટો અને ખડકો ઉપર અથડાતા જહાજને કોઈ ચમત્કાર જ બચાવી શકે તેમ હતું.

આવાં ભાંગી જતાં જહાજોમાંનો અનેક પ્રકારનો માલસામાન કાંઠા ઉપર વેરણછેરણ થઈ જતો. જરઝવેરાતથી માંડીને રોકડ નાણું, વાસણો, ડબ્બામાં બંધ કરેલો ખોરાક, દારૂનાં પીપો, હથિયારો તથા તેનો દારૂગોળો, જાત જાતની ધાતુના સળિયા તથા જુદા જુદા માપનાં લાકડાંના ટુકડાઓ વગેરે અનેક પ્રકારની ચીજવસ્તુઓ નધણિયાતી બનીને પડી રહેતી. માણસોનાં હાડપિંજરો પણ એમાં હતાં, પરંતુ કોઈ વ્યક્તિ જીવિત બચી હોવાની નિશાની જણાતી ન હતી.

કૉંગ્રે ટોળકીએ આ અખાતના મધ્યભાગના ઊંડાણમાં મુકામ કરવાને બદલે પ્રવેશદ્વારની જમણી બાજુએ આવેલા પૉઇન્ટ સેવરલ નજીક મુકામ રાખવાનું નક્કી કર્યું. કિનારાની ઊંચી ભેખડોની ઓથે રહીને સામેની સાનજુઆનની ભૂશિર તથા પહોળા મુખના ભાગો ઉપર નજર રાખી શકાય તેમ હતું. એમની આખી ટોળી

આસાનીથી રહી શકે, એવી ગુફા એમણે પસંદ કરી. ખડકોથી ઢંકાયેલી હોવાથી સહેલાઈથી કોઈની નજરમાં આવે નહી એવું આદર્શ એ સ્થાન હતું. થોડી ઊંચાઈ ઉપર, ભેખડના પાછળના ભાગે એનું પ્રવેશદ્વાર હોવાથી પાણી અને પવનો સામે એને કુદરતી રીતનું રક્ષણ મળેલું હતું.

હોડી ભાંગી જતાં માંડમાંડ જીવ બચાવીને તેઓ અહી આવ્યા હતા. ગુફા મળી આવતાં પહેલું કામ જીવતા રહેવા માટે ખોરાક તથા રોજિંદી જરૂરિયાતની વસ્તુ મેળવવાનું હતું. ભાંગેલાં વહાણોમાંની એવી જથાબંધ વસ્તુઓ કાંઠા ઉપર વેરાયેલી પડી હતી. ત્યાંથી શોધીને ગુફામાં લાવવાની તેમણે તરત જ શરૂઆત કરી દીધી. એમની પાસે સમયની કોઈ ખેંચ ન હતી. હાલ તરત માત્ર આ કામ જ એમની સમક્ષ હતું. વસવાટવાળી આ ગુફાથી થોડે દૂર બીજી એક નાની ગુફા પણ એમણે શોધી કાઢી. ઉપયોગી બની શકે તેવાં ઝવેરાત, સોના, ચાંદી, કપડાં, ફર્નિચર વગેરે લાવીને તેમાં ભરવાની શરૂઆત કરી. વહાણોના સમારકામ માટે જરૂરી લાગે તેવાં ઓજારો, લાકડાં, સઢ વગેરે વસ્તુઓના ઢગલા થવા માંડ્યા. ધીમેધીમે એ સ્થળ એક છૂપો ખજાનો બની ગયું.

દિવસો અને મહિનાઓની મહેનતને અંતે કાંઠાઓ ઉપર વિખરાયેલો બધો જ સામાન એમણે સલામત રીતે ખજાનામાં ભરી દીધો. તાત્કાલિક તો અહીથી છટકવા માટેનું કોઈ સાધન એમની પાસે હતું નહીં. અહીં કેટલો સમય રહેવું પડે એનો કોઈ અંદાજ પણ ન હતો. મહિનાઓ જ નહી, વરસો પણ વીતી જાય તેમ હતું. એવી સ્થિતિમાં જીવતા રહેવા માટે ખોરાક, કપડાં વગેરે માટે અહીં કાંઠા ઉપર તૂટેલાં વહાણો ઉપર જ આધાર રાખવો પડે તેમ હતું.

એ માટે એમણે એક ખતરનાક પ્લાન ઘડી કાઢ્યો અને તરત જ તેને અમલમાં મૂકવાની શરૂઆત કરી દીધી. દૂરદૂરના દરિયામાં ક્ષિતિજ ઉપર કોઈ વહાણ દેખાય, ત્યારે તેને અખાતના અંદરના ભાગમાં આવવા એમણે લલચાવવા માંડ્યાં. દિવસ દરમ્યાન એવું કોઈ વહાણ દેખાય તો રાતના અંધકારમાં ઊંચી ભેખડ ઉપર એઓ તાપણું કરતા. એનાથી ગેરમાર્ગે દોરવાઈને કોઈ વહાણ અખાતમાં દાખલ થાય અને ભુલાવામાં પડે, પછીનું કામ તોફાની પવનો અને રાક્ષસી મોજાં પૂરું કરતાં. કાંઠાના ખડકો ઉપર ખરાબે ચડી ગયેલા એવા જહાજને કોઈ બચાવી શકે એમ ન હતું.

એમાંનો કોઈ નાવિક સંજોગવશાત્ જીવતો રહી જાય તો કાંઠા ઉપર આ શિકારીઓનાં હથિયારો તૈયાર જ રહેતાં. એ પછી તો બધું જ એમની જ માલિકીનું બની જતું. ગોદામ બનેલી બીજી ગુફા ધીમે ધીમે આવા લૂંટના માલથી છલકાવા લાગી. ખોરાક, કપડાં વગેરે પણ મહિનાઓ સુધી ચાલે એટલાં મળી રહેતાં. અપાર સગવડો અને સમૃદ્ધિ હવે એમની પાસે એકત્ર થઈ ગઈ હતી.

અહી એમને સંપૂર્ણ સલામતી હતી, જીવન જરૂરી તમામ વસ્તુઓ મળી રહેતી હતી. કીમતી વસ્તુઓનો ખજાનો ફાટ ફાટ થતો હતો. છતાં આ નિર્જન ટાપુ ઉપર તેઓ કેદી હતા. અહીથી બહાર જવા માટે કોઈ ઉપાય જડતો ન હતો. સારી હાલતનું કોઈ મજબૂત જહાજ એમના હાથમાં આવે તો જ એ શક્ય બને તેમ હતું. એવું નસીબ જાગે તો એકત્ર કરેલો ખજાનો લાદીને પ્રશાંત સાગરની મધ્યના સોલોમન તથા ન્યૂ હેબ્રાઈડીસ ટાપુઓમાં ભાગી જવાનો વિચાર કૉંગ્રેના મગજમાં ઘૂમરાયા કરતો હતો.

ત્રણ વરસ આશામાં ને આશામાં વીતી ગયાં, છતાં કોઈ વહાણને સારી હાલતમાં પકડવામાં એમને અનુકૂળતા મળતી ન હતી. મોટા ભાગનાં જહાજો તો એલ્ગર-બેની પૂર્વની ક્ષિતિજ ઉપર દેખા દઈને દૂર હંકારી જતાં હતાં. અંદર પ્રવેશ કરતાં જહાજો તો જાણે અહી નષ્ટ થવા જ આવતાં હતાં.

આવી અનિશ્ચિત સ્થિતિમાં સાથેના માણસો અકળાતા હતા. કૉંગ્રે અને કાર્સેન્ટી પણ અધીરા થયા હતા. ચિંતાતુર પણ બની ગયા હતા.

‘આ ટાપુના કિનારા ઉપર પડેલા ભંગારની જેમ આપણે પણ ભંગાર જેવા જ સ્થગિત બની ગયા છીએ.’ કાર્સેન્ટીએ મોં ખોલ્યું. ‘આ ભેગી કરેલી અપાર સંપત્તિનો શું અર્થ? જો એ કામમાં આવવાની જ ન હોય, તો ગમે તેમ પણ વહાણ મેળવીને વહેલી તકે અહીંથી આપણે નીકળવું જ જોઈએ. બહુ રહ્યા અહીં તો.’

‘મને પણ એમ જ લાગે છે. વહેલી તકે આપણો મુકામ આપણે ઉઠાવવો જોઈએ.’ કૉંગ્રેએ લૂખો સૂકો જવાબ આપ્યો.

‘પણ કેવી રીતે? ક્યારે? કાર્સેન્ટીનો આ એવો પ્રશ્ન હતો જેનો કૉંગ્રે પાસે કોઈ જવાબ ન હતો. એ પોતે પણ હવે ચિંતાતુર હતો.

‘આપણી પાસેનો પુરવઠો અનંતકાળ સુધી તો ચાલવાનો નથી. ક્ષતિપૂર્તિનો આધાર આકાશી ખેતી જેવો જ અનિશ્ચિત રહેવાનો. અહીના પાણીમાં માછલીઓનો પુરવઠો અમર્યાદિત હશે, પરંતુ આપણી ધીરજને હવે મર્યાદા આવી ગઈ છે.’ કાર્સેન્ટીએ નિશ્વાસ મૂક્યો. વધુમાં બોલ્યો, ‘હમણાં તો ઠીક છે. હવામાન હૂંફાળું છે, પણ એક વધુ શિયાળો અહીં વિતાવવાનું મુશ્કેલ બનશે. સાથીઓના અસંતોષનો પણ વિચાર કરવો પડશે.’

ઓછાબોલો અને ગંભીર પ્રકૃતિનો કૉંગ્રે આવા પ્રશ્નના જવાબ આપવા કરતાં મૌન રહેવાનું જ પસંદ કરતો. મનોમન એ પણ હાલી ઊઠ્યો હતો. એની નિ:સહાયતા એને માટે અકળાવનારી સ્થિતિ હતી. કાંઈ જ નહીં ! એ કાંઈ પણ કરી શકે તેમ ન હતો.

કોઈ મોટું વહાણ એમના હાથમાં ન આવે તો કાંઈ નહી. કોઈ નાનો મછવો મળી શકે તોય કાંઈ વિચાર કરી શકાય. ઉત્તરના પ્રદેશમાં રહેતા ફ્યુજીઆનો પણ આટલે દૂર સુધી આવવાનું પસંદ કરતા નહી, એમની નાની હોડી મળે તોપણ વાત બને તેમ હતું. કાર્સેન્ટી કે પોતે ત્રણ-ચાર માણસોને લઈને એલ્ગર-બે છોડીને ઉત્તરમાં મેગેલનની ખાડી તરફ જઈ શકે. ત્યાંથી વધુ ઉત્તરમાં બુએનોસ એરીસ કે વાલપરેસોનાં બંદરોમાં પહોંચવાનું મુશ્કેલ ન હતું.

ત્યાં પહોંચ્યા બાદ એમની પાસેના ઝવેરાતની મદદથી દોઢસોથી બસો ટનનું વહાણ ખરીદવામાં એમને કોઈ તકલીફ પડે તેમ ન હતું. એ માટે થોડા વધારાના નાવિકો પણ ત્યાંથી જ મળી શકે તેમ હતી. તેઓની મદદથી એ જહાજને અહી એલ્ગર-બેમાં લાવી શકાય. તેમાં લૂંટનો માલ ભરીને આસાનીથી મધ્ય પ્રશાંત સાગરના નિર્ધારિત સ્થાને પહોંચી જવાય તેમ હતું. ત્યાંના ટાપુઓ કાયદાના લાંબા હાથથી પણ ઘણા દૂર હતા. ત્યાં રહીને તેમની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં કોઈ તકલીફ પડે તેમ ન હતી, પરંતુ આ યોજનાનો આધાર નાનું હોડકું કે મોટું જહાજ એમના હાથમાં આવે તેના ઉપર જ હતો. જો મોટું જહાજ એમને મળી જાય તો આ કેદખાનામાંથી એમનો તાત્કાલિક છુટકારો થાય તેમ હતું. એવા વહાણમાં આ લૂંટાયેલો માલ ભરીને પશ્ચિમમાં સીધા હંકારી જવાનું હતું. ત્યાં સોલોમન વગેરે ટાપુઓ એમનો સત્કાર કરવા તૈયાર જ હતા.

એવા મોટા જહાજને બદલે કોઈ નાનું હોડકું મળી જાય તોપણ શું કરવું તે કૉંગરે-કોર્સેન્ટીએ વિચારી જ રાખ્યું હતું. એ માર્ગ ઘણો લાંબો હતો, સમય પણ ઘણો જાય તેમ હતું અને પકડાઈ જવાનું જોખમ તો સૌથી વધારે હતું. એક વાર એકાદ જણ પણ પકડાયું તો એ સૌનાં બારે વહાણ ડૂબી જાય તેમ હતું.

અહીની લાઇટહાઉસનું ઉદ્‌ઘાટન થયું તે પૂર્વેના પંદરેક માસ અગાઉની આ સ્થિતિ હતી. કદાચ આ સૌ ખૂની અને લૂંટારાઓએ પણ એમના આરાધ્ય દેવ શેતાનની એ માટે પ્રાર્થના કરી હશે. એમની આતુરતાનો અંત આવવાનો હોય તેવી સ્થિતિ ઊભી થઈ

. ૧૮૫૮ના ઑક્ટોબર માસની શરૂઆતના દિવસો હતા. એલ્ગર-બેના મુખપ્રદેશ પાસે દૂર ઉત્તરપૂર્વમાં ક્ષિતિજ ઉપર કોઈ સ્ટીમરે દેખા દીધી. એની ટોચે આર્જેન્ટીના દેશનો રાષ્ટ્રધ્વજ ફરકતો હતો. કૉંગરેને તરત જ ખ્યાલ આવી ગયો કે દેશની શકિતશાળી નૌસેનાનું એ એક યુદ્ધ જહાજ હતું. એના ઉપર હુમલો કરવાનો કે તેમનો સામનો કરવાનો તો વિચાર પણ કરી શકાય તેમ ન હતો.

કૉંગરેએ પોતાના તમામ માણસોને કામે લગાડી દીધા. એઓના અહીના નિવાસની ચાડી ખાય તેવી તમામ ચીજવસ્તુઓ ત્યાંથી હટાવી દીધી. અન્ય તમામ નિશાનીઓ

મિટાવી દીધી. નજીકથી પણ કોઈનું ધ્યાન ખેંચાય નહી એ રીતે બંને ગુફાઓનાં મુખ બંધ કરી દીધાં. થોડા દિવસ ચાલે તેટલો જરૂરી પુરવઠો લઈને ટાપુના અંદરના ભાગમાં સૌ ખસી ગયા. અંદરના ભાગમાં છુપાઈને આ નૌકાજહાજની ગતિવિધિઓ ઉપર તેમણે નજર રાખવાની શરૂઆત કરી દીધી. એ સિવાય હવે તેમની પાસે અન્ય કામ પણ ન હતું. એઓ જાણવા આતુર હતા કે એ જહાજ કયા હેતુ માટે અહી આવ્યું હતું.

આર્જેન્ટિના દેશના નૌકાદળનું એ જહાજ હતું. 'શાંતા-ફી' એનું નામ હતું. એલ્ગર-બેના ખડકાળ કિનારા ઉપર યોગ્ય સ્થળે લાઇટહાઉસ બાંધવાનું સરકારે નક્કી કર્યું હતું. એ માટે યોગ્ય સ્થળની તપાસ કરવા માટેની જવાબદારી શાંતા-ફી જહાજ તથા તેના કૅપ્ટન અને કર્મચારીઓને સોંપવામાં આવી હતી. લાઇટહાઉસના નિષ્ણાતો તથા ઇજનેરોને પણ સાથે લાવવામાં આવ્યા હતા.

એ કામ કાંઈ લાંબું ચાલે તેવું ન હતું. લાઇટહાઉસ માટે બધી રીતે અનુકૂળ સ્થળની પસંદગી થતાં જ થોડા દિવસમાં સ્ટીમરે વળતી મુસાફરી શરૂ કરી દીધી. એટલા ટૂંકા સમયમાં કૉંગ્રે અને તેના માણસો સંબંધી જાણકારી તેઓ મેળવી શકે એવી શક્યતા જ ન હતી. સામે પક્ષે કૉંગ્રે ટોળકીના માણસો યુદ્ધ જહાજ ઉપર નજર રાખતા હતા. એમાંના માણસો કાંઠે આવે ત્યારે તેમનો સતત પીછો કરવામાં આવતો હતો. થોડું વધુ જોખમ ખેડીને પણ કાર્સેન્ટી ચુપકીદીથી શક્ય એટલી વધુ નજીક જઈને તેઓની વાતચીત તૂટકપણે સાંભળી શક્યો હતો. એને ખ્યાલ આવી ગયો કે એલ્ગર-બેના કિનારા ઉપર સમાચર ખાડીની નજીકમાં સરકાર લાઇટહાઉસ બાંધવા માટેની તૈયારી કરતી હતી.

સ્ટેટન ટાપુ ઉપર લાઇટહાઉસ બાંધવાનું આયોજન? એનો અર્થ એ થયો કે અત્યાર સુધી નિર્જન રહેલા આ ટાપુ ઉપર હવે કાયમ માટે નૌકાદળની હાજરી રહેવાની હતી. કૉંગ્રે અને તેની ગિરોહના માણસો અત્યાર સુધી સંપૂર્ણ સ્વતંત્રતાથી હરતાફરતા રહેતા હતા. વહાણોને ગેરમાર્ગે દોરીને ખરાબે ચડાવીને નષ્ટ કરી શકતા હતા. તૂટી ગયેલાં જહાજોના ઘાયલ ખલાસીઓની નિર્દયતાથી હત્યા કરી શકતા હતા. તેમાંનો કાંઠા ઉપર વેરાયેલો તમામ માલ ખુલ્લંખુલ્લાં લૂંટી લઈને ગુફા ભેગો કરવામાં તેઓને કોઈ તકલીફ ન હતી કે ડરવાનું પણ કોઈ કારણ ન હતું.

પરંતુ હવે? હવે લાઇટહાઉસના બાંધકામ માટે સેંકડો માણસો લાંબા સમય માટે અહીં રહેવાના હતા. એ બાંધકામ પૂરું થઈ જાય, ત્યાર પછી પણ એની જાળવણી અને સંચાલન માટે થોડા માણસો કાયમી ધોરણે અહીં રહેવાના હતા. એ માણસોની બદલી માટે કે પુરવઠા માટે નૌકાદળનાં જહાજોની અવરજવર ચાલુ જ રહેવાની હતી. એને કારણે આ ચાંચિયાઓની સ્વતંત્રતાનો અંત આવી જવાનો હતો. રાત્રી દરમ્યાન જહાજોને ગેરમાર્ગે દોરીને તેનો વિનાશ નોતરવાનું તો સંપૂર્ણપણે બંધ જ થવાનું હતું.

સંજોગવશાત્ કોઈ જહાજ અકસ્માત ભાંગી જાય તોપણ તેમાંનો માલ લૂંટવાનું હવે શક્ય નહીં જ બને. ખોરાક તથા જીવન જરૂરિયાતની વસ્તુઓનો મુખ્ય અને એકમાત્ર સ્રોત આ વહાણો જ હતાં. એ જ સુકાઈ જાય એટલે એમણે તો ભૂખે જ મરવું પડે તેમ હતું. વળી આટલા નાના ટાપુ ઉપર એમની હાજરી લાંબા સમય માટે ગુપ્ત રહે તે પણ શક્ય ન હતું. એમની હાજરીની ગંધ સિક્કે આવે તો દેશની બળવાન સેના એમને ગમે તે રીતે શોધી કાઢે એમાં શંકાને કોઈ જ સ્થાન ન હતું.

વરસો સુધીનું આ સલામત સ્વર્ગ એમને માટે પૂરેપૂરું અસલામત બની જવાનું હતું. નવી પરિસ્થિતિમાં વહેલી તકે અહીંથી ભાગવામાં જ સલામતી હતી. આમ પણ ચાંચિયાઓ એ માટે તૈયાર જ હતા. સંજોગો બદલાતાં તાકીદે અહીંથી સ્થળાંતર કરવાની તેમને હવે ફરજ પડી.

કૉંગ્રે માટે હાલ તરત તો એક જ વિકલ્પ ખુલ્લો હતો. અહીંના લાંબા વસવાટ દરમ્યાન એણે આ ટાપુને બરાબર જાણી લીધો હતો. અહીં પૂર્વના કાંઠાની ભેખડોમાં અનેક બખોલો અને નાની મોટી ગુફાઓ હતી. તે જ રીતે ટાપુના પશ્ચિમ કાંઠે પણ ઘણી ઊંચી ભેખડો હતી અને તેમાં સંખ્યાબંધ ગુફાઓ હતી. સાધનસામગ્રી હોય તો તેમાં આસાનીથી છુપાઈને રહી શકાય તેમ હતું. પળનાય વિલંબ વિના કૉંગ્રેએ નિર્ણય લઈ લીધો. લાઇટહાઉસના બાંધકામ માટે માણસો અને માલસામાન લઇને શાંતા-ફી પરત આવે, તે અગાઉ પૂર્વકાંઠાની બંને ગુફાઓ ખાલી કરીને પશ્ચિમ કાંઠાની એવી જ કોઈ સલામત ગુફામાં મુકામ ખસેડવો. ખોરાક, કપડાં, હથિયારો અને દારૂગોળો, દારૂ તથા બળતણ માટેના તેલને પ્રથમ પસંદગી આપવાની હતી.

પૂર્વ કાંઠાથી પશ્ચિમ કાંઠા વચ્ચેનું અંતર આમ તો લાંબું જ કહેવાય. એની પાસે ગણ્યાગાંઠ્યા માણસો હતા, તેમ જ રસ્તાનો સંપૂર્ણ અભાવ હતો. એ કારણે વધુ પ્રમાણમાં માલસામાનને ખસેડવાનું વિલંબકારી અને મુશ્કેલ હતું. કૉંગ્રેની ગણતરી પ્રમાણે જહાજ પરત આવે ત્યાં સુધીમાં બંને ગુફાઓમાંનો બધો સામાન લાવી શકાય તેમ હતું જ નહીં. કિંમતી માલસામાન અને ખજાનાવાળી ગુફાને એ કારણે એમણે અકબંધ જ રાખવી પડી. પથ્થરો તથા ઝાડીઝાંખરાંથી ગુફાના મોંને એમણે બરાબર બંધ કરી દીધું.

ચાંચિયાઓએ પોતાનો મુકામ ખસેડ્યાને પાંચ જ દિવસમાં શાંતા-ફી જહાજનું પુનરાગમન થયું. એલ્ગર-બેમાં કિનારાની શક્ય એટલી નજીકમાં તેણે લંગર નાખ્યું. એમાં બાંધકામ માટેનો સામાન તથા માણસો હતા. બીજા જ દિવસથી હોડીઓ મારફતે માલ કિનારા ઉપર લાઇટહાઉસ માટેના સ્થળની નજીક ઠાલવવાનું કામ શરૂ થઈ ગયું. બાંધકામ માટે પાયા વગેરે ખોદવાનું પ્રાથમિક કામ તરત જ શરૂ કરી દેવાયું. બાંધકામના આ સમય દરમ્યાન કૉંગ્રે અને તેના માણસોએ પશ્ચિમ કાંઠા ઉપર છુપાઈને

રહેવાનું હતું. લમાયર ખાડીના એ તરફના પ્રવેશદ્વાર પાસે સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર હતી. તેની નજીકની ગુફામાં તેમણે મુકામ રાખ્યો. ખાસ જરૂરિયાત વિના બહાર નીકળવાનું કે પૂર્વ તરફની લાંબી મુસાફરી ટાળવામાં આવતી. નજીકના ઝરણામાંથી પીવાનું પાણી ભરી લેવાતું તેમજ વહેલી સવારે કે મોડી સાંજે જ માછલાં પકડવાની પ્રવૃત્તિ કરવામાં આવતી.

'ચાંચિયાઓ માટે તેમના અસ્તિત્વનો સવાલ હતો. જીવતા રહેવાના અને તક મળતાં સલામત રીતે ભાગી છૂટવાના ઝનૂની નિર્ધારને લીધે જ તેઓ સૌ અહીં ટકી શક્યા હતા. લાઇટહાઉસ બંધાઈને ચાલુ થાય, ત્યાર બાદ જ શાંતા-ફી જહાજ અહીંથી પરત જવાનું હતું. ત્યાર બાદ દર ત્રણેક માસના અંતરે નવા માણસો અને નવા પુરવઠા સાથે તેનું આવાગમન ચાલુ રહેવાનું હતું. એ ગાળા દરમ્યાન જ તેઓ અહીંથી ભાગી શકે તેમ હતું. ખુલ્લી અને ગરમ ઋતુમાં એ શક્ય પણ હતું. એ અવસર જો ચૂકી જવાય તો માર્ચ-એપ્રિલથી શિયાળો શરૂ થઈ જવાનો હતો. એ દરમ્યાન દક્ષિણ તરફના ઠંડા પવન અને બરફના તોફાનમાં અહીંની કેદની સજા વધુ એક વર્ષ માટે લંબાઈ જાય તેમ હતું.

બાંધકામના સ્થળની વધુ ને વધુ નજીક જઈને ત્યાંના છૂપાં સ્થળોમાં સંતાઈને કૉંગરે અને કાર્સેન્ટી ત્યાં થતા કામની પ્રગતિનું આકલન કરતા રહેતા. બાંધકામ પૂરું થાય અને શાંતા-ફી અહીંથી રવાના થાય, તેની જ એ લોકો રાહ જોતા હતા. કૉંગરેએ વિચારી રાખેલી યોજના ત્યાર પછી જ અમલી બની શકે તેમ હતું. પોતાની સલામતી માટે કૉંગરેને એ રીતે પોતાના મૂળ થાનકેથી પશ્ચિમ કાંઠે ખસી જવું પડ્યું. જ્યારે અહીંથી ભાગી છૂટવાની પોતાની યોજના આ લાઇટહાઉસના બાંધકામને કારણે અનિશ્ચિત બની ગઈ હતી. એમાંથી એને બીજો એક વિચાર આવ્યો. લાઇટહાઉસને કારણે આ જળમાર્ગ હવે સલામત બન્યો હતો. એમાં વહાણોની અવરજવર વધવાની હતી. એમાંના એકાદ ઉપર અનુકૂળતા મળતાં હુમલો કરી તેને કબજે લેવાનું કૉંગરે માટે મુશ્કેલ ન હતું.

એની સાથે જ એક બીજો ખતરનાક વિચાર પણ આવ્યો. લાઇટહાઉસના બાંધકામની પ્રગતિ ઉપર એ બરાબર ધ્યાન રાખતો હતો. ડિસેમ્બર માસ દરમ્યાન બાંધકામ પૂરું થાય એવી એની ગણતરી હતી. લાઇટહાઉસ ચાલુ થયા બાદ શાંતા-ફી જહાજ બધું સમેટીને વધારાના તમામ માણસો સાથે પરત હંકારી જવાનું તો નિશ્ચિત જ હતું. ત્યારબાદ લાઇટહાઉસની જાળવણી અને ચાલન માટે બે-ચાર માણસો જ અહીંયા રાખવામાં આવે તેમ હતું. લાગ મળતાં તેમને ખતમ કરી લાઇટહાઉસનો કબજો લઈ લેવાનું એણે નક્કી કર્યું.

લાઇટહાઉસ ચાલુ થવાનો સંકેત તો રાત્રી દરમ્યાન એનો દીવો સળગતો થાય, તેના ઉપરથી મળવાનો જ હતો. એ જાણવા માટે નજીકના ઊંચા ડુંગરાની ટોચે સાંજના

સમયે માણસ બેસાડવાનું શરૂ કર્યું. દીવો સળગતો દેખાય કે તરત જ એની ખબર આપવાની તાકીદ કરી. એમને માટે એવો શુભદિવસ પણ આવ્યો. નવમી ડિસેમ્બરની સાંજે ખુદ કાર્સેન્ટી જ ડુંગરની ટોચ ઉપર પૂર્વ તરફ નજર કરીને બેઠો હતો. દિવસના અજવાળામાં લાઇટહાઉસની ઊંચી ટોચ તો દેખાતી જ હતી, પરંતુ સાંજના છ વાગ્યાના સમયે ત્યાંથી ઝબકારા મારતા દીવાનો પ્રકાશ જોયો. ઝડપથી એ સમાચાર કૉંગ્રેને મળી ગયા.

એ પછી પરચૂરણ તૈયારીમાં પાંચેક દિવસ નીકળી ગયા. એમની પાસે હોડી તો હતી નહીં. ટાપુની મધ્યમાંના પઠારી ઇલાકામાં થઈને જે રીતે તેઓ આવ્યા હતા, તે જ રસ્તે પાછા જવાનું હતું. દરમ્યાન એમની ગુફાની નજીકના ડુંગરાળ ભાગમાં કાર્સેન્ટીએ ગુનાકો હરણને જોયું. બંદૂકનું નિશાન લીધું પરંતુ ગુનાકોને ભયનો ખ્યાલ આવતાં ભાગવાની તૈયારી કરી. એવી સ્થિતિમાં અચૂક નિશાન લેવાનું મુશ્કેલ હતું, છતાં કાર્સેન્ટીએ ગોળી છોડી. ગુનાકો ઘવાયું પણ મર્યું નહી. શક્તિ હતી ત્યાં સુધી તે દોડતું રહ્યું. એનો પીછો કરવામાં કોઈની નજરે ચડવાની શક્યતા હતી. એ કારણે પીછો કરવાનું એણે માંડી વાળ્યું અને અડ્ડા ઉપર પાછો આવ્યો.

ઘવાયેલું ગુનાકો દોડતું દોડતું આખરે લાઇટહાઉસથી થોડે દૂર આવીને અટકી ગયું. એ જ વખતે મોરીઝ તથા તેના સાથીઓની નજર સામે જ તે ઢળી પડ્યું. લાઇટહાઉસમાં રહેલા આ ત્રણેયે તે જોયું. ખ્યાલ આવી ગયો કે ટાપુ ઉપર હથિયાર સાથેની કોઈ વ્યક્તિ હાજર હતી. તેની સાથે બીજા કેટલા માણસો હશે તેનો અંદાજ બાંધો શકાય તેમ હતું જ નહીં, પરંતુ આવા અજ્ઞાત માણસ તરફના સંભવિત હુમલા સામે તેઓ સચેત બની ગયા. શાંતા-ફીની વિદાય બાદ હવે તેમણે પોતાનું અને લાઇટહાઉસનું રક્ષણ જાતે જ કરવાનું હતું.

આ બાજુ કૉંગ્રેએ પણ પગપાળા લાઇટહાઉસ સુધી પહોંચવાની તૈયારી કરી લીધી. એની ગણતરી પ્રમાણે એમાં ત્રણેક દિવસ થાય તેમ હતું. ઊંચા ડુંગરા અને ઊંડી ખીણોમાં થઈને એમણે પૂર્વ તરફ જવાનું હતું. રાત્રે તો આગળ વધવાનું શક્ય જ ન હતું. એ દરમ્યાન જરૂરી એવો ખોરાક, હથિયારો તથા અન્ય સામાન સાથે લેવાનો હતો. એક વાર અહીંથી નીકળ્યા પછી અહી પાછા આવવાની તો જરૂર રહેવાની જ ન હતી. એમને માટે જાણે આ કેદખાનામાંથી મુક્તિનો માર્ગ ખુલ્લો થયો હતો.

લાઇટહાઉસના માણસો ઉપર હુમલો કરીને તેને કબજે લેવામાં કૉંગ્રેને કોઈ જ મુશ્કેલી જણાતી ન હતી. વળી લાઇટહાઉસની દોરવણી હેઠળ વહાણો હવે રાત્રી દરમ્યાન નજીક આવે તેવી શક્યતા હતી. એ પૈકીના કોઈ જહાજનો કબજો લેવાનું પણ એમને માટે આસાન બને તેમ હતું. એવી રીતે પકડાયેલા વહાણમાં ગુફામાંના ખજાનાને લઈને મધ્ય પ્રશાંતના ટાપુઓમાં હંકારી જવાનું હતું. કૉંગ્રેની આ યોજના જડબેસલાક

જણાતી હતી. હવે એમને વહાણો ખરાબે ચડીને ભાંગે તેમાં નહી, પરંતુ ભાગી છૂટવામાં ઉપયોગી બની શકે તેવું મજબૂત જહાજ ચાલુ હાલતમાં મળે તેમાં રસ હતો.

અહીની કેદમાંથી મુક્તિનો માર્ગ આમ તો સીધો અને સરળ જણાતો હતો, પરંતુ એમાં સૌથી મોટી મર્યાદા સમયની હતી. અહીથી રવાના થયેલું પુરવઠા જહાજ નવા માણસો અને જરૂરી પુરવઠો લઈને ક્યારે પાછું આવે તેની કૉંગ્રેને કાંઈ જ માહિતી ન હતી. એ પરત આવે ત્યાં સુધીમાં જો આ ટાપુ ઉપરથી ભાગી શકાય, તો પ્રશાંત સાગરમાં એમને કોઈ પકડી શકે તેમ ન હતું, પણ જો એ શક્ય ન બને તો? તોતેર મણના આ 'તો'ની સમસ્યા બહુ મોટી હતી. તેનું કારણ પણ દેખીતું હતું.

આ પુરવઠા જહાજને અહીથી એના મથકે પહોંચતાં ઘણાં દિવસો નીકળે તેમ હતું. ત્યાર પછી જ આ લાઇટહાઉસ ચાલુ થયું હોવાનું અને લમાયર ખાડીનો ટૂંકો માર્ગ સલામત બન્યો હોવાની અધિકૃત માહિતી જહાજી વર્તુળોમાં આપી શકાય. આમ તો બુએનોસ-એરીસ પહોંચતાં એને પંદર દિવસ જ લાગે તેમ હતું, પરંતુ હવામાન વિપરીત હોય તો એમાં વધુ દિવસો પણ થાય. એ સંજોગોમાં એલ્ગર-બે જળવિસ્તારમાં જહાજોની અવરજવર શરૂ થવામાં એકબે માસ તો નીકળી જ જવાના. તે પછી પણ એવું કોઈ અનુકૂળ જહાજ એમના હાથમાં આવે અને એમનું કામ બને... આ બધી સાવ અનિશ્ચિત સ્થિતિ હતી. બધા સંજોગો અનુકૂળ ન પણ બને. આવતા બે કે ત્રણ માસમાં જવાનું શક્ય ન બને તો વળી પાછા સેન્ટ બાર્થોલોમ્યુ નજીકની ગુફામાં જ આશરો લેવો પડે તેમ હતું. હવે તો નવો પુરવઠો મળે તેવી પણ શક્યતા નહીવત બનવાની હતી.

અહીની ગુફામાં પડી રહેવાથી પણ કોઈ અર્થ સરે તેમ ન હતું. લાઇટહાઉસ સુધી જમીન માર્ગે પહોંચવામાં અન્ય કોઈ મુશ્કેલી પડે તેમ ન હતું. ત્યાં જઈને તેનો કબજો લેવાનું પણ સહેલું હતું. ત્યાર પછી સંજોગો પ્રમાણે કરતા રહેવાનું વિચારી, એકબે દિવસમાં અહીથી નીકળવાનું એમણે નક્કી કર્યું.

ડિસેમ્બરની ૨૨મી તારીખનો એ દિવસ હતો. સાંજનો સમય હતો. કૉંગ્રે અને કાર્સેન્ટી કોઈ ચોક્કસ હેતુ વિના જ સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર તરફ ચાલવા લાગ્યા. તેના કાંઠા ઉપર ચાલતા ચાલતા તેઓ છેક અણીના ખડક ઉપર પહોંચી ગયા. સામે જબરજસ્ત મોટો પ્રશાંત મહાસાગર ઘૂઘવતો હતો. આકાશ સ્વચ્છ હતું. પવન સ્થિર હતો. ખુશનુમા કહી શકાય તેવું હવામાન હતું.

પરચૂરણ વાતોમાં સાડા-છ વાગવા આવ્યા હતા. અન્ય સાથીઓ મુકામ ઉપર પરત જવા ચાલવા લાગ્યા. એલ્ગર-બે તરફ જવાનો રસ્તો અને લાઇટહાઉસ કબજે કરવા સંબંધમાં કાર્સેન્ટીએ વાત કાઢી.

'તો શું હવે અહીથી નીકળવાનું નક્કી જ છે ને? પહાડી માર્ગે પગપાળા જ જવાનું છે એટલે બધો સામાન સાથે લઈ જવાય એવું લાગતું નથી.'

'વધારાનો બધો જ સામાન અહીં રાખી જઈશું. ત્રણેક દિવસ ચાલે એટલો ખોરાક અને જરૂરી કપડાં વગેરે ચીજો જ લેવાનું રાખીશું. અનુકૂળતા થશે ત્યારે હોડી વગેરેમાં જળમાર્ગે લઈ જવાનું ઠીક રહેશે. લાઇટહાઉસના ભંડારમાંનો માલ પણ આપણો જ છે ને.'

કૉંગ્રેએ હળવાશથી જવાબ આપ્યો, પરંતુ એ વિચારમાં ડૂબેલો હોય તે રીતે એની આંખો પશ્ચિમમાં ક્ષિતિજ ઉપર મંડાયેલી હતી. આગળ બોલતાં એકદમ અટકી ગયો. એ સ્થિર બનીને જોઈ રહ્યો.

કૉંગ્રે એકદમ બોલી ઊઠ્યો.

'સામે જુઓ ! કાર્સેન્ટી ! શું દેખાય છે ત્યાં ક્ષિતિજ ઉપર !!'

કાર્સેન્ટીએ આથમતા સૂર્યનાં કિરણોને સીધાં આંખમાં આવતાં રોકવા હથેળીની આડશ કરી જોયું. બોલી ઊઠ્યો :

'અરે ! આ તો કોઈ વહાણ દેખાય છે. માનું છું કે મારી ભૂલ થતી નથી.'

'પવનની સામે જવા માટે વારંવાર એ દિશા બદલતું હોય તેમ લાગે છે. બની શકે કે તે આ તરફ આવવા માંગતું હોય.'

કૉંગ્રેનો અભિપ્રાય સાચો હતો. પૂરા સઢ ચડાવેલું આ વહાણ સેન્ટ બાર્થોલોમ્યુ ભૂશિર વટાવી [illegible]ની ખાડી તરફ આવવા મથામણ કરતું હતું. પરંતુ સામેથી પવન ફૂંકાતો હોવાથી તેની સામે જવા માટે આટાપાટા ખેલવા પડે તેમ હતું. તે હજી ઘણા માઈલ દૂર હતું. આટાપાટા ખેલવાની આ રીત અસરકારક રહે તો રાત્રી દરમ્યાન ખાડીના મુખ પાસે સલામત રીતે આવી શકે, પરંતુ જો રાત્રી દરમ્યાન પવન પડી જાય, અને ઓટનું વળતું ખેંચાણ શરૂ થઈ જાય તો નજીકના પરવાળાના ખડકોમાં ફસાઈ જવાની શક્યતા રહેતી હતી. અંધારું થાય તે અગાઉ એ રીતે જો આવી શકે તો જ દુર્ઘટનાનો ભય ટળી શકે.

ચાંચિયા ટોળીના ત્યાં હાજર બધા જ માણસો આ જહાજની ગતિવિધિઓ વિશેષ ઉત્કંઠાથી જોઈ રહ્યા. જોકે સ્ટેટન ટાપુથી આટલું નજીક આવેલું આ કોઈ પહેલું જહાજ ન હતું. અગાઉ આ લોકોએ જ સમજી વિચારીને ગેરમાર્ગે દોરેલાં જહાજો એનાથી પણ વધુ નજીક આવ્યાં હતાં અને ખરાબે ચડીને વેરવિખેર બની ગયાં હતાં.

આ વખતે પણ આ વહાણને ભુલાવામાં નાંખીને નષ્ટ કરવાનો પ્રસ્તાવ ટોળીના કોઈક સદસ્ય તરફથી આવ્યો, પરંતુ કૉંગ્રેનો પ્લાન જુદો જ હતો.

'આ જહાજ નષ્ટ થવા દેવાનું નથી. આપણા હેતુ માટે આપણને આખા જહાજની જ જરૂર છે. અત્યારે તો પવન અને ભરતીનું પાણી બંને એની વિરુદ્ધમાં છે. અંધારું

થાય ત્યા સુધીમાં લમાયરની ખાડીમાં સહીસલામત રીતે એ જઈ શકે તો સારી વાત છે. બાકી રાત્રીના અંધારામાં એને માટે બચવાનો કોઈ માર્ગ રહેવાનો નથી. મારો ખ્યાલ છે કે અત્યારે જે સ્થિતિમાં એ જહાજ છે, તેમાં કાલ સુધી કોઈ ફેરફાર થવાની શક્યતા નથી.

'આવતી કાલે સવારે એની સ્થિતિ જોયા પછી જ એ અંગે આપણે વિચારીશું.'

એકાદ કલાકમાં તો સર્વત્ર અંધારું થઈ ગયું. એ સાથે ઊતરી આવેલા ગાઢા ધુમ્મસમાં જહાજ ઉપરની બત્તીઓ પણ દેખાતી બંધ થઈ ગઈ.

બીજા દિવસે વહેલી સવારે કૌંગ્રે અને તેના માણસો ફરીથી ગઈ કાલ વાળી જગ્યાએ હાજર થઈ ગયા. વહાણ હજી પણ એ સ્થળે જ સ્થગિત થઈને ઊભું રહેલું એમણે જોયું.



વિના વાદળ વરસાદ

ચાંચિયા ગિરોહનો સરદાર કૉંગ્રે ! એને માટે કહેવાતું હતું કે જહાજી દુનિયાનું કોઈ પણ લેસન એને માટે બાકી ન હતું. એણે એના જહાજી જીવનની શરૂઆત ક્યારે કરી ! જહાજોમાં કેવી કેવી કામગીરી કરી !! કેવા પ્રકારનાં જહાજો એણે હંકાર્યાં !!! દુનિયાના કયા કયા ભાગોના સમુદ્રો એણે હજી ખેડવાના બાકી હતા, તેનું સંપૂર્ણ ચિત્ર તો એક જ માણસ દોરી શકે તેમ હતું. એ હતો કાર્સેન્ટી, એનો મદદનીશ અને વિશ્વાસુ સાથી. પરંતુ એના સરદારની જેમ એણે પણ એ બાબત અંગે પોતાનું મોં કદી ખોલ્યું ન હતું.

મધ્ય પ્રશાંતના સોલોમન તથા ન્યૂ હેબ્રાઇડીસ ટાપુઓની આસપાસના જળવિસ્તારમાં એમની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર હતું. મધદરિયામાં વહાણોનો પીછો કરી તેને લૂંટવાનો એમનો ધંધો હતો. પકડાયેલા વહાણમાંનો કોઈ પણ માણસ બચવા ન પામે એવી એઓ ખાસ કાળજી રાખતા. એવા લૂંટના માલ ઉપર જ એમનું જીવન નભતું અને એવી જ ક્રૂરતમ એમની જીવનરીતિ હતી.

એમના ત્રાસને નાબૂદ કરવા ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ અને અમેરિકાના નૌકાસૈન્યોના જહાજી બેડાએ સંયુક્તપણે કામગીરી કરી હતી. એ ઘેરામાંથી છટકીને બંનેએ દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કાંઠાના મેગેલન ટાપુઓમાં આશ્રય લીધો હતો. ત્યાંથી દક્ષિણમાં ખસતાં ખસતાં નસીબ સંજોગે તેઓ છેલ્લાં ચારેક વરસથી સ્ટેટન ટાપુ ઉપર આવી ચડ્યા હતા.

લમાયર ખાડીનો પૂર્વ છેડો એલ્ગર-બેમાં પડતો હતો તથા અહીં પશ્ચિમ છેડે કેપ સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિરનો પ્રદેશ હતો. આ બંને પ્રદેશો ત્યાંના ખડકોને કારણે જહાજોનાં સ્મશાન બની ગયા હતા. આ જહાજોના ભંગારમાંથી ખોરાક વગેરે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ તેમજ કિંમતી જર-ઝવેરાત તથા માલસામાન મળી શકે તેવી માહિતી સ્થાનિક માછીમારી પાસેથી એમને મળી હતી. સીધી ચાંચિયાગીરીના ધંધાને બદલે કાંઠાઓ ઉપર વેરણછેરણ પડેલો માલ લૂંટવાનું કામ ઓછું જોખમી લાગ્યું. ડઝન જેટલા માણસોને સાથે લઈને કૉંગ્રે-કાર્સેન્ટીની જોડી અહીં આવી હતી. તોફાનમાં એમની હોડી તૂટી જતાં જીવ બચાવી માંડમાંડ સ્ટેટન ટાપુ ઉપર આવી શક્યા હતા.

અહીં આવવા માટે ઉપયોગમાં લીધેલી હોડી તૂટી જતાં તેઓ અહીં ફસાઈ ગયા હતા. ટાપુ નિર્જન હોવાથી એઓ અહીં સલામત હતા, છતાં કેદી જેવા હતા. તૂટેલા જહાજોમાંથી ખોરાકની ચીજો મળી રહેતી, પરંતુ એ સ્રોત ઉપર લાંબો ભરોસો રાખી શકાય તેમ ન હતું. લૂંટમાંથી મળતી કિંમતી ચીજવસ્તુઓનું શું મહત્ત્વ? જો એનો ઉપયોગ

કરી શકાય તેમ ન હોય તો? એ ખજાનો લઈને કૉંગ્રે પોતાની મૂળ કર્મભૂમિ તરફ ભાગી જવા ઉત્સક હતો.

સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિરના છેડા તરફ એણે જ્યારે પેલા જહાજને સાંજના સમયે જોયું, ત્યારે ભાગવા માટેની તક દેખાઈ. એનો અનુભવ કહેતો હતો કે કોઈ ચમત્કાર થાય તો જ એ જહાજ બચી શકે. કમભાગ્યે એવો ચમત્કાર થયો નહીં. રાત્રીના અંધારામાં એ જહાજ મોજાંની થપાટો ભેગું ઊંચકાઈને રેતીવાળા કાંઠા ઉપર ધકેલાઈ ગયું. ભરતીનાં પાણી ઊતરતાં જ તે કાંઠા તરફના પડખે ઢળી ગયું.

રાત્રી પછીના દિવસનું અજવાળું થતાં જ કૉંગ્રે વગેરે ગઈ કાલ સાંજવાળા સ્થળે આવી ગયા. જહાજને કાંઠા તરફ નમી પડેલું જોયું. કાંઠા તરફ નમેલો તૂતકનો ખુલ્લો ભાગ તેઓ જોઈ શકતા હતા. એના ઉપર કોઈ માણસ જોઈ શકાયો નહીં. કુતૂહલથી અને કાંઈક આશાથી કૉંગ્રે વગેરે જહાજની નજીક ખસતા ગયા. ઓટમાં પાણી ઊતરી ગયું હતું. નીચાણવાળા ભાગોમાં પાણી હોવા છતાં ભૂશિરની ખૂંધના ખડકો ખુલ્લા થયા હતા. એના ઉપર સાચવીને પગ ઠેરવતા તેઓ જહાજની સાવ નજીક પહોંચી ગયા. જહાજ ઉપર કોઈ માણસ દેખાયું નહીં. અંદરના ભાગો પણ સૂમસામ હતા.

પૂરી તકેદારી સાથે સૌ વહાણ ઉપર ચઢી ગયા. તપાસ્યું. એમના આશ્ચર્ય વચ્ચે કોઈ પણ માણસ એમાં હાજર ન હતું. કૉંગ્રેએ કલ્પના કરી લીધી કે રાતના અંધારામાં મોજાં ઉપર ઊંચકાઈને જહાજ અહીં રેતીવાળા કાંઠા ઉપર ઊંચકાઈ આવ્યું હશે. મોજાંની થપાટોથી હાલકડોલક થતું જહાજ તૂટવાનું જ હતું, એવી ખાતરી તેના અધિકારીઓ અને નાવિકોને થઈ ગઈ હોવી જોઈએ. વહાણને ફરીથી પાણીમાં ખેંચવાના પ્રયાસો તો તેમણે કર્યા જ હશે. એમાં સફળતા ન મળતાં જીવ બચાવવા હોડીમાં બેસી ભાગી છૂટ્યા હોવાનું જ અનુમાન કૉંગ્રે કરી શક્યો. પરંતુ અંધારી રાતમાં તેમનું એવું દુસાહસ તેમને માટે ખતરનાક નીવડ્યું હોવાનું જણાતું હતું. ઉત્તરપૂર્વમાં દૂર ફ્રેન્કલિન-બેના કાંઠા વિસ્તારમાં તેમની એ હોડી ઊંધી પડેલી દેખાતી હતી. એમાંના નાવિકો જીવિત હોવાનું કોઈ ચિહ્ન એમના જોવામાં આવ્યું નહીં. બધા જ ડૂબી ગયા હોય અને ઓટની સાથે ઊંડા દરિયામાં ખેંચાઈ ગયા હોય એવું લાગતું હતું.

કૉંગ્રેની તમામ અટકળો સાચી જણાતી હતી. જહાજના નામની તકતી ઉપર 'મૌલે-વાલપારીઝ' નામ લખેલું હતું. ઉત્તર તરફના ચીલી દેશનું હતું. તેમાં લોખંડના સળિયા ભરેલા હતા. લમાયરની ખાડીમાં થઈને સીધા પૂર્વમાં ફોકલૅન્ડ ટાપુઓમાં જવા નીકળ્યું હતું. ૨૨મી ડિસેમ્બરની રાતે જ તે અહીં ફસાઈ ગયું હતું.

'આપણે તો વિના વાદળ વરસાદ પડ્યો હોય તેવું લાગે છે. જાણે બગાસું ખાવા માટે મોં ખુલ્લું કર્યું કે સાથે જ મોંમાં પતાસું આવી ગયું. આપણા કોઈ પણ પ્રયાસ વિના આ વહાણ આપણા હાથમાં આવી ગયું છે.' કાર્સેન્ટીએ આનંદ વ્યક્ત કર્યો.

'ખુશ થવાને હજી વાર છે. એના તળિયાના ભાગમાં પથ્થરોને કારણે કેવું નુકસાન થયું છે, તે જોયા-તપાસ્યા પછી જ કહી શકાય.' કૉંગ્રેએ સાવચેતીભર્યો આશાવાદ દર્શાવ્યો.

વહાણોની દરિયાઈ ક્ષમતાનો આધાર એના તળિયાંની મજબૂતાઈ ઉપર હોય છે. કૉંગ્રેએ ફરતે ફરીને એની સ્થિતિ જોઈ લીધી. રેતીમાં ખૂપેલાં તળિયાના ભાગને જોઈ શકાયો નહીં. જોકે કોઈ રીતે એને ત્યાંથી ખસેડીને પાણીમાં તરતું કરી શકાય, તો તે પછી પણ એ ભાગ તો પાણીમાં ડૂબેલો જ રહેવાનો હતો. જહાજ તરતું થાય ત્યારે નુકસાન પામેલા ભાગમાંથી કેટલું પાણી અંદર ચૂવે છે, તે જાણ્યા પછી જ સાચો અંદાજ આવે તેમ હતું. વહાણના બાકીના તમામ ભાગો સલામત જણાતા હતા.

કૉંગ્રેનું ફળદ્રુપ ભેજું તરત જ કામે લાગ્યું. થોડા કલાકો બાદ આવનારી મોટી ભરતીમાં વહાણને પાણીમાં ઉતારવા, શક્ય તે બધું જ કરવાનું એણે નક્કી કર્યું. તમામ સાથીઓને એણે ઉપર બોલાવી લીધા. કાર્સેન્ટીની સાથે મળીને જહાજના પાછળના ભાગમાં આવેલી કૅપ્ટન તથા વાઇસ કૅપ્ટનની કૅબિનો એણે તપાસવા માંડી. જહાજ અંગેના તમામ દસ્તાવેજો શોધી કાઢ્યા.

દસ્તાવેજો તપાસતાં જણાયું કે તે ચીલી દેશનું જહાજ હતું. એકસો સત્તાવન ટનની એની વહનશક્તિ હતી. એના કૅપ્ટનનું નામ પિલ્હા હતું. ૨૩મી નવેમ્બરે છ જેટલા નાવિકો સાથે તે ફૉકલૅન્ડ ટાપુના કોઈ બંદરે જવા નીકળ્યો હતો. કૉંગ્રેને અહીં આવ્યાને બે કલાકનો સમય વીત્યો હતો, છતાં એમાંનું કોઈ આજુબાજુમાં દેખાયું નહીં.

ટાપુ ઉપર કૉંગ્રેએ સંતાડેલો ખજાનો એમાં લાદીને કાયમ માટે અહીંથી અલવિદા થવા માટે 'મૌલે આદર્શ વાહન બને તેમ હતું. કુદરતે જ જાણે તેમને અનુકૂળતા કરી આપી હતી. એમાં એક જ તકલીફ હતી. 'મૌલે'ના તળિયામાં થયેલું નુકસાન ગંભીર પ્રકારનું ન હોય, તો જ એમાં સફળતા મળે તેમ હતું. નુકસાનનો ચોક્કસ અંદાજ મેળવવા અંદરનું લોખંડ બહાર કાઢવું પડે તેમ હતું. અત્યારે તે શક્ય ન હતું. તળિયામાં પડેલા એના વજનને કારણે જ તે સ્થિર રહી શક્યું હતું. હાલની સ્થિતિમાં કોઈ પણ જાતનો ફેરફાર વધુ અનિશ્ચિતતા ઊભી કરી શકે તેમ હતો. વળી હલકું બનેલું એવું જહાજ દરિયા તરફથી આવતાં મોજાંની સામે કદાચ વધુ અસ્થિર બની જાય તેવી શક્યતા પણ હતી.

હવે તો મોટી ભરતી આવે તેની રાહ જોયા વિના છૂટકો ન હતો. એવા પાણીમાં જહાજ થોડું પણ ઊંચકાવાની શક્યતા હતી. એ વખતે લંગરના તારનાં દોરડાંની ભીડ લગાવીને કિનારાના છીછરા પાણીમાંથી ઊંડા પાણી તરફ થોડું પણ ખેંચી શકાય, તો કિનારાના ઢાળ ઉપરથી આપોઆપ નીચે સરી પડે તેમ લાગતું હતું. ભરતીનો સમય થઈ ગયો હતો. ત્યાર બાદના થોડા સમયમાં ભરતીનું ચરમબિંદુ આવે તેમ હતું. સૌ એવી

પળની ચિંતા અને ઉશ્કેરાટ સાથે રાહ જોવા લાગ્યા. કોઈને કાંઈ જ સૂઝતું ન હતું. સૌ મૌન હતા. અજંપા ભરી શાંતિ પથરાયેલી હતી. એવા ગંભીર માહોલમાં જાણે વાત કરવા પૂરતું જ બોલતો હોય તેમ કાર્સેન્ટી બોલ્યો :

‘મૌલેનો આગળનો ભાગ પહેલો ઊંચકાય તેમ લાગે છે. એમ થાય કે તરત તેને ઊંધી દિશામાં ખેંચવાની તમામ તૈયારી આપણે કરી લીધી છે. અહીંનો કાંઠો રેતીવાળો છે એટલે મને લાગે છે કે જહાજના એમાં ખૂંપેલા તળિયાને ઝાઝું નુકસાન થયું નહીં હોય.’

‘મારું પણ એવું જ માનવું છે, છતાં નુકસાનનો ખરો અંદાજ તો પાણીમાં તરતું થાય તે પછી જ આવે.’ કૉંગ્રેએ પણ અટકળબાજીનો જવાબ અટકળથી જ આપ્યો,

‘એ થોડું પણ ઊંચું થાય તો આપણું જોર કામ લાગી શકે. એક વાર અહીં કાંઠાની રેતીમાંથી ઊંડા પાણીમાં એ ખસે પછી તો આપણી ગુફા સામેની પેંગ્વિનની ખાડીના પાણીમાં લઈ જતાં કેટલી વાર લાગવાની ! ત્યાં પાણી ઘણું ઊંડું છે. ઓટ સમયમાં પણ એને વાંધો નહીં આવે. આ પ્રકારનાં સપાટ તળિયાંવાળાં વહાણને માટે માત્ર છ ફૂટની પાણીની ઊંડાઈ પણ પૂરતી હોય છે.’

‘પછી શું? કાર્સેન્ટીને કૉંગ્રેની યોજનાનો હજી પૂરેપૂરો ખ્યાલ આવ્યો ન હતો.

‘એ માટે તો આપણે વિચારેલું જ છે. એક એક કદમ આગળ ચાલીને જ આગળનાં ડગલાં ભરવા જેવું છે. હમણાં તો આને અહીંથી ખસેડીને તરતું કરવામાં આપણે કેટલા સફળ થઈએ તેના ઉપર બધો આધાર છે. પરિસ્થિતિ જે રીતે વળાંક લે તે પ્રમાણે આગળની ચાલ ઉપર વિચાર કરવાનો ! બીજું શું !!’

ભરતી શરૂ થાય અને તેનો પહેલો મોટો ઉછાળ આવે તે અગાઉ કરવાનાં કામો અંગે કૉંગ્રેએ હુકમ આપવા માંડ્યા. વહાણના આગળના ભાગમાં એના કક્ષમાં રખાયેલું લંગર છૂટું કરાયું. એના તારનાં દોરડાં વિંટાયેલા ચાકડાને ઊંધો ફેરવીને લંગરની દોરી ખેંચી નીચે ઉતાર્યું. લંગરને દૂર લઈ જઈને એક ભેખડ સાથે ભેરવવામાં આવ્યું. દોરડું પૂરેપૂરું ખેંચાયેલું રહે તે માટે લંગરને દૂર લઈ જવાયું. પાણી સાથે વહાણ થોડું પણ ઊંચકાય ત્યાર બાદ એ દોરડું આગળ કે પાછળ ખેંચીને જ વહાણને ખસેડી શકાય તેમ હતું.

કૉંગ્રે-કાર્સેન્ટી સહિતના અડધા માણસો વહાણ ઉપર જ રહ્યા. બાકીના અડધા માણસોને પાણી ચડે તે પહેલાં લંગરવાળા સ્થળ પાસે નીચે ઊભા રાખ્યા. સૌ હવે સૂચનાની રાહ જોતા ઉચાટ ભરેલી હાલતમાં ઊભા રહ્યા. જરૂરિયાત પ્રમાણે લંગરના દોરડાને કાંઠેથી અથવા જહાજ ઉપરથી ખેંચવાનું હતું. એમાં પૂરેપૂરી ગણતરી અને કાળજી જરૂરી હતી. થોડી પણ સરતચૂક થાય તો વહાણ ઊંડાં પાણી તરફ ખેંચાવાને બદલે રેતીના પથારા ઉપર ચડી જાય તેમ હતું. વહાણ અહીંથી મુક્ત થઈ શકે તેમાં જ

અહીંના કેદખાનામાંથી છુટકારાની ગુરુચાવી હતી. એમાં કાંઈક આડું વેતરાયું તો બાકીની જિંદગી અહીં નિર્જન ટાપુ ઉપર જ પૂરી કરવાની રહે તેમ હતું.

કૉંગ્રે-કાર્સેન્ટીનું પ્રારબ્ધ જોર કરતું હોય તેવી અનુકૂળતાઓ એક પછી એક એમ ઊભી થયે જ જતી હતી. વહાણ ખરાબે ચડી જવા છતાં હજી ઊભું હતું. એમાંથી એને ઊંડાં પાણીમાં ઉતારવાના પ્રયાસોમાં કુદરત યારી આપી રહી હોય તેમ લાગતું હતું. દરિયા તરફથી દક્ષિણ તરફ ફૂંકાતા પવનોનું જોર વધી રહ્યું હતું. ભરતીને કારણે જહાજ થોડું પણ ઊંચું થાય, બીજી તરફ એને દોરડાંથી ખેંચવામાં આવે અને સાથે પવન પણ અનુકૂળ હોય ત્યારે કામ આસાન બનવાની શક્યતા હતી.

કટોકટીની આ ઘડીએ કૉંગ્રે જહાજના આગળના તૂતક ઉપર જ ઊભો હતો. એની ગણતરી હતી કે ભરતીના પાણીની ઊંચાઈ વધવાની સાથે એ ભાગ જ પહેલો ઊંચકાવાનો હતો. એવું થાય તો એ ભાગની દિશા, પાછળના ભારેખમ ભાગના વજનને કારણે નીચે ઊભેલા માણસોની થોડી ખેંચથી પણ બદલાઈ શકે. એ સાથે જ લંગરનું દોરડું વીટવાના ચાકડાને પણ સંભાળપૂર્વક ફેરવવાની જરૂર હતી. આગળનો એ ભાગ એક વાર દરિયા તરફ વળી જાય, ત્યાર બાદ ત્યાંથી ઊંડાં પાણી તરફ કુદરતી રીતે ધકેલાય તેવી ગણતરી હતી.

અસહ્ય બનતી ગયેલી સ્થગિતતાનો આખરે અંત આવ્યો. ભરતીનું પહેલું મોજું વાજતેગાજતે આવ્યું. એનું પાણી રેતીના પટ ઉપર રેલાવા લાગ્યું. પાણીની સપાટી ઇંચ ઇંચ કરતી ઊઠવા લાગી. તળિયાના ભાગમાં પાણીનો ભરાવો થતાં જહાજ દરૂજી ઊઠ્યું હોય તેમ સૌને લાગ્યું. ત્યાર બાદ બીજું મોજું આવ્યું. બીજા પછી ત્રીજું એમ. એની હારમાળા શરૂ થઈ ગઈ. થોડી હળવાશ અનુભવી શકાય તેવી સ્થિતિ હતી. છતાં કૉંગ્રેને એક અન્ય બાબતની પણ ચિંતા હતી. રેતી ઉપર વહાણ ધકેલાયું તે વખતે રેતીમાં પડેલા તીણા પથ્થરો તળિયામાં દબાયા હોવાની શક્યતા હતી. એને લીધે વહાણના પોતાના વજનને કારણે એ ભાગમાં છિદ્રો પડી જાય કે હળવું નુકસાન થઈ શકે તેમ હતું. ભરતીના પાણીના ભરાવા સાથે એવાં છિદ્રો પણ ખુલ્લાં થાય તો એમાંથી ભંડકિયામાં પાણીનો પ્રવેશ શરૂ થઈ શકે તેમ હતું. એવું થાય તો પાણીથી ભરેલા આ સ્થળે મુશ્કેલ સ્થિતિ થાય તેમ હતું. એ ભાગમાં લોખંડ ભરેલું હતું. એવી સ્થિતિમાં એનો કાયમી કે કામચલાઉ કોઈ જ ઉપાય થઈ શકે નહીં. પાણીનું પ્રમાણ વધી જાય તો જહાજનો ઊંચકાયેલો ભાગ પણ ફરીથી બેસી જવાનો. એ સ્થિતિમાં વહાણને તે જ સ્થળે એના નસીબ ઉપર છોડી દેવું પડે. એવાં છિદ્રોમાંથી જો પાણી વધુ પ્રમાણમાં અંદર ઝરવા માંડે તો એનો મોરો ખાસ ઊંચકાય જ નહીં. તેને બદલે આગળનો મોરો ધીમેથી ઊંચકાવા લાગ્યો. ભરતીના ઊંચાં ચડતા પાણીની સાથે એ પણ મક્કમપણે સ્થિરતાથી ધીમે ધીમે ઊંચકાતો જ રહ્યો. સૌનો શ્વાસ હેઠે બેઠો. નીચેથી અને ચારે બાજુથી પાણીનું દબાણ વધવા લાગ્યું. સાથે મોરો વધુ ઊંચકાયો. થોડી વધુ દરુજારી

અનુભવાઈ અને વાંકું પડેલું જહાજ હવે સીધું થઈ ગયું. કોઈ પણ ઠેકાણે વહાણની અંદર પાણી ભરાયાના કોઈ સંકેત હજી મળ્યા ન હતા.

'સબ સલામત' કાર્સેન્ટી આનંદમાં આવી જઈ ચિચિયારી પાડી ઊઠ્યો. સૌએ એના ઉન્માદમાં સાથ પુરાવ્યો.

'લંગરનું દોરડું વીટવાનો ચાકડો સંભાળો.' કૉંગ્રે હજી પણ ગંભીર જ હતો. જહાજ હજી પૂર્ણપણે રેતીમાંથી મુક્ત થયું ન હતું. એણે હળવાશ જરૂર અનુભવી, પરંતુ ચિંતામુક્ત બન્યો ન હતો. જહાજ ફરતેના કઠેરા ઉપર બહારની બાજુએ વાંકો વળીને પાણીના ચડતા સ્તરને જોઈ રહ્યો હતો.

ભરતી શરૂ થયાને અઢી કલાકનો સમય થઈ ગયો હતો. આગળનો ભાગ ઊંચકાવા છતાં પાછળનો વજનદાર ભાગ હજી પણ રેતીમાં જ ખૂંપેલો હતો. પાણી હજી અડધો-પોણો કલાક ચડતું રહે તેમ હતું. જે કાંઈ થઈ શકે તે એ દરમ્યાન જ કરવાનું હતું. આ અવસર જો ચૂક્યા તો હવે પછીની મોટી ભરતી સુધી રાહ જોવી પડે તેમ હતું. ગણતરી પ્રમાણે હવે પછીની ભરતી અત્યારના કરતાં હળવી જ રહેવાની હતી. કૉંગ્રે એ કારણે જીવ ઉપર આવી ગયો હતો. મુક્તિ માટેની એક આશા બંધાઈ હતી. છતાં જહાજ ત્યાં અચળ જ રહેતાં તે ઝનૂને ભરાયો હતો.

લંગરનું દોરડું હવે વધુ જોરથી ખેંચવાની જરૂર હતી, દોરડું સીધું તો ખેંચાય તેમ હતું નહીં. ચાકડો જો બળપૂર્વક ઊંધો ફેરવી શકાય તો જ એના ઉપર દોરડું વીટાતું જાય અને દોરડું એ રીતે ખેંચાતું જાય. લંગર તો એના સ્થળે ભેરવાયેલું જ રાખવાનું હતું. એટલે દોરડું ખેંચાવાને આધારે જ વહાણ ખસી શકે તેમ હતું. વહાણમાં જ રહીને દોરડું ખેંચીને તેને ખસેડવા માટેનો એ જ છેલ્લો ઉપાય હતો.

કૉંગ્રેએ વધુ જોર લગાવવા સૌને આહ્વાન આપ્યું. એના જવાબમાં ચાકડા ઉપર જડેલા ખૂંટા પકડીને સૌએ તેને બળપૂર્વક ફેરવવા માંડ્યું. તારનું દોરડું ઢીલું હતું તેથી સરળતાથી ચાકડા ઉપર વીટાયું, પરંતુ પછી તે તંગ બની ગયું.

મોટામસ જહાજને ખસેડવા માટે હવે જ દોરડું વધું વીટવાની જરૂર હતી. તંગ થયેલું દોરડું જો નબળું હોય તો તૂટી જાય એવી પણ શક્યતા હતી. નસીબ વાંકું હોય તો તેમ પણ બની શકે. એવું બને તો થઈ રહ્યું. વહાણને તાત્કાલિક ત્યાંથી ખસેડવાનું અશક્ય બની જાય.

વહાણનું સુકાન રેતીમાં દબાયેલું હતું. જ્યાં સુધી આગળનો ઊંચકાયેલો ભાગ ફરી જઈને ઊંડા પાણી તરફનો ન થાય, ત્યાં સુધી સુકાન કામ આપે તેમ ન હતું. ભરતીના પાણીનો મારો અને તેના ટેકામાં લંગરના દોરડાની ખેંચથી જ વહાણના મોરાને ફેરવી શકાય તેમ હતું.

આ મથામણ ચાલતી હતી. તે દરમ્યાન કાર્સેન્ટી નીચે ભંડકિયામાં જઈને તપાસ કરી આવ્યો. વહાણ ખરાબે ચડી ગયું તે વખતે રેતીમાં ખૂંપેલા પથ્થરોને કારણે તળિયાના ભાગમાં પાટિયાં તૂટી ગયાં હોય કે બાકોરું પડ્યું હોય, તે બાબતને ગંભીરતાથી લેવી પડે તેમ હતું. ભંડકિયું તો લોખંડના સામાનથી ભરેલું હતું. કાર્સેન્ટી ઉપર ઉપરથી જ જોઈ શકે તેમ હતો. નીચેના ભાગમાંથી પાણી ઝરવાનાં કોઈ ચિહ્ન એને જણાયાં નહીં. વહાણ અહીંથી ખસી શકે અને નજીકના પેંગ્વિન-બેમાં એને લઈ જઈ શકાય તો જ નુકસાનીનો અંદાજ મેળવી શકાય તેમ હતું.

વહાણ રેતીમાંથી ખસીને ઊંડા પાણીમાં જાય કે કૉંગ્રે તરત જ તેને પોતાની નિવાસી ગુફા સામેના પેંગ્નિવન-બેમાં લઈ જવા માંગતો હતો. ત્યાં જઈ ગુફામાંનો બાકી રહેલો સામાન સાંજ સુધીમાં તેમાં ભરવાનો ઇરાદો હતો. બીજા દિવસે સવારમાં જ અજવાળું થતાં નીકળવાનું નક્કી કર્યું. લમાયરની ખાડીમાં થઈને પૂર્વમાં એલ્ગર-બેમાં લાઇટહાઉસ પાસે પહોંચી જવામાં હવે કોઈ તકલીફ પડે તેમ ન હતું. આમ છતાં એ માર્ગે કોઈ મુશ્કેલી લાગે તો સ્ટેટન ટાપુની દક્ષિણે થઈને પણ ત્યાં જઈ શકાય તેમ હતું. જોકે હવામાનની રૂખ જાણ્યા બાદ જ એનો નિર્ણય થઈ શકે તેમ હતો.

મનના ઘોડા એ રીતે પુરપાટ દોડતા હતા, પરંતુ રેતીમાં ખૂંપેલો પાછલો ભાગ ચસવાનું નામ લેતો ન હતો. વહાણ અહીંથી જ નીકળી ન શકે ત્યાં સુધી એ બધા વિચારો અને યોજનાઓ શેખચલ્લીવેડા જ બની રહે તેમ હતું.

એ દિશામાં છેલ્લો જોરદાર પ્રયાસ કરવાનું કૉંગેએ નક્કી કરી લીધું. એના સિવાયના તમામ માણસો ચાકડાના દાંતા પકડીને તેને ફેરવવા જોર લગાવતા હતા. દોરડું ખેંચાઈને જેટલું ચાકડા ઉપર વીંટાય તેટલું જહાજ ત્યાંથી ખસવાનું હતું. પરંતુ દોરડું ખેંચાતું ન હતું અને જહાજ ખસતું પણ ન હતું.

પાછળના ભાગના કઠેરાનો ટેકો લઈને પાણી તરફ ઝૂકી રહેલો કૉંગ્રે પણ હતપ્રભ બની ગયો હતો. એની પાસે હવે માત્ર ત્રીસ જ મિનિટ બાકી હતી. એ સમય વીતી ગયો, પછી બીજા ત્રણ દિવસ કાંઈ પણ થઈ શકે તેમ ન હતું. સ્ટેટન ટાપુ ઉપરના લાંબા એકાંતવાસ બાદ મુક્તિ માટેની જે તક અનાયાસે સાંપડી હતી, તે રોળાઈ જવાની અણી ઉપર હતી. પરિશ્રમ સભર પ્રયાસો છતાં જહાજ ચસવાનું નામ લેતું ન હતું. એક આદર્શ તક ઊભી થઈ પણ ભાવિ વળી પાછું અનિશ્ચિત જેવું બની ગયું.

એટલું ઓછું હોય તેમ, અત્યાર સુધી ખુશનુમા રહેલું હવામાન હવે બગડે એવાં એંધાણ ક્ષિતિજ ઉપર દેખાવા માંડ્યાં. દૂર દૂર કાળાં વાદળોનો ભરાવો શરૂ થયો હતો. વરસાદ સાથે હવાનું તોફાન શરૂ થયું, એવી સ્થિતિમાં દરિયો પણ ડાહ્યો થઈને બેસી રહે એવું બને નહીં. ઉત્તરપૂર્વ તરફથી અત્યારે આવતી હળવી લહેરોને ઝંઝાવાત બનતાં વાર લાગે તેમ ન હતું. એનાથી વહાણ દક્ષિણ તરફ ધકેલાવાને બદલે પશ્ચિમ તરફના

ઊંડા દરિયામાં વહી ગયું, તો મોટી આફત ઊભી થાય. એને પાછું વાળવામાં સઢની ગોઠવણી પણ ઉપયોગી બની શકે નહીં. આ વિભાગમાં આવાં તોફાનો દિવસો સુધી ચાલુ રહેતાં હોય છે. એ કારણે ભોગવવી પડનારી અહીંની લાંબી મહેમાનગતિ સૌને માટે મોતનું કારણ બની શકે તેમ હતો.

થોડી વધુ મિનિટો વીતી. ભરતીના પાણીનું છેલ્લું મોજું જહાજના પડખાંને અડીને કિનારાના ખડક સાથે અથડાયું. સાથે થોડી વધુ ઊંચાઈએ એની નિશાની મૂકતું ગયું.

હવે ઓટની શરૂઆત થવાની તૈયારી હતી. તે પૂર્વે થોડી ક્ષણો પાણી સ્થિર રહેવાનું હતું. ત્યાર બાદ બેવડી ઝડપથી પાણીનો ઊભરી શમી જવાનો હતો.

એ જ એક એવી કટોકટીની પળ હતી, જ્યારે જહાજને આગળ ધકેલવા ખલાસીઓએ છેલ્લો મરણિયો પ્રયાસ કરવાનો હતો, પરંતુ એ ઘડી આવે તે પહેલાં જ સૌ હાંફી ગયા હતા. પરિણામ શૂન્ય હતું. નિરાશ થઈને સૌ એવો પ્રયાસ છોડી દેવાની તૈયારી કરતા હતા.

કૉંગ્રે પોતે પણ થાક્યો હતો, પરંતુ આવી સ્થગિત સ્થિતિ એને તો જરાય પરવડે તેમ ન હતી. એને માટે તો હમણાં જ મુક્તિ અથવા તો કદી નહીંની ઘડી હતી. એ મરણિયો બની ગયો. સાથીઓનું આવું વલણ જોઈ એનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો. ત્યાં જ પડેલી કુહાડી એણે હાથમાં લઈ ઊંચી કરી. કામ છોડી દેનાર વ્યક્તિનું માથું ફાડી નાંખવાની એણે ધમકી આપી.

સાથીઓ જાણતા જ હતા કે સરદારની એ કોઈ પોલી ધમકી ન હતી. ક્રૂરતમ ચાંચિયા સરદારને તેઓ બરાબર ઓળખતા હતા. એમાંનો કોઈ પણ કૂતરાને મોતે મરવા તૈયાર ન હતો. પ્રેમ અને સમજાવટથી જે કામ થઈ શકતું ન હતું, તે સામે ઊભેલા સાક્ષાત યમરાજાના ભયથી થયું.

સૌએ એકીસાથે મળીને આંખોના ડોળા પણ ચડી જાય તેવો મરણિયો પ્રયાસ આદર્યો. લંગરની દોરી વીંટવાના ચાકડાના બંને બાજુનાં પૈડાં ઉપર જડેલા ખૂંટાઓ પકડીને તેમણે છેવટનું જોર અજમાવ્યું. દોરડું તંગ બની ગયું. તાંબાના પતરાથી મઢેલા કાણામાંથી એ સ્ટીલનું દોરડું અંદરની બાજુએ સહેજ ખસતું જણાયું, સામે ઊભેલા સાક્ષાત મોતના ભયથી સૌ એ પણ ભૂલી ગયા કે દોરડું તૂટી જઈ શકે તેમ હતું. આખરે 'ટક' કરતો અવાજ સંભળાયો. દોરડાની પકડ છૂટી ન જાય તે માટે ચાકડામાં બેસાડેલી ઠેસી ઊંચકાઈ અને ટક અવાજ સાથે ઘીસીમાં પડી. એની સાથે જ વહાણ દરિયા તરફ સહેજ ચસ્યું હોય તેવો સૌને અણસાર આવ્યો. થોડી સફળતા મળ્યાના આભાસ માત્રથી પણ સૌ ઉત્સાહમાં આવી ગયા.

ચાકડો ધીમે ધીમે પણ મક્કમ રીતે ફરતો હતો. ઇંચ ઇંચનો ફાસલો ઘટતો હતો. સાથે જહાજ પણ આગળ ઇંચ ઇંચ જેટલું ખસવા લાગ્યું. જહાજના સુકાનનો નીચેનો ભાગ પણ રેતીમાં ખૂંપેલો હતો. પૂરતી મોકળાશ વિના એ આમ કે તેમ ફરી શકતું ન હતું, પરંતુ વહાણ આગળ ખેંચાતાં, સુકાનને આમતેમ ફરવા માટે મોકળાશ થઈ. એને ફેરવવા માટેનું તૂતક ઉપરનું ચક્ર પણ હળવું બન્યું. તેને ફેરવી શકાય તેમ લાગતાં જ કૉંગ્રે સુકાન ઉપર પહોંચી ગયો.

થાક, ભય અને તનાવથી ભાંગી પડેલા ખલાસીઓમાં નવું ચેતન આવ્યું. વળી થોડું વધુ જોર — અને વહાણ વધુ આગળ ખસ્યું.

સૌ આનંદના પોકાર કરી ઊઠ્યા. વહાણને આગળ ખેંચવા માટે લંગરનું દોરડું ખેંચાતું રહ્યું. વીટવા માટેના ચાકડા ઉપર હજી પણ જોર તો લગાવવું જ પડતું હતું. છતાં મૂળ જગ્યા કરતાં અહીં હવે ઢાળ વધુ હતો. એને ખેંચવાનું પહેલાં કરતાં વધુ આસાન બન્યું. થોડા વધુ હલકારા, વધુ ઝાટકા - અને વહાણ ધીમે ધીમે રેતીના પથારા ઉપરથી ઊંડા પાણીમાં સરકવા લાગ્યું. આખરે હળવેથી પાણીમાં ઊતરી પડ્યું અને સૌના આનંદના પોકારો વચ્ચે તે તરતું થઈ ગયું. કાંઠાના બંધનમાંથી એ હવે સંપૂર્ણપણે મુક્ત હતું.

કૉંગ્રે અને કાર્સેન્ટી સહિતના સૌએ રાહતનો દમ લીધો. પાણીમાં થોડું આગળ વધતાં લંગર સાથે બાંધેલું લંગરનું દોરડું હવે સાવ ઢીલું પડી ગયું. બહુ થોડા બળના ઉપયોગથી પણ ચાકડો હવે ફરી શકતો હતો. દોરડું વીંટાવા લાગ્યું. છેલ્લે લંગર પણ ખડકની પકડમાંથી મુક્ત થઈ ગયું અને આગળના તૂતક નીચે આવેલા લંગરકક્ષની નીચે લટકી રહ્યું.

માનસિક રાહત સાથે સૌએ પોતપોતાની કામગીરી સંભાળી લીધી. સેન્ટ બાર્થોલોમ્યુ ભૂશિરને ગોળ ફરતે ફેરવીને જહાજને સંભાળપૂર્વક પૅંગ્વિન ક્રીકમાં હંકારી જવાનું શરૂ થયું.

પવન સાનુકૂળ હતો. આગળના તૂતક ઉપરનો ત્રિકોણાકાર સઢ ફરકારવામાં આવ્યો, વહાણ સરળતાથી એના નિર્ધારિત સ્થળ તરફ ચાલવા લાગ્યું.

અડધા કલાકમાં તો વહાણ ખડકોથી છવાયેલી સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર વટાવીને ઊંચા ખડકોવાળા કિનારાની નજીક આવી ગયું, અહીં પૅંગ્વિન ક્રીકનાં ઊંડાં પાણીમાં લંગરને ફરીથી ઉતારવામાં આવ્યું. છેલ્લા એક વર્ષથી ચાંચિયાઓનું આશ્રયસ્થાન બનેલી ગુફાની બરાબર સામે એ સ્થિર બનીને ઊભું રહ્યું.



મુક્તિની દિશામાં

સેન્ટ બાર્થોલોમ્યુ ભૂશિરની ખૂંધ પાસે રેતીમાં ખૂંપી ગયેલું 'મૌલે' વહાણ કૉંગ્રે અને તેના માણસોની મહેનતથી માંડમાંડ મુક્ત થયું. ચાંચિયાઓ એને તરત જ ખૂંધની બીજી બાજુએ આવેલી પેંગ્વિન ક્રીકની ખાડીમાં હંકારી ગયા. અહીંનો એમનો મુકામ ટૂંકા સમય માટેનો જ હતો. છેલ્લા એક વર્ષથી તેઓ અહીંની ગુફામાં પડાવ નાંખીને ગુપ્તવાસમાં જીવતા હતા. ગુફાની બરાબર સામે જ પાણીમાં 'મૌલે'ને ઊભું રાખ્યું હતું.

ટાપુના પૂર્વ કાંઠે લમાયરની ખાડીના નાકા ઉપર જ લાઇટહાઉસનું બાંધકામ શરૂ થયું હતું. ત્યાં રહેવાનું એમને માટે જોખમી બન્યું હતું તેથી એ અડ્ડો તાત્કાલિક છોડીને એમણે ત્યાંથી ભાગવું પડ્યું હતું. અહીંનો વસવાટ એક વર્ષ કરતાં પણ વધુ લંબાયો હતો. એલ્ગર-બેથી આણેલી ખાદ્યસામગ્રી બહુ જ મર્યાદિત હતી. માછલી તથા નજીકમાંથી મળતાં નાનાં પ્રાણીઓનો શિકાર કરીને જ એમણે ખેલ ચલાવવો પડતો હતો. અહીંથી બહુ દૂર જઈને શિકાર કરવામાં પણ જોખમ હતું.

પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ હતી. અનાયાસ મળેલા 'મૌલે' જહાજમાં એ લોકો આસાનીથી પૂર્વકાંઠે જઈ શકે તેમ હતા. ગુફામાં હવે તો પાસે કોઈ સામાન બચ્યો જ ન હતો. સાથે લઈ જઈ શકાય તેટલું બધું જ એમણે લેવાનું હતું, પરંતુ અગત્યનું કામ વહાણના તળિયે કોઈ નુકસાન થયું હોય તો તેની તપાસ કરવાનું હતું. હજી સુધી ક્યાંય પાણી ઝમતું જણાયું ન હતું, છતાં રેતી ઉપરાંત પથ્થરોવાળો એ કાંઠો હતો. રેતીને કારણે તળિયામાં સીધું કાણું પડવાની શક્યતા ન હતી, પરંતુ નીચે દબાયેલા પથ્થરોથી તળિયાનાં પાટિયાં કે પાંસળીઓને નુકસાન થવાની શક્યતા હતી.

પ્રશાંત મહાસાગરમાં હંકારી જવાની પૂર્વતૈયારી માટે એવું નુકસાન દુરસ્ત કરાવવાનું જરૂરી હતું.

'મૌલે'નું ભંડકિયું લોખંડથી ભરેલું હતું. એ બધું એકીસાથે ખાલી કરવામાં સમય અને શક્તિ વધુ વપરાય તેમ હતું. શ્રમ કરતાંય વધુ તો સમયનો વ્યય એમને પરવડે તેમ ન હતો. એ ઉપરાંત વહાણ ખાડીના ઊંડા પાણીમાં હતું. એને પૂરેપૂરું ખાલી કરવાનું શક્ય પણ ન હતું.

કૉંગ્રેએ સૌપ્રથમ આગળના ભાગમાંથી માલને બાજુએ ખસેડાવી લીધો. કાર્સેન્ટીની સાથે મળીને એ ભાગની ચકાસણી કરી લીધી. વર્ગાસ નામનો ચીલીનો એક સુથાર પણ એમની ટોળીમાં હતો. વહાણોના સમારકામનો એને સારો અનુભવ હતો. એને પણ સાથે રાખવામાં આવ્યો. આગળના ભાગનું તળિયું સાવ સલામત જણાયું.

ધરપત સાથે એમણે વચ્ચેના ભાગમાંથી સામાનને આગળ ખાલી થયેલા ભાગમાં ખસેડાવ્યો. એ ભાગ પણ સલામત હતો. એ બંને ભાગો પ્રમાણમાં હળવા હોવાથી રેતીમાં ખૂંપવા છતાં બીજું કોઈ જ નુકસાન થયું ન હતું.

બાકી રહ્યો પાછળનો ભાગ તથા સુકાન. આ સુકાન પણ પાછળના ભાગની સાથે રેતી-પથ્થરના પથારામાં ઊંડું ખૂંપી ગયું હતું. એ ભાગમાંથી લોખંડ ખસતાં જ થયેલા નુકસાનનો સાચેસાચો અંદાજ આવ્યો. તળિયાના પાટિયાંમાં સીધું કોઈ છિદ્ર પડ્યું ન હતું, પરંતુ પાટિયાના આધારરૂપ પાંસળીનો સારો એવો ભાગ મરડાયેલો હતો. એના ઉપર જ બહારનાં પાટિયાંની મજબૂતાઈનો આધાર હતો, તોફાની દરિયામાં મોજાંની થપાટોના મારથી એવાં પાટિયાં છૂટાં પડી જવાનો ભય હતો. લાંબો પ્રવાસ શરૂ કરતાં અગાઉ એનું સમારકામ જરૂરી હતું.

આવા સમારકામ માટેનાં ઓજારો તથા જરૂરી માપનાં પાટિયાં-પેઢિયાં મૌલે જહાજમાંથી મળી આવે, તોપણ અહીં પાણીમાં તરતા જહાજનું સમારકામ થઈ શકે જ નહીં. વળી એમાં સમય પણ ઘણો જાય તેમ હતું.

મૌલે જ્યારે પ્રથમ વાર દેખાયું, અને અહીંના દોજખ કેદખાનામાંથી મુક્તિ મેળવવા માટેના એકમાત્ર સાધન તરીકે કામ આવી શકે એમ લાગ્યું ત્યારે સૌએ એને વધાવ્યું હતું. હવે એ સૌ ગાળો આપવા લાગ્યા. કૉંગ્રેને સાથીઓની હતાશાનો ખ્યાલ આવી ગયો. એવી માનસિક હતાશામાં તેઓ કાંઈ પણ વિચારી શકે તેમ ન હતું. મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાહિત ભૂતકાળ ધરાવતા કૉંગ્રે-કાર્સેન્ટીને એવી સ્થિતિ જરાયે પરવડે તેમ ન હતી. એણે સૌને હિંમત આપી.

'જુઓ ભાઈઓ, વહાણના તળિયામાં થયેલું નુકસાન ગંભીર પ્રકારનું છે, એ સાચું છે. લાંબા પ્રવાસ માટે એના ઉપર ભરોસો ન જ રાખી શકાય. મને વિશ્વાસ છે કે આપણે એ કામ ઝડપથી પૂરું કરી શકીશું.'

'પણ એવું સમારકામ ક્યારે થઈ શકશે.' આવી સ્થિતિમાં ગભરાયેલા એક ચીલીવાસી ખલાસીએ પૂછ્યું. 'અહીં પાણીમાં?' આ સ્થળે એવું કામ કેવી રીતે થઈ શકે? બીજા સાથીએ પણ એવો જ પ્રશ્ન પૂછ્યો. એ કામ અહીં થઈ શકે તેમ નથી. એલ્ગર-બેમાં લાઇટહાઉસની નજીકમાં ક્યાંક અનુકૂળ સ્થળ શોધીને એ સમારકામ આપણે કરી શકીશું. આ મૌલે જહાજમાં અત્યારે કાંઈ જ તકલીફ જણાતી નથી. વધુમાં વધુ અડતાળીસ કલાકમાં ત્યાં પહોંચી જઈશું. અહીંથી ત્યાં પહોંચવાના બે રસ્તા છે. એક તો અહીંથી લમાયરની ખાડીમાં થઈને સીધા પૂર્વમાં હંકારી જઈશું અથવા તો આ ટાપુના દક્ષિણ કિનારે કેપહોર્ન તરફ હંકારવું અને ત્યાંથી ઉત્તરપૂર્વમાં એલ્ગર-બેમાં આપણે જઈ શકીશું. ગમે તે રસ્તે થઈને જઈએ – કાંઠાની નજીકમાં સલામત અંતર રાખીને જ

હંકારવાનું છે. સમારકામ માટેના જરૂરી ઓજારો તથા લાકડાં આપણી ગુફામાં સલામત પડેલાં જ છે.'

એલ્ગર-બેના જળવિસ્તારમાં જવાનું મુખ્ય કારણ ત્યાંની ગુફામાં સંતાડેલો અઢળક ખજાનો હતો. વહાણમાં સમારકામ નીકળ્યું ન હોત તો પણ એ ખજાનો લેવા તો ત્યાં જવાનું હતું જ. વધારાના કામ નિમિત્તે એમણે હવે થોડું વધુ રહેવું પડે તેમ હતું.

સરદારની આ હિંમતને કારણે સાથીઓમાં પણ નવી આશા અને ઉત્સાહ પેદા થયો. બીજા દિવસે સવારની ભરતીના સમયે અનુકૂળતા થાય એ રીતે અહીંથી નીકળવાનું નક્કી કર્યું.

લાઇટહાઉસમાં તેની દેખભાળ તથા સંચાલન માટે ત્રણચાર માણસો જ હશે એવો સૌનો અંદાજ હતો, પરંતુ તેમની હાજરીની આ ચાંચિયાઓને કોઈ ચિંતા ન હતી.

ઉનાળો પૂરો થવાને હજી બે માસ બાકી હતા. શાંતા-ફી પુરવઠા જહાજને પરત આવવાની પણ હજી એટલી જ વાર હતી. એ આવે તે અગાઉ ખજાનો તથા વધારાનો પુરવઠો લઈને 'મૌલે' વહાણને મધ્યપ્રશાંતના સોલોમન વગેરે ટાપુઓ તરફ હંકારી જવાનું હતું. એવી લાંબી અને જોખમી મુસાફરી માટે વહાણને મજબૂત બનાવી લેવાનું પણ એટલું જ જરૂરી હતું. એલ્ગર-બેમાં પહોંચ્યા બાદ ત્યાં કરવાના કામો સંબંધી પ્લાન કૉંગ્રેએ કાર્સેન્ટીને સમજાવી દીધો.

'મૌલે વહાણ ત્યાં પહોંચે કે તરત જ આપણે એલ્ગર-બે અને લાઇટહાઉસનો કબજો લેવાનો છે. હાલની પરિસ્થિતિમાં ત્યાં જવા બાબત મેં મારો મૂળ પ્લાન બદલ્યો નથી. એટલો જ ફેરફાર કર્યો છે કે ટાપુની અંદરના ભાગમાં થઈને આપણે આવ્યા હતા તે રસ્તે થઈને જવાને બદલે, હવે આપણે ખુલ્લા સમુદ્રમાં થઈને જઈશું – ચોરની જેમ ચુપકીદીથી નહીં, પરંતુ શાહુકારની જેમ સામી છાતીએ. ત્યાં પહોંચીને લાઇટહાઉસની નજીકમાં જ કિનારા પાસે અનુકૂળ સ્થળે આપણે લંગર નાંખીશું. 'આપણી સ્થિતિ અને યોજના બાબત તેમને જરાય શંકા પડે તેમ નથી. એક વાર ત્યાં પહોંચ્યા પછી તો...'

બાકીનું વાક્ય અધ્યાહાર રાખી તેણે સ્મિત આપ્યું. અધૂરું વાક્ય પૂરું કરવાની જરૂર જ ન હતી. કાર્સેન્ટી પણ એના જેવો જ અઠંગ ગુનેગાર હતો. કૉંગ્રેની સાંકેતિક ભાષા તે સમજી ગયો.

આ એક એવો પ્લાન હતો કે જેને કોઈ ચમત્કાર જ વિફળ બનાવી શકે. ચીલીના સાગરખેડુ વેપારી વહાણમાં ખુલ્લા સાગરમાંથી આવેલા આ માણસો ચાંચિયાઓ હશે એવી શંકા વાકુઝ, ફીલિપ કે મોરીઝને અથવા તો કોઈ પણ માણસને કેવી રીતે આવે?

બપોર બાદ ભંડકિયામાં વેરવિખેર થયેલા લોખંડને ફરીથી વ્યવસ્થિત કરવામાં આવ્યું. સામાન પણ બરાબર ગોઠવાયો. બધા જ માણસો આવતી કાલના પ્રસ્થાનની તૈયારીમાં વ્યસ્ત રહ્યા.

લાઇટહાઉસનું બાંધકામ શરૂ થયું ત્યારે ખૂબ જ ઉતાવળે એમણે એલ્ગર-બેમાંનો મુકામ ખસેડવો પડ્યો હતો. વધુ સામાન સાથે લઈ જવાનું શક્ય ન હતું. ખાસ જરૂરી સામાન તથા થોડું ઝવેરાત લઈને જ એઓ પગપાળા ત્યાંથી અહી ભાગી આવ્યા હતા. એમાંની બાકી રહેલી જૂજ વસ્તુઓ એમણે આસાનીથી વહાણમાં ભરી દીધી. સાંજના ચાર-પાંચ વાગ્યા સુધીમાં તો ગુફા ખાલીખમ થઈ ગઈ.

હવે પછી કોઈ પણ સમયે લંગર ઉઠાવી શકાય તેમ હતું. પરંતુ કૉંગ્રેને એવી આંધળી ઉતાવળ કરવી ન હતી. વહાણને કાંઠાની નજીક સલામત અંતરે જ હંકારવાનું હતું. રાત્રીના અંધારામાં હવે કોઈ પણ જોખમ લઈ શકાય નહીં, એવી જરૂર પણ ન હતી.

એલ્ગર-બેમાં પહોંચવાના બે માર્ગો હતા. તેમાંથી કયા રસ્તે જવું તે બાબત અનિશ્ચિત રાખવામાં આવી. સવારે ઊપડતી વેળાએ પવનની રૂખ જોયા પછી જ નક્કી કરવાનું વિચાર્યું. ગમે તે રસ્તે જવાનું થાય – કૉંગ્રેની ગણતરી પ્રમાણે રાત્રી મુકામ સાથે ત્રીસેક કલાક જાય તેમ હતું.

રાત્રી શાંત હતી. હળવા મોજાંની ધીમી થપાટો અને ક્યારેક કાંઠાના પક્ષીઓના અવાજ સિવાય અન્ય કોઈ અવાજ ન હતો. કૉંગ્રે અને કાર્સન્ટી માટે તો વહાણમાં કૅપ્ટન અને મદદનીશ માટેની સગવડભરી કૅબિનો હતી જ. અન્ય ખલાસીઓએ તૂતક ઉપર તથા અન્ય અનુકૂળ જગ્યા શોધીને આરામ લીધો. કાંઠાની રેતીમાંથી વહાણને પાણીમાં ધકેલવા માટેની કમરતોડ મહેનત બાદ સૌને આરામની સખત જરૂર હતી.

રાત્રી દરમિયાન આ બંને જણા અવારનવાર કૅબિનમાંથી બહાર નીકળી આકાશ અને દરિયા તરફ નજર દોડાવતા રહ્યા. 'મૌલે'ની સલામતી માટે તેઓ કોઈ બાંધછોડ કરવા માંગતા ન હતાં. બિનજરૂરી ઉતાવળ કરવામાં બીજી બગડી જાય તે એમને પરવડે તેમ ન હતું.

રાત્રી શાંત અને સ્વસ્થ રહી, તો સૂર્યોદય પણ એટલો જ જાજરમાન હતો. પૃથ્વી ઉપરના આ ભાગમાં સૂર્ય ભાગ્યે જ આવા પૂર્ણરૂપે ઊગતો હોય છે.

સવાર પડ્યું. સૌ નાવિકો પોતપોતાના કામમાં અને જવા પૂર્વેની તૈયારીમાં વ્યસ્ત બની ગયા. વહાણ ઉપરના નાના મછવામાં કૉંગ્રે કાંઠા ઉપર આવ્યો. સાંકડી ખીણ અને ખડકોમાં થઈને એ ઊંચી ભેખડની ટોચે પહોંચી ગયો. પૂર્વમાં ઊંચા ડુંગરાઓની હારમાળા હતી. બાકીની ત્રણે દિશાઓમાં એણે નજર ફેરવી લીધી. અફાટ સાગર

ક્ષિતિજ સુધી વિસ્તરેલો હતો. એમાં ક્યાંય કોઈ વહાણ કે તેના ધુમાડાના ચિહ્ન જણાયાં નહીં. એણે ખાતરી કરી લીધી. એલ્ગર-બે સુધીની ટૂંકી મુસાફરી દરમિયાન સામેથી આવતા કોઈ જહાજ સાથે મળવાનું બનવાનું ન હતું. એવી મુલાકાત હાલ તરત તો એ ટાળવા માગતો હતો.

કૉંગ્રેનું અનુમાન સાચું પડ્યું. ભરતીની સાથે જોરદાર પવન શરૂ થઈ ગયો. ખાડીમાં ફૂંકાતો એવો પવન વહાણને જોખમમાં મૂકી શકે એમ હતો. એ કારણે સ્ટેટન ટાપુની દક્ષિણનો માર્ગ એણે પસંદ કર્યો. એમાં કેમ્પ ભૂશિર, વેબસ્ટર ભૂશિર, પૉઇન્ટ સેવરલ તથા ડીઆગો વગેરે સ્થળો પસાર કરીને એલ્ગર-બેમાં લાઇટહાઉસ પાસે પહોંચવાનું હતું.

ઊંચી ભેખડ ઉપરથી ઊતરતાં જ કૉંગ્રેના પગ પોતાની ગુફા તરફ ગયા. એક વર્ષ સુધી પોતાને આશ્રય આપનાર ગુફાની છેલ્લી મુલાકાત પણ લીધી. કોઈ જરૂરી વસ્તુ લેવાની બાકી રહી ન હતી તેની ખાતરી કરી. ત્યાર બાદ ત્યાં વધુ રોકાવાનું કોઈ કારણ ન હતું.

ઝડપથી કાંઠે આવી ગયો. મછવામાં બેસી વહાણ ઉપર આવ્યો. તરત જ વહાણને ઉપાડવા માટેનો આદેશ આપ્યો. લંગર ઉઠાવી લેવાયું. જહાજના આગળ અને પાછળના સઢ ખુલ્લા કરવામાં આવ્યા. એમાં હવા ભરાતાં જ વહાણ પાણી ઉપર ધકેલાવા લાગ્યું.

કૉંગ્રે સુકાન સંભાળી રહ્યો. કાર્સેન્ટી ઊંચા કૂવાથંભ ઉપર ચડીને આગળની સ્થિતિ જણાવતો રહ્યો. અત્યારની નાજુક સ્થિતિમાં નાનકડી ભૂલ માટે પણ બહુ મોટી કિંમત ચૂકવવી પડે તેમ હતું.

દસેક મિનિટમાં જ તેઓ ખાડીની બહાર નીકળી આવ્યા. ઊંડા પાણીમાં તેઓ હવે ઝડપ વધારી શકે તેમ હતા. કૉંગ્રેની સૂચનાથી કાર્સેન્ટીએ બંને કૂવાથંભ ઉપરના મુખ્ય સઢ ખુલ્લા કરાવ્યા. બધા સઢ એ રીતે ખુલ્લા થતાં જ વહાણની ઝડપ વધી. શરૂમાં એમણે દક્ષિણ પશ્ચિમમાં થોડે સુધી આગળ જવાની જરૂર હતી. સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિરને વટાવી જવા ઊંધી દિશામાં એવો ગોળાકાર ચકરાવો જરૂરી હતો. વધુ અડધો કલાક ગયો, અને ભૂશિરનો ભાગ સલામત અંતરે રહીને એમણે વટાવી દીધો.

વહાણને હવે સીધું પૂર્વમાં જ હંકારવાનું હતું. કિનારાથી ત્રણેક માઈલના સલામત અંતરે રવાલ ગતિએ એલ્ગર-બે તરફની મુસાફરી શરૂ થઈ. પશ્ચિમ તરફથી પૂર્વ તરફ વહેતા પવનનો લાભ લેવા એના સઢની દિશા જરૂરિયાત પ્રમાણે બદલવામાં આવતી હતી.

વહાણ એકધારી સ્થિર ગતિથી પાણીમાં આગળ વધી રહ્યું. હવામાન અને દરિયાની સ્થિતિ સાનુકૂળ હતી. કૉંગ્રેએ ધાર્યું હોત તો આ ગતિથી મોડી સાંજ સુધીમાં એલ્ગર-બેના પ્રવેશદ્વાર સુધી પહોંચી શક્યું હોત, પરંતુ હાલ તરત એને એવી કોઈ ઉતાવળ ન હતી.

સાંજ પડે તે અગાઉ વહાણને એણે કાંઠાની સાવ નજીક લેવડાવ્યું. તમામ સઢ સંકેલાવી લીધા. અધવચ્ચે આવેલ કેપ વેબસ્ટર પાસે અનુકૂળ સ્થળ શોધી ત્યાં લંગર નાખી દીધું. અહીં જ રાત્રી રોકાણની તૈયારી કરવા માંડી.

ત્રણે બાજુઓની ઊંચી ઊંચી ભેખડોના ખાંચાનું એ સ્થાન સુરક્ષિત જણાતું હતું. કિનારા જેવું તો કાંઈ હતું જ નહીં. ઊંડા પાણીમાંથી નીકળેલી ભેખડો સીધી જ સો ફૂટ જેટલી ઊંચાઈએ પહોંચતી હતી. પાણી ઊંડાં હોવાથી વહાણને બની શકે તેટલું એ ભેખડોની નજીક લઈ જવામાં આવ્યું. ઊંચા ખડકો એના ઉપર ઝળૂંબતા હતા. ભવ્ય માહોલ હતો.

દક્ષિણનો ઠંડો અને હિમાચ્છાદિત એન્ટાર્કિટકા સાગર અહીંથી બહુ દૂર ન હતો. એની ઉપર થઈને વીંઝાતા ઠંડા જોરદાર પવનો આ વિભાગમાં ભારે તબાહી મચાવતા હોય છે, પરંતુ ચાંચિયાઓનું પ્રારબ્ધ આ વખતે વધુ જોર કરતું હતું.

પચીસમી ડિસેમ્બરની એ રાત્રીનું હવામાન આદર્શ કહી શકાય તેવું સ્વસ્થ હતું. રાત્રી દરમિયાન પડી ગયેલો પવન સવાર થતાં ફરીથી શરૂ થયો.

પ્રભાતનું પહેલું સૂર્યકિરણ પૂર્વસાગરમાં રેલાયું. કૉંગ્રેએ લંગર ઉઠાવવાની તૈયારી કરી લીધી. રાત્રે બાંધી લેવામાં આવેલા સઢને મુક્ત કરવામાં આવ્યા. પૂર્વ તરફની યાત્રા ફરીથી શરૂ થઈ.

કેપ વેબસ્ટર ભૂશિરની અણી દક્ષિણ તરફ ચારથી પાંચ માઈલ સુધી દક્ષિણ સાગરમાં લંબાયેલી હતી. એને વટાવવા માટે સૌપ્રથમ તો વહાણને ભૂશિરના પશ્ચિમ કાંઠે દક્ષિણ દિશામાં હંકારવું પડે તેમ હતું. ભૂશિરની અણીથી સલામત અંતરે રહીને એને વટાવીને વળી પાછા ઉત્તરપૂર્વ તરફ આગળ વધવું પડે તેમ હતું. અહીંથી હવે સીધા ઉત્તરમાં પૉઇન્ટ સેવરલ તરફ ગતિ કરવાની હતી.

એની ફરતે લાંબો ફેરો ખાઈને ‘મૌલે’ વળી પાછું સ્ટેટન ટાપુના કિનારે પૂર્વ તરફ સરવા લાગ્યું. આ ભાગમાં પણ કિનારો સીધી ઊંચાઈની ભેખડોનો જ બનેલો હતો. આખો સ્ટેટન ટાપુ જ જાણે કાળમીંઢ ખડકોનો બનેલો હતો. નીચે ઊતરી શકાય એવી ખાડી, ખીણ કે રેતીવાળું સ્થળ ભાગ્યે જ જોવા મળતું. દક્ષિણના એન્ટાર્કિટકા સાગરના હળવા કે ઝંઝાવાતી મોજાં આ ખડકો સાથે નિરંતર અથડાયાં કરતાં.

કૉંગ્રે જેવા આજન્મ સાગરખેડુ માટે પણ આવા ભયાનક માહોલવાળા પ્રદેશમાંની આ પહેલી જ ખેપ હતી. એથી જ એ ખૂબ સાવચેતીથી વહાણ હંકારી રહ્યો હતો.

દસેક વાગ્યાના સુમારે 'મૌલે'ની સવારી બ્લોઝમ-બે નામે ઓળખાતા નાના ઉપસાગર પાસે આવી પહોંચી. દિવસ ચડતાં હૂંફાળા પવનની ઝડપ વધી. સાથે મોજાંની ઊંચાઈ પણ વધતી ગઈ. કાંઠાની ઊંચી ભેખડોનું રક્ષણ છોડી ઉપસાગર વટાવવા હવે બહાર આવ્યા વિના છૂટકો ન હતો. આગળ આવેલી ભૂશિરની અણી પાર કરવા એ જરૂરી હતું.

સાંજના ચારેક વાગ્યે પૉઇન્ટ સેવરલ પાસે વહાણ આવી ગયું. આ સ્થળ એલ્ગર-બેના પહોળા મુખની દક્ષિણની અણી જેવું હતું. બેમાં જવા માટે એને ઓળંગવું પડે તેમ હતું. કાચના કટોરાના અંદરના આકાર જેવા એલ્ગર-બેની ઉત્તરના છેડાની અણી ઉપર સાન-જુઆનની ભૂશિરનો છેડો આટલાન્ટિકમાં લંબાયેલો હતો. અહીંથી લમાયર ખાડી સુધીના લાંબા કાંઠા ઉપર વચ્ચે પૉઇન્ટ સાન ડીઆગો નામનું સ્થળ હતું. નવી બંધાયેલી લાઇટહાઉસ ત્યાંથી સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી.

આ લાઇટહાઉસને કારણે જ કૉંગ્રેની ચાંચિયા ટોળકી તકલીફમાં મુકાઈ હતી. તો હવે એને લીધે જ અહીંની એકાંત કેદમાંથી મુક્તિ માટેની આશા પણ બંધાઈ હતી.

કૉંગ્રેએ આ લાઇટહાઉસ પહેલી જ વાર આટલી નજીકથી જોયું. નજીક જતાં વધુ સ્પષ્ટ રીતે જોઈ શક્યો. કૅપ્ટન પીલ્હાની કૅબિનમાં રહેલા દૂરબીનની મદદથી લાઇટહાઉસનું સાચું સ્વરૂપ એની નજર સામે છતું થયું. એની દર્શનગૅલેરીમાં ઊભેલા કર્મચારીને પણ તે જોઈ શક્યો.

લાઇટહાઉસ ઉપરથી પણ વહાણ દેખાવા લાગ્યું. શરૂમાં વાકુઝ વગેરેને લાગ્યું કે પૂર્વ તરફના ફોકલૅન્ડ ટાપુઓ તરફ એ જઈ રહ્યું હશે. પરંતુ પૉઇન્ટ સેવરલ પાસે એનો મોરો પશ્ચિમ તરફ વળતો દેખાયો. એમને ખાતરી થઈ કે વહાણ એમના તરફ જ આવતું હતું.

કૉંગ્રેને અહીં ખુલ્લી રીતે જ આવવું હતું. એણે વિચારી રાખેલા પ્લાન માટે એ જરૂરી હતું. લાઇટહાઉસનો કબજો લેવાનો તો મુખ્ય હેતુ હતો જ. વહાણના તળિયાનું સમારકામ અહીં જ થઈ શકે તેમ હતું.

બંને દિવસોની મુસાફરીમાં હવામાન ખૂબ જ હળવું રહ્યું. એટલે જ કોઈ તકલીફ વિના વહાણ અહીં સુધી આવી શક્યું હતું. કૉંગ્રેને તળિયામાં નુકસાનની સતત ફડક રહેતી હતી. એનો ભય સાચો પણ પડ્યો.

ભંડકિયામાં કોઈક વસ્તુ લેવા ગયેલો માણસ દોડતો ઉપર આવ્યો. એણે પોકાર પાડ્યો કે તૂટેલાં પાટિયાંવાળા ભાગમાંથી પાણી અંદર આવવા માંડ્યું હતું. કાર્સેન્ટી તથા સુથાર વર્ગાસ ત્યાં પહોંચી ગયા. ત્યાં પડેલું લોખંડ બાજુએ ખસેડાવ્યું. પાણીનો પ્રવાહ હજી અલ્પ પ્રમાણમાં જ હતો. છતાં એને તાત્કાલિક આડશ મૂકીને બંધ કરવાની જરૂર હતી. બે પાંસળી વચ્ચેના ખાંચામાં પાટિયાં બેસાડીને વર્ગાસે હંગામી ધોરણે પાણી બંધ કરી દીધું. પરંતુ કૉંગ્રે માટે એ મોટી ચિંતાનું કારણ બની રહ્યું. જ્યાં સુધી વહાણ પાણીમાં હોય ત્યાં સુધી કોઈ પણ જાતનું મોટું સમારકામ થઈ શકે નહીં. 'મૌલે'માં તળિયામાં થયેલું નુકસાન ગંભીર પ્રકારનું હતું. એ માટે એને પાણીને બહાર કાઢવું પડે તેમ હતું. લાંબી મુસાફરીએ નીકળતાં અગાઉ સમારકામ કરાવવું જરૂરી હતું.

સાંજના છ વાગ્યા. વહાણ હવે લાઇટહાઉસથી ફક્ત દોઢ માઈલ જેટલું જ દૂર રહ્યું. કૂવાથંભના વધારાના સઢ વીટી દેવાનો કૉંગ્રેએ આદેશ આપ્યો. એની ગણતરી હતી કે એની ચાલુ ગતિ સાથે જ 'મૌલે' લાઇટહાઉસની નજીકમાં જઈને સ્થિર થઈ જશે. એને ત્યાં નજીકમાં જ લંગર નાંખવું હતું.

સાડા છનો સમય થયો. લાઇટહાઉસની દિશામાંથી તેજનો એક લિસોટો વછૂટતો દેખાયો. દીવો હમણાં જ સળગાવવામાં આવ્યો હતો. લાઇટહાઉસ ચાલુ થયા બાદ અહીં આટલી નજીક આવનારું એ પહેલું જહાજ હતું. કમનસીબી એ હતી કે એ અત્યારે રીઢા ગુનેગારોના હાથમાં હતું અને લાઇટહાઉસના નિવાસીઓને એનો જરાય ખ્યાલ ન હતો.

અડધો કલાક વધુ વીત્યો. સૂરજ સ્ટેટન ટાપુના પશ્ચિમ ભાગમાં આવેલા ડુંગરાની પાછળ આથમવાની તૈયારીમાં હતો. જહાજ સાનજુઆનની સામી બાજુએ થઈને એલ્ગર-બેમાં દાખલ થઈ ગયું. અહીંથી એ સીધું લાઇટહાઉસ તરફ જઈ રહ્યું હતું.

કૉંગ્રે અને તેની ટોળીએ અહીં જ ત્રણેક વર્ષ વિતાવ્યાં હતાં. અહીંની ઇંચે ઇંચ ધરતી તેમના પગ નીચે આવી ગઈ હતી. આગળ વધતાં એઓના આશ્રયસ્થાન બનેલી ગુફાને જોઈ લીધી. એક વર્ષ અગાઉ એને છોડવી પડી હતી. અહીંથી જતાં પહેલાં એમણે પથ્થરો અને ઝાંખરાંથી ગુફાનું પ્રવેશદ્વાર બંધ કર્યું હતું. હજી પણ એ તેજ સ્થિતિમાં હતી. એમને ધરપત થઈ. ખાતરી થઈ કે ખજાનો હજી અકબંધ છે.

'સબ સલામત છે.' કાર્સેન્ટીએ એની સામે ઊભેલા કૉંગ્રેને ઉદ્દેશીને જણાવ્યું. તે ખૂબ જ ઉત્તેજિત બની ગયો હતો. 'અત્યાર સુધીમાં તો બધું જ સીધું ઊતરતું રહ્યું. હવે પછી પરિસ્થિતિ બદલાય તે પ્રમાણે કરતા રહેવાનું છે.' કૉંગ્રેએ જવાબ આપ્યો.

વધુ વીસ મિનિટ વીતી. ખાડીમાં પ્રવેશેલું 'મૌલે' બરાબર લાઇટહાઉસની સામે જ આવી ગયું. સઢો વીટી દેવાયા. એની ગતિ એ કારણે સાવ ધીમી જ હતી. તરત જ લંગર પાણીમાં ઉતારવામાં આવ્યું.

ખૂંટે બંધાયેલાં પાલતુ પ્રાણીની જેમ વહાણ સ્થિર થઈ ગયું. એલ્ગર-બેના પાણીમાંથી આવતી નાની લહરીઓ સાથે થોડું ડોલતું રહ્યું.

લંગર હજી પાણીમાં તળિયે પહોંચે અને વહાણ સ્થિર થાય, તે પહેલાં જ અતિ ઉત્સાહિત થઈને ફીલિપ તથા મોરીઝ પોતાની હોડીમાંથી કૂદકો મારીને વહાણ ઉપર ચડી ગયા. લાઇટહાઉસના ઉદ્‌ઘાટન બાદ આ પહેલું જ મહેમાન હતું. એને ધીમી ગતિએ આવતું જોઈ અહીં તે થોભવાનું હતું એવી ખાતરી થઈ હતી. એને આવકાર આપવા કાંઠેથી પોતાની હોડી લઈને તેઓ નીકળ્યા જ હતા. વહાણ ત્યાં આવ્યું. એમની હોડી પણ સાથે થઈ ગઈ.

એ જ વખતે કૉંગ્રેએ કાર્સેન્ટીને ઇશારો કર્યો, કોઈ કાંઈ પણ સમજે કે વિચારે તે પહેલાં જ મોરીઝના માથામાં કુહાડીનો મરણતોલ ફટકો પડ્યો. એ તરત જ ત્યાં ઢળી પડ્યો.

એ સાથે પિસ્તોલમાંથી ધડાંગ ધડાંગ અવાજ સાથે બે ગોળીઓ વછૂટી. ફીલિપે પણ પોતાના સાથીદારની બાજુમાં જ મોતની સોડ તાણી લીધી.

લાઇટહાઉસની દર્શનગૅલેરીમાં રહેલા વાકુઝે ગોળીબારના અવાજ સાંભળ્યા. એ તરફ ધ્યાનથી જોયું. પોતાના બે સાથીઓની લાશને દૂરથી પણ તે જોઈ શક્યો.

અનુભવી વાકુઝને તરત જ ખ્યાલ આવી ગયો. વહાણ ચાંચિયાઓના કબજામાં હતું. જો પણ જીવતો પકડાય તો એને માટે પણ એ જ અંજામ હતો. 'બિચારો મોરીઝ? બિચારો ફીલિપ !! એમને બચાવવા કાંઈ જ કરી શકાયું નહીં. શોકમગ્ન બની ગયો. મનોમન ગણગણાટ કરવા લાગ્યો. પોતાની નજર સામે એક જ પળમાં પોતાના બંને સાથીઓના ઠંડે કલજે થયેલા ખૂન જોઈને એ ડઘાઈ ગયો.

થોડી જ પળોમાં એને કળ વળી. ખતરનાક સ્થિતિનો એને એકદમ ખ્યાલ આવી ગયો. આ ઘાતકી મારાઓ ગમે ત્યારે અહીં આવી પહોંચવાના હતા. એમના હાથમાં પકડાયા પછી તો બધો જ ખેલ ખતમ થઈ જવાનો હતો. એક પળનો પણ વિલંબ કર્યા વિના અહીંથી ભાગી છૂટવું એ જ એક રસ્તો હતો.

ચાંચિયાઓએ કદાચ એને ન પણ જોયો હોય, પરંતુ એવું ધારવાનો કે લાંબું વિચારવાનો સમય જ ક્યાં હતો? ગમે તે પળે તેઓ દરવાજે આવીને લાઇટહાઉસનો કબજો લેવા બધું જ કરે તેમ હતું. પોતે જો એમના હાથમાં સપડાય તો તેઓ એને જીવતો રહેવા દે તેમ ન હતું. એ પછી લાઇટહાઉસના સળગતા દીવાને હોલવવાનું કામ તેઓ કરવાના હતા.

વાકુઝ એકી શ્વાસે બબ્બે પગથિયાં કૂદતો નીચે આવી ગયો. સ્ટોરરૂમમાં ગયો. એને માટે હવે કટોકટીની સ્થિતિ હતી. નાની નૌકા કાંઠા તરફ આવતી હોય તેવા

હલેસાના અવાજ એણે સાંભળ્યા.

ગોળી ભરેલી બે પિસ્તોલ લઈને કમરમાં ખોસી દીધી. શાંતા-ફીના કૅપ્ટન લફાયતના આદેશ પ્રમાણે શરીરને પૂરતું રક્ષણ મળી શકે તેવો ખાસ પહેરવેશ એણે એની ફરજના સમયે પહેર્યો હતો. ખભે ભેરવવાની બૅગમાં ખાવાની થોડી ચીજો તથા અન્ય જરૂરિયાતની વસ્તુઓ ઝડપથી ભરી લીધી.

ભંડારરૂમની પાછળની બાજુએથી એ બહાર નીકળ્યો. ઝડપથી ઢોળાવ ઊતરી પડ્યો. ચુપકીદીથી પાછળની ખીણના અંધારામાં ઓગળી ગયો.



આશાનું કિરણ

બિચારો વાકુઝ !! પાંચ જ મિનિટમાં એની દુનિયા બદલાઈ ગઈ. એણે ઇચ્છેલી અને માંગીને મેળવેલી લાઇટહાઉસની જિંદગીમાં એને બરાબરની ફાવટ આવી ગઈ હતી. એની રીતે એ સુખી હતો. તેમાંથી હવે અંધારામાં ઝાડીઝાંખરાંમાં પળપળ મોતની છાયામાં જીવવાનું આવ્યું.

એના કમનસીબ સાથીદારોનાં નિર્દય રીતે ખૂન થયાં હતાં. એની નજર સામે જ તેઓનાં મૃત શરીરોને વહાણ ઉપરથી દરિયાના પાણીમાં ફેંકી દેવામાં આવ્યાં હતાં. ઓટના સમયમાં ઝડપથી ઊતરી રહેલા પાણીમાં, દરિયામાં તે ઘસડાઈ પણ ગયાં હશે.

મિત્રોને ગુમાવ્યાનો અફસોસ કરવાની પણ એની પાસે ફુરસદ ન હતી. એ વખતે જો એ ફરજ ઉપર ન હોત, તો એનો પણ એના મિત્રો જેવો જ ઘડો લાડવો થઈ ગયો હોત.

‘અરેરે ! બંને મિત્રો કેટલા વિશ્વાસથી અને ઉત્સાહથી લાઇટહાઉસના પ્રથમ મહેમાનોને આવકારવા ત્યાં દોડી ગયા હતા !! શી ખબર કે તેઓ મોત તરફ ધસી રહ્યા હતા ! સજ્જનોના સ્વાંગમાં એઓ લૂંટારા અને ખૂની ચાંચિયાઓ હશે, એવી તો કલ્પના પણ કોને આવી શકે? એનું સ્વાગત કરવા છેક વહાણ ઉપર પહોંચી ગયેલા આ નિર્દોષ માણસોને પેલા નાલાયકોએ ઘડીના છઠ્ઠા ભાગમાં હતા ન હતા કરી નાંખ્યા. કેવી કમનસીબી ! એઓ હવે પોતાના દેશને, ઘરને, ગામને કે કુટુંબીજનો તથા મિત્રોને કદી પણ મળવાના ન હતા.

‘મોરીઝની પત્ની તો ત્રણ માસ બાદ તેના પાછા ફરવાની રાહ જોઈ રહી હતી. મધુર મિલનને બદલે હવે તેને પોતાના પ્રિય પતિના મોતના સમાચાર મળશે. કેવી રીતે તેને આશ્વાસન આપી શકાશે?’

ઘડીભર એ પોતાનાં આંસુઓને ખાળી શક્યો નહી. ઘણાં ઘણાં વરસોથી એ બંનેને તે ઓળખતો હતો. તેની ભલામણથી જ અહીંની નોકરી માટે અરજી કરી હતી. પરિચિત મિત્રો અને સાથીઓની આવી અણધારી વિદાય? આ નિર્જન અને ભયાનક ટાપુ ઉપર હવે એ સાવ એકલો હતો. વધારામાં પેલા ખૂનીઓ તરફની મોતની છાયા નીચે જ તેણે જીવવાનું હતું.

એના મનમાં અનેક પ્રશ્નો ઘૂમરાવા લાગ્યા હતા. આવું આ વહાણ ! કાયદેસર રીતે નોંધાયેલું હોય તેવું વેપારી જહાજ હતું. શાહુકારની અદાથી સામે આવીને ઊભું રહી ગયું. એ ક્યાંનું હશે? એલ્ગર-બેમાં શા માટે તે આવ્યું હશે? કોણ હશે એ ચાંચિયાઓ? જેમણે ક્ષણના પણ વિલંબ વિના એના મિત્રોને મોતને ઘાટ ઉતાર્યા. એ લોકો જે

સાહજિકતાથી ખાડીમાં વહાણને હંકારી લાવ્યા હતા, તે ઉપરથી એને સ્પષ્ટ થઈ ગયું કે તેઓ આ ટાપુથી પરિચિત હતા. લાઇટહાઉસમાં પગ મૂકતાંની સાથે જ એની બત્તી બુઝાવી દીધી. તેથી વાકુઝને આશ્ચર્ય થયું. શું તેઓ બીજાં જહાજોને આ તરફ આવતાં અટકાવવા માંગતા હશે? કે પછી લાઇટહાઉસના માર્ગદર્શન વિના ખરાબે ચડીને જહાજો નષ્ટ થાય તેમાં જ તેમને રસ હશે?

વિચારોના વમળમાં એ અટવાતો જ રહ્યો. એકાએક બની ગયેલી આ ભયાનક ઘટનાથી એ સ્તબ્ધ બની ગયો હતો. પ્રશ્નો અનેક હતા, છતાં એકેનો એની પાસે જવાબ ન હતો.

એક બાબતની એને પાકી ખાતરી થઈ હતી. લાઇટહાઉસમાંની નિવાસી કૅબિનો જોઈને લૂંટારાઓને ખ્યાલ આવવાનો જ હતો કે એમાં ત્રણ માણસો હતા. આ ત્રીજા માણસને શોધીને તેને ખતમ કરવા માટે એ લોકો આકાશપાતાળ એક કરવાના હતા એ સ્પષ્ટ બની ગયું હતું.

રાત્રીના અંધારામાં એ વધુ તો દૂર જઈ શકે તેમ ન હતો. લાઇટહાઉસ સંકુલથી બસો વારના અંતરે એ છુપાયેલો રહ્યો. ચાંચિયાઓની ગતિવિધિઓ ઉપર તે નજર રાખી શકે તેમ હતું. ઝાંખા દીવાના અજવાળે તેઓ વહાણ અને લાઇટહાઉસ વચ્ચે આવજા કરતા હોય તેવું લાગ્યું. નિવાસી ખોલીઓની બારીમાં પણ ઝાંખો પ્રકાશ દેખાતો હતો. એમના બોલવાના અસ્પષ્ટ અવાજો એ સાંભળી શકતો હતો. સ્પેનિશ ભાષા બોલતા હતા. પરંતુ દક્ષિણ અમેરિકા ખંડના લગભગ બધા જ દેશોમાં સ્પેનિશ ભાષા બોલાતી હતી. એ કારણે તેઓ ચોક્કસ કયા દેશના હતા, તેનો ખ્યાલ આવી શકે તેમ ન હતો.

રાત્રીના દશેક વાગ્યા હશે. લાઇટહાઉસની ટોચની કે નીચેની બધી જ બત્તીઓ બુઝાઈ ગઈ. એમના તરફથી હવે કોઈ અવાજ સંભળાતો ન હતો. આ સમયે એને શોધવા કોઈ નીકળ્યું હોય તેમ લાગ્યું નહીં. એનો શ્વાસ હેઠો બેઠો. કાંઈક વિચારી શકવા માટે થોડી સ્વસ્થતા એણે મેળવી લીધી.

લાઇટહાઉસથી અહીં આટલા નજીક રહેવામાં તો ભારે જોખમ હતું. સવાર પડતાં જ ચાંચિયાઓ એને શોધવા માટે નીકળે એવી પૂરી શક્યતા હતી. તેઓના હાથમાં પડ્યા પછી એનો ઘાટ પણ એના મિત્રો જેવો જ ઘડાવાનો હોવાની એને ખાતરી હતી.

તો પછી ક્યાં જવું? ટાપુના અંદરના ભાગમાં કે પછી એલ્ગર-બેના કાંઠે કાંઠે આટલાન્ટિક સાગરની દિશામાં પૂર્વ તરફ જવું? કાંઠા નજીકથી પસાર થતું કોઈ જહાજ એને મદદરૂપ થાય તેવી એમાં શક્યતા રહેતી હતી.

એ ટાપુની મધ્યમાં જાય, પશ્ચિમમાં જાય કે પછી પૂર્વના કાંઠે જાય એક નગ્ન વાસ્તવિકતા એની સામે ઊભેલી હતી. કોઈ પણ પ્રકારની સાધનસામગ્રી કે ખોરાક વિના જીવન ટકાવી રાખવાનું અહીં મુશ્કેલ હતું. પુરવઠા જહાજને પરત આવવાને તો હજી અઢી મહિનાની વાર હતી. પોતાની પાસેનો ખોરાકનો પુરવઠો માંડ બે દિવસ ચાલે તેમ હતો. અગ્નિ પણ કેવી રીતે સળગાવી શકાય? શું એણે કાચું માંસ કે માછલીઓ ખાઈને જ જીવવું પડશે? જબરી મુસીબત એની સામે ઊભી થઈ હતી. કલ્પના બહારનો બિહામણો પડકાર એની સામે આવી ગયો હતો.

આખરે સાનજુઆન ભૂશિર તરફના કિનારે એના પગ ચાલવા લાગ્યા. એ તરફ કોઈ સલામત સ્થાન શોધીને રાત વિતાવવાનું એણે નક્કી કર્યું.

રાત્રે અગિયાર વાગ્યાનો સમય થયો હશે. ચારેબાજુ નીરવ શાંતિ પથરાયેલી હતી. કિનારાના ખડકો સાથે અથડાતાં હળવાં મોજાં કે ઊંઘમાં ખલેલ પાડતાં પક્ષીઓ તરફથી એકાએક થતા ચિત્કાર સિવાય સંપૂર્ણ શાંતિ હતી. કિનારાને સમાંતર રહીને એ પૂર્વમાં ચાલતો જ રહ્યો. તારાઓના પ્રકાશમાં થોડું જોઈ શકવા ધીમેધીમે આંખો ટેવાઈ ગઈ. લાઇટહાઉસથી બેએક માઈલ ઉપર પથ્થરની ફાટ વચ્ચે નાની ગુફા જેવું જણાયું. સગવડ-અગવડનો વિચાર કર્યા વિના એણે લંબાવ્યું. આખરે ઊંઘે એનો કબજો લઈ લીધો.

સવાર પડતાં આંખો ઊઘડી ગઈ ગઈ કાલનો માહોલ સંપૂર્ણપણે બદલાઈ ચૂક્યો હતો. કિનારાની ભેખડ ઉપરથી સાવચેતીથી ઊતરીને નીચે કિનારા ઉપર તે આવી ગયો. લાઇટહાઉસ તરફથી કોઈ આવતું હોય તો તે જાણવા ઉત્સુક હતો. ચાંચિયાઓ પાસે હવે તો વધારામાં લાઇટહાઉસ ખાતેની મોટી હોડી પણ હતી. એ લોકો આ તરફ આવે તો હોડીમાં જ આવે તે દેખીતું હતું, પરંતુ એવી કોઈ હલચલ જણાઈ નહી.

ચાંચિયાઓએ લાઇટહાઉસનો કબજો લીધા પછીની ત્યાંની સ્થિતિ બાબતમાં વાકુઝનું મન ચકરાવે ચડ્યું હતું. રાજધાની બુએનોસ-એરીસ પહોંચીને શાંતા-ફીના કૅપ્ટન લફાયત દુનિયાના જહાજી વર્તુળમાં જાહેરાત કરવાના હતા કે લમાયર ખાડીનો ટૂંકો જળમાર્ગ લાઇટહાઉસને કારણે હવે સલામત બની ગયો હતો. ખાડીને માર્ગે બંને મહાસાગરો વચ્ચે આવાગમનનો દેખીતો લાભ હતો. જહાજ માલિકો અને નાવિકો એ માટે ઉત્સાહી પણ હતા. આવનારા દિવસોમાં જહાજોની અવરજવર વધવાની જ હતી. દિવસ દરમિયાન તો એવી અવરજવરને કોઈ તકલીફ પડે તેમ ન હતું, પરંતુ અહી લાઇટહાઉસના દીવાનું માર્ગદર્શન મળી રહેશે, એવી આશાએ રાત્રી દરમિયાન આ તરફ આવનારાં જહાજો ખરેખર મુશ્કેલીમાં મુકાય તેમ હતું. એક વાર ખરાબે ચડી ગયેલું જહાજ કોઈ ચમત્કાર થાય તો જ બચી શકે તેમ હતું.

'નાલાયકોની જમાત.' વાકુઝે ચાંચિયાઓની ટોળીને મનોમન ગાળો દીધી. 'લાઇટહાઉસનો દીવો ચાલુ હોય તો એમની ચોરી પકડાઈ જાય તેમ છે, એટલે જ તેમણે દીવાને બુઝાવી દીધો. એઓ ત્યાં છે, ત્યાં સુધી હવે દીવો સળગવાની આશા રાખવી વ્યર્થ છે. અંધકારમાં જ રાચતા નિશાચરોને દિવસનો પ્રકાશ કેવી રીતે પાલવે? અહીં વધુ ને વધુ વહાણો ભાંગે એમાં જ ચાંચિયાઓને રસ હોય ને !'

ક્યાંય સુધી તે શૂન્યમનસ્ક દશામાં બેસી રહ્યો. દરિયાનાં હળવાં મોજાં તરફ જોતો રહ્યો. એના બે સાથીઓનાં શબ કદાચ કાંઠા ઉપર ફંગોળાઈ આવે એવી ઊંડે ઊંડે આશા હતી.

હવે આગળ શું કરવું અને આ વેરાન ટાપુ ઉપર ખતરનાક દુશ્મનોની વચ્ચે કેવી રીતે ટકી રહેવું, તે અંગે એ કાંઈ જ વિચારી શકતો ન હતો. કાંઠા નજીકથી પસાર થતાં જહાજો પણ કિનારાથી ત્રણ ચાર માઈલ તો દૂર હોવાનાં જ. તેઓનું ધ્યાન ખેંચવાનું કે ત્યાં સુધી તરીને જવાનું અત્યંત મુશ્કેલ હતું. શાંતા-ફીના પુનરાગમનનો એક માત્ર વિકલ્પ હતો, પરંતુ તે ઘડી હજી અઢી માસ જેટલી દૂર હતી. ખૂની ટોળકીથી એટલો સમય સંતાઈ રહેવામાં એ સફળ થાય તોપણ ત્યાં સુધી ખોરાક વિના જીવતા રહેવું કેવી રીતે? એક જ બાબત એની તરફેણમાં હતી. તે હતી. ઉનાળાની ઋતુ. કોઈ સારી એવી સલામત ગુફા મળી જાય, તો હાલના હૂંફાળા હવામાનમાં સામાન્ય રીતે વાંધો ન આવે. પરંતુ ખાવું શું?

છતાં કંઈક તો કરવું જ પડવાનું હતું. માથે હાથ દઈને બેસી રહેવાથી કે કેવળ અફસોસ કર્યા કરવાથી કાંઇ જ વળે તેમ ન હતું, આઘાતમાંથી કળ વળતાં થોડો સમય જરૂર લાગે, છતાં એને કારણે ભાંગી પડવાનું એના સ્વભાવ કે સંસ્કારમાં હતું જ નહીં. મુશ્કેલી અને અચોક્કસતા છતાં કૂતરાને મોતે મરવા એ હરગિજ તૈયાર ન હતો. લાઇટહાઉસમાં બે ઉપરાંત ત્રીજો પણ એક કર્મચારી હોવા બાબતની જાણકારી ચાંચિયાઓને અત્યાર સુધીમાં તો થઈ જ ગઈ હોવી જોઈએ. આ ત્રીજા માણસને શોધીને તેને ખતમ કરવા તેઓ તમામ તાકાતને કામે લગાડશે એવી વાકુઝને ખાતરી હતી.

પોતે સલામત રીતે રહી શકે અને છતાં ચાંચિયાઓની ગતિવિધિઓ ઉપર નજર રાખી શકે તેવી અનુકૂળ ગુફાની એણે શોધ કરવા માંડી.

એણે રાત્રીમુકામ કર્યો હતો તે ભેખડ તથા સાનજુઆન તરફની ભેખડ વચ્ચેના અંદરના ભાગમાં એવી એક નાની ગુફા તેને મળી ગઈ. એનું મોં સાંકડું હતું, પરંતુ અંદર દશેક ફૂટની મોકળાશવાળી જગ્યા હતી. એમાં રેતીનો પથારી હતો. દરિયાની સૌથી ઊંચી ભરતીથી પણ વધુ ઊંચાઈ ઉપર એનું મુખ હતું. સાંકડું મુખ દરિયાની સીધાઈમાં નહીં, પરંતુ બાજુની ખીણ કે ખાડી તરફ હતું. એનો બેવડો લાભ હતો. દરિયા ઉપરથી ફૂંકાતા જોરદાર પવનોનો સીધો માર એને લાગે તેમ ન હતું અને સામે

દરિયામાં કે કિનારા ઉપરથી પસાર થનાર વ્યક્તિનું ધ્યાન આ તરફ ખેંચાય તેવી શક્યતા પણ ન હતી.

વાકુઝને બધી રીતે ગુફા ગમી ગઈ. સંભાળપૂર્વક અંદર જઈ પોતાની સાથે આણેલી ગણીગાંઠી વસ્તુઓને એક ખૂણામાં ગોઠવી દીધી. ગુફાથી થોડે દૂર ખીણના ભાગમાં મીઠા પાણીનું ઝરણું સતત વહેતું રહેતું હતું. સૂકો ખોરાક તો માત્ર બે દિવસ ચાલે તેટલો જ હતો, છતાં નજીકમાં પાણીની સગવડ હોવાની રાહત બહુ મોટી હતી.

છેલ્લા ચોવીસ કલાકથી એણે કાંઈ જ ખાધું ન હતું. જીવ બચાવવાની ભાગદોડ તથા ચિંતામાં ભૂખનું દુ:ખ સાવ વિસારે પડ્યું હતું, પરંતુ હવે સલામત સ્થળે ઠરીઠામ થતાં જ પેટમાં કુરકુરિયાં બોલવા માંડ્યાં. પાસે જે હતું તેને બરાબર સાચવીને જ વાપરવાનું હતું. ભૂખ છતાં થોડાં જ બિસ્કિટો ખાઈ પાણી પીવા નીચે ઊતરવાની એણે તૈયારી કરી. તે જ વખતે કિનારા તરફથી માણસોનો બોલવાનો અવાજ કાને પડયો.

'આહ ! આખરે આપણે આવી પહોંચ્યા !'

વાકુઝને મનમાં ધ્રાસકો પડ્યો. ગુફાના મુખ પાસેના ખડકની આડાશે. લપાઈને એણે નીચે પાણીમાં નજર કરી. પોતે ભૂલેચુકે પણ તેમની નજરે ન ચડી જાય તે માટે ખાસ કાળજી રાખવી જરૂરી હતી.

'મૌલે' જહાજ સાથેના નાના મછવામાં ચાર માણસો તેણે જોયા. ભરતીના ચડતા પાણીની સાવ વિરુદ્ધ દિશામાં એમણે જવાનું હતું. હલેસાંના જોરથી જ તેઓ આગળ વધી રહ્યા હતા. બે માણસો આગળ બેઠા હતા, બે પાછળ હતા. પાછળ બેઠેલાઓ પૈકીના એકે સુકાનનો દંડો હાથમાં પડક્યો હતો.

'આ લોકો મને શોધવા તો આ તરફ નહી આવ્યા હોય? વાકુઝને ચિંતા થઈ. 'એ સિવાય તેમને આ તરફ બીજું શું કામ હોઈ શકે? એ લોકો અહી કુદરતનું સૌદર્ય માણવા તો ન જ આવ્યા હોય !!

વાકુઝ એમની ગતિવિધિને કુતૂહલ તથા ભયથી જોઈ રહ્યો. મછવામાં બેઠેલા ચાર પૈકીના જેણે સુકાનનો દંડો પકડ્યો હતો, તે સૌથી ઊંચો અને પ્રભાવશાળી લાગતો હતો. આ ગિરોહનો એ સરદાર હોવાનું વાકુઝે અનુમાન કર્યું. બધાના ચહેરા દક્ષિણ અમેરિકામાં વસેલા સ્પેનિશ જાતિ જેવા જ હતા. આમ પણ અહીના બધા જ દેશોમાં સ્પેનિશ મૂળના લોકોની જ બહુમતી હતી. એટલે દેખાવ ઉપરથી તે ચોક્કસ કયા દેશનો હશે તેનું અનુમાન થઈ શકે તેમ ન હતું.

વાકુઝ સંતાયો હતો, તે ખડકથી સો ફૂટ દૂર નીચે મછવો આવી ગયો. સુકાન પકડીને બેઠેલા માણસે હલેસાં બંધ કરવા સૂચના આપી. હલેસાં બંધ થતાં મછવો ધીમો પડ્યો. સરદારે એનું સુકાન ફેરવ્યું. કાંઠો નજીક આવતાં જ એમાંનો એક માણસ નીચે

રેતીવાળા ભાગમાં બહાર આવ્યો. ત્યાં રેતી સાથે છીપલાનાં ભંગારનો ભૂકો વેરાયેલો પડ્યો હતો. મછવાને સ્થિર રાખવા ખલાસીએ લોખંડનો સળિયો રેતીમાં ઠોકીને તેની સાથે બાંધી દીધો.

હવે તેમની વચ્ચેની વાતચીત સાંભળી શકાય એટલા નજીક તેઓ આવી ગયા હતા. વાકુઝે કાન સરવા કર્યા. આવી નિ:સહાય સ્થિતિમાં આ લોકોની વાતચીતનો એકેએક શબ્દ સાંભળવાનું અને તેને બરાબર સમજી લેવાનું તેને માટે અત્યંત જરૂરી હતું. એ સિવાય આ લોકો સંબંધી માહિતી અને તેમના પ્લાન અંગે જાણવાનો અન્ય કોઈ ઉપાય હતો જ નહી.

'બરાબર આ જ જગ્યાએ તે છે? એકે પૂછ્યું.

'હા, ! ગુફા અહી જ નજીકમાં વીસેક ફૂટ ઊંચે ભેખડમાં આવેલી છે.' 'લાઇટહાઉસ બાંધવા આવનારાઓને એની ગંધ સુધ્ધાં ન આવી, તે આપણું સદ્‌નસીબ કહેવાય.'

'પંદર માસ જેટલો લાંબો સમય તેઓ અહી રહ્યા હતા. એ દરમિયાન એમના તરફથી થોડો પ્રયાસ થયો હોત, તો કોઈકે તો આ ગુફા અને તેમાંના આપણા ખજાનાને શોધી કાઢ્યો હોત.'

'એ સમય દરમિયાન લાઇટહાઉસનુ બાંધકામ સમયસર પૂરું કરવામાં એ લોકો ખૂબ જ વ્યસ્ત હશે. એ કારણે આ તરફ આવવાનો તેમને સમય જ મળ્યો નહિ હોય એમ લાગે છે.'

'આપણે પણ ગુફાનું મોં ખૂબ જ કાળજીથી બંધ કર્યું હતું તેનો ખ્યાલ છે? નજીકમાં ઊભેલા માણસને પણ એનો ખ્યાલ આવી શકે તેમ ન હતો.'

'ચાલો ! એને ખોલીને જોઈ લઈએ.'

અહીનો સાગરકાંઠો સો ફૂટ જેટલો પહોળો હશે. ત્યાર પછી પથ્થરની ઊંચી ઊંચી ભેખડો હતી. એના ઉપર જ ઝાડીઝાંખરાં પણ હતાં. મછવાથી કાટખૂણે સીધા જ ભેખડ પાસે પહોંચી જવાનું એમણે ટાળ્યું. તેને બદલે રેતીમાં થઈને વાકુઝ છુપાયો હતો, તે ગુફાની સામે થઈને તેઓ બીજી તરફ ચાલવા લાગ્યા. વાકુઝ અને ચાંચિયાઓ તથા તેમની ગુફા વચ્ચે હવે ખડકોની આડશ આવી ગઈ. ગુફા એ તરફ ચોક્કસ કયા સ્થળે કેટલી ઊંચાઈએ હતી તે વાકુઝ જોઈ શક્યો નહી. વધુ નજીક જવામાં પકડાઈ જવાનું જોખમ હતું. છતાં હોડી અને ગુફા વચ્ચેની આવનજાવન ઘણો લાંબો સમય ચાલુ રહી હતી, તે વાકુઝ જાણી શક્યો.

વાકુઝને હવે સ્પષ્ટપણે સમજાઈ ગયું કે આગલે દિવસે સાંજે લાઇટહાઉસની નજીકમાં જ લાંગરેલું જહાજ આ ચાંચિયાઓનું હતું. બાંધકામ શરૂ થયું તે અગાઉથી

એ લોકો અહીં જ રહેતા હતા. ભાંગેલાં વહાણો લૂંટીને તેમાંથી મળેલો કિંમતી માલસામાન તેમણે અહીંની ગુફામાં સંતાડ્યો હતો. અનુકૂળતા થતાં હવે તેમણે એ માલ વહાણમાં ખસેડવાની શરૂઆત કરી દીધી હતી. એ સાથે જ એના મનમાં એક ઝબકારો થયો. આ લૂંટના માલ સાથે ખાણીપીણીની ચીજવસ્તુઓ તેમ જ જીવનજરૂરી અન્ય વસ્તુઓ પણ એમણે ગુફામાં રાખી જ હશે. શાંતા-ફી જહાજ બે માસમાં અહીં આવે, ત્યાં સુધી ટકી રહેવામાં એને તે જરૂરથી મદદરૂપ થઈ શકે.

નિરાશામાં ડૂબેલા વાકુઝ માટે માલસામાનથી ભરેલી ગુફા સંબંધી જાણકારી આશાનું કિરણ બની ગઈ. મછવો આ માણસોને લઈને પરત જવા નીકળે કે તરત ગુફા શોધી કાઢવાનું એણે નક્કી કર્યું. શાંતા-ફી બે માસમાં પાછું આવવાનું હતું. એટલા સમય માટે જરૂરી હોય, તેવી તમામ ચીજવસ્તુઓ ત્યાંથી શોધીને પોતાની ગુફામાં લઈ આવવા તે અધીરો બની ગયો.

એને ધરપત થઈ ગઈ. જરૂરી પુરવઠો મળી રહે તો કોઈ પણ તકલીફ વિના બે માસ તો તે ખેંચી શકશે, પરંતુ એક નવો જ પ્રશ્ન એના મનમાં ઊભો થયો. શાંતા-ફી પરત આવે ત્યાં સુધીમાં આ ચાંચિયાઓ અહીંનો માલસામાન જહાજમાં લાદીને કોઈ અજ્ઞાત સ્થળે હંકારી જાય તો શું?

મનોમન એણે ઇષ્ટદેવતાને પ્રાર્થના કરી. કોઈ પણ કારણ ઊભું થાય, જેને કારણે આ ખૂની લૂંટારાઓનું અહીંથી જવાનું મોકૂફ રહે. કૅપ્ટન લફાયતને એમણે પોતાનાં કુકર્મોનો જવાબ આપવાનો રહેશે.

પરંતુ આ લોકો ત્યાં સુધી અહીં રોકાવાનું પસંદ કરશે? બે-ત્રણ દિવસમાં તો અહીંનો તમામ માલ પેલા જહાજમાં લદાઈ જવાનો. એ કામ પૂરું થયા બાદ ગમે તે સમયે એ લોકો આ ટાપુ છોડીને અજ્ઞાતવાસમાં પહોંચી જ જવાના.

તેઓના ભાવિ પ્લાન બાબતની જાણકારી પણ વાકુઝને તરત જ થઈ ગઈ. ગુફામાં ચાંચિયાઓએ એકાદ કલાક ગાળ્યો. ચારે જણ નીચે કિનારા ઉપર ફરીથી ઊતરી આવ્યા. ખડક ઉપરના સપાટ ભાગમાં સંભાળપૂર્વક સૂતાં સૂતાં વાકુઝ તેઓની વાતો સાંભળી શકે તેમ હતું. એમને પાછા જવાની કોઈ ઉતાવળ હોય તેમ જણાયું નહીં. ત્યાં જ રેતીમાં ઊભા ઊભા તેઓ વાતોએ ચડ્યા. એને વાકુઝ સાંભળી રહ્યો.

‘ગુફામાં બધું જ સલામત રહેલું છે. કોઈ પણ વસ્તુ આડીઅવળી થઈ નથી. પંદર માસ એ માણસો અહીં નજીકમાં જ રહ્યા, છતાં એમણે હાથ પણ અડાડ્યો નહીં. ગજબના પ્રામાણિક લોકો હશે નહીં?’

‘બધું જ સચવાઈ રહેલું છે. એટલે જ તો ‘મૌલે’ વહાણને આપણે અહીંથી હંકારીશું. ત્યારે આ ખજાનાની કિંમતી ચીજવસ્તુઓથી તે લથપથ થયેલું હશે.’

'ઝવેરાત ઉપરાંત રોજિંદા જીવન માટે ઉપયોગી એવી બધી જ વસ્તુઓ અહીં પૂરતા પ્રમાણમાં ભરેલી છે. એને કારણે આપણને બહુ રાહત થઈ ગઈ. ઘણી ઘણી ઝંઝટોમાંથી આપણને મુક્તિ મળી ગઈ કહેવાય.'

'વહાણમાંનો મૂળ પુરવઠો તો સાવ મર્યાદિત જ છે. એટલા માલ સાથે પ્રશાંતમાં જવા નીકળ્યા હોત તો અધવચ્ચે ભૂખે મરવાનો વારો આવ્યો હોત.'

'તું ગાંડા જેવી વાતો કરે છે. પંદર માસ સુધી સાવ નજીકમાં રહેવા છતાં આ ગુફા એ લોકો શોધી શક્યા નહીં. આપણને શોધવા પણ પ્રયાસ કર્યો નહીં. આપણે માટે એ ખુશનસીબી જ કહેવાય.'

'એ લોકોની બાઘાઈ ગણો કે અણઆવડત, જે કહો તે ! પરંતુ આપણે તેની પ્રશંસા કરવી જોઈએ. આવું આ તૈયાર વહાણ જ આપણને મળી જાય, અને અહીંના ખજાના સાથે ભાગી છૂટવામાં આપણને ઉપયોગી થાય એને ચમત્કાર જ કહી શકાય. 'મૌલે' વિના અહીંથી મુક્તિ અશક્ય જ હતી. આ વેરાન ટાપુ ઉપર વહાણોને કેવળ ભાંગતાં જ જોયા કરવામાં કેટલી મઝા આવે? એમાંના માલસામાનની આડેધડ લૂંટ કરતા રહેવાનો પણ શું અર્થ? જો આપણે મુક્તપણે એને માણી શકવાના ન હોઈએ તો !!'

ચાંચિયાઓના સ્વમુખે થયેલી આ કબૂલાતો સાંભળી વાકુઝ ગુસ્સાથી તમતમી ઊઠ્યો. આ ખૂનીઓનાં દુષ્કૃત્યો તથા તેમની ભાવિ યોજનાની વિગતો જાણી એનું લોહી ઉકળી ઊઠ્યું. ભેટે બાંધેલી પોતાની પિસ્તોલ ઉપર એનો હાથ પહોંચી ગયો. એ સૌને પતાવી દેવા જેટલી ગોળીઓ તો એમાં હતી જ. પરંતુ પછી શું? એમના સાથીઓ એને જીવતો રહેવા ન જ દે. માંડમાંડ હાથમાં આવતી લાગતી બાજી આવી મૂર્ખામીથી સાવ જ બગડી જાય તેમ હતી. પોતાની લાગણીઓને એણે પ્રયત્નપૂર્વક દબાવી દીધી.

ચાંચિયાઓની ત્યારબાદની વાતોથી એને આશ્ચર્ય થાય તેમ ન હતું. છતાં તેઓની ભાવિ યોજનાઓનો અને તે આડે આવતી મુશ્કેલીઓનો એને ખ્યાલ આવી ગયો.

'ગઈ રાતથી જ દીવો તો બંધ થઈ ગયો છે. લાઇટહાઉસ છે એમ સમજીને રાત્રી દરમિયાન આ તરફ આવનારાં જહાજોનું નસીબ તો લખાઈ ગયું જ સમજવાનું. જહાજોની આ સ્મશાનભૂમિમાં થોડા વધુનો ભોગ લેવાશે. એમને થતું નુકસાન આપણે માટે તો સો ટકા નફો જ ગણવાનું.'

'આપણા નસીબે જ આપણને યારી આપી છે. એટલે જ તો અપેક્ષા રહે છે કે વહાણનાં તમામ ભંડકિયાં ઝવેરાતથી છલોછલ ભરેલાં હોય. એ માટે અહીં વધુ બે-ત્રણ વહાણો ભાંગે તે જરૂરી છે.'

‘આપણા નસીબનો તો આપણે આભાર માનીએ તેટલો ઓછો પડે તેમ છે. ત્રણ વર્ષથી આ ટાપુ પર આપણે કેદી જેવા બની ગયા હતા. અહીંથી છુટકારો મેળવવા માટેનો કોઈ જ ઉપાય દેખાતો ન હતો, ત્યારે જ કેપ સેન્ટ બાર્થોલોમ્યુ પાસે આ ‘મૌલે’ જહાજ અકબંધ સ્વરૂપમાં આપણા હાથમાં આવ્યું. એ શું ચમત્કાર નથી? વહાણમાં ન તો કેપ્ટન હતો કે નહી કોઈ ખલાસી. સાવ જ તરછોડાયેલું વહાણ અનાયાસ આપણું મુક્તિદાતા બની ગયું. આપણા સૌનું નસીબ એ રીતે પાધરું છે. શરૂઆત શુકનવંતી થઈ છે. અંત પણ સારો જ રહેવાનો છે.’

‘બોલો મિ. કૉંગ્રે ! આગળ હવે આપણે શું કરવાનું છે?’

‘બસ હવે આ મછવામાં બેસીને ‘મૌલે’ વહાણ પાસે જ પહોંચી જઈએ. આ સમય, આ ટાપુ અને એના ઉપરની આ લાઇટહાઉસ - આ બધું જ અત્યારે તો આપણું છે. એનો આપણા લાભમાં થાય તેટલો ઉપયોગ કરીને શુભ અવસરે એને અલવિદા કરી દેવાની ! શું સમજ્યા મિ. કાર્સેન્ટી’ કૉંગ્રેએ જવાબ આપ્યો.

‘તો શું આ ખજાનો હમણાં ગુફામાં જ રહેવા દેવો છે? અત્યારે સાથે લઈ જવો નથી?’

‘ના. અત્યારે નહીં. વહાણના તળિયામાં થયેલું થોડુંઘણું નુકસાન દુરસ્ત થઈ જાય ત્યાં સુધી ભલે એ અહીં સલામત રહેતું. સમારકામ કર્યા વિના મધદરિયે ધસી જવામાં ડૂબવાનું જોખમ રહેલું છે. એ કામ આપણે ધારીએ છીએ તેના કરતાં લાંબું ચાલે તેમ છે. કદાચ ત્રણ ચાર અઠવાડિયાં નીકળી પણ જાય. વહાણને પાણીની બહાર કાઢ્યા વિના એ કામ થઈ શકે તેમ નથી.’

‘એવું સમારકામ હાથ ધરવાનું જ હોય, તો તે માટેનાં ઓજારો તથા લાકડું અત્યારે જ અહીંથી લઈ જવાનું ઠીક રહેશે. ચાલો પાછા ગુફામાં.’

‘એ માટે આપણી સાથેના સુથારને લઈને આવવાનું વધુ યોગ્ય રહેશે.’

‘તો હવે આપણે અહીં વધુ સમય બગાડવો ન જોઈએ. ભરતીનાં પાણી હજી પણ ચઢી રહેલાં છે. એનો લાભ લઈને ઝડપથી મુકામે પહોંચી જઈએ.’

‘આ હવે નક્કી જ ગણવાનું.’ કૉંગ્રેએ આખરી સૂચના આપી દીધી. ‘મૌલે’નું સમારકામ થઈ જાય ત્યાર બાદ જ અહીંનો માલસામાન લઈ જઈશું. અહીં આ નિર્જન ટાપુ ઉપર એને કોઈ ચોરી જાય તેવું તો બનવાનું જ નથી.’

‘એ વાત તો સાચી છે. મિ. કૉંગ્રે !’ કાર્સેન્ટીએ ચેતવણીના રૂપમાં જણાવ્યું, ‘પરંતુ લાઇટહાઉસ ઉપર કુલ ત્રણ માણસો હતા તેનો ખ્યાલ છે ને? ત્રીજા માણસને પણ આપણે ખતમ કરવો રહ્યો.’

'એની બહુ ચિંતા કરવા જેવું મને લાગતું નથી. એણે તો અહી ભૂખે મરવાનું જ છે. કેવળ હવા ખાઈને કે પાણી પીને માણસ જીવી શકે નહી.'

'મૌલેના સમારકામમાં ઘણા દિવસો લાગવાના એ સ્થિતિ તો મને અસહ્ય લાગે છે. શક્ય હોય તો આવતી કાલે જ આપણે અહીથી ભાગી છૂટવું જોઈએ. રોકાણ હવે લંબાવાનું જ છે, ત્યારે આપણે આશા રાખીએ કે એ દરમિયાન બીજાં બે-ત્રણ વધુ વહાણોનું પણ અહી વિસર્જન થઈ જાય. હવે તો રાત્રે તાપણું કરીને તેને આમંત્રણ આપવાની પણ જરૂર નથી. શિકાર ખુદ પોતે જ આપણા હાથમાં આવવાનો છે.

બંને પોતાના સાથીઓ સાથે ફરીથી ગુફામાં ગયા. વહાણના સમારકામમાં ઉપયોગી બને તેવાં ઓજારો તથા લાકડાંના ટુકડા લઈને બહાર આવ્યા. ગુફાના મુખને કાળજીપૂર્વક ફરીથી બંધ કર્યું. કિનારા પાસે જઈ મછવામાં જગ્યા લીધી. ભરતીનાં ચડી રહેલાં પાણી ઉપર સવાર થઈ મછવો, ઝડપભેર લાઇટહાઉસની દિશામાં સરકવા લાગ્યો. થોડા જ સમયમાં તો ખડકના વળાંક પાછળ તે દેખાતો બંધ થઈ ગયો.

સલામતી ખાતર વાકુઝે થોડો સમય રાહ જોઈ. સબસલામત હોવાની ખાતરી થતાં, પોતાની ગુફામાંથી સાવચેતીથી બહાર નીકળ્યો. હાલ તરત જાણવા જેવી તમામ બાબતો એણે જાણી લીધી હતી. એમાં બે મુદ્દા અગત્યના હતા.

પહેલી વાત એ હતી કે થોડાં અઠવાડિયાં સુધી જીવતા રહેવા માટે બાજુમાં જ આવેલી ગુફામાં પૂરતો પુરવઠો ભરેલો હતો. બીજી વાત એ હતી કે અહીથી ભાગી નીકળવા માટે આ ચાંચિયાઓ જેના ઉપર મદાર રાખતા હતા, તે 'મૌલે' વહાણના તળિયાને ગંભીર નુકસાન થયું હતું. તેનું સમારકામ ઘણા દિવસો ચાલે તેમ હતું. એવું સમારકામ વહેલું પૂરું થઈ જાય, તો બાજુની ગુફામાં ભરેલા ખજાનાને વહાણમાં લાદીને કોઈ અજ્ઞાત સ્થાને વહેલી તકે હંકારી જવા તેઓ આતુર હતા. ત્યારબાદ તો એમને પકડવાનું કામ અશક્ય જ બને.

સમારકામ વહેલું પૂરું થઈ જાય તો શું? એને ઊપડી જતું રોકવું કઈ રીતે? હાલ તરત તો એક ઉપાય એના મનમાં હતો – કેપ સાન-જુઆનના કિનારાની ભેખડ ઉપર રહીને દરિયામાં જોતા રહેવું. નસીબ સંજોગે કોઈ વહાણ નજરે ચડી જાય તો તેને કોઈક રીતે સંકેત પાઠવવો. જરૂર પડે, થોડું જોખમ લઈને દરિયાનાં પાણીમાં તરીને પણ ત્યાં પહોંચી જવું. એમાં જો સફળ થવાય તો કામ બની શકે એમ હતું. એની મદદથી ચાંચિયાઓને જેર કરી શકાય, અથવા તેને અહી જ ઊભું રાખીને 'મૌલે'ને ભાગી જતું અટકાવી શકાય

બે માસના ગાળામાં શાંતા-ફી પાછું આવવાનું જ હતું. એટલા સમય માટે બરાબરની તકેદારી રાખવાની હતી. કૅપ્ટન લફાયત આ ગુનેગારોને સજા કર્યા વિના છોડશે નહી.

છતાં એવું મિત્ર હોય તેવું જહાજ સામે થઈને પસાર થાય. ખરું? થાય તોપણ એને અહીંના સંકેતો મળી શકે ખરા? બધું ભૂત ઉપર ચિઠ્ઠી જેવું પુરવાર થઈ શકે તેમ પણ લાગતું હતું.

પોતાની અંગત સલામતીની વાકુઝને જરાય ચિંતા ન હતી. કૉંગ્રે ગિરોહના માણસો સાથે સફળતાપૂર્વક તે સંતાકૂકડી રમી શકે તેમ હતો. એને પોતાની બુદ્ધિશક્તિમાં પૂરો વિશ્વાસ હતો.

અત્યારની તાકીદની કામગીરી તો ચાંચિયાઓની ગુફા ખોલીને તેમાં પ્રવેશ મેળવવાની હતી. તેમાં ખાંખાંખોળા કરીને ખોરાક તથા અન્ય જરૂરી વસ્તુઓ મેળવવાની અને એ તમામને પોતાની ગુફામાં લઈ આવવાની તાકીદ હતી. એ માટે એણે હવે કોઈની જ રાહ જોવાની ન હતી.



મુક્તિદાતા મૌલેની મરામત

ચાંચિયા ગિરોહના સરદાર કૉંગ્રે સમક્ષનો મુખ્ય પ્રશ્ન ‘મૌલે’ વહાણના સમારકામનો હતો. મધ્યપ્રશાંત સુધીના લાંબા અને જોખમી પ્રવાસ માટે એને સક્ષમ બનાવી શકાય, તેના ઉપર જ ટોળકીના ભાવિનો આધાર હતો. સ્ટેટન ટાપુ ઉપરની ત્રણ કરતાં વધુ વરસોની એકાંત કેદમાંથી છૂટવાનો એ એકમાત્ર વિકલ્પ હતો. ગુફામાં ભરેલો લૂંટનો માલ પણ સાથે લઈ જવાનો હતો. એના ઉપર એમની ભાવિ સુખસમૃદ્ધિનો આધાર હતો. એ કામ આમ તો મુશ્કેલ ગણી શકાય નહીં, પરંતુ એનો આધાર એક બીજી ગંભીર બાબત ઉપર હતો.

લાઇટહાઉસમાં રાખવામાં આવતી લૉગબુક કે નોંધપોથીમાં જણાવેલી વિગતથી કૉંગ્રે માહિતગાર હતો. એમાંની નોંધ પ્રમાણે લાઇટહાઉસ માટેના નવા માણસો તથા માલસામાન લઈને પુરવઠા જહાજ શાન્તા-ફી માર્ચ માસના પ્રથમ અઠવાડિયામાં અહીં આવનાર હતું. એ અહીં આવે એ અગાઉ જ ચાંચિયાઓએ અહીંથી ભાગી છૂટવું જરૂરી હતું.

‘મૌલે’ એ રીતે એમનું મુક્તિદાતા બનવાનું હતું, પરંતુ એના તળિયાંની પાંસળીઓને અને તેની સાથે જડાયેલાં પાટિયાંને થયેલું નુકસાન દુરસ્ત કરાવવાનું કામ લાંબું ચાલે તેવું હતું. ટોળીમાં વર્ગાસ નામનો અનુભવી સુથાર હતો. એને માટે આ દુરસ્તીનું કામ આસાન હતું, કેમ કે એ માટે જરૂરી ઓજારો તથા લાકડાંનો પૂરતો જથ્થો એમની પાસે હતો.

સમારકામ આમ તો સરળ દેખાતું હતું, પરંતુ એ માટે ભારે ઊઠબેઠ કરવી પડે તેમ હતું. સૌ પ્રથમ તો ભંડકિયામાં ભરેલું લોખંડ તથા તમામ માલસામાન બહાર કાઢવો પડે તેમ હતું. નુકસાનવાળો ભાગ કાઢી નાંખવાનો હતો. ત્યારબાદ જ ત્યાં નવી પાંસળિયો બેસાડી, તેના પર પાટિયાં જડવાનાં હતાં. એ દરમિયાન વહાણનાં તળિયાંનો એ ભાગ સાવ ખુલ્લો જ રહેવાનો હતો. વહાણ જ્યાં સુધી પાણીમાં તરતું હોય ત્યાં સુધી એ કામ થઈ શકે તેમ ન હતું. એ માટે એને પાણીની બહાર કાઢવું પડે તેમ હતું. એ ઉપરાંત નુકસાનવાળું પડખું તેમાં સમારકામ થઈ શકે તે માટે થોડું ઊંચું રાખવું જરૂરી હતું. વહાણને પાણીની બહાર કાઢ્યા બાદ તેને બીજે પડખે વાંકું રાખી શકાય તો જ એ શક્ય બને તેમ હતું. સમારકામ પૂરું થયા બાદ એને સીધું કરી ફરી પાણીમાં ઉતારવાનું કામ પણ ભારે કાળજીથી કરવું પડે તેમ હતું.

મુશ્કેલી અને જોખમ હોવા છતાં એ કામ કરવું જરૂરી હતું. એમાં પુષ્કળ સમય જાય તેમ હતું. જોકે માર્ચ માસ આવે તે અગાઉ બે માસનો સમય બાકી હતો. કૉંગ્રેને ધરપત હતી કે બધું જ કામ સમયસર થઈ શકશે

લૉગબુકની માહિતી પ્રમાણે લાઇટહાઉસમાં ત્રણ માણસો હતા. એ પૈકીના બે જણને તો એમણે તે દિવસે સાંજે જ ખતમ કર્યા હતા. ત્રીજો માણસ ભાગી છૂટ્યો હતો. કાર્સેન્ટીને એ માણસની પ્રવૃત્તિ બાબત ચિંતા હતી, પરંતુ કૉંગ્રે સ્વસ્થ હતો. આ વેરાન ટાપુ ઉપર જઈ જઈને પણ તે ક્યાં સુધી જઈ શકશે? એમણે એ માણસને છેલ્લે દર્શનગૅલેરીમાં જોયો હતો. એના બંને સાથીઓની હત્યા જોઈને એ ઝડપથી ભાગી છૂટ્યો હતો. એની પાસે જીવતા રહેવા માટે ખોરાક કે બીજું કાંઈ જ હોવાની શક્યતા ન હતી. એવી સ્થિતિમાં એણે તો મરવાનું જ હતું. એની શોધમાં સમય બગાડવાને બદલે મુખ્ય કામ ઉપર જ ધ્યાન આપવાનું કૉંગ્રેને જરૂરી લાગ્યું હતું.

બે માસનો સમય આમ તો ઘણો લાંબો ગાળો કહી શકાય, પરંતુ એના સાઠ દિવસ દરમિયાન બધું જ કામ સમયપત્રક પ્રમાણે જ ચાલે અને ધાર્યા પ્રમાણે પૂરું થાય એવું બની શકે નહીં. વહાણના સમારકામની તૈયારીરૂપે બીજા દિવસે સવારથી જ ભંડકિયું ખાલી કરવાનું નક્કી કર્યું હતું, પરંતુ રાત્રી દરમિયાન જ હવામાન બગડવાની શરૂઆત થઈ.

ત્રીજી જાન્યુઆરીનો એ દિવસ હતો. સાંજ પડતાં જ ક્ષિતિજ ઉપર વાદળો ઘેરાવાં લાગ્યાં. બેરોમિટરે હવામાનમાં થતા ઝડપી ફેરફારોની ચાડી ખાવા માંડી. નજીકના ભવિષ્યમાં જ હવા અને વરસાદનું તોફાન થવાની એ આગાહી હતી. વીજળીના ચમકારાઓ સાથે મેઘગર્જનાઓ થવા લાગી. પવનના સૂસવાટા વધી ગયા. સામેના [illegible], અને તેની પૂર્વના આટલાન્ટિક સાગરમાં પાણીના મોજાંની ઊંચાઈ અને ઝડપ વધવા લાગ્યાં અને તે કિનારાના ખડકો સાથે અથડાવા લાગ્યાં.

'મૌલે' જહાજ તથા આ ચાંચિયાઓ નસીબદાર હતા, કે આવું તોફાન આવે તે પહેલાં જ સલામત સ્થાનમાં એઓ સ્થિર થઈ ગયા હતા. લમાયર ખાડીમાં લાઇટહાઉસ નજીકના ખાંચામાં 'મૌલે' પાણીની ઊભરતી લહેરોમાં ડોલતું હતું છતાં સલામત હતું. જ્યારે કૉંગ્રે સહિતના તમામ માણસો લાઇટહાઉસની નિવાસી ખોલીઓમાં નિશ્ચિત હતા.

પવનનું જોર વધતું ગયું. સાથે દરિયાલાલે પણ માઝા મૂકવા માંડી. એક પછી એક આવતાં મોજાંની ઊંચાઈ વધવા લાગી. કાંઠાના ખડકો સાથે ભયંકર અવાજ સાથે અથડાવા લાગ્યાં. નીચા અને રેતીવાળા કિનારાના ભાગો પણ મઝધાર બની ગયા. સાગરને જાણે હવે કોઈ કાંઠાની જરૂર જ ન હોય, તે રીતે એનાં પાણી ચારે તરફ રેલાવા લાગ્યાં. મોજાંની પછડાટ નિવાસી ખોલીઓની દીવાલ સુધી લાગવા માંડી હતી.

આવા વિષમ હવામાનમાં કૉંગ્રે અને સાથીઓ લાઇટહાઉસની મજબૂત દીવાલો વચ્ચે સંપૂર્ણ સલામતી સાથે મોકળાશથી રહી શકે તેમ હતા, પરંતુ એવી મોકળાશ તેઓ માણી શકે તેમ ન હતું. ગાંડોતૂર થયેલો દરિયો 'મૌલે' જહાજનું અપહરણ કરી જાય તેવી પૂરી શક્યતા હતી. લંગરના દોરડાનું બંધન મજબૂત હતું. મોજાંની થપાટો વધવા લાગી.

સાગરના આવા ગાંડપણની અસર એની ઉપર પણ વર્તાવા લાગી હતી. દોરડાનું એ બંધન ક્યારે તૂટી જાય એ કહી શકાય તેમ ન હતું. બંધનથી મુક્ત થયેલું 'મૌલે' પછી તો ગમે ત્યાં ધકેલાઈ જાય તેમ હતું. એને પાછું મેળવવાનું અશક્ય જ બની જાય.

કૉંગ્રેએ તરત જ પોતાના માણસોને આવા તોફાનમાં પણ કામે વળગાડ્યા. મજબૂત દોરડા સાથેનું બીજું લંગર બીજી બાજુએ પાણીમાં ઉતાર્યું. બંને બાજુની ખેંચને કારણે 'મૌલે'ને થોડું સ્થિર કરી શકાયું.

હવે તો તેમણે આ તોફાન શમી જાય તેની જ રાહ જોવાની હતી. લાઇટહાઉસના ભંડારમાં ખોરાક તો ભરપૂર હતો. દારૂ અને અન્ય ચીજો લાંબો સમય ચાલે તેમ હતું. આખો સ્ટેટન ટાપુ હવે તો એમના કબજામાં હતો. વહાણમાંનું વધારાનું ફર્નિચર તથા અન્ય સામાન પણ લાઇટહાઉસમાં તેમણે ખસેડી દીધો હતો. સૌનું જીવન એ રીતે વ્યવસ્થિત ગોઠવાઈ ગયું હતું. વરસોની કષ્ટમય જિંદગી બાદ પહેલી જ વાર સૌ આ રીતનું ભર્યુંભર્યું સામાન્ય રીતનું જીવન જીવતા હતા. તાત્કાલિક કોઈ ચિંતા ન હતી. કોઈ જવાબદારી ન હતી. કોઈ તકલીફ ન હતી.

ત્રીજી જાન્યુઆરીની રાતે શરૂ થયેલું તોફાન છેક ૧૨મી તારીખે નરમ પડ્યું. એક આખું અઠવાડિયું. સાવ એળે ગયું હતું. લાઇટહાઉસની મજબૂત દીવાલો પાછળ સૌ સલામત હતા. કોઈ અગવડ ન હતી છતાં એ દરમિયાન 'મૌલે'ના સમારકામમાં કંઈ જ કામ થઈ શક્યું ન હતું. તેરમી તારીખની સવાર થતાં સુધીમાં તોફાન સમી ગયું. કૉંગ્રે અને તેના માણસો તરત જ કામે લાગી ગયા. એળે ગયેલા સમયની એમણે પૂર્તિ કરવાની હતી. ભંડકિયામાંનો લોખંડનો બધો જ સામાન ખાલી કરાવવા માંડ્યો. હવે પછીની કામગીરીમાં તે નડતરરૂપ ન બને, તે રીતે કાંઠા પર ઊંચી જગ્યાએ મુકાવ્યો.

સંપૂર્ણ રીતે ખાલી થયેલા ભંડકિયાના તળિયાની કૉંગ્રે, કાર્સેન્ટી તથા સુથાર વર્ગાસે ઝીણવટભરી તપાસ આરંભી. સેન્ટ બાર્થોલોમ્યુ ભૂશિરની ખૂંધ ઉપર તે ખરાબે ચડી ગયું હતું. તે વખતે પણ નુકસાનીનો અંદાજ મેળવવા કાર્સેન્ટીએ પ્રયાસ કર્યો જ હતો, પરંતુ એમાં ભરેલા લોખંડને સંપૂર્ણપણે હટાવી શકાયું ન હતું એ કારણે એની તપાસ આંશિક જ બની ગઈ હતી. એ વખતે તો ત્યાંથી પૂર્વ કાંઠે લાઇટહાઉસ સુધી આવવા માટેની ટૂંકી મુસાફરી માટે જ એનું મહત્ત્વ હતું. હવે પછીની સંભવિત મુસાફરીની વાત સાવ જુદી જ હતી. પ્રશાંત મહાસાગરના મધ્યભાગ તરફ જવા માટે મહિનાઓ સુધી એકધારી ગતિથી ચાલનારી એ મુસાફરી હતી. એમાં ઉતાવળે કરેલાં આંધળુકિયાં મૂર્ખામી પુરવાર થાય તેમ હતું.

સુથાર વર્ગાસે જણાવ્યું કે સેન્ટ બાર્થોલોમ્યુ ખાતે વહાણ આમ તો રેતીના પથારા ઉપર ફસાઈ ગયું હતું, પરંતુ રેતી નીચે રહેલા પથ્થરોની અણી તથા ધારને કારણે તળિયાંમાં માર વાગ્યો હતો. ભરતીનાં પાણી ઊતરી જતાં વહાણનો ભાર એ પથ્થરો

ઉપર આવ્યો હતો. પરિણામે એ જગ્યાએ આવેલી પાંસળીઓ તૂટી ગઈ હતી. એને આધારે રહેલાં બહારનાં તથા અંદરનાં પાટિયાં પણ છૂટાં પડી ગયાં હતાં. ધાર્યા કરતાં એ નુકસાન ઘણું ગંભીર હતું. ત્યાંથી અહીં સુધીની ટૂંકી સફરમાં પણ છેલ્લે તો નુકસાનીવાળા ભાગમાંથી પાણી ઝમવાની શરૂઆત થઈ જ ગઈ હતી. એનું સમારકામ કર્યા વિના જ મધદરિયે ધસી જવામાં બહુ જ મોટું જોખમ હતું. છૂટાં થયેલાં પાટિયાં, પાંસળીઓ તથા ટેકા બદલવા પડે તેમ હતું. એ સિવાય બીજી રીતે કોઈ વાંધો આવે તેમ ન હતું.

સમારકામની પૂર્વ તૈયારી માટે સૌપ્રથમ તો વહાણને રેતીવાળા કિનારા ઉપર ચઢાવીને સૂકું બનાવવું પડે તેમ હતું. જરૂરી ઓજારો તથા લાકડું વગેરે સાધનો તો હાજર હતાં જ. વર્ગાસની મદદમાં લગભગ બધા જ માણસો હાજર હતા. હવામાન પણ સુધર્યું હતું. ટૂંકમાં સમારકામ તાકીદે શરૂ કરીને વહેલી તકે પૂરું કરવા માટેની બધી જ અનુકૂળતાઓ હાજર હતી.

બે દિવસ બાદ આવનારી અમાસની ભરતી સૌથી ઊંચી હોય છે. એમાં જ ‘મૌલે’ને કિનારા ઉપર ચડાવી શકાય તેમ હતું. પ્રવૃત્તિ વિનાના એ બે દિવસ દરમિયાન કૉંગરે અને કાર્સેન્ટીએ લાઇટહાઉસ માટેની મોટી હોડીમાં ઓટ અને ભરતીના સમયને ધ્યાનમાં રાખીને ગુફા સુધીના આંટાફેરા શરૂ કરી દીધા. ગુફામાં ભરેલો લૂંટનો સામાન ગાંસડીઓ તથા બકસાઓમાં પૅક કરીને લાઇટહાઉસ પાસે લાવવાની શરૂઆત કરી દીધી. વરસાદ તથા વાવાઝોડાથી સલામત રહી શકે તે રીતે એ પોટલાંને લાઇટહાઉસની નજીકમાં જ રાખવામાં આવ્યાં. વહાણનું સમારકામ પૂરું થાય કે તરત જ એ પોટલાને વહાણમાં લાદવાનું સરળ પડે તેમ હતું.

૧૪મી જાન્યુઆરીનો આખો દિવસ એવી ખેપમાં જ વીત્યો. કૉંગરે ગુફામાં ગયો હોય તો કાર્સેન્ટી લાઇટહાઉસની ઉપર દર્શન- ગૅલેરીમાં જ એકલો બેસી રહેતો. વેરાન ટાપુ અને સામેના અફાટ સાગરમાં આમ તો જોવા જેવું કંઈ જ ન હતું, છતાં તકેદારી રાખવાનું સલાહભરેલું હતું એમ તે માનતો હતો.

લાઇટહાઉસમાં મૂળે તો ત્રણ માણસો હતા. એ પૈકીનો ત્રીજો માણસ કૉંગરે અને તેના માણસો લાઇટહાઉસનો કબજો લે તે પૂર્વે જ ભાગી છૂટ્યો હતો. હજી સુધી તેના કોઈ જ સગડ મળી શક્યા ન હતા. તે હજી જીવે છે કે ભૂખે મરી ગયો હશે તેની પણ માહિતી મળી ન હતી. કાર્સેન્ટી એ બાબતમાં બહુ ચિંતિત રહેતો હતો. કૉંગરેને આ ત્રીજા માણસ બાબત રસ અને ચિંતા જરૂર હતાં, પરંતુ તેની મુખ્ય ચિંતા મૌલે વહાણને દુરસ્ત કરાવીને બનતી ઉતાવળે અહીંથી ભાગી નીકળવાની હતી. સાહજિક રીતે તે મળી આવે તો તેને પણ તેના બે સાથીઓની જેમ જ ખતમ કરવાનું જરૂર વિચારતો, પરંતુ એ માટે સમય કે માણસો ફાળવવાની એની જરાય તૈયારી ન હતી.

બપોરે ઓટનાં ઓસરતાં પાણી ઉપર સવાર થઈને છેલ્લા ફેરા માટે કૉંગ્રે અને કાર્સેન્ટી બંને હોડી લઈને નીકળ્યા. બરાબર ૧૧ વાગે એમની હોડી ગુફાની સામે પાણીમાં ઊભી રહી ગઈ. બે માણસોને હોડીમાં જ બેસી રહેવા એમણે સૂચના આપી. ગુફામાં જવા માટે બંને જણા ભેખડ ઉપર ચડ્યા. ગુફાનું મુખ એમણે પથ્થરોથી બંધ કર્યું હતું તેવું જ અકબંધ હતું. પથ્થરો ખસેડી અંદર પ્રવેશ કર્યો. ગુફાની અંદર લૂંટનો બાકી રહેલો માલ એટલો અસ્તવ્યસ્ત પથરાયેલો હતો કે એમાંની કોઈ વસ્તુ ગાયબ થઈ હોય તો તેની ખબર સુધ્ધાં પડે તેમ ન હતી.

થોડી વાર પછી એઓ ગુફામાંથી બે ભારેખમ પટારા બહાર કાઢી લાવ્યા. એને સાચવીને નીચે સુધી ઉતારી માણસોની મદદથી હોડીમાં ચડાવી દીધા. પાછા વળતી વખતે પણ ચઢતી ભરતીના પાણીની મદદ લેવાની હતી. ભરતીને હજી થોડી વાર હતી. એમની આ ગુફાની આગળ થોડા અંતરે કેપ સાન-જુઆનની ભૂશિર પૂર્વ તરફ આટલાન્ટિક મહાસાગરમાં લંબાયેલી હતી. કૉંગ્રે અને કાર્સેન્ટી ધીમેધીમે ચાલતા ભૂશિરના અંતિમ છેડા સુધી પહોંચી ગયા. ત્યાંની ભેખડ ઉપર ચડીને આજુબાજુએ નજર કરી. ઉત્તર, દક્ષિણ અને પૂર્વ તરફ નજર પહોંચે ત્યાં સુધી આટલાન્ટિકનાં પાણી દેખાતાં હતાં. ક્ષિતિજની પેલી પાર આવજા કરતાં જહાજોના માત્ર કૂવાથંભ દેખાતા હતા.

એ લોકો આવ્યા તે તરફ પશ્ચિમમાં લમાયરની ખાડીથી ગુ[illegible]પ્રદેશ સુધીનો પ્રદેશ જોઈ શકાતો હતો. તો ઉત્તરમાં [illegible]-બેના સામેની બાજુનો પૉઇન્ટ સેવરલનો છેડો હતો.'

'ક્યાંય કોઈ દેખાતું નથી.' કોઈ પણ જાતના ભાવ વિના કાર્સેન્ટીના મોંમાંથી શબ્દો નીકળ્યા.

'સાચું છે. સાવ વેરાન પ્રદેશ. માનવજીવનનું જાણે અસ્તિત્વ જ મટી ગયું હોય તેવું લાગે છે.' કોઈ અકથ્ય ભાવ સાથે કૉંગ્રેએ શુષ્ક જવાબ આપ્યો.

પોતાનાં જે કોઈ સ્વજનો-મિત્રો હોય, તેનાથી દૂર અહીંનો અતિ લાંબો કારાવાસ ઊંડે ઊંડે સાલતી હોય તેવા આ શબ્દો નિશ્વાસ સાથે અનાયાસ એના મોંમાંથી નીકળી પડ્યા. ગંભીર ભાવે બંને ધીમેધીમે પાછા વળ્યા. હોડીમાં ગોઠવાયા. ભરતીનાં મોજાં ઉપર સવાર થઈ બંને જણા લાઇટહાઉસની દિશામાં ધકેલાવા લાગ્યા. ત્રણેક વાગ્યે તો મુકામે પહોંચી ગયા.

વધુ બે દિવસ વીત્યા. જેની આતુરતાથી રાહ જોવાતી હતી તે મહાભરતીનો અમાસનો દિવસ ઊગ્યો. સોળમી જાન્યુઆરીનો એ દિવસ હતો. મૌલેને કિનારાની ઉપર રેતીના પથારામાં ચડાવી દેવા માટેની પૂર્વ તૈયારી શરૂ થઈ ગઈ.

લંગરનું દોરડું એના ફિરકાને ઊંધો ફેરવીને છૂટું કરવામાં આવ્યું. બહાર રેતીવાળા કિનારા તરફ ખેંચવામાં આવ્યું અને તેને પકડીને માણસો ઊભા રહ્યા. બરાબર ૧૧ વાગ્યે મહાભરતીની છડી પોકારાઈ. ધસમસતું આવતું પહેલું મોજું વહાણની ફરતે થઈને આગળ ને આગળ દોડતું હતું. પાણીની ઊંચી થતી સપાટી સાથે મૌલે પણ ઊંચું થવા માંડ્યું. એ તો એક તરતો પદાર્થ હતો. પાણીના ઉપરવાસ તરફના ધસારા સાથે એ પણ ધકેલાઈ ગયું હોત, પરંતુ દોરડું પકડીને કાંઠે ઊભેલા માણસોએ દોરડાંને બરાબરનું પકડી રાખ્યું. પૂરી તાકાતથી એને કાંઠા તરફ ખેંચવા માંડ્યું. પાણીની ઊંચાઈ વધતાં જ પાળેલાં પ્રાણીની જેમ જહાજ કાંઠાની ઉપરના ભાગમાં ખેંચાઈ આવ્યું. પાણી ઊતરતાં સુધી એ સ્થિતિ હવે જાળવી રાખવાની હતી.

નિશ્ચિત સમયે ઓટની શરૂઆત થઈ. પાણીની સપાટી નીચે ઊતરવા લાગી. વહાણ ઉપર હવે ઓટનાં પાણીની વળતી ખેંચ વર્તાવા લાગી. પૂરી તાકાતથી સૌ એ દોરડાંને પકડી રહ્યા. એમાં જરા પણ ઢીલ થાય તો વહાણ અને તેને કાંઠા ઉપર લાવવા માટે થયેલી મહેનત, બધું જ પાણીમાં જાય તેમ હતું. એક વાગ્યે તો રેતીના ઊંચા પટ ઉપરથી પણ પાણી ઊતરી ગયાં. 'મૌલે' જાણે બીજી વાર ખરાબે ચડી ગયું હતું. કેપ સેન્ટ-બાર્થોલોમ્યુ ખાતે ખરાબે ચડી જતાં જે નુકસાન થયું હતું, તેને હવે અહીં બીજી વાર ખરાબે ચડાવીને દુરસ્ત કરવાનું હતું.

ત્રણ વાગ્યા સુધીમાં તો પાણી સંપૂર્ણપણે ઓસરાઈ ગયું. સૂર્યના તડકામાં રેતી પણ સૂકી થઈ ગઈ. 'મૌલે'માં સમારકામ થઈ શકે એ રીતે એનાં પડખાં પણ સૂકાં બની ગયાં. ઓટ સમયે જ એને વિરુદ્ધ દિશામાં ખેંચીને જમણે પડખે ઢાળવામાં આવ્યું હતું. પાછલા ભાગના તળિયાનો ભાગ એ કારણે ખુલ્લો થયો હતો. એકદમ કામ શરૂ કરી દેવામાં એક મુશ્કેલી હતી. હજી બે દિવસ માટે ભરતી ઊંચી રહેવાની હતી. નુકસાનીવાળા ભાગને સમારકામ માટે કાપીને કાઢવો પડે તેમ હતું. એને લીધે ત્યાં તળિયાના ભાગે મોટું કાણું પાડવાનું હતું. ઊંચી ભરતીનાં પાણી એ કાણાં વાટે વહાણમાં ઘૂસી જાય તે હવે પરવડે તેમ ન હતું. ત્યાર બાદ પંદર દિવસ સુધી ભરતી હળવી રહેવાની હતી. એનાં પાણીની સપાટી નીચી જ રહેવાની હતી.

તળિયાના નુકસાનીવાળા ભાગને કાપીને દૂર કરવામાં કોઈ મુશ્કેલી ન હતી, પરંતુ એને સ્થાને નવો ભાગ બનાવી તેને જોડવાનું કામ શ્રમ અને સમય માંગી લે તેવું હતું. સમારકામ ઝડપથી પૂરું કરવા માટે સૌમાં ભારે ઉત્સાહ હતો. ગુફામાંથી સમારકામ માટે જરૂરી લાકડાં તથા ઓજારો લાવવામાં આવ્યાં હતાં. કામ નિર્વિઘ્ને ચાલે તો પંદરેક દિવસમાં તો આસાનીથી પૂરું કરી શકાય તેમ હતું, પરંતુ જીવતા દોજખ જેવા આ ખડકાળ ટાપુ ઉપર અણધારી આફતોનો દુકાળ, ન હતો. ગમે ત્યાંથી ગમે તે સ્વરૂપે તે ટપકી પડે તેમ હતો.

ત્રણેક દિવસ સખત વરસાદને કારણે કામ બંધ રહ્યું. સમારકામ પૂરું કરતાં જાન્યુઆરી માસ પૂરો થઈ ગયો. પ્રશાંત સાગરમાંની લાંબી મુસાફરી માટે તૈયારી કરવામાં કૉંગ્રેએ શક્ય એટલી બધી જ કાળજી રાખી હતી. 'મૌલે' હજી સૂકી ગોદીમાં હતું. પાણીમાં સતત ડૂબેલો રહેતો ભાગ પણ, હમણાં સાવ સૂકો અને કોરો બની ગયો હતો. તાત્કાલિક જરૂર ન હોવા છતાં, બહારનાં પાટિયાં વચ્ચેના જોડાણની ઘીસીમાં ડામરવાળા રેસા દબાવીને ભરવામાં આવ્યા.

આ સમય દરમિયાન બે મોટાં જહાજો અહીં સ્ટેટન ટાપુની નજીકથી દરિયામાં પસાર થઈ ગયાં. દિવસ દરમિયાન જ એઓ નજીકથી ગયાં હોવાથી લાઇટહાઉસના દીવા તરફ એમનું ધ્યાન ખેંચાય તેમ ન હતું. વળી એ બંને દૂરના અંતરેથી આવતાં હતાં. અહીંનું લાઇટહાઉસ ચાલુ થયું હોવાની એમને માહિતી કદાચ ન પણ હોય.

વાકુઝે પણ એ જહાજોને જોયાં હતાં, પરંતુ તેમને કોઈ સંકેત આપી શકવાની સ્થિતિમાં તે હતો નહીં. સાવ નજીકમાં થઈને કોઈ જહાજ પસાર થયું ન હતું. ચાંચિયાઓને એ કારણે નિરાંત હતી, તો વાકુઝને અફસોસ થતો હતો.

જાન્યુઆરીની છેલ્લી તારીખે મૌલેનું સમારકામ લગભગ પૂરું થયું. સાથે હવામાનમાં પણ ફેરફાર થવા લાગ્યો. પવનની દિશા બદલાઈ અને જોર વધ્યું. દરિયાનાં મોજાં ઊંચાં ઊઠવા લાગ્યાં. પૂનમની મોટી ભરતીનો એ સમય હતો. પાણીની સપાટી ઉપર ચઢવા લાગી. 'મૌલે'ની ફરતેનો રેતીનો પથારી પાણીમાં ગરકાવ થઈ ગયો. માલસામાનના વજન વિના હળવું બનેલું 'મૌલે' તરતું થઈ જાય એ રીતે પાણી વધવા લાગ્યું. પ્રથમ આગળનો ભાગ ઊંચો થયો. પાછળનો વજનદાર ભાગ હજી રેતીમાં બેઠેલો હતો. દુરસ્ત થયેલો ભાગ પણ પાણીમાં ડૂબી ગયો. સમારકામ સારી રીતે થયું હતું. અંદરના ભાગમાં જરા પણ પાણી ઝમ્યું નહીં. પંદર દિવસનો પરિશ્રમ સંપૂર્ણપણે સફળ થયો હતો. સૌએ આનંદ વ્યક્ત કર્યો.

આ ભરતીમાં 'મૌલે'ને ફરીથી પાણીમાં ઉતારવાનો ઇરાદો હતો જ નહીં. લાંબી સફર માટે બહારની બાજુએ રંગકામ તથા સાફસૂફી હજી જરૂરી હતાં. ભરતીને કારણે આગળનો ભાગ ઊંચકાયો અને જમણે પડખે નમેલું જહાજ સીધું થઈ ગયું હતું, પરંતુ ઓટ સાથે પાણી હટી જતાં ઊંચકાયેલો ભાગ ફરીથી રેતીમાં બેસી ગયો. આ વખતે એ ડાબે પડખે નમે એ રીતની કાર્યવાહી થઈ. અગાઉ વહાણ જમણે પડખે નમ્યું હતું ત્યારે ઉપર ઊઠેલા ડાબા પડખાનાં પાટિયાંના સાંધામાં ડામરવાળા રેસા દબાવીને પૂરવાનું કામ થયું હતું. હવે જમણું પડખું ખુલ્લું થયું હતું. એ ભાગ સૂકો થઈ જતાં ત્યાં પણ સાંધામાં ડામરવાળા રેસા, પૂરવાની કૉંગ્રેએ ખલાસીઓને સૂચના આપી.

'મૌલે' બધી રીતે તૈયાર થઈને અહીંથી પશ્ચિમમાં મુસાફરી શરૂ કરે, ત્યારે પૂર્વમાં આવેલી ગુફામાંથી ચોરીનો માલ લેવા જવામાં મુશ્કેલી પડે તેમ હતું. માત્ર બેત્રણ માઈલ

દૂર આવેલી ગુફાના પ્રવેશદ્વાર સામે 'મૌલે'ને પાણીમાં ઊભું રાખી તેમાં સામાન ભરવામાં સમય સાથે કડાકૂટ પણ મોટી હતી. એવી સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુફામાંનો મોટા ભાગનો માલ કૉંગ્રેએ અહીં લાઇટહાઉસ પાસે જ ખસેડાવી દીધો હતો. વહાણ તૈયાર થઈને ખાડીના પાણીમાં ઉતારવામાં આવે કે તરત જ એમાં ઝડપથી માલ ભરી દેવા માટેની પૂર્વ તૈયારી સંપૂર્ણ થઈ ગઈ હતી.

પરચુરણ કામોમાં બારમી ફેબ્રુઆરી આવી ગઈ. વહાણોના ભંગારમાંથી જહાજોને રંગવાના રંગના ડબ્બા પણ હાથ લાગ્યા હતા. યોગ્ય લાગે ત્યાં નવો જ રંગ લગાવી કૉંગ્રેએ મૌલેને નવો ઉઠાવ આપ્યો. એટલું જ નહીં, પરંતુ પોતાના વિશ્વાસુ મિત્ર કાર્સેન્ટીની વફાદારીની કદર કરવા વહાણની ઉપર 'મૌલે' નામને બદલે એણે 'કાર્સેન્ટી' નામ લખાવી દીધું.

'કાર્સેન્ટી' નામ પામેલું 'મૌલે' વહાણ હવે મહાસાગરની જોખમભરી મુસાફરી કરવા માટે સક્ષમ બની ગયું. રેતીના પથારા ઉપરથી તેને નીચે ખાડીના ઊંડા પાણીમાં ઉતારવાનું મોટું કામ બાકી હતું. એ કામ નજીકમાં જ આવનારી અમાસની મોટી ભરતી દરમિયાન જ થઈ શકે તેમ હતું. અહીંથી જેમ બને તેમ જલદીથી ભાગી છૂટવા સૌ હવે અધીરા બની ગયા હતા.

ફેબ્રુઆરીની ૧૪મી તારીખે એ શુભઘડી પણ આવી પહોંચી. વહાણને રેતી ઉપરની સૂકી ગોદીમાં લાવવા માટે ગઈ અમાસે જે કાર્યવાહી થઈ હતી, તેવી જ છતાં તેનાથી સાવ ઊંધી કાર્યવાહી હવે કરવાની હતી. મોટી ભરતીના ચઢેલાં પાણીમાં સૌપ્રથમ આગળનો હલકો ભાગ ઊંચો થયો. ધીમે ધીમે પાછળનો ભાગ પણ ઊંચકાવા લાગ્યો. ડાબે પડખે ઢળેલું વહાણ હવે સીધું થઈને પાણીમાં તરતું થઈ ગયું. લંગરવાળાં દોરડાંની હવે વિરુદ્ધ દિશા તરફની ખેંચ શરૂ થઈ. તરતું થઈ ગયેલું હળવું 'કાર્સેન્ટી' વહાણ એ ખેંચને કારણે બહુ જ સરળતાથી ખાડીના ઊંડાં પાણીમાં સરકી ગયું.

તરત જ તેના ભંડકિયામાં માલસામાન ભરવાનું શરૂ થઈ ગયું. કોઈ આકસ્મિક સંજોગો ઊભા ન થાય, તો કાર્સેન્ટી જહાજ થોડા જ દિવસમાં લમાયરની ખાડીમાં પશ્ચિમ તરફ જઈ પ્રશાંત મહાસાગરમાં દાખલ થઈ જવાનું હતું.

એક વાર કાર્સેન્ટી આ દેશનો જળવિસ્તાર છોડે, ત્યાર બાદ કોઈ પણ સરકાર કે તેના કાયદાઓ એને અટકાવી શકે તેમ ન હતું. મધ્યપ્રશાંતના અજ્ઞાત વિસ્તારોમાં એ ઓગળી જવાનું હતું.



વાકુઝની વિમાસણ

એ વાતને લગભગ બે માસનો સમય થઈ ગયો. સ્ટેટન ટાપુ ઉપર લમાયરની ખાડીના પ્રવેશદ્વાર પાસે નવાં જ બંધાયેલા લાઇટહાઉસનું ધમાકેદાર ઉદ્‌ઘાટન થયું હતું. તેના સંચાલન માટે ત્રણ માણસોને ત્યાં રાખવામાં આવ્યા હતા. તેઓ માંડ પંદર દિવસ રહ્યા હશે. ત્યાં જ વેપારી જહાજ 'મૌલે'માં આવેલા કૉંગ્રે ગિરોહના ચાંચિયાઓ લાઇટહાઉસ ઉપર ત્રાટક્યા. વાકુઝના બે સાથીઓને ઠંડે કલેજે ખતમ કર્યા અને વાકુઝની દુનિયા બદલાઈ ગઈ હતી.

લાઇટહાઉસમાંથી વિસ્થાપિત થયા બાદ એની નજીકમાં જ આવેલી સાન-જુઆનની ભૂશિર પાસેની ગુફામાં તેણે સંતાઈને રહેવાનું શરૂ કર્યું હતું. ટાપુના પશ્ચિમ કાંઠે આવેલી સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર એને માટે વધુ સલામત સ્થાન બની શકે તેમ હતી, પરંતુ ત્યાં રહેવાનો કોઈ જ અર્થ ન હતો. એને ઊંડે ઊંડે પણ આશા હતી કે અહીં પૂર્વ કાંઠે એલ્ગર-બે અને તેની પૂર્વના આટલાન્ટિક સાગરમાં વહાણોની અવરજવર વધુ રહેતી હોવાથી કોઈક પ્રકારે એને મદદ મળી રહેશે. આ સ્થળની નજીક આવેલાં જહાજોને એ પોતે પણ મદદરૂપ બની શકે તેમ હતું.

ચાંચિયાઓએ કબજો લીધો તે દિવસથી લાઇટહાઉસનો દીવો બંધ હતો. લાઇટહાઉસમાં ઉદ્‌ઘાટન થયું છે એવી જાણકારી મળતાં વહાણો રાતના સમયે પણ લમાયરની ખાડીમાં થઈને પસાર થવાનું સાહસ કરે તેવી શક્યતા હતી, પરંતુ દીવા વિનાનું આવું લાઇટહાઉસ તેમને કોઈ માર્ગદર્શન આપવાની સ્થિતિમાં ન હતું. રાત્રીના અંધકારમાં ખરાબે ચડીને એવું જહાજ નષ્ટ થાય તેવી પૂરેપૂરી શક્યતા હતી. વાકુઝે વિચાર્યું કે એલ્ગર-બેના કાંઠે જ એ રહેતો હોય, તો રાત્રે ત્યાંથી પસાર થતાં વહાણોને અગ્નિ પેટાવીને કે બીજી કોઈ રીતે પોતે માર્ગદર્શન આપી શકશે. એવા વહાણમાં વધુ માણસો હશે તો ચાંચિયાઓને જેર કરવા માટે પણ ઉપયોગી બની શકે.

એની પાસે અન્ય એક વિકલ્પ પણ હતો. એવું કોઈ વહાણ મળી જાય તો અહીંથી પૂર્વમાં અઢીસો માઈલ દૂર આવેલા ફોકલૅન્ડ ટાપુઓમાં પહોંચી જવું. ત્યાંની બ્રિટિશ હકૂમત એને મદદરૂપ થવાની જ હતી. તે બાબતમાં એને કોઈ શંકા ન હતી. પાટનગર બ્યુએનોસ-એરીસની મદદ મંગાવવામાં ઘણો જ વિલંબ થાય તેમ હતું. એવી મદદ આવે ત્યાં સુધીમાં ચાંચિયાઓ અહીંથી ભાગી જાય તેવી શક્યતા રહેતી હતી.

વાકુઝને પોતાની સલામતીની ચિંતા ન હતી. એના બંને સાથીઓની નિર્મમ હત્યા કરનારા રાક્ષસો શાંતા-ફી જહાજ અહીં આવે તે અગાઉ ભાગી છૂટવામાં સફળ થાય તેની ચિંતા હતી. કુકર્મોની સજામાંથી તેઓ છટકી જાય તેવી સ્થિતિ એને સ્વીકાર્ય ન હતી.

ચાંચિયાઓની જૂની ગુફા એની નજીકમાં જ હતી. એ બહુ મોટી રાહત હતી. વહેલી સવારે કે મોડી સાંજે ચાંચિયાઓ આ તરફ આવે તેવી કોઈ શક્યતા ન હોઈ, એવા સમયે જ ચુપકીદીથી એ ત્યાં પહોંચી જતો. એમની એ ગુફાનું પ્રવેશદ્વાર સાંકડું હતું અને સહેલાઈથી કોઈના ધ્યાનમાં આવે તેવું ન હતું. ચાંચિયાઓ તે દિવસે અહીં આવ્યા તેને લીધે જ વાકુઝને પણ એની જાણકારી મળી હતી.

ખોરાકની ચીજો તથા અન્ય માલસામાનથી એ ગુફા ભરેલી હતી. એ બધો જ માલ લૂંટનો હતો. વાકુઝે હવે એવા એ લૂંટના માલની જ લૂંટ ચલાવવા માંડી. જીવન જરૂરિયાતની વસ્તુઓ કોઈના ધ્યાનમાં ન આવે તે રીતે ઉપાડીને પોતાની ગુફામાં ભરવા માંડી. પાછા વળતી વખતે ગુફાનું પ્રવેશદ્વાર બરાબર રીતે બંધ કરવાની એ કાળજી રાખતો. કોઈ વ્યક્તિ અહીં આવતી હોવાની ચાંચિયાઓને શંકા પડે તો પણ તકલીફ ઊભી થાય તેમ હતું. ખોરાકની ચીજો ઉપરાંત કપડાં, દારૂ, બળતણ માટેનું તેલ, નાનો પ્રાઇમસ, રિવૉલ્વરો તથા તે માટેની ગોળીઓની એણે ઉઠાંતરી કરવા માંડી હતી. પોતાની ચૂંગી માટેની તમાકુ પણ એમાંથી મળી આવી હતી.

આ બધા સામાન સાથે હાલની ગુફામાં હવે સંકડાશ પડવા લાગી હતી. નજીકમાં જ બીજી મોટી ગુફા એણે શોધી કાઢી. એમાં તમામ સામાન તેણે ખસેડી લીધો. એ સ્થળ વધુ સગવડવાળું હોવા ઉપરાંત વધુ સલામત પણ હતું. એનું મુખદ્વાર એટલું વિચિત્ર રીતે ખૂલતું હતું કે એની સામેથી પસાર થતી વ્યક્તિને પણ અંદર મોટી ગુફા હોવાનો ખ્યાલ આવે તેમ ન હતું. અહીંથી બહાર નીકળતી વખતે વાકુઝ પૂરેપૂરી સાવધાની રાખતો. આંખ તથા કાનને બરાબર સતર્ક રાખતો. ગુફાવાળા ખાંચામાંથી બહાર નીકળતી વખતે બંને બાજુના કાંઠાઓ ઉપર નજર કરી લેતો. ચાંચિયાઓના હાથમાં પકડાઈને એ કૂતરાને મોતે મરવા તૈયાર ન હતો. પોતાના બંને સાથીઓની હત્યાનું વેર લેવા માટે જ તે જીવતો હતો. એની નજર સામે જ પોતાના નિર્દોષ સાથીઓની જે બેરહેમીથી હત્યા થઈ હતી, તે દૃશ્ય એ ભૂલી શકે તેમ ન હતો. જીવતા રહેવા માટેનું એ એકમાત્ર લક્ષ્ય હતું. ઇષ્ટદેવને એ મનોમન પ્રાર્થના કર્યા કરતો કે આ ચાંચિયાઓને અહીંથી ભાગી છૂટતાં કોઈ પણ રીતે અટકાવે.

પુરવઠા જહાજના આગમનને હજી ત્રણ અઠવાડિયાં બાકી હતાં. આ તરફ ચાંચિયાઓ મૌલેનું સમારકામ ઝડપથી પૂરું કરવા મથામણ કરતા હતા. પરંતુ એ સમારકામમાં આટલું મોડું ક્યા કારણે થયું, તેનો વાકુઝને અંદાજ આવતો ન હતો. કારણ જાણવા એ ખૂબ જ ઉત્સુક હતો, પરંતુ તે જાણવાનું એની પાસે કોઈ જ સાધન ન હતું. મનોમન એ ભારે દ્વિધા અનુભવતો હતો.

કોઈ પણ ચોક્કસ વિચારણા કે આયોજન વિના જ એ બહાર ચાલવા લાગ્યો. લાઇટહાઉસની દિશામાં લપાતો છુપાતો કાંઠે કાંઠે તે આગળ વધ્યો. સૂરજ પશ્ચિમ

તરફના ડુંગરાઓની પાછળ આથમવાની તૈયારીમાં હતો.

માત્ર થોડા જ દિવસ ઉપર આ સામે જ દેખાતું લાઇટહાઉસ ઉપર એનું અને સાથીઓનું સંપૂર્ણ નિયંત્રણ હતું. એઓ ત્રણે જણા આનંદથી રહેતા હતા. સાથે ફરજ પણ બજાવતા હતા, પરંતુ આ ચાંચિયાઓના જહાજે અહી લંગર નાખ્યું તે જ ઘડીથી એમનું જીવન બદલાઈ ગયું. કુહાડીનો એક ઘા તથા પિસ્તોલની એક ગોળી ! એના બંને વિશ્વાસુ સાથીઓ એની નજર સામે જ ઢળી પડ્યા હતા.

રાત્રીના અંધારામાં કોઈ ચોક્કસ પ્રયોજન વિના જ વાકુઝ એ સ્થળે પહોંચી ગયો. ૧૬મી ફેબ્રુઆરીના રાત્રીના નવ વાગ્યાનો એ સમય હતો. અંધારું બરાબરનું જામ્યું હતું. ધીમેધીમે સાવચેતી રાખતો વાકુઝ લાઇટહાઉસ સાથેની નિવાસી ખોલીઓ પાસે પહોંચી ગયો. એની બારીઓના કાચ ઉપર અંદરના દીવાનો ઝાંખો પ્રકાશ દેખાતો હતો.

જ્યાં પોતે તથા પોતાના બે સાથીઓ હોવા જોઈતા હતા ત્યાં આ મારાઓની ટોળકી અત્યારે આરામ ફરમાવતી હતી. પોતે એકલો અટૂલો અને રઝળતો બની ગયો હતો. એઓની સાવ નજીકમાં હોવા છતાં પોતે કાંઈપણ કરી શકવાની સ્થિતિમાં ન હતો. મનોમન એ સમસમી રહ્યો હતો, પરંતુ એનું કોઈ પણ પગલું અત્યારે અવિચારી પુરવાર થાય તેમ હતું. ગુસ્સાને એક જ પળમાં એણે લગામ ચડાવી દીધો

ત્યાંથી ધીમે પગલે મૌલે ઊભું હતું ત્યાં આવ્યો. તારાઓના ઝાંખા પ્રકાશમાં પણ લમાયર ખાડીના ખાંચામાં પાણીના તરંગો ઉપર વહાણને એણે ડોલતું જોયું. ત્યાં કોઈ જ ન હતું. આરામથી એ તેના ઉપર જઈ શકે તેમ હતો. તેને ડુબાડી શકે તેમ હતો, પરંતુ પછી શું? નવરા પડેલા આ શેતાનો ટાપુની ઇંચે ઇંચ ધરતીને ખૂંદી વળે તેમ હતું. એના સાથીઓના અંત જેવો જ અંત એનો પણ આવી જાય. કાંઠા ઉપર પડેલા સામાનના ઢગલાઓ ઉપરથી વાકુઝને ખ્યાલ આવી ગયો કે વહાણ હજી ખાલી જ હતું. સામાન તેમાં ફરીથી લાદવામાં બીજા બે-ત્રણ દિવસ નીકળી જાય તેમ હતું.

બહાર પડેલો એ માલ વહાણમાં લાદવામાં આવે પછી શું? ચાંચિયાઓ એક પળ માટે પણ ત્યાં વધુ થોભવાના ન હતા. ટૂંકમાં આ ખેલ હવે માત્ર ત્રણ જ દિવસનો હતો. એમાં એ જીતે કે હારે, બધો આધાર ચાંચિયાઓના પ્રારબ્ધ ઉપર હતો. અત્યાર સુધી એમને માટે પરિસ્થિતિ અનુકૂળ બનતી રહી હતી. હવે એમાં ફેરફાર થવા બાબત એ વિમાસણમાં હતો. એમને અહીંથી ભાગી જતા રોકવા માટે જાતજાતના વિચારોમાં ગૂંચવાયેલો વાકુઝ મોડી રાતે મુકામે પહોંચી ગયો.

વાકુઝને હવે બીજી પણ એક ચિંતા સતાવતી હતી. એની પાસેનો ખોરાકનો પુરવઠો ખતમ થવા આવ્યો હતો. ચાંચિયાઓની ગુફામાં જે કંઈ બચ્યું હોય તે વહેલી તકે એણે અંકે કરી લેવું જરૂરી હતું. બાકી રહેલો માલ લેવા ચાંચિયાઓ એકાદ ખેપ હજી

કરશે જ એવી તેને ખાતરી હતી. એ લોકો વહેલી સવારે કે સાંજના સમયે ગુફામાં આવે તેવી શક્યતા ન હતી. એ દરમિયાન જ એ ત્યાં જવાનું પસંદ કરતો.

એ ગણતરીને આધારે જ બીજા દિવસની વહેલી સવારે પૂરી સાવધાની સાથે તેમની ગુફામાં ગયો. મોટાભાગનો સામાન લાઇટહાઉસ પાસે પહોંચી ગયો હોવાથી ચાંચિયાઓ હવે તેને પથ્થરો અને ઝાંખરાં મૂકીને વ્યવસ્થિત રીતે બંધ કરવાની જરૂર જોતા ન હતા. ખોરાક માટે ઉપયોગી વસ્તુઓ મળે તે માટે તેણે ખાંખાંખોળા કરવા માંડ્યા, પરંતુ એને નિરાશ થવું પડ્યું. એ રીતે ઉપયોગી થાય તેવી કોઈ જ વસ્તુ મળી નહી.'

આજે ઘણો સમય એમાં નીકળી ગયો. બહાર નીકળવાની તૈયારી કરતો જ રહ્યો, ત્યાં કાંઠા તરફથી પાણીમાં હલેસાં મરાતાં હોય તેવો અવાજ આવ્યો. સાવધાનીપૂર્વક ડોકું કાઢી એણે જોઈ લીધું. કાર્સેન્ટી બીજા બે સહાયકોને લઈને એની તરફ આવતો હતો. કિનારા ઉપર આવી તેમણે હલેસાનો દંડો રેતીમાં ઊંડે સુધી ખૂંપાવ્યો. અને તેની સાથે હોડીનું દોરડું બાંધી દીધું.

કોઈ પણ ક્ષણે તેઓ ગુફાની સામે આવી જવાના હતા. બહાર નીકળીને ભાગી શકાય તેવી સ્થિતિ જ ન હતી. ઊંડી ગુફાના છેક અંદરના ભાગમાં અંધારું જ રહેતું હતું. તેમાંયે બહારના પ્રકાશમાંથી અંદર આવેલા માટે શરૂઆતમાં તો કાંઈ જ દેખાય તેમ ન હતું. અંદરના એ ભાગમાં ફાટેલા સઢ વગેરેના વીંટાઓ, ઢગલાબંધ સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા. ચાંચિયાઓને હવે તેની કાંઈ જ જરૂર ન હતી. વળી પ્રમાણમાં નાના વહાણમાં કિંમતી માલસામાન માટે પણ પૂરતી જગ્યા નહી હોય, ત્યાં આવા કચરાને શા માટે લઈ જાય?

વાકુઝ દોડીને ઝડપથી એ ઢગલાઓની પાછળ આડો પડીને સૂઈ ગયો. દીવો લઈને કોઈ અંદર સુધી આવે તો જરૂર તે પકડાઈ જાય તેમ હતું. પરંતુ એ રીતે પકડાઈને સાવ સસ્તામાં મરવાનું તે સ્વીકારી શકે તેમ ન હતો. સાથીઓના ખૂનનો બદલો લીધા વિના એ મરવા માંગતો ન હતો

. હંમેશ માટે પોતાની ભેટે બાંધી રાખેલી રિવોલ્વર આ તકે જ તેને કામ લાગે તેમ હતું. એણે જોકે એકલાએ અહી ત્રણ માણસોની સામે ઝઝૂમવાનું હતું. પોતાની મર્યાદાથી એ સભાન હતો. પિસ્તોલનો વાર કરવામાં પણ જોખમ હતું. નીચે હોડી પાસે ઊભેલાં ત્રીજા માણસનું ધ્યાન આ ધડાકાથી જરૂર ખેંચાય. હમણાં તે એક કે બે જણને મારી શકે, પરંતુ બીજાઓ તેને પૂરો કર્યા વિના જંપે નહી.

માંડમાંડ પાછળ છુપાયો, ત્યાં બે માણસો ગુફામાં દાખલ થયા. કાર્સેન્ટીની સાથે પેલો સુથાર વર્ગાસ પણ હતો. કાંઈ ઉપયોગમાં આવી શકે તેવી વસ્તુ માટે ત્યાં

અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓ તપાસવા માંડી. એમની વચ્ચે સામાન્ય પ્રકારની વાતો થતી રહી. વાકુઝે સતર્કતા સાથે પોતાના કાન એ તરફ સરવા કર્યા.

'બસ ! આજે સત્તરમી ફેબ્રુઆરી થઈ ગઈ. હવે અહીંનું બધું સંકેલીને આ ટાપુ છોડવો જ જોઈએ.'

'ક્યારે? આવતી કાલે?'

'હવે તો બધી જ તૈયારી થઈ ગઈ છે. આવતીકાલનો દિવસ એ માટે વધુ અનુકૂળ રહેશે એમ લાગે છે.'

'પણ હવામાન સારું ન રહે તો તકલીફ રહેશે.'

'એવી અચોક્કસતા તો રહેવાની જ. જો ને ! અત્યારથી જ હવામાનની રૂખ બદલાવા માંડી છે, આવતીકાલ સુધીમાં તે વધુ ખરાબ પણ થઈ શકે, છતાં હવે નીકળવું તો પડશે જ.'

'તોફાન શરૂ જ થઈ જાય તો એને શાંત થતાં ઘણા દિવસો લાગી જાય. એ દિવસો દરમિયાન જાણી-સમજીને નીકળવાનું કોઈ પસંદ ન જ કરે.'

'ઓહ ! કેટલી ભયંકર હશે એ સ્થિતિ? પેલું પુરવઠા જહાજ એ દરમિયાન અહીં આવી પહોંચે તો આપણે માટે ખરેખરની મુશ્કેલી ઊભી થાય.'

'આર્જેન્ટિનાના નૌકાદળના જહાજને પડકારવાનું આપણે માટે શક્ય ન જ હોય. એ લોકો આપણને છોડશે નહીં.' કાર્સેન્ટીએ જવાબ આપ્યો. 'ગમે તેવું તોફાન હોય તોપણ આપણે અહીંથી ઊપડવું જ પડશે એમ એનો અર્થ થાય, ખરું ને?'

ગુફાના છેક ઊંડાણવાળા ભાગમાં ખાસ પ્રકાશ ન હતો. કામની કોઈ વસ્તુ હાથ લાગી જાય એવી આશામાં કચરાના ઢગલા ફંફોસતો કાર્સેન્ટી ક્યારેક તો વાકુઝની સાવ નજીક આવી જતો હતો. એવા સમયે વાકુઝે શ્વાસ પણ અદ્ધર કરી દેવો પડતો હતો. જોકે એ સાથે એનો હાથ રિવૉલ્વર ઉપર પહોંચી જતો. એના ઘોડા ઉપર અનાયાસ એની આંગળી મુકાઈ જતી. એકદમ નજીકથી જ સામેની વ્યક્તિ ઉપર તકાયેલું નિશાન નિષ્ફળ જવાની શક્યતા ન હતી.

એની આ અગ્નિપરીક્ષા અડધો કલાક ચાલી હશે. આખરે કાર્સેન્ટીએ હોડી પાસે ઊભેલા માણસને ઉપર બોલાવ્યો. જુદી તારવેલી વસ્તુઓની ગાંસડી બંધાવી.

ગુફામાંથી નીકળતી વેળા કાર્સેન્ટીએ ગુફાની અંદર છેલ્લી વાર નજર ફેરવી લીધી. ત્યાં બાકી રહેલી વસ્તુઓ ઉપર સૂચક રીતે આંગળી ચીંધી બોલ્યો,

'વહાણ જો ત્રણસો ટનની ક્ષમતાવાળું હોત, તો આ બધું જ અહીંથી લઈ જઈ શકાયું હોત. આપણે અહીંથી નીકળીએ ત્યાં સુધીમાં વળી એકાદ બે વધુ જહાજ ખરાબે

ચડી જઈને તૂટે તો કેવું સારું ! એમાંના કિંમતી સામાન માટે હજી પણ થોડી જગ્યા ફાળવી શકાઈ હોત.'

સઢના વીટાઓના ઢગલા પાછળ આડી પડીને વાકુઝ આ વાતો સાંભળી રહ્યો. એક વહાણ અહી તૂટે ત્યારે એને કારણે કેટલું બધું નુકસાન થાય? કેટલા બધા માણસો મૃત્યુ પામે? તેને બદલે આ પિશાચો પોતાના નાનકડા સ્વાર્થ માટે એ વહાણો નષ્ટ થવાની જ જાણે પ્રાર્થના કરતા હતા. એને ખૂબ ખૂબ ગુસ્સો આવતો હતો, પરંતુ અત્યારે છતા થઈ જવાનું એને પરવડે તેમ ન હતું

નીચે હોડી પાસે આવી સામાનની ગાંસડી તેમાં ગોઠવી દીધી. પવન અનુકૂળ હતો. એનો ધક્કો વાગતાં હોડી લાઇટહાઉસની દિશામાં પાણીનાં મોજાં ઉપર સરવા લાગી. થોડી જ વારમાં ખડકની આડશમાં અદૃશ્ય બની.

થોડો સમય રાહ જોઈ વાકુઝ બહાર નીકળ્યો. આજુબાજુમાં દૂર સુધી નજર ફેરવી જોઈ લીધું. એને માટે અહીથી લઈ જવા જેવું કાંઈ જ બચ્યું ન હતું. માત્ર બે દિવસ ચાલે તેટલો જ ખોરાક હવે એની પાસે બાકી રહ્યો હતો. એને ખાતરી હતી કે લાઇટહાઉસના ભંડારમાં સંગ્રહાયેલો તમામ પુરવઠો આ લોકો એમની સાથે જ ઉઠાવી જવાના હતા.

પુરવઠા જહાજ નવો પુરવઠો લઈને આવે ત્યાં સુધી કેવી રીતે ટકી શકાશે? એ પ્રશ્ન એને સતાવતો હતો. કેમ કે તેને આવતાં પંદરેક દિવસ તો સહેજે નીકળી જાય તેમ હતું. જમીનમાં દટાયેલા કંદમૂળ કે માછલીઓનો એક માત્ર વિકલ્પ તેની સામે હતો. એ પણ આસાન ન હતું. જ્યાં સુધી ચાંચિયાઓ અહીથી જાય નહી, ત્યાં સુધી એને માટે ખુલ્લામાં આવવાનું ભારે જોખમ હતું. છતાં તેઓ અહીથી વહેલા નીકળી શકે નહી, તે જોવા પણ તે ખૂબ આતુર હતો.

આવી સ્થિતિમાં શું કરવું તેની એને સમજ પડતી ન હતી. ગુફામાંથી બહાર નીકળ્યો. હવે તેને પહેલાંની જેમ બંધ કરવાની કાંઇ જ જરૂર ન હતી. હતાશા સાથે આકાશમાં નજર કરી. દૂર ઉત્તરપૂર્વના ખૂણામાં થોડાં વાદળો હતાં. એનો વ્યાપ વધે તો સૂર્ય કદાચ ઢંકાયેલી સ્થિતિમાં જ ઉગે એવી સંભાવના લાગી. સામે એલ્ગર-બે અને તેની પૂર્વમાંના આટલાન્ટિક મહાસાગરમાંથી ઊઠતી અનંત તરંગમાળાઓની હળવી પછાડ કિનારાની રેતીમાં પથરાતી હતી. તેમજ ખડકો સાથે અથડાઈને ફીણ થઈ જતી હતી. પવન સામાન્ય કરતાં કાંઈક વધુ ઝડપે કાંઠા તરફ ફૂંકાઈ રહ્યો હતો.

ઊંડી વિમાસણમાં ક્યાંય સુધી એ ત્યાં જ ઊભો રહી ગયો. મગજ શૂન્ય બની ગયું હતું, દરમ્યાન પવનનું જોર વધ્યું, દૂર દૂર આકાશમાં વાદળોની હલચલ વધવા લાગી. વહેલી સવારે દેખાયેલી નાની લહેરો હવે મોજાં બનીને કાંઠા સાથે અથડાવા લાગી. એના અનુભવને આધારે એને લાગ્યું કે આવનારા તોફાનની એ એંધાણી હતી. નસીબસંજોગે

હવામાનની વિષમતા વધતી રહે, તો એવા તોફાનમાં મૌલે જહાજ માટે અહીંથી નીકળવાનું મુશ્કેલ બની જાય. ઘોર નિરાશામાં કાંઈક આશાનો સંચાર થયો.

ચડતા દિવસ સાથે હવામાનનું ઘમસાણ પણ વધુ ગાઢું બનતું ગયું. બપોર બાદ તો એ પૂર્ણ કક્ષાનું દરિયાઈ તોફાન બની ગયું. કાતિલ બનેલા પવનની સાથે વાદળોની દોડાદોડી વધી ગઈ. આખું આકાશ કાળાં વાદળોથી છવાઈ ગયું. વીજના ચમકારા અને વાદળોની ગડગડાટીથી વાતાવરણ ભયજનક બની ગયું. મોજાંની ઊંચાઈ અને ગતિ પણ વધતી રહી.

પ્રચંડ બળથી કિનારાના ખડકો સાથે પૂરી તાકાતથી એ મોજાં અથડાવાં લાગ્યાં. વાકુઝે ગણતરી કરી કે લાઇટહાઉસમાં રાખવામાં આવેલા બેરોમીટરમાં હવાના દબાણ માટેનો પારો ઉતર-ચડ થતો હશે. આવું તોફાન એના ખ્યાલ પ્રમાણે થોડા કલાક કે એકબે દિવસમાં શમી જાય તેવું ન હતું. એનો વિનાશક વીઝણો દિવસો સુધી વિંઝાતો હોય છે. ઝંઝાવાતની સામે ટકી શકાય તેમ ન લાગતાં એ દોડીને પોતાની ગુફામાં ભરાઈ ગયો. મનોમન એ કુદરતનો આભાર માનવા લાગ્યો.

ગુફાની બહાર પ્રકૃતિનો આવો અજંપો હતો, તો વાકુઝના મનમાંનો ભીતરી અજંપો એના મનને સતત કોરી ખાતો હતો. અત્યાર સુધી બની ગયેલા અને હજી પણ બની રહેલા બનાવોની હારમાળા એના મનમાં સતત ઘૂમરાયા કરતી હતી. શાંતા-ફી પરત આવે, ત્યાં સુધી આ ગુનેગારોને હાલના સ્થળે કઈ રીતે ઠસેલા રાખવા, તેનો ઉપાય શોધવા એ મથામણ કર્યા કરતો હતો. એ દિશામાં કંઈક કરવા માટે પણ એણે જીવતા રહેવું પડે તેમ હતું. માત્ર બોત્તેર કલાક બાદ ભૂખે મરવાની કડવી વાસ્તવિકતાનો પણ એણે સામનો કરવાનો હતો.

આખો દિવસ એ વિચારતો રહ્યો. બહારની અજંપાભરી સ્થિતિ એની સામે કોઈ વિસાતમાં ન હતી. એવી માનસિક સ્થિતિમાં સાંજના સમયે આશ્રયસ્થાન છોડીને ધૂંધળા હવામાનમાં તે બહાર નીકળ્યો. લાઇટહાઉસની દિશામાં કાંઠે કાંઠે એણે ડગલાં ભરવાં માંડ્યાં. ધીમે ધીમે અંધારામાં ગરક થતી રહેલી ક્ષિતિજ ઉપર એની નજર ખોડાયેલી હતી. આથમી રહેલા સૂર્યનો ઝાંખો પ્રકાશ કાળાં વાદળો ઉપર પાછળથી પડતો દેખાતો હતો. શું કરવું અને શું ન કરવું - એનું ચિત્તતંત્ર સાવ સ્થગિત થઈ ગયું હતું. આવી રહેલી સ્થિતિ સામે એ સાવ નિરુપાય બની ગયો હતો. તમામ પ્રકારની વિષમતાઓ અને પ્રતિકૂળતાઓ વચ્ચે લગભગ બે માસથી તે એકલો અટૂલો દિવસો ગુજારતો હતો. હવે પછી બનનારી ઘટના એને માટે ઊંટની પીઠ ઉપર છેલ્લું તણખલું બની રહે તેમ હતું.

અંધારું ઊતરતાં હવામાન હવે વધુ ભયંકર લાગવા માંડ્યું. એની આંખો એવા અંધારામાં જોવા માટે ટેવાઈ ગઈ હતી. એને લાગ્યું કે એવા અંધારામાં એક કાળો ઓળો

સમુદ્રમાંથી કાંઠા તરફ પવનની થપાટો ખાતો ઝડપથી ધસી રહ્યો હતો. વધુ ધ્યાનથી જોતાં જ એ ચિત્કાર કરી ઊઠ્યો, ‘અરે ! આ તો કોઈ વહાણ છે. તોફાની પવનમાં ખડકાળ કાંઠા તરફ ધકેલાઈ રહ્યું લાગે છે. સીધું પૂર્વમાંથી અહીં એની સામે સીધાઈમાં આવી ગયું હતું. આ સ્ટેટન ટાપુ આગળ થઈને એ કદાચ લમાયરની ખાડી મારફતે પ્રશાંત સાગર તરફ જઈ રહ્યું હશે. અથવા દક્ષિણે કેપ હોર્ન તરફ જવા નીકળ્યું હશે એમ એને લાગ્યું.

વાકુઝ અફસોસ કરતો રહ્યો. આટલા ભયંકર ઝંઝાવાત સામે ટકી શકવાનું એનું ગજું જ નહોતું. મધદરિયે તોફાનમાં સપડાયું હોય ત્યારે આવું જહાજ કાબૂ બહાર જઈને પવનની સાથે આમતેમ ધકેલાતું જતું હોય છે. ક્યારેક ઊછળતાં મોજાં એના તૂતક ઉપર ફરી વળે અને તે ડૂબી પણ જઈ શકે, પરંતુ અહીં તો કાળમીઢ ખડકોની બનેલી તોતિંગ દીવાલ એની સામે અડીખમ ઊભેલી હતી. કૅપ્ટન અને તેના ખલાસીઓ ગમે તેટલા પ્રયાસ કરે તોપણ અફળાઈ કુટાઈને એનું તૂટવાનું નિશ્ચિત જ હતું.

એને બચાવવાનો એક જ પ્રયાસ થઈ શકે તેમ હતું. જોકે આ તબક્કે એ ઉપાય શક્ય બને તો પણ કેટલો કારગત નીવડે તે પ્રશ્ન તો હતો જ. એ ઉપાય હતો. લાઇટહાઉસના દીવાનું માર્ગદર્શન. પરંતુ આ કે બીજું કોઈ વહાણ આ રીતે ખરાબે ચડીને તૂટી જાય, તે હેતુ માટે જ તો ચાંચિયાઓએ દીવાને બુઝાવી દીધો હતો. અહીં લમાયર ખાડીને નાકે સ્ટેટન ટાપુ ઉપર નવું જ બંધાયેલું લાઇટહાઉસ ચાલુ થઈ ગયું હતું. આ બાબતની એ જહાજના કૅપ્ટનને કદાચ માહિતી હોય અને તે આધારે જ રાત્રીના આવા તોફાની સમયમાં તેણે આવવાનું જોખમ લીધું હશે એમ વાકુઝને લાગ્યું. જો એમ જ હોય તો આ ચાંચિયાઓની મુરાદ બર આવી એમ કહી શકાય. તોફાનમાં એ રીતે ધસી રહેલા એ વહાણનું ભવિષ્ય લખાઈ ચૂક્યું હતું.

રાત વધતી જતી હતી, સાથે ઝંઝાવતી પવન અને મોજાંની તીવ્રતા પણ વધતી જ રહી. આટલી બિહામણી અંધારી રાત હોવા છતાં વાકુઝ ત્યાંથી ખસ્યો નહીં. મોતના મુખમાં અજાણપણે ધસી રહેલાં જહાજના ઓળા તરફ અનિમેષ આંખે એ જોઈ રહ્યો. આ જહાજને બચાવવાની એની ફરજ હતી. છતાં એ નિરુપાય હતો. દિલમાં અરેરાટી થતી હતી – જહાજ તેના નિશ્ચિત વિનાશની નજીક હતું. છતાં એ પોતે એ અંગે કાંઈ પણ કરી શકે તેમ ન હતો. જહાજના પડખામાં મુકાયેલી લાલ અને લીલી લાઇટ જહાજની સાથે ઊંચીનીચી થતી હતી. વાકુઝને માત્ર એ ઉપરથી એની સ્થિતિનો ખ્યાલ આવતો હતો. એવી લાઇટ સાથેનું જહાજ સઢવાળું વહાણ જ હોઈ શકે – એન્જિનથી હંકારાતી સ્ટીમર હોત તો આ લાઇટ ધોળા પ્રકાશવાળી હોત. આવું સઢવાળું વહાણ સંપૂર્ણપણે પવન અને મોજાંની દયા ઉપર જ રહેતું હોય છે. પ્રકૃતિના રૌદ્ર વિકરાળ સ્વરૂપો માટે અહીંતહીં ઉછાળવાનું તે એક રમકડું જ ગણાય. આવી સ્થિતિમાં એના તમામ સઢ તથા સુકાનની શી સ્થિતિ હશે તેની વાકુઝ કલ્પના કરી શકતો હતો. એનાં

હાડકાં તથા પાંસળીઓ છૂટાં પડવા માટે એક મોટા ધક્કાની જ રાહ જોઈ રહ્યાં હશે એવી એને ખાતરી થઈ ગઈ. હવે તો લાઇટહાઉસનો દીવો પણ એને માર્ગદર્શન આપવાની સ્થિતિમાં ન હતો. એન્જિનથી હંકારાતું વહાણ હોત, તો જોરદાર પવનનો સામનો કરીને પણ બીજી દિશામાં તેને વાળી શકાત.

આમ છતાં વાકુઝે આશા છોડી ન હતી. મોતના મોં તરફ અજાણપણે ધકેલાઈ રહેલા વહાણને જો કોઈક રીતે પણ સૂચના આપી શકાય તો કાંઈક ચમત્કાર થવાની એને આશા હતી. સમયસર ચેતી જઈને વહાણના ચાલકો એને બીજી બાજુ વાળવા પ્રયાસ કરે અને તેમાં સફળતા મળે તો બચવા માટેની છેલ્લી તક હતી.

તરત જ તે કામે વળગ્યો. અગાઉ ભાંગેલાં વહાણોનાં પાટિયાં વગેરે કાંઠા ઉપર વેરણછેરણ પડ્યાં જ હતાં. તારાઓના પ્રકાશને કારણે થોડું પણ જોવા ટેવાયેલી આંખોને આધારે તેનો ઢગલો કર્યો. બાજુમાંથી ઝાડીઝાંખરાં તથા દરિયાઈ વેલાઓ તેની ઉપર ચડાવ્યા. તોફાનની સાથે વરસાદ હજી જોડાયો ન હતો. એ કારણે એ બધું સૂકું જ હતું. અગ્નિ પેટાવાય તો ઝડપથી સળગવા માંડે તેવી શક્યતા હતી.

પરંતુ અફસોસ ! ઢગલો સળગાવવા તૈયારી કરી, ત્યાં જ એક રાક્ષસી મોજાં ઉપર ઊંચકાયેલું એ કમનસીબ વહાણ ભયંકર ધડાકા સાથે કિનારાના ખડક ઉપર જોરથી અથડાયું. વહાણ એમાં ભાંગીને વેરણછેરણ થઈ ગયું. ધડાકા સાથે જ એમાંના માણસોની ચિચિયારીઓ એણે ભારે હૃદયે સાંભળી. થોડી ક્ષણો પછી તો મોજાંના ઘૂઘવાટ અને પવનના સૂસવાટામાં તે પણ દબાઈ ગઈ.

કોઈ પણ અને કાંઈપણ બચ્યું હોવાની શક્યતા જ ન હતી.

આવી હોનારત ટાળી ન શકવા બદલ અફસોસ કરતો વાકુઝ ખિન્ન હૃદયે મોડી રાતે પોતાના મુકામે પાછો વળી ગયો.



અજનબી હમસફર

કરાલ રાત્રીના ભયાનક તોફાનમાં વહાણ આખરે ભાંગ્યું જ. પોતે એ હોનારતને અટકાવી ન શક્યો, એનો પારાવાર વલોપાત કરતો વાકુઝ મોડી રાત્રે મુકામ પર પહોંચી ગયો. એ થાક્યો હતો. વિષમ હવામાનમાં એ કાંઈ જ કરી શકે તે ન હતો એની એને ખાતરી થઈ ગઈ. આરામની એને સખત જરૂર હતી. છતાં અજંપાભરી અર્ધનિદ્રામાં જ એની રાત પૂરી થઈ.

વહેલી સવારમાં તો તે જાગી પણ ગયો. તોફાન હજી પણ એવી જ તીવ્રતાથી ચાલુ હતું. એની સામેનો દરિયો ચરુની જેમ ઊકળતો હતો. પહાડ જેવડાં મોજાં ઊછળી ઊછળીને પછડાતાં હતાં, વળી આગળ વધતાં હતાં અને આખરે ભયંકર અવાજ સાથે કાંઠાના ખડકો સાથે ઝીંકાતાં હતાં. એનું સફેદ ફીણ પાણીની અસ્થિર સપાટી ઉપર ચોમેર રેલાતું હતું.

રાત્રે ચડેલી ભરતીનાં પાણી હવે ઓટ બનીને ઝડપભેર ઓસરી રહ્યાં હતાં. અખાતના મુખ પાસે દરિયા તરફથી તોફાની મોજાંની અનંત હારમાળા આગળ ને આગળ ધસી રહી હતી. ઓટનાં ઓસરતાં પાણીની ગતિ એની સામેની દિશામાં હતી. પરસ્પર વિરુદ્ધ દિશાની આ તાકાતો વચ્ચે મુખપ્રદેશ પાસે ઘમસાણ મચ્યું હતું. આવી સ્થિતિમાં કોઈ વહાણ ત્યાં થઈને અખાતની અંદર આવી શકે તેમ ન હતું. અંદરનું કોઈ યાન બહાર પણ જઈ શકે તેમ ન હતું.

પવન તથા વાદળોની રૂખ પ્રમાણે તોફાન હજી ઘણાં દિવસો સુધી ચાલે તેમ વાકુઝને લાગ્યું. એને ખાતરી થઈ ગઈ કે ચાંચિયાઓનું કાર્સેન્ટી જહાજ નજીકના દિવસોમાં લંગર ઉઠાવી શકશે નહીં. પેલું અજાણ્યું જહાજ તૂટ્યાનો અફસોસ એના મનમાંથી હજી ગયો ન હતો. છતાં ચાંચિયાઓ અહીંથી ભાગી શકે નહીં, એવી સ્થિતિનું નિર્માણ કરવા માટે એણે પ્રકૃતિનાં પરિબળોનો આભાર માન્યો.

પ્રાતઃકર્મ પતાવી. સાવધાનીપૂર્વક એ બહાર નીકળી ગુફાની સામેના કાંઠા ઉપર ચાલવા લાગ્યો. ચારે તરફ વહાણના ભંગારના તરતા અવશેષો પાણીનાં મોજાં સાથે આમથી તેમ અથડાતા હતા. કેટલોક સામાન પાણી ઊતરતાં કાંઠા ઉપર પડેલો હતો.

જહાજમાંનું કોઈ જ માણસ બચ્યું હોય તેમ જણાતું ન હતું. એનું ભાંગેલું માળખું કાંઠા ઉપર ફંગોળાયેલી હાલતમાં પડ્યું હતું. અંદર જઈને જોઈ લેવાનું જોખમ ખેડ્યું, પરંતુ તેમાં કોઈ જ ન હતું. નાવિકોનું શું થયું હશે? આવાં મોજાં વચ્ચે બચાવ નૌકા નીચે ઉતારવાનું અને તેમાં બેસી સલામત રીતે કાંઠે પહોંચવાનું અશક્ય હતું. જહાજના

ફેંકાવા સાથે બધા માણસો પણ દરિયામાં ફેંકાઈ ગયા હોય એવી શક્યતા હતી. એમાંનું કોઈ બચી શક્યું હોય તેવું પણ જણાતું ન હતું.

વાકુઝને ખાતરી હતી કે અજવાળું થતાં જ કૉંગ્રેને આ હોનારતની જાણ થવાની હતી. એનો માલ લૂંટવા માટે ટોળકી અહીં આવવાની જ હતી. એઓનાં કરતૂતોને કારણે જ આ વહાણ તૂટ્યું હતું. એનાં ફળ વેડવા એઓ આવી જ પહોંચવાના. એમાંથી મળનારા માલથી કાર્સેન્ટીના ભંડકિયામાં ખાલી રાખેલી જગ્યા છલોછલ ભરાઈ જાય તેમ હતું. તેમ છતાં હવે જો ટૂંક સમયમાં લંગર ઉઠાવીને તેઓ ભાગી શકે નહીં, તો એમની બધી મહેનત આ તૂટેલા વહાણની જેમ જ પાણીમાં જાય તેમ હતી.

ઓટને કારણે થોડા ખુલ્લા થયેલા કિનારા પાસે એ ઝડપથી પહોંચી ગયો. રેતીમાં પડેલા એક પાટિયા ઉપર સેન્ચુરી નામ લખાયેલું હતું. ત્રણ કૂવાથંભોવાળું એ વહાણ પાંચસો ટન માલની વહન ક્ષમતા ધરાવતું હતું. અમેરિકાના મોબીલ બંદરેથી તે આવતું હતું. મોબીલ શહેર આલાબામા રાજ્યનું પાટનગર હતું. વહાણનો કોઈ માણસ બચી શક્યો હોય તેમ જણાયું નહીં. કદાચ બચાવનૌકામાં ઊતરવાના પ્રયાસ વેળા જ બધા દરિયામાં ફંગોળાઈ ગયા હોય અને ડૂબી ગયા હશે એમ તેણે માન્યું. ઓટનાં ઓસરતાં પાણી સાથે અન્ય તરતા ભંગારની સાથે તેઓ પણ ઊંડા દરિયામાં ખેંચાઈ ગયા હોય એવી શક્યતા વધુ હતી.

છતાં કોઈક માણસ હજી પણ જીવતું મળી આવે એવી એને આશા હતી. હવામાન હજી પણ વિષમ હતું. આમ છતાં પેલી આશાને તાંતણે તાંતણે એ સાન-જુઆનની ભૂશિર તરફ ચાલવા લાગ્યો. લાઇટહાઉસથી વિરુદ્ધની એ દિશા હતી. સાવચેતી ખાતર અવારનવાર પાછળ જોઈ લેતો હતો. ચોરીના માલની તપાસ માટે ચાંચિયાઓ આ તરફ આવે એવી શક્યતા હતી.

નસીબનો બળિયો કોઈ ખલાસી વહાણના ધક્કાના માર છતાં બચી ગયો હોય, અને આ ચાંચિયાઓ તેને શોધીને ખતમ કરે તે પૂર્વે એ તેને શોધી કાઢવા ઉત્સુક હતો. એની સાથે ભંગારમાંથી ખોરાકની કોઈ વસ્તુ મળી આવે, તે પણ એને માટે જીવનદાન પુરવાર થાય તેમ હતું. શાંતા-ફી અહીં આવે ત્યાં સુધી જીવતા રહેવા માટે એ ખૂબ જ જરૂરી હતું. એમાં એને સફળતા મળી. ખોરાક તરીકે ઉપયોગી બની શકે તેવી વસ્તુઓના પૅક કરેલા ડબ્બા તથા દારૂ વગેરે મોટી માત્રામાં મળી આવ્યાં. ઝડપથી એ વસ્તુઓ પાસેના ખડકો પાછળ સંતાડવા માંડી.

દિવસ ચડવા સાથે ચાંચિયાઓની આ તરફ આવવાની શક્યતા વધી ગઈ. રાત્રીના ભયાનક તોફાનમાં બહાર નીકળીને કે લાઇટહાઉસની ટોચની દર્શનગૅલેરીમાં જઈને, કોઈએ આ વહાણને અફળાતું જોયું હોય તેવી શક્યતા ન હતી. છતાં કાંઠા ઉપર વેરાયેલો ભંગાર એમને આકર્ષી શકે તેમ હતો.

‘સેન્ચુરી’ જહાજની દુર્ઘટના વાકુઝ માટે ભારે આઘાતરૂપ હતી. છતાં જે તોફાનને કારણે એ બન્યું હતું, તે જ તોફાને કાર્સેન્ટી જહાજની વિદાય અનિશ્ચિત સમય માટે વિસારે પાડી દીધી. વાકુઝનો એ જ તો ઇરાદો હતો. નાજુક નાનકડા ‘કાર્સેન્ટી’ જહાજ માટે આવા સમયમાં ખુલ્લા દરિયામાં નીકળવાનું શક્ય જ ન હતું. અસમંજસ સ્થિતિમાં એ ચાલતો રહ્યો.

પવનના સૂસવાટા સાથે કોઈ માણસનો હોય તેવો કણસવાનો અવાજ એના કાને પડ્યો. અવાજ કાંઠાના નજીકની બખોલમાંથી આવતો હોય તેવું લાગ્યું. ઝડપથી એ તરફ પહોંચી ગયો. બેભાન થઈને ત્યાંની રેતીમાં પડેલા કોઈ માણસનું એ શરીર હતું. વહાણ તૂટ્યું તે સમયે ચડેલી ભરતીનાં મોજાંના ધક્કાથી તે અહીં કિનારાની બખોલ સુધી ફેંકાઈ ગયો હશે એમ એને લાગ્યું. ચાંચિયાઓ રહેતા હતા તે ગુફાની સાવ નજીકનું સ્થળ હતું. એની બાજુમાં ઉપર આવેલી મોટી ગુફામાં લૂંટનો માલ અને ખજાનો એમણે છુપાવ્યો હતો. એ તમામ વસ્તુઓ વહાણમાં ભરવા માટે તેઓ અહીંથી લઈ ગયા હતા.

પાંત્રીસેક વર્ષની ઉંમરના એ માણસનું હૃદય ધબકતું હતું. શરીર ઉપર ઘા પડ્યો હોય કે માર લાગ્યો હોય તેવાં કોઈ નિશાન જણાયાં નહીં. રાતના અંધારામાં વહાણ ધડાકા સાથે ખડક સાથે અથડાઈને તૂટ્યું, તેના આઘાતથી તે બેભાન થઈને દરિયામાં ફેંકાઈ ગયો હશે. વહાણનો ઉચ્ચ અધિકારી હોય તેવો ગણવેશ પહેરેલો હતો.

એની પાસે પહોંચી જઈ વાકુઝે એની છાતી પર હાથ મૂક્યો. સ્પર્શ થતાં જ થોડું ચેતન આવ્યું હોય તેમ તેણે જાતે બેઠા થવા પ્રયાસ કર્યો. આંખો બંધ જ હતી. બચાવો, બચાવો જેવા શબ્દો જ એના મોંમાંથી નીકળી શક્યા અને ફરીથી બેભાન થઈ ગયો. એને તત્કાળ, ભાનમાં લાવવા વાકુઝે પ્રયાસ કરી જોયો. એમાં સફળતા મળી નહીં. સમય એમાં બગાડવાને બદલે સશક્ત વાકુઝે આ અજાણ્યા નાવિકને પોતાના ખભા ઉપર લશ્કરી ઢબે ઉપાડી લીધો અને ઝડપથી પોતાના છૂપા આશ્રયસ્થાનમાં પહોંચી ગયો. ભીનાં કપડાં ઉતારીને તેને પોતાની પથારીમાં સૂવડાવ્યો. ઉપર ધાબળા ઓઢાડ્યા.

નાવિકના ગણવેશના ખીસામાંથી દારૂની બૉટલ મળી આવી. પાણી સાથે મેળવીને તેના મોંમાં રેડ્યો, તેમજ હથેળી અને પગના તળિયામાં ઘસીને ગરમી આપી. એ ઉપરાંત વધુ કાંઈ પણ કરવાની સ્થિતિમાં તે ન હતો.

વાકુઝની લાગણીભરી સારવારની ધીમે ધીમે અસર થવા માંડી. એકાદ કલાકમાં તો તે ભાનમાં આવી ગયો. એણે આંખો ખોલી. ગુફાનો માહોલ અને સામે અજાણ્યા માણસને બેઠેલો જોઈને મૂંઝવણ અનુભવતો હોય એમ લાગ્યું. કળ વળતાં ધીમા અવાજે બોલ્યો :

‘પાણી ! મને કાંઈક પીવાનું આપો.’

વાકુઝે ફરીથી પાણીની સાથે દારૂ ભેળવીને આપ્યો. બોલ્યો :

'કેમ લાગે છે હવે? ઠીક છે ને?'

'સારું લાગે છે. પણ હું અહી ક્યાં છું? અહી કેવી રીતે આવી ગયો? આપ કોણ છો?'

શુદ્ધ અંગ્રેજીમાં એકીશ્વાસે તેણે અનેક સવાલો પૂછ્યા. વાકુઝે સરળ ભાષામાં જવાબ આપ્યો : '

તમે અહી સલામત સ્થળે છો. હું તમારો મિત્ર છું. સેન્ચુરીના ભંગારમાંથી તમો ફેંકાઈ ગયા હતા. તોફાની મોજાં પર સવાર થઈ તમે અહી નજીકના દરિયાકાંઠે ફેંકાઈ ગયા હતા.'

'તમે સેન્ચુરી જહાજની વાત કરો છો? હવે મને પણ યાદ આવ્યું. તે મારું જ જહાજ હતું.'

'શું નામ છે તમારું?

'ડેવીસ-જ્હોન ડેવીસ.'

'તમે તેમાં કૅપ્ટન હતા?

'ના ! પણ કૅપ્ટનનો હું પ્રથમ મદદનીશ હતો. મારા કૅપ્ટન તથા અન્ય સાથીઓ ક્યાં છે?'

'બધા જ ગયા ! કોઈ બચ્યું નથી. એક માત્ર તમે જ ભાગ્યશાળી હતા કે બચી ગયા.'

સમાચાર સાંભળતાં જ વજ્રપાત થયો હોય તેમ જ્હોન ડેવીસ સ્તબ્ધ બની ગયો. બધું જ નાશ પામ્યુ હતું. પોતે એકલો જ બચી ગયો? હસવું કે રડવું તે ઘડીભર નક્કી કરી શક્યો નહી. એને સમજાઈ ગયું કે પોતાને મિત્ર કહેવડાવતી આ વ્યક્તિએ જ એનો જીવ બચાવ્યો હતો.

'હા ! હું એકલો જ બચી ગયો !' એટલું બોલતાં જ તેની આંખોમાં આંસુ ધસી આવ્યાં. 'આભાર મારા દેવદૂત !' શબ્દ બોલતાં તો તે ભાંગી પડ્યો – ક્યાંય સુધી એ ડૂસકાં લેતો રહ્યો. વાકુઝે એને આશ્વાસન આપ્યું. શાંત થઈ જતાં વાકુઝે તેને ખાવાનું પૂછ્યું.

'ના ! મારે કશું જ ખાવું નથી છતાં કાંઈક પીવું પડશે.'

વાકુઝે પાણી સાથે બ્રાન્ડીનો મોટો ડોઝ આપ્યો. એને લીધે ડેવીસ હવે હોશમાં આવી ગયો. વાકુઝના પ્રશ્નોના જવાબ આપવા જેટલી સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી.

એના જણાવ્યા પ્રમાણે એમનું સેન્ચુરી જહાજ ૫૫૦ ટનની ક્ષમતા ધરાવતું હતું. ત્રણ અઠવાડિયાં પૂર્વે જ નિકલ તથા બીજો માલ ભરીને તે ઑસ્ટ્રેલિયા જવા નીકળ્યું હતું. સંચાલક મંડળમાં કૅપ્ટન હેનરી સ્ટીવર્ડ ઉપરાંત પ્રથમ મદદનીશ તરીકે તે પોતે જ હતો. એ ઉપરાંત બીજા બાર જેટલા સહાયકો હતા. એક રસોઇયો તથા કૅબિન બૉય પણ હતા. પંચાવન ડિગ્રી દક્ષિણ અક્ષાંશ સુધીની સફર તો સહીસલામત હતી

કરમની કઠણાઈ ત્યાર બાદ શરૂ થઈ. પંચાવનની રેખા પાર કરતાં જ તોફાન શરૂ થયું. પ્રચંડ મોજાંની હારમાળા શરૂ થઈ. એકના મારમાંથી બચી જવાય તો બીજું કે ત્રીજું એની મરામત કરવા હાજર હોય જ. એનો કોઈ અંત જ દેખાતો ન હતો.

કૅપ્ટન સ્ટીવર્ડે દિવસ દરમિયાન દૂરથી લાઇટહાઉસ જોયું હતું. એનું કામકાજ શરૂ થયાની પણ એમને માહિતી મળી હતી. તોફાન ચાલુ રહે તે દરમિયાન, અહીંના સ્ટેટન ટાપુ પાસેની લમાયર ખાડીમાં આશરો લેવાનું એણે વિચાર્યું. એનો એ નિર્ણય સાચી દિશાનો જ હતો. હવામાન શાંત થાય ત્યારબાદ ખાડીમાં પશ્ચિમ તરફ હંકારી જવાનો ઇરાદો હતો. ત્યાંથી પ્રશાંત સાગરમાં સીધા ઓસ્ટ્રેલિયા પહોંચી જવાય તેમ હતું.

રાત પડતાં તોફાન વધી ગયું. વહાણને કાબૂમાં રાખવાનું મુશ્કેલ બની ગયું. પવનનો હળવો ધક્કો મળી રહે તે માટે રિપરના તથા આગળના એમ બે જ સઢ ખુલ્લા રખાવી બાકીના સઢોને બીડી લેવામાં આવ્યાં. આમ છતાં પવનના આક્રમણ સામે એ બધા જ પ્રયાસો નકામા બનતા હતા. પછી તો રાતનું અધારું થઈ ગયું. અહીંતહીં ફંગોળાતું જહાજ સ્ટેટન ટાપુથી કેટલું દૂર હશે તેનો કૅપ્ટનને અંદાજ આવતો ન હતો. ત્યાંથી વીસેક માઈલ દૂર હોવાનો એણે અંદાજ બાંધ્યો હતો.

રાત્રી દરમિયાન લાઇટહાઉસના દીવાનું માર્ગદર્શન મળી રહેશે એવી એણે અપેક્ષા રાખી હતી. એનું વહાણ થોડું વધારે દક્ષિણ તરફ હોત તો કાંઠાના ખડકોથી સલામત અંતરે રહીને એ સીધું જ લમાયર ખાડીમાં પહોંચી ગયું હોત. પરંતુ લાઇટહાઉસના દીવાના માર્ગદર્શન વિના એને કાંઠો નજીક હોવાનો ખ્યાલ આવ્યો જ નહીં. તોફાની મોજાં પૂરા જોર સાથે વહાણ ઉપર ત્રાટકતાં રહ્યાં. એક મોજાંની થપાટે પહેલાં એનો એક કૂવાથંભ તૂટ્યો. ત્યારબાદનું એક રાક્ષસી મોજું ડાબા લમણા સાથે અથડાયું. એ ભાગનો ખુરદો નીકળી ગયો. એ સ્થળે કાર્યરત બે ખલાસીઓ એની સાથે જ પાણીમાં ખેંચાઈ ગયા. ત્યારબાદનાં મોજાંથી વહાણ ખડક સાથે અફળાયું. એના ધક્કાથી મુખ્ય કૂવાથંભ તૂટી પડ્યો. એના ઉપર ચડેલા ત્રણ માણસો પણ પાણીમાં ફેંકાઈ ગયા. ત્યાર બાદના એવા જ બીજાં મોજાં સાથે કૅપ્ટન સહિતના તમામ નાવિકો બહાર પાણીમાં ફેંકાઈ ગયા. એમાંથી છટકી શકવાના ધમપછાડા નિષ્ફળ રહ્યા. પાણીના ઘમ્મરવલોણામાંથી કોઈ તરીને બહાર નીકળી શકે તેવી શક્યતા પણ ન હતી.

એક જ્હોન ડેવીસ જ ભાગ્યના જોરે જીવતો રહ્યો. મોજાંની સાથે કિનારાની બખોલ પાસે ફેંકાઈને પડ્યો હતો અને વાકુઝની સમયસરની સહાયથી જીવિત રહી શક્યો હતો.

ડેવીસ હવે સંપૂર્ણ રીતે સ્વસ્થ બની ગયો હતો. ગઈકાલ રાતનો બનાવ એને માટે જાણે એક દુખદ સ્વપ્ન બની રહ્યો. પોતે ચોક્કસ ક્યાં છે, તેનો હજી પણ એને ખ્યાલ આવતો ન હતો.

'આપણે સ્ટેટન ટાપુના પૂર્વ કાંઠે જ છીએ.' ડેવીસની વારંવારની પૃચ્છાનો જવાબ આપતાં વાકુઝે જણાવ્યું, 'એલ્ગર-બેના મુખપ્રદેશ પાસે સાન-જુઆનની ભૂશિરના કાંઠા ઉપર છીએ.'

'તો પછી લાઇટહાઉસ ક્યાં છે?'

'છેલ્લા બે માસથી એનો દીવો સળગાવાયો જ નથી.' એક ઊંડો નિ:શ્વાસ મૂકીને વાકુઝે લાઇટલાઉસના ઉદ્‌ઘાટન બાદની અહીં બનેલી તમામ ઘટનાઓ ડેવીસને જણાવી. સાત અઠવાડિયાં પૂર્વે પોતાના બે સાથીઓની નિર્મમ હત્યા થઈ તથા પોતે એકલો અટૂલો અત્યાર સુધી કેવી રીતે જીવી શક્યો તે બધું જ જણાવ્યું. ચાંચિયાઓની આવી કાતિલ કહાણી સાંભળીને ડેવીસનું લોહી ઉકળી આવ્યું. પોતાનું જહાજ તથા તેના કૅપ્ટન અને માણસોના વિનાશ માટે પણ આ લોકોનાં કરતૂતો જ જવાબદાર હતાં, એ સત્ય તેને બરાબર સમજાઈ ગયું. અત્યારે જ જાણે તેમની સામે વેર લેવા માંગતો હોય તેમ ઊભો થઈ ગયો.

પૂરતી વિચારણા કર્યા સિવાય કાંઈપણ પગલું ભરવા સામે વાકુઝે તેને ચેતવ્યો.

'આ ખૂની ચાંચિયાઓ અત્યારે લાઇટહાઉસનો કબજો લઈને બેઠા છે. એમની પાસે માણસો છે અને હથિયારો પણ છે. અહીંની ગુફામાં એમણે પોતાનો ખજાનો સંતાડ્યો હતો. એની તપાસ માટે અહીં આવ્યા ત્યારે એઓની વાતચીત સાંભળતાં મને એઓના પ્લાનની ખબર પડી હતી.'

'મૌલે જેવું વહાણ એમના હાથમાં આવ્યું તે એમનું બહુ મોટું નસીબ કહેવાય. એમાં અહીંનો માલ ભરીને વહેલી તકે ભાગી છૂટવાને બદલે તેઓ અહીં શા માટે પડી રહ્યા છે?'

'એમના વહાણને મહાસાગરમાં લાંબી મુસાફરી કરવા માટે સક્ષમ બનાવવાનું જરૂરી હતું. એ માટે કેટલુંક સમારકામ જરૂરી હતું. એ કામ હવે પૂરું થઈ ગયું છે. આજે સવારે જ તેઓ અહીંથી લંગર ઉઠાવવા ઉત્સુક હતા. અહીં એમની ગુફામાંથી માલ લઈ જવા ગઈકાલે જ એ લોકો આવ્યા હતા. હવે પછીના એમના પ્લાન અંગેની એમની વાતો મેં અહીં સંતાઈને સાંભળી હતી.'

'અહીંથી ક્યાં જવા માંગે છે એ લોકો?'

‘પ્રશાંત મહાસાગરના કોઈ અનામી ટાપુ ઉપર, જ્યાં તેમનો કોઈ પીછો કરી શકે નહીં.’

‘ત્યાં જઈને પણ આ લોકો આ જ ધંધો ચાલુ રાખવાના ! લૂંટનો આટલો મોટો દલ્લો એમની પાસે ભેગો કર્યો હોવા છતાં એમને કોઈ ધરપત નથી.’

‘પરંતુ એવું નાનું વહાણ આવા ઝંઝાવાતમાં અહીંથી જઈ શકશે. ખરું?

‘નહી જ. હવામાનની રૂખ જેવી દેખાય છે, તે રીતે તો આ તોફાનને શાંત પડતાં હજી એકાદ અઠવાડિયાનો સમય નીકળશે જ.’

‘એ લોકો જ્યાં સુધી લાઇટહાઉસમાં ભરાયેલા રહેશે, ત્યાં સુધી લાઇટહાઉસનો દીવો બંધ જ રહેવાનો છે એમ જ ને?’

‘એવું જ માનવાનું.’

‘એનું પરિણામ શું? રાત્રી દરમિયાન ભૂલથી આ તરફ આવતાં જહાજોનાં પણ ‘સેન્ચુરી’ જેવા જ હાલ ગણવાના !’

‘મને તો હમણાં એવી જ બિહામણી વાસ્તવિકતા દેખાય છે.’

‘હવે પછી આ તરફ આવતાં વહાણોને આપણે કોઈ રીતે બચાવી શકીએ ખરા? છે કોઈ એવો ઉપાય?’

‘હા છે. અહીં સાન-જુઆનની ભૂશિરની અણીના ઊંચા ખડક ઉપર રાત્રે હોળી સળગાવીને તમારા “સેન્ચુરી”ને બચાવવા મેં એમ જ વિચારેલું. તૈયારી પણ કરેલી. કમભાગ્યે પવન એટલો જોરદાર હતો કે હોળી સળગી શકી જ નહીં. અને પછી તો ઘણું મોડું થઈ ગયું.’

‘તમે એકલા એકલા એ કામ ન કરી શક્યા. મને શ્રદ્ધા છે કે આપણે બંને મળીને તે જરૂરથી કરી શકીશું.’

ડેવીસે ગંભીર બનીને જણાવ્યું, ‘બાળવા માટેનાં લાકડાંનો અહીં તોટો નથી. અહીં નષ્ટ થયેલાં જહાજોનાં પાટિયાંઓ તથા અન્ય લાકડાં પણ વેરાયેલાં પડ્યાં છે. એ જ લાકડું બાળીને હવે પછી એવી હોનારતો આપણે ટાળી શકીશું.’

‘આ ચાંચિયાઓ અહીં લાઇટહાઉસમાં છે, ત્યાં સુધીમાં બનનારી આવી હોનારતોમાંની એકને પણ આપણે ટાળી શકીએ તો આપણી મહેનત લેખે લાગી ગણાશે.’

‘મારા ખ્યાલ પ્રમાણે કૉંગ્રેની ટોળકી અહીંથી ભાગવાની ઉતાવળમાં છે. પુરવઠા જહાજ અહીં આવે તે પહેલાં તો એઓ ગમે તેવા હવામાનમાં અહીંથી ભાગવા પ્રયાસ કરશે જ.’

'પુરવઠા જહાજ ! શાનું પુરવઠા જહાજ?'

'અમને ડિસેમ્બર માસમાં અહીં મૂકીને ગયેલું તે, મારા દેશનું નૌકાદળનું પુરવઠા જહાજ શાંતા-ફી માર્ચ માસની શરૂમાં તે પાછું અહીં આવવાનું છે. લાઇટહાઉસ ઉપર રાખવામાં આવતી લૉગબુકમાં એની નોંધ છે જ. આ લોકોને તેની ખબર છે કે ત્રણ માસમાં એટલે કે માર્ચના પહેલા અઠવાડિયામાં શાંતા-ફી અમારી બદલી માટેના નવા માણસો તથા નવો પુરવઠો લઈને અહીં આવનાર છે. આ લોકોને તેનો જ ડર છે. તે અગાઉ અહીંથી ભાગવાની પેરવીમાં રહેશે.'

તોફાન શરૂ થયું તે દિવસથી વાકુઝ મનોમન પ્રાર્થના કરતો રહેતો કે એવું કાંઈક બને કે જેને કારણે આ ખૂની લોકો અહીંથી નીકળી શકે જ નહીં ! શાંતા-ફી અહીં આવે પછી તો એમણે એમનાં કુકર્મોનો જવાબ આપવો જ પડવાનો છે.

હવે એ પ્રાર્થનામાં ડેવીસ જોડાયો. તે બોલ્યો, 'આહ ! એવું બને તો આખી સ્થિતિ જ બદલાઈ જાય ! હું પણ ઇષ્ટદેવને પ્રાર્થના કરીશ કે આ તોફાન એની પૂરી તાકાત સાથે ચાલુ જ રહે અને શાંતા-ફી અહીં આવે ત્યારે આ ચાંચિયાઓને એમનાં પાપોની સજા મળે.'



મોતના સોદાગરો

ચાંચિયા સરદાર કૉંગ્રે અને તેના વિશ્વાસુ સાથી કાર્સેન્ટી સહિતના ચાંચિયાઓનો ગિરોહ, સ્ટેટન ટાપુ તેમજ તેના ઉપર નવા જ બંધાઈને શરૂ થયેલ લાઇટહાઉસના સર્વેસર્વા બની ગયા હતા. લૂંટ અને મારધાડ એ જ જાણે એ સૌનો જીવનમંત્ર હતો. જરઝવેરાત સહિતની એમની પાસેની તમામેતમામ વસ્તુઓ લૂંટની જ માલમતા હતી. એવો મબલક ખજાનો એમની પાસે હોવા છતાં હજી પણ લૂંટ સિવાય એમને બીજું કંઈ સૂઝતું જ ન હતું.

આગલે દિવસે સાંજના સમયે કાર્સેન્ટી લાઇટહાઉસની દર્શનગૅલેરીમાં ઊભો હતો. દૂર ક્ષિતિજ ઉપર પૂર્વ દિશામાંથી આવી રહેલું એક વહાણ એણે જોયું. કૉંગ્રેને પણ એણે ઉપર બોલાવ્યો. બંનેને લાગ્યું કે ત્રણ કૂવાથંભવાળું એક મોટું વહાણ તોફાનથી બચવા માટે એમના તરફ આવી રહ્યું હતું. ટાપુની પશ્ચિમે પ્રશાંત સાગરનો કિનારો પ્રમાણમાં શાંત હતો. લમાયરની ખાડીમાં થઈને એ તરફ પહોંચી જવાનો એનો ઇરાદો હોય એવું એમણે અનુમાન કર્યું.

દિવસના અજવાળામાં એમની આંખો વહાણનો પીછો કરતી રહી. રાત્રીના અંધારામાં વહાણ ઉપરની લાલલીલી બત્તી એની સ્થિતિની ચાડી ખાતી હતી. એ ઉપરથી એમને ખ્યાલ આવી ગયો હતો કે વહાણમાં કાંઈક તકલીફ હતી. અંધારામાં સામે આવી ચડેલા ખડકાળ કિનારાનો ખલાસીઓને ખ્યાલ આવે તેવી શક્યતા નહીંવત હતી. એવી હાલતમાં અંધારામાં અટવાતા એ વહાણ માટે ખરાબે ચડીને નષ્ટ થવાનું લગભગ નક્કી જ હતું.

એને બચાવવાનો એક માત્ર ઉપાય લાઇટહાઉસનો દીવો સળગાવી તેને માર્ગદર્શન આપવાનો હતો. હજી પણ સમય હતો, અને સલામત અંતર પણ હતું. સમયસર ચેતવણી અને માર્ગદર્શન મળી શકે તો એની દિશામાં ફેરફાર કરવા માટેની તક હતી, પરંતુ આ લોકો પાસે એવી અપેક્ષા રાખી શકાય તેમ હતું જ નહીં. સંભવિત પરિણામ બાબતની પૂરી સૂઝસમજ સાથે જ તો એમણે બે માસથી દીવો બંધ રાખ્યો હતો. પ્રાણીના મરવાની જ રાહ જોઈને બેઠેલા ગીધોનાં ટોળાંની જેમ જ તેઓ જહાજ તૂટવાની રાહ જોઈ રહ્યા હતા. એમની અપેક્ષા પ્રમાણે જ ઘટનાક્રમ આકાર લઈ રહ્યો હતો. મોડી રાત્રે વહાણની લાઇટો એકાએક ઊંચી ગઈ અને દેખાતી બંધ થઈ ગઈ. સાન-જુઆનની ભૂશિર અને પૉઇન્ટ સેવરલ વચ્ચેના કાંઠાના ખડકોમાં ક્યાંક એ વહાણ ભાંગી ગયાનો એમણે અંદાજ બાંધ્યો. વહાણમાંનો માલ એમના કાર્સેન્ટીમાં ભેગો કરવાની એમને કોઈ ઉતાવળ હતી નહીં. આ નિર્જન ટાપુ ઉપર એમના સિવાય અન્ય કોઈ માણસ જ ન હતું જે માલ ઉપાડી જઈ શકે.

બીજા દિવસે પણ તોફાન ચાલુ જ રહ્યું. આવા તોફાનમાં કાર્સેન્ટી જેવા નાના વહાણને ખુલ્લામાં બહાર કાઢવામાં મોટું જોખમ હતું. તોફાનની રૂખ પ્રમાણે તે હજી દિવસો સુધી ચાલે તેમ હતું. જ્યારે આ બાજુ ચાંચિયાઓને વહેલી તકે લંગર ઉપાડીને ભાગી છૂટવામાં જ રસ હતો. એમને માટે હવે એ જીવનમરણનો સવાલ બની ગયો હતો. અત્યાર સુધી બધી જ ઘટનાઓ એમને માટે સાનુકૂળ રહી હતી. હવે એમાં પલટો આવ્યો હતો. એક પછી એક પ્રતિકૂળતાઓ ઊભી થઈ રહી હતી.

પરિસ્થિતિ હવે પ્રતિકૂળ બની રહી હોવા છતાં કૉંગ્રેને હજી પણ ધરપત હતી. હજી તો ૧૯મી ફેબ્રુઆરી થઈ હતી. પુરવઠા જહાજ તો માર્ચ માસના પહેલા અઠવાડિયામાં આ તરફ આવનાર હતું. સંજોગોવશાત્ એમાં મોડું થવાની પણ શક્યતા હતી. એ રીતે જોતાં હજી એની પાસે પૂરતો સમય હતો. વાવાઝોડું લાંબું ચાલવાની શક્યતા હતી, પરંતુ તેનો અંત ન જ આવે એવું ન હતું. એમાં ગમે ત્યારે હળવાશ આવી શકે તેમ હતી. એવી કોઈ ઘડી આવે કે તરત તેને ઝડપી લેવાની બધી જ પૂર્વતૈયારી કૉંગ્રેએ કરી લીધી હતી.

એવી સ્થિતિમાં આ એક નવું કામ આવી પડ્યું હતું. ભાંગેલા વહાણમાં કાંઈ કિંમતી માલસામાન હોય, તો તેને શોધીને લાવવામાં પણ થોડો સમય લાગે તેમ હતું. લૂંટનો માલ એ તો આ લોકોને મનપસંદ બાબત હતી.

તોફાન ચાલુ હોવા છતાં તેની પરવા કર્યા વિના બધા જ માણસો મોટી હોડીમાં સવાર થઈ ગયા. ઓટનો સમય હતો. પવનની દિશા જો અનુકૂળ હોય તો ઓટનાં ઓસરતાં પાણી ઉપર સવાર થઈને હોડી સડસડાટ ઘટનાસ્થળે પહોંચી ગઈ હોત. પરંતુ તોફાની પવન અને મોજાંની થપાટો હોડીને, તે જ્યાંથી નીકળી તે તરફ ધકેલતાં હતાં. એલ્ગર-બેના ઉત્તરી કાંઠે દૂર એમની જૂની ગુફા તરફ હોડીને લઈ જતાં સમય અને શક્તિનો ખુરદો નીકળી ગયો. મહામહેનતે પોતાના જૂના આશ્રયસ્થાન નજીક બધા પહોંચી શક્યા. માલસામાન વેરાયેલો પડેલો જોતાં જ હોડીને તેમણે કાંઠા નજીક લીધી. સૌ ટપોટપ કૂદી પડ્યા.

વાકુઝ અને જ્હોન ડેવીસ નજીકમાં જ એમની બખોલમાં બેઠા હતા. આ ટોળી અહીં આવશે જ એવી એ બંનેને ખાતરી હતી જ. ખરેખર તો એઓ બંને તેઓની રાહ જ જોતા હતા. ચાંચિયાઓ આવે તે અગાઉ જ વાકુઝે જ્હોન ડેવીસને બચાવી લીધો હતો. તથા ઉપયોગી થાય તેવી તમામ ચીજવસ્તુઓ નજીકના ખડકોની પાછળ સંતાડી દીધી હતી.

હોડીનાં હલેસાંનો તથા માણસોની વાતચીતનો અવાજ સાંભળતાં જ બંને સતર્ક બની ગયા. વાકુઝ ગુફાની બહાર જોવા માટે આગળ નીકળ્યો. ઘૂંટણીએ પડીને સાવધાનીપૂર્વક તે ધીમેધીમે આગળ ખસવા લાગ્યો. પૂરેપૂરી સાવચેતી સાથે ડેવીસે પણ

એની જ પાછળ ઘૂંટણિયાં ભરવા માંડ્યાં. ડેવીસના આ કાર્યને ગુસ્તાખી સમજીને વાકુઝ તેના ઉપર ગુસ્સો ભરાયો.

'તું શા માટે બહાર આવે છે? તારે હજી આરામની જરૂર છે. ઝડપથી પાછી ગુફાની અંદર પહોંચી જા.'

'ના ના ! નહી જ. હું હવે તદ્દન સ્વસ્થ છું. મારા સેન્ચુરી વહાણનો ખાત્મો બોલાવનારા જાલિમોને હું મારી નજરે જોવા માંગું છું.'

મજબૂત બાંધાનો જ્હોન ડેવીસ નીડર હતો. ભયથી ડરીને પારોઠનાં પગલાં ભરવાનું એના સ્વભાવમાં જ ન હતું. અમેરિકન નૌકાદળમાં અગાઉ એણે એક નિશાનબાજ તોપચી તરીકેની નામના મેળવી હતી. ત્યાંથી નિવૃત્ત થયા બાદ મોબીલ આવીને વેપારી જહાજમાં જોડાયો હતો. અહીંના માલિકો પણ એની કામગીરીથી ખુશ હતા. એના સેન્ચુરી વહાણનો ઑસ્ટ્રેલિયાનો આ છેલ્લો ફેરો હતો. એ પૂરો થાય ત્યારે હાલના કૅપ્ટન હેરી સ્ટીવર્ડ નિવૃત્ત થવાના હતા. હેરીના અનુગામી તરીકે એ સ્થાને ડેવીસની નિમણૂક થઈ હતી. પાછા વળતાં એ જવાબદારી એણે સંભાળી લેવાની હતી

ડેવીસને અફસોસ અને ગુસ્સો બંને હતાં. મોબીલ પહોંચ્યા બાદ જે જહાજનો એ કૅપ્ટન બનવાનો હતો, તે આ ચાંચિયાઓના કરતૂતોને કારણે નાશ પામ્યુ હતું. એમાં કામ કરતા એના બધા જ સાથીઓ માર્યા ગયા હતા.

આ બાજુ વાકુઝ પોતે પણ ઉપરાઉપરી ઊભી થયેલી પ્રતિકૂળતાઓથી હતાશ થઈ ગયો હતો. એવી માનસિક સ્થિતિમાંથી બહાર આવવા માટે ડેવીસ જેવા બહાદુર માણસની જ એને જરૂર હતી. એકલપંડે આ ખૂની ટોળી સામે ટકી શકવાનું મુશ્કેલ લાગતું હતું. ચાંચિયાઓને અહીંથી ભાગી જતા પોતે અટકાવી શકશે નહી એવું લાગતાં એ ભારે વિમાસણમાં હતો. એને કોઈ જ ઉપાય સૂઝતો ન હતો. માનસિક રીતે એ લગભગ પડી ભાંગ્યો હતો. કોઈ ઈશ્વરી સંકેત જ હશે કે એવા સમયે જ્હોન ડેવીસ જેવો બહાદુર સાથી મળી ગયો. સમોવડિયો સાથી આકસ્મિક રીતે જ મળી જતાં, છોડી દીધેલી આશા હવે એનામાં ફરી જાગ્રત થઈ.

બંને જણા ખડકોની આડશમાં છુપાઈને બેઠા. હોડીમાં આવેલા વણનોતર્યા મહેમાનોની હિલચાલ ચુપકીદીથી જોઈ રહ્યા.

સેન્ચુરી જહાજનું અડધું માળખું ભાંગીને જ્યાં પડ્યું હતું તે સ્થળે ચાંચિયાઓ પહોંચી ગયા. વાકુઝ અને ડેવીસ જ્યાં છુપાયા હતા તે સ્થળ એમનાથી માત્ર બસો વાર જ દૂર હશે. એ સૌએ કાતિલ પવનની સામે રક્ષણ મેળવવા તેલ પાયેલા ચામડાંના ચુસ્ત અને ખાસ પોષાક પહેર્યા હતા. માથું, કપાળ, ગાલ અને દાઢી ઢંકાઈ જાય એવી ટોપી

પહેરી હતી. તેમ છતાં પવનથી બચવા વારંવાર એમણે નજીકના ખડકોની આડશ લેવી પડતી હતી.

એઓ પૈકીના બે જણાને વાકુઝ બરાબર ઓળખી ગયો હતો. એ બે હતા કૉંગ્રે તથા કાર્સેન્ટી. ધીમા અવાજે ડેવીસને તેમની ઓળખાણ કરાવી. કાર્સેન્ટીને બતાવી વાકુઝ બોલ્યો,

‘આ તે માણસ છે, જેણે મદદ કરવા ગયેલા મારા સાથીનું માથું કુહાડીના પ્રહારથી બહુ જ ક્રૂર રીતે છૂંદી નાંખ્યું હતું. દર્શનગૅલેરીમાંથી મેં મારી નજર સામે મારા મિત્રને ઢળી પડતો જોયો હતો.’

‘હું માનું છું કે સમય આવ્યો એ જ રીતે એ લોકોનો ન્યાય કરવાનું તમને ગમશે.’ ડેવીસે વાકુઝના દર્દભર્યા શબ્દો પ્રત્યે પોતાની સંવેદના પ્રગટ કરી.

‘એકલો કાર્સેન્ટી જ શા માટે? એમનો સરદાર કૉંગ્રે પણ એના જેવો જ હડકાયા કૂતરા જેવો છે.’

સેન્ચુરી જહાજના ભંગારમાંથી ઉપયોગમાં આવે એવો સામાન શોધવામાં તથા કાંઠે વેરાયેલી વસ્તુઓ જોવામાં ચાંચિયાઓએ એક કલાક લીધો. જહાજમાં મુખ્યત્વે નિકલ ધાતુના ગઠ્ઠાઓ હતા. સાધારણ કિંમતના એવા ભારેખમ માલમાં એમને જરાય રસ ન હતો. આમ છતાં ઉપયોગી બની શકે તેવી વસ્તુઓનાં ત્રણેક મોટાં પોટલાં તૈયાર કર્યાં.

‘એમાંથી સોનાચાંદી કે જરઝવેરાત મળશે એવી આશા જો એમણે રાખી હશે તો નિરાશ જ થવું પડ્યું હશે.’ સેન્ચુરી જહાજના બીજા નંબરના અધિકારી તરીકે ડેવીસને તેમાંના માલસામાન બાબત બધી જ માહિતી હતી.

‘આ લૂંટારાઓએ પહેલાં તો વહાણોને ગેરમાર્ગે દોરીને તેને ખડકાળ કિનારાની સામે લાવી દીધાં હતાં. એના ખડકો સાથે અથડાઈને એ વહાણો તેમાંના માલ તથા માણસો સાથે નાશ પામ્યાં ત્યારે ઉત્સવ મનાવ્યો. એમાંથી તમામ કિંમતી ચીજવસ્તુઓની ત્યાર બાદ એમણે લૂંટ ચલાવી. એ માલ એમણે અહીંની આ ગુફામાં ભેગો કર્યો. એમના વહાણનું ભંડકિયું એવી વસ્તુઓથી છલોછલ ભરાઈ ગયું હશે. એ સંજોગોમાં વધુ જગ્યા રોકે અને નજીવી કિંમતની હોય તેવી વસ્તુઓમાં એમને રસ ન હોય તે દેખીતું જ છે.’

‘અહીંથી વહેલી તકે ભાગી જવાની ઉતાવળ હવે મને સમજાય છે, પરંતુ તેમાં એ લોકો ફાવી શકે તેમ મને લાગતું નથી.’

ડેવીસે મક્કમ શબ્દોમાં આશા વ્યક્ત કરી :

‘તારી એવી આશા ફળી શકે એ માટે આવું ખરાબ હવામાન હજી પંદર દિવસ ચાલુ રહે તે જરૂરી છે.’

‘એવું શા માટે? આપણે કોઈ ઉપાય જરૂરથી શોધી શકીશું.’ ચાંચિયાઓને અહીંથી ભાગી જતા શી રીતે રોકી શકાય તે બાબત ડેવીસે વધુ સ્પષ્ટતા કરી નહી. સેન્ચુરી જહાજનો બાકીનો અડધો ભંગાર થોડે દૂર પૉઇન્ટ સેવરલ નજીકમાં પડેલો દેખાતો હતો. અહીંથી મળેલા સામાનનાં પોટલાં હોડીમાં ભરીને ચાંચિયાઓ એ સ્થળ સુધી હંકારી ગયા. એમાંથી પણ વધુ વસ્તુઓ મળવાની એમને આશા હશે. ઓટને કારણે કિનારો ખુલ્લો થઈ ગયો હતો. કાળા ખડકો પાણીની બહાર ડોકાઈ રહ્યા હોય તેવી સ્થિતિ હતી.

ડેવીસના જણાવ્યા મુજબ સેન્ચુરીના એ પાછળના ભાગમાં સ્ટોરરૂમ હતો. લૂંટારાઓએ એમાં લગભગ બે કલાકનો સમય લીધો. એમાંથી મળેલા સામાનનાં અનેક પોટલાં તથા દારૂ અને જાળવી રાખેલો ખોરાક ભરેલાં લાકડાંનાં ગોળ, પીપો હોડીમાં મુકાવી દીધાં. ત્યાર બાદ કાર્સેન્ટી તથા બે માણસો કુહાડીઓ લઈને સેન્ચુરીના એ ભંગાર ઉપર ચડી ગયા અને જોરથી એ કુહાડીના ઘા ઝીકવા લાગ્યા. આમ પણ સેન્ચુરીનું માળખું તોફાનમાં ખડકો સાથે અથડાઈને કુટાઈને ઢીલું તો થઈ જ ગયું હતું. ત્રણ સશક્ત માણસો તરફથી થતા આવા પ્રહારો તે ઝીલી શકે તેમ ન હતું. થોડા જ સમયમાં છૂટું પડી ગયું.

‘શું કરે છે આ લોકો? વાકુઝે આશ્ચર્ય સાથે પૂછ્યું. ‘વહાણને તોડવામાં મોજાંની થપાટો શું કમ હતી કે હવે એમણે કુહાડીનો ઉપયોગ કરવો પડે? એ શું કારણ હશે?’

‘મને લાગે છે કે તેઓ આ જહાજની તમામ પ્રકારની ઓળખને મિટાવી દેવા માંગે છે. કોઈ પણ રીતે એની ઓળખ છતી થાય, તો આ જહાજ અહીં નાશ પામ્યુ હતું, એની જાણકારી જે તે દેશોની સરકારને થવાની જ. એ પછી એનાં કારણોની શોધ માટે તપાસ શરૂ થઈ જાય. એવી તપાસનો રેલો કદાચ એમના સુધી પહોંચે એવો ડર એમને લાગતો હશે, એમ હું માનું છું. હવે તો નથી રહ્યો વાંસ અને નથી. વાગવાની એની વાંસળી.’

ડેવીસે ચાંચિયાઓની આ હરકત અંગે પોતાનું અનુમાન જણાવ્યું. ડેવીસનું એ અનુમાન સાચું હતું, એની ખાતરી એમને તરત જ થઈ ગઈ. તારાઓ તથા પટાઓથી અંકિત અમેરિકાનો રાષ્ટ્રધ્વજ સેન્ચુરીના ભંડકિયામાંથી કાર્સેન્ટી શોધી લાવ્યો. સૌ સાથીઓના હર્ષોલ્લાસ વચ્ચે તેણે રાષ્ટ્રધ્વજને ફાડી નાંખ્યો અને તેના લીરાને પવનમાં ઉડાવી દીધા

‘નાલાયકો, એ રાષ્ટ્રધ્વજ છે ! મારા દેશનો ગૌરવવંતો રાષ્ટ્રધ્વજ. મારા દેશના અપમાનનો બદલો લીધા વિના હું જંપીશ નહી.’ રાષ્ટ્રધ્વજના આવા

અપમાનથી ઊકળી ઊઠેલો ડેવીસ બહાર ધસવા જતો હતો. એનું મોં ગુસ્સાથી લાલચોળ બની ગયું. સ્થિતિની ગંભીરતાનો ખ્યાલ કરી વાકુઝે એનો હાથ પકડી લીધો. તેને બહાર જતો અટકાવી દીધો. બંનેએ જોયું કે હોડી હવે લૂંટના માલનાં પોટલાંથી પૂરેપૂરી ભરાઈ ગઈ હતી. માણસોને હોડી પાસે જ ઊભા રાખી કૉંગ્રે અને કાર્સેન્ટી કિનારાની રેતી તથા ખડકો ઉપર ચાલતા આ તરફ આવતા જણાયા. ધીમે રહીને વાકુઝ તથા ડેવીસ પોતાની ગુફામાં સરકી ગયા. સલામત રીતે તેમાં ભરાઈને નજીક આવતા લોકોની વાતચીત સાંભળી શકાય તે રીતે કાન સરવા કર્યા.

હજી પણ કોઈ કિંમતી વસ્તુ કિનારા પરથી મળી આવે એ હેતુથી તેમણે વાકુઝની ગુફાની આગળ થઈને બેચાર આંટાફેરા કર્યા. તેઓની વાતચીતના તૂટક શબ્દો કાને અથડાયા.

એમાંથી સ્પષ્ટ થયેલી વાતો પ્રમાણે એ લોકો બીજા દિવસે સવારે ઓટના અનુકૂળ સમયે અહીંથી લંગર ઉઠાવીને મુસાફરી શરૂ કરવા ઉત્સુક હતા, પરંતુ ચાલુ રહેલા તોફાનને કારણે દ્વિધામાં હતા. સેન્ચુરી જહાજમાંથી જરઝવેરાત નહીં મળવાને કારણે અફસોસ કરતા હતા.

ગુનાહિત કારસા રચી વહાણોને આ રીતે ફસાવવાં અને તેમાંથી મળેલી ચીજવસ્તુઓ સંબંધમાં આવી હીનકક્ષાની વાતો કરવાની આ ગુનાહિત રીતથી ડેવીસ ઉશ્કેરાઈ ગયો. કમરે ખોસેલી રિવોલ્વર ખેંચીને નિશાન તાકવા લાગ્યો, પરંતુ એવી કસમયની કાર્યવાહીથી નુકસાન થવાનો ભય હતો. વાકુઝે તેને રોકી પાડ્યો.

‘તમે મને રોક્યો તે સારું થયું.’’ ગુસ્સાની કળ વળતાં જ ડેવીસે પોતાની ભૂલનો સ્વીકાર કર્યો. ‘નિર્દોષ લોકો માટે પારાવાર તકલીફ ઊભી કરી, તેમાંથી આનંદ લૂંટનારા આ અધમ લૂંટારાઓની વાતો સાંભળી મારું તો લોહી ઊકળી આવે છે. એક વાર તેઓ અહીંથી છટક્યા તો તેને કેવી રીતે શોધી શકાશે તે બાબત મને અકળાવે છે.’

‘એવો ભય અકારણ લાગે છે. આ તોફાન હળવું બને એવું લાગતું નથી. આવી સ્થિતિ ચાલુ રહી તો ચાંચિયાઓ માટે અહીંથી નીકળવાનું શક્ય નહીં જ બને.’

‘તમારું પુરવઠા જહાજ તો માર્ચની શરૂઆતના દિવસોમાં આવનાર છે. એટલે આ તોફાન બેચાર દિવસ વધુ લંબાય તેમાં કાંઈ ફરક પડવાનો નથી એમ મને લાગે છે.’

‘આપણે આશા રાખવાની કે શાંતા-ફી જહાજ વહેલું આવે. હવામાન સારું હોય તો તે વહેલું પણ આવી શકે છે. કુદરત આ લોકોને માટે હંમેશાં જ અનુકૂળ રહે એવું થોડું બનવાનું છે.’

'એવું બની શકે તો કેટલું સારું ! આ બદમાશોની ટોળકીને બરાબરનો પાઠ ભણાવી શકાય.'

આ બધી જ વાતો આખરે તો આશ્વાસન લેવા માટેની હતી. દિવસો સુધી ચાલનારા આવાં તોફાનોમાં પણ ક્યારેક વિરામ આવતો હોય છે. હાલની સ્થિતિથી તંગ બની ગયેલા લૂંટારાઓ થોડુંક જોખમ લઈને પણ ભાગી છૂટવા પ્રયાસ કરશે, એમ તેઓ બંને જાણતા હતા.

સાંજના ચાર વાગ્યાનો સમય થયો. ભરતીનાં પાણી ચડવાની શરૂઆત થતાં જ કૉંગ્રે અને તેના માણસો હોડીમાં બેસી ગયા. પવન અને મોજાંના ધક્કાથી ઝડપભેર આગળ ધપતી હોડી થોડી જ વારમાં વળાંક પાછળ અદૃશ્ય થઈ ગઈ.

હવામાન વધુ ઠંડું થયું. સાથે વરસાદ શરૂ થયો. ચાંચિયાઓ તો લાઇટહાઉસની તોતિંગ દીવાલોની અંદર સુરક્ષિત હતા. અંદર ગરમાટો કરવા ભંડારમાં પૂરતા પ્રમાણમાં તેલ ભરેલું હતું. ગુફાવાસી બનેલા વાકુઝ અને ડેવીસે થોડું જોખમ લઈને પણ પાટિયાં સળગાવી તાપણું કરવું પડ્યું. ત્યારબાદના વધુ બે દિવસો તોફાન એની ચરમ સીમાએ ચાલુ રહ્યું. ઠંડા પવનો અને મોજાંની ઝીક સામે મોટાં જહાજોને પણ તકલીફ થઈ શકે તેમ હતી. મેગેલનની ખાડીની દક્ષિણનો સમગ્ર વિસ્તાર કઢાઈમાં ઊકળતા તેલની જેમ ખદબદતો હતો. આ બંને ગુફાવાસીઓ પોતે પણ આશ્રયસ્થાનમાંથી બહાર નીકળી શકે તેમ ન હતું, છતાં એઓ હવે નિશ્ચિંત બન્યા હતા. ચાંચિયાઓ તાત્કાલિક ભાગી શકે તેમ ન હતું. એમની પોતાની પાસેનો ખોરાકનો પુરવઠો ખલાસ થવા આવ્યો હતો, પરંતુ હવે સેન્ચુરીના ભંગારમાંથી પૂરતા પ્રમાણમાં તે મેળવી શકાયો હતો.

આખરે તેવીસમી ફેબ્રુઆરીનો દિવસ આવ્યો. બપોર બાદ તોફાન હળવું બનવાના અણસાર આવ્યા. પવનની દિશા બદલાઈ ગઈ. દિવસો સુધી ઘટાટોપ રહેલાં ઘનઘોર વાદળોમાં થોડી તિરાડ દેખાઈ

છેલ્લા અડતાલીસ કલાકથી વાકુઝ અને ડેવીસ ગુફાની બહાર નીકળી શક્યા ન હતા. અકળાઈ ગયા હતા. સવારના સમયે હિંમત કરીને બંને બહાર નીકળ્યા. બહાર નીકળવાનો આનંદ હતો, તો સાથે ચાંચિયાઓને પણ એનો લાભ મળવાનો હતો. બંને એ કારણે ચિંતાતુર પણ હતા. રેતીના પટમાં ચાલતાં રેતીમાં દબાઈ ગયેલા કોઈ પદાર્થની ડેવીસને ઠોકર વાગી. આંચકો ખાઈને એ ઊભો રહી ગયો. ધાતુનો કોઈ અણિયાળો ભાગ દેખાયો. હાથ વડે રેતી હટાવતાં લોખંડની પેટી ત્યાં દટાઈને પડેલી જણાઈ. ડેવીસને ખ્યાલ આવી ગયો કે એના જ સેન્ચુરી જહાજના ભંડકિયામાં રાખવામાં આવતી એ પેટીમાં તોપના ગોળા ફેંકવા માટેનો દારૂ ભરેલો હતો. ઉપર લેબલ પણ એ માટેનું જ હતું. પેટી હજી સીલબંધ હોવાને કારણે દારૂ હજી સુધી સૂકો જ રહ્યો હતો. એની બાજુમાં જ ચાર ચાર પાઉન્ડના લોખંડના બે ગોળા પણ મળી આવ્યા.

આ વસ્તુઓને જોઈને ડેવીસ ખિન્ન બની ગયો. મોં ઉપર લાચારીભર્યું સ્મિત પ્રગટ્યું. નિશ્વાસ મૂકતાં બોલ્યો :

'શું ખપ છે આ દારૂ અને ગોળાનો? કાર્સેન્ટી જહાજના ભંડકિયામાં જ એને સળગાવી શકાયો હોત તો કાંઈક પણ ઉપયોગી બન્યો હોત. અહીં તો એ માત્ર શોભાનો ગાંઠિયો જ બની રહેવાનો.'

'આવા નકારાત્મક વિચાર બરાબર ન કહેવાય. દરેક વસ્તુના યોગ્ય ઉપયોગ માટે યોગ્ય ઘડી કે પળ લખાયેલાં હોય છે. તને એ બિનઉપયોગી લાગતી હોય તો પણ હું એ બંનેને ઉપાડી લેવા માંગું છું.'

એ વસ્તુઓ ચોક્કસ કયા કામમાં આવી શકે, તે સંબંધી કોઈ પૂર્વ વિચારણા વિના જ વાકુઝે દારૂની પેટી તથા ગોળાને પોતાની ગુફા તરફ ખસેડવા માંડયા. પોતાના વડીલ મિત્રને તેની આ કામગીરીમાં કોઈ પણ ભાવ વિના ડેવીસે મદદ કરી. નજીકમાં જ સેન્ચુરી જહાજનું તૂટેલું માળખું પડ્યું હતું. તેમાં ખાંખાંખોળા કરતાં બેઠક ઉપર જડેલી નાની તોપ પણ એ લોકોના હાથમાં આવી.

'પેલા ગોળા તથા દારૂની પેટી સાથે તમારે હવે આ તોપને પણ તમારી અંગત મિલકત જ ગણવાની છે. આપણા હેતુમાં ઉપયોગી થાય એવું કશું તો કોઈ એમાં દેખાતું નથી.'

'શી ખબર પડે? ક્યારે કઈ વસ્તુ કેવી રીતે ઉપયોગી બની શકે એનો આધાર તો સંજોગો ઉપર છે. આપણી પાસે અત્યારે બીજું કામ પણ શું છે? આ તોપને પણ અહીંથી ખસેડી લઈશું. કદાચ કોઈ તક ઊભી પણ થઈ શકે.' વાકુઝે કહ્યું.

'તમારા આશાવાદ માટે શુભેચ્છા પાઠવું છું.'

ડેવીસે હળવી મજાક કરી. 'પણ મને લાગે છે કે આ ચાંચિયાઓ સામેની લડાઈ આપણે લગભગ હારી ચૂક્યા છીએ.'

'અરે ભાઈ ! આ રીતે હિંમત ગુમાવવી આપણને પરવડે તેમ નથી. આ લોકો વહેલી તકે અહીંથી ભાગવાની ઉતાવળમાં છે. આપણી હાજરીની હવે પછી એમને ખબર પડે તોપણ આપણને શોધવાની કડાકૂટમાં તેઓ હવે પડી શકે તેમ નથી. આપણા જીવન સામે એમના તરફથી હવે કોઈ જોખમ રહેલું નથી. ગુફામાં હવે આપણી પાસે ખોરાકનો પુરવઠો પણ છે, પરંતુ સાવ નિષ્ક્રિય રહીને અહીં જીવતા રહેવાનો કશો અર્થ નથી. આ લોકો અહીંથી વિદાય ન લે ત્યાં સુધી લાઇટહાઉસનો દીવો સળગવાનો નથી. એ સમય દરમ્યાન આ તરફ ભૂલાં પડેલાં જહાજોને અહીં છેટે રહીને પણ આપણે ચેતવણી આપી શકીએ તેમ છીએ.'

'અંધારામાં સંકટમાં મુકાયેલા એવા કોઈ જહાજને આ તોપનો ધડાકો કરી આપણે ચેતવણી આપી શકીએ તોય. આપણી મહેનત લેખે લાગી એમ ગણીશું. એટલી તકલીફ તો આપણે ઉઠાવવી જ જોઈએ.'

વાકુઝના આશાવાદની ડેવીસ ઉપર સારી અસર થઈ. એના મનમાં પણ એક નવા જ વિચારનો ઝબકારો થયો. તેને મનમાં જ દબાવી રાખી તેણે પૂછ્યું : 'ખરેખર તમે આવું વિચારો છો?'

'હા ! હું એમ જ વિચારું છું અને તેમ કરવામાં આપણને કોઈ નુકસાન નથી. એટલું થાય કે લાઇટહાઉસમાં ઠસી પડેલા ચાંચિયાઓને આપણી અહીંની હાજરીની ખબર પડી જાય, પરંતુ આપણને શોધી કાઢવા એમની પાસે સમયની મોકળાશ નહી જ હોય. એ લોકો તો વહેલી તકે અહીંથી ભાગી છૂટવાની વેતરણમાં છે. ધારો કે કોઈ કારણસર તેઓનું અહીંનું રોકાણ વિલંબમાં પડે, અને આપણી શોધ કરે તોય. શું? આપણે જાણીએ છીએ કે જો આપણે એમના હાથમાં આવીએ, તો આપણા મિત્રોના જેવો જ ઘડોલાડવો આપણો પણ થાય જ. આ બધું જ શક્ય છે, છતાં આપણા બે જીવોના બલિદાનથી જો કોઈ વહાણના અનેક જીવો બચી જતા હોય તો એમાં ખોટું પણ શું છે? એ રીતના આત્મભોગને પણ હું તો આપણી ફરજના ભાગરૂપ જ ગણું છું.' વાકુઝે ગૌરવથી કહ્યું.

'કદાચ ! કદાચ આપણી ફરજ બજાવવાની આ પણ એક રીત જ છે.' કોઈ વિકલ્પ એના મનમાં આકાર લેતો હોય તે રીતે ડેવીસ બોલ્યો. જોકે એણે સ્પષ્ટતા કરી નહી.

આખરે બંનેએ મળીને તોપ તથા ગોળા અને દારૂ ભરેલી પેટી એમની ગુફામાં ગોઠવી દીધી. એમાં સમય અને શક્તિ બરાબરનાં વપરાયાં. બંને થાકીને લોથપોથ થઈ ગયા

. બધું સમેટીને નિરાંતે નાસ્તા માટે બેઠા, ત્યારે દસેક વાગ્યાનો સમય થયો હશે. ત્યાં જ બહાર કિનારા તરફથી કોઈ માણસોની વાતચીતનો અવાજ કાને અથડાયો. બંને એકદમ સચેત બની ગયા. કાન સરવા કર્યા. સાવચેતી સાથે ડીકું બહાર કાઢ્યું. એમણે જોયું કે કૉંગ્રે અને કાર્સેન્ટી પેલા સુથાર વર્ગાસ સાથે એમની ગુફા સામેથી જ સાન-જુઆનની ભૂશિર તરફ ચાલતા પસાર થયા. હોડીમાં આવ્યા હતા, પરંતુ સામેથી જોરદાર પવન તથા મોજાંની થપાટોને કારણે હોડી આગળ વધતી જ ન હતી. હોડીને થોડે દૂર પાછળ છોડીને તેઓ હવામાનની રૂખ જોવા ચાલીને નીકળ્યા હતા એમ લાગ્યું.

હળવા બની રહેલા હવામાનમાં ચોક્કસ કયા સમયે નીકળવું તેનો અંદાજ બાંધતા હોય તેવા તેમના હાવભાવ હતા. એમણે બે-ત્રણ વાર ફરી-ફરીને આંટા માર્યા અને

અડધા કલાકના આકલન બાદ પાછા વળી ગયા. જોકે જતાં જતાં તેઓ વારંવાર પાછળ નજર કરતા હતા.

વાકુઝ અને ડેવીસે રાહતનો દમ લીધો. બંનેને ખાતરી થઈ ગઈ કે હવામાનની હાલની વિષમતામાં નાનકડો વિરામ થાય, તોપણ ચાંચિયાઓ અહીંથી લંગર ઉઠાવવા આતુર હતા. બાકીના દિવસ દરમિયાન બંનેએ દરિયાકાંઠે જ રખડપટ્ટી કરી. લાઇટહાઉસની દર્શનગૅલેરીમાંથી કે અચાનક આવી શકે એવી હોડીમાંથી કોઈ એમને જોઈ ન જાય, તેની સાવધાની રાખવી ખૂબ જ જરૂરી હતી. નાનકડી સરતચૂક માટે પણ એમણે ભારે કિંમત ચૂકવવી પડે તેમ હતી. પેટપૂજા કરીને સૂવાની તૈયારી કરતા હતા, ત્યાં ડેવીસે એના મનમાં ઘૂંટાતી વાત વાકુઝને જણાવી.

‘સૂતાં પહેલાં મારી એક વાત સાંભળી લો.’

‘હું સાંભળું છું. શું વાત છે?’

‘જુઓ ! મારું એમ કહેવું છે કે તમે જ મારો જીવ બચાવ્યો હતો. એ બાબત હું કદીપણ ભૂલી શકીશ નહીં. મારે જે વાત કરવી છે તે તમને પસંદ ન હોય તો સ્પષ્ટપણે ના કહેશો. વાત હું ત્યાંથી પડતી મૂકીશ. દિવસ દરમિયાન આપણે પેલી તોપ તથા તેને માટેના બે ગોળા તથા દારૂની પેટી અહીં લાવ્યા છીએ, તેના ઉપયોગ સંબંધી આ વાત છે.’

કેમ? એવી તે શી યોજના છે કે તમારે આમ કહેવું પડે?

‘હવામાનની બદલાતી રૂખ ઉપરથી મને લાગે છે કે આ તોફાન હવે ગમે તે ઘડીએ શમી જાય તેમ છે. દરિયો અને પવન બંને હળવાં બન્યાં છે. એટલે આવતા અડતાળીસ કલાકમાં આ ચાંચિયાઓ ગમે તે ઘડીએ લંગર ઉઠાવે તેમ છે, એવું મારું માનવું છે.’

‘કમનસીબે એમ જ બનવાનું છે. અફસોસ એટલો છે કે એ લોકો અહીં આપણી બરાબર નજર સામેથી પસાર થશે અને આપણે નિ:સહાય બનીને જોઈ રહેવાનું છે.’ એવી કમનસીબ ઘડી નજીક આવતી જતી હતી એવી સભાનતાને કારણે વાકુઝ સાવ નિરુત્સાહી અને ઢીલોઢફ બની ગયો હતો. ‘

મારે પણ એમ જ કહેવાનું છે. એ લોકો અહીંથી સલામત રીતે એક વાર પ્રશાંત મહાસાગરમાં પહોંચી ગયા, પછી તો એમના કુકર્મો માટે કદી પણ એમની પાસેથી જવાબ માંગી શકાવાનો નથી. મારી નજરમાં એક જ રસ્તો છે. એનાથી કાયમ માટે એમને રોકી ન શકાય તોપણ થોડા સમય માટે વિલંબ કરી શકાય તેમ છે. એમના વહાણમાં આપણે થોડું પણ નુકસાન પહોંચાડી શકીએ, તો મધદરિયે હંકારી જવાની હિંમત કરી શકવાના નથી.

'સમારકામ માટે વહાણને ફરીથી એમણે એના મૂળ સ્થાને લઈ જવું પડશે. એ માટે આપણી પાસે નાની તોપ છે. તે માટેના બે ગોળા છે અને ધડાકો કરવા દારૂ પણ છે. મારી પાસે એના ઉપયોગની પાકી જાણકારી પણ છે. છેલ્લા ઉપાય તરીકે આપણે આ તોપને ભેખડના કિનારા પર ચડાવી દઈએ, અને દરિયા તરફનું નિશાન લઈને વહાણ આવવાની પ્રતીક્ષા કરીએ. આપણે એ વહાણને એ રીતનું નુકસાન પહોંચાડવા પ્રયાસ કરીશું કે જેમાં તે ડૂબે પણ નહીં અને મધદરિયે ભગાવી પણ શકાય નહીં નુકસાન નાનું હોય કે મોટું હોય, પણ તે જો તળિયામાં હોય કે પાણીની સપાટી નજીકના પડખામાં થયું હોય તો એમાંનો માલ ખાલી કરવો જ પડે. એ બધી કડાકૂટમાં એકાદ અઠવાડિયું તો સહેજે નીકળી જવાનું. આપણી ઇચ્છા પ્રમાણે બધું સાંગોપાંગ પાર ઊતરે તો, મને ખાતરી છે કે એ દરમ્યાન આપણું શાંતા-ફી જહાજ અહીં આવી ગયું હશે.'

વાકુઝના મનમાં ડેવીસની આ યોજના બરાબરની ઠસી ગઈ. એના દિમાગની બત્તી એકદમ ઝબૂક ઝબૂક થવા લાગી. બધા જ પ્રકારની સાનુકૂળતા હોય તો આ યોજનાનો અમલ શા માટે ન કરવો? અને આમ પણ એમની પાસે સારો કે સામાન્ય કહી શકાય તેવો અન્ય કોઈ વિકલ્પ પણ ક્યાં હતો?

વાકુઝ તરફથી સાનુકૂળ પ્રતિભાવ મળશે જ એવી અપેક્ષાથી ડેવીસે તેનો હાથ દબાવ્યો. વાકુઝ તરત જ બોલી ઊઠ્યો,

'આપણે એ કામ કરીને જ જંપીશું. સફળતા મળવી ઈશ્વરના હાથની વાત છે. પ્રયત્ન કરવાનું આપણા હાથમાં છે. આપણે પ્રયત્ન જરૂરથી કરીશું.'



અશુભાસ્તે પન્થાન

પચ્ચીસમી ફેબ્રુઆરીનો દિવસ ઊગ્યો. સવારથી જ ઝંઝાવાતનું જોર સ્પષ્ટ રીતે નરમ પડવાની શરૂઆત થઈ ગઈ. પવનનું ઘમસાણ બપોર સુધીમાં ધીમું પડી ગયું. દરિયો પણ શાંત થઈ ગયો. તોફાનની વિદાય સાથે સામાન્ય રીતે ધુમ્મસનું આગમન થતું હોય છે. જો થોડોઘણો પણ પવન હોય તો ધુમ્મસનું આવરણ ઘસડાઈ જતું હોય છે, પરંતુ મોડે સુધી તે છવાયેલું રહ્યું.

બદલાતા હવામાનની રૂખને ધ્યાનમાં રાખીને જ 'કાર્સેન્ટી' જહાજનું લંગર સાંજ પહેલાં અહીંથી ઉઠાવવાનું કૉંગ્રેએ નક્કી કર્યું. પ્રયાણ પૂર્વેની તમામ તૈયારીઓ પૂરી કરવામાં આવી.

સાંજે છ વાગ્યાના અરસામાં ઓટની શરૂઆત થવાની હતી. અહીંના મુકામેથી પોતાના આ જહાજને ઉપાડવા માટેનો એ સમય સૌથી વધુ અનુકૂળ ગણી શકાય.

પાણીનાં એ વળતાં વહેણમાં સાત વાગ્યે તો સાન-જુઆનની ભૂશિર વટાવીને આગળ નીકળી પણ ગયા હોઈશું એવી કૉંગ્રેને ખાતરી હતી. દિવસ પણ ઘણો લાંબો હતો. તેથી અજવાળું મોડે સુધી રહેવાનું હતું. કાંઠો ખડકોથી ભરેલો હોવા છતાં અજવાળું રહેવાનું હોવાથી એટલો ખડકાળ ભાગ સલામત રીતે પાર કરી જવામાં કોઈ તકલીફ પડે તેમ ન હતી.

એક વાર સલામત રીતે બીજે નાકે પહોંચ્યા. પછી તો એવી કોઈ મુશ્કેલી આવવાની જ ન હતી. સવારમાં જો ધુમ્મસનું આવરણ નડ્યું ન હોત, તો સાંજ સુધીમાં એમણે ઘણું અંતર કાપી નાંખ્યું હોત. તૂતક ઉપર અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓને એ દરમિયાન ત્યાંથી હટાવી દેવાઈ. અગાઉ લૂંટેલી ચીજવસ્તુઓ ઉપરાંત હવે સેન્ચુરીના ભંગારમાંથી મળેલા માલથી કાર્સેન્ટી જહાજનું ભંડકિયું છલોછલ થઈ ગયું હતું. લાઇટહાઉસનો ભંડાર પણ એમનો જ હતો. લાવી શકાય તેવો બધો જ માલ એમણે ભંડકિયામાં ભરી દીધો હતો. ફર્નિચર વગેરે મોટી વસ્તુઓ જ હવે એમાં બાકી રહી હતી. ભારેખમ બનેલું કાર્સેન્ટી એની સલામત જળરેખા કરતાં પણ વધુ ડૂબાણમાં હતું. એવી સ્થિતિ સલામતી માટે જોખમી ગણાય, છતાં કોઈ પણ કિંમતી વસ્તુને છોડવાનો એમનો જીવ ચાલ્યો નહીં.

'મને લાગે છે કે હવે આપણે લંગર ઉઠાવવું જોઈએ. લમાયરની ખાડી પાર કરવામાં કોઈ મુશ્કેલી આવે તેમ નથી લાગતું.' કૉંગ્રેએ કાર્સેન્ટીની સલાહ માંગી.

'લમાયરની ખાડી જ શું કામ? આગળની આપણી યાત્રા પણ હવે શુભ જ રહેવાની છે. અમાસ પછીનો આ પહેલો દિવસ છે, એ કારણે રાત્રી સાવ અંધારી જ

રહેવાની છે તેનો ખ્યાલ રાખશો.' કાર્સેન્ટી પણ મુક્તિની ઘડી નજીક આવતાં ઉત્તેજિત બની ગયો હતો.

'એની ચિંતા કરશો નહી. ખાડીના ઉત્તરના કાંઠાની રગેરગનો મને ખ્યાલ છે. એમાં આપણા 'કાર્સેન્ટી' જેવા નાના વહાણને હંકારવાનું મારે માટે ડાબા હાથના ખેલ જેવું છે. એ માટે મને આકાશના તારા કે ચંદ્રમાના માર્ગદર્શનની પણ જરૂર નથી. એમાંના ખડકોને ચાતરી જવા માટે ન્યૂ ઈયર ટાપુ તથા કોલનેટ ભૂશિર આગળ આપણે મોટો વળાંક લેવાનો રહેશે.'

'અત્યારે પવન પણ અનુકૂળ છે. બધા જ સઢ ખુલ્લા કરી દેવાયા છે. આપણા વહાણની ઝડપ પણ વધુ રહેશે એવું મારું માનવું છે. એ આધારે આવતી કાલે સવાર સુધીમાં સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર છોડીને પશ્ચિમમાં આપણે ઘણા આગળ નીકળી ગયા હોઈશું.'

'કેટલાં વરસ ગાળ્યાં અહી આ સ્ટેટન ટાપુ ઉપર. મોડા મોડા પણ અહીથી છુટકારો મેળવી શકીશું.'

'અહી આટલું લાંબું રહેવા માટે તને પસ્તાવો થાય છે?'

'એવા અફસોસને તો સ્થાન જ નથી. પસ્તાવો શા માટે? અહી જ તો આપણું ભાગ્ય ખૂલી ગયું છે. કિંમતી માલસામાન અને જરઝવેરાતથી લદાયેલું આ કાર્સેન્ટી જહાજ અહી જ આપણને મળ્યાં છે. તેને આપણા ઉપયોગમાં આવે તે રીતે સહીસલામત રહીને લઈ જઈ શકીએ છીએ, એનાથી વધુ મોટું સદ્નસીબ બીજું શું હોઈ શકે? છતાં થાય છે કે કાર્સેન્ટી બનેલું આ મૌલે આપણને મળ્યું ન હોત, થોડી મહેનત કરવા છતાં તેનું સમારકામ થઈ શક્યું ન હોત, તો કોણ જાણે કેટલા લાંબા સમય માટે આપણે અહી ફસાઈ ગયા હોત. એ વિચારથી મનમાં ધ્રુજારી અનુભવું છું.'

'આ લાઇટહાઉસને કારણે નૌકાદળના પુરવઠા જહાજની તથા અન્ય વેપારી જહાજોની અવરજવર હવે વધારે રહેવાની. આ સ્થળ આપણે માટે હવે સલામત ગણી શકાય નહી. વળી જહાજો અહી ભાંગે નહી, તો એમાંથી મળતા પુરવઠા વિના આપણે માટે જીવવાનું મુશ્કેલ બની જાય. આપણી સલામતી અને અસ્તિત્વ બંને જોખમમાં હોય, ત્યારે અહી વધુ રહેવાનું યોગ્ય ન જ ગણાય. એ રીતે અહીથી મળતી મુક્તિનો હું આનંદ અનુભવું છું.'

'પુરવઠા જહાજ અહી આવી ગયા પછીની આપણી સ્થિતિની હું કલ્પના પણ કરી શકતો નથી. એમાંના ત્રણ ચાલકોની ગેરહાજરીમાં એનો કૅપ્ટન આ ટાપુની ઇંચેઇંચ જમીન ખૂંદી નંખાવશે. એના માણસો તો નથી જ મળવાના, પરંતુ આપણને તો જરૂર

શોધી શકે એમ છે. ટાપુ ઉપરથી અત્યારે આપણે ભાગી નહી શકીએ, તો આપણું ભવિષ્ય પણ સમાપ્ત થયેલું જ ગણવું પડે તેવી સ્થિતિ છે.'

'લાઇટહાઉસનો પેલો ત્રીજો માણસ ! જે આપણા હાથમાંથી છટકીને ભાગી છૂટ્યો હતો ! બે-અઢી માસ થયા એ વાતને ! એ જીવતો હોવાના કોઈ પણ સગડ હજી સુધી મળ્યા નથી. આ વેરાન ટાપુ ઉપર તે જીવતો રહી શક્યો હોય તેવું મને લાગતું નથી. આમ છતાં કોઈ પણ રીતે એ હજી સુધી જીવન ટકાવી શક્યો હોય તો? એના પેલા બંને સાથીઓને આપણે પતાવ્યા હતા, તેનો એ પ્રત્યક્ષ સાક્ષી હતો. આપણે પકડાઈ જઈએ તો નૌકાદળનો કૅપ્ટન આપણી ઉપર દયા કરે એવું તને લાગે છે?'

'એ રીતે તો આપણે આજે માત્ર કેદમાંથી જ છૂટીએ છીએ એવું નથી. આપણે ફાંસીના ફંદામાંથી પણ છટકીએ છીએ, એમ જ માનવાનું છે.'

'આટલો લાંબો સમય કોઈ પણ સાધન વિના કેવળ કાચા કંદમૂળ ખાઈને એ જીવી શકે એમ માનવા હું તૈયાર નથી. એ ત્રીજા માણસની વાત તો મનમાંથી કાઢી નાખવા જેવી જ છે.'

'લાઇટહાઉસમાં રાખવામાં આવેલી લૉગબુક પ્રમાણે પુરવઠા જહાજને અહીં આવવામાં હજી એકાદ અઠવાડિયાનો સમય લાગે તેમ છે.'

'એટલા દિવસો તો બહુ કહેવાય. ત્યાં સુધીમાં તો આપણું આ કાર્સેન્ટી પ્રશાંત મહાસાગરમાં ક્યાંય આગળ નીકળી ગયું હશે. પછી તો આપણને કોણ શોધી શકવાનું હતું? મધ્યમાં આવેલા સોલોમન ટાપુઓ કે ન્યૂ હેબ્રાઈડીસ ટાપુઓ આપણું સ્વાગત કરવા તૈયાર જ હશે.'

'અત્યાર સુધી તો બધું જ આપણને અનુકૂળ આવે તે રીતે બન્યું છે. અહીં આપણે બહુ જ લાંબો સમય રહેવું પડ્યું તેનો રંજ છે. છતાં મોડો મોડો પણ આજે છુટકારો થશે એનો આનંદ છે.'

થોડા જ સમયમાં અહીંથી મુક્તિ મળવાની હતી, એવી સ્થિતિના વિચાર માત્રથી ઉત્તેજિત થયેલો કાર્સેન્ટી છેલ્લી વાર લાઇટહાઉસ ઉપર દર્શનગૅલેરીમાં જવા તૈયાર થયો.

'હું છેલ્લી વાર ઉપરની ગૅલેરીમાં જઈને આપણા જવાના રસ્તા તરફ નજર કરી લઉં. આજુબાજુમાં કોઈ વહાણ આવતું હોય તો ખબર પડે. એવી ઉપાધિથી દૂર રહેવું સારું.'

'એવું કોઈ જહાજ અહીંથી પસાર થાય તોપણ હવે ચિંતા કરવાની જરૂર નથી. આટલાન્ટિક અને પ્રશાંત મહાસાગરો તો ખુલ્લા સાગરો છે. એમાં કોઈ પણ આવી શકે છે અને આપણે ગમે ત્યાં જઈ શકીએ છીએ. એમાં કોઈએ કોઈને પૂછવાની જરૂર હોતી

નથી. આમ છતાં જરૂર પડે તો કાર્સેન્ટી જહાજના રજિસ્ટ્રેશન સંબંધી કાગળો તો તૈયાર જ છે. અહી આવતું પુરવઠા જહાજ શાંતા-ફી આપણને સામે મળે, તો તેણે પણ આપણને સલામી આપીને શુભયાત્રાની શુભેચ્છા પાઠવવાની રહેશે.'

પોતાની ગણતરી સંબંધમાં કૉંગ્રેને હવે કંઈ જ શંકા રહી ન હતી. એને સફળ બનાવવા તમામ સંજોગો જાણે એકી સાથે ભેગા થઈ રહ્યા હતા. લંગર ઉઠાવાય તે પૂર્વની છેલ્લી ઘડીએ જ થઈ શકતી કાર્યવાહીનું નિરીક્ષણ કરવા કૉંગ્રે વહાણ તરફ જવા નીકળ્યો. કાર્સેન્ટીના મનમાં હજી પણ પ્રયાણ આડે વિઘ્ન આવી શકે એવી શંકા રહેતી હતી. પેલો ત્રીજો માણસ હજી એના મનમાંથી નીકળ્યો ન હતો. લાઇટહાઉસના ગોળ પગથિયાં ચડીને કાર્સેન્ટી દર્શનગૅલેરીમાં આવ્યો. ત્રણ બાજુએ પથરાયેલા દરિયા ઉપર નજર નાંખી. અનિમેષ નજરે તે જોઈ રહ્યો. આકાશ સાવ ચોખ્ખું બની ગયું હતું. ક્ષિતિજ ઉપર દશેક માઈલ સુધી એની નજર પહોંચી શકતી હતી. મોજાંઓ હજી પણ તોફાની હતાં છતાં હવે એમાંથી ધોળા ફીણના ફૂંફાડા બંધ થઈ ગયા હતા. લમાચરની ખાડીમાં પણ પાણી સ્થિર જેવું હતું. આટલાન્ટિક ઉપરથી આવી રહેલો હળવો પવન વહાણને માટે મદદરૂપ બને તેમ હતો.

કાર્સેન્ટીએ દૂર પૂર્વમાં ક્ષિતિજ ઉપર ત્રણ કૂવાથંભોવાળું મોટું વહાણ જોયું. દૂરબીનની મદદ વિના એના અંદરના ભાગમાં જોઈ ન શકાય એટલું તે દૂર હતું. દક્ષિણમાંથી તે ઉત્તર તરફના કોઈ બંદર તરફ જઈ રહ્યું હોય તેમ લાગ્યું. એ સંજોગોમાં અહી પશ્ચિમમાં આ તરફ આવે તેવી શક્યતા ન હતી. થોડા સમય બાદ દૂર ઉત્તર-પૂર્વમાં ક્ષિતિજ ઉપર ધુમાડો ઊંચે ચડતો જોયો. ધુમાડાની હાજરી એ સ્થળે કોઈ સ્ટીમર હોવાનું સૂચન કરતી હતી. સ્ટીમર જોઈને એને ખરેખર ચિંતા થઈ. રખેને એ પુરવઠા જહાજ શાંતા-ફી હોય તેવી શંકા થઈ.

લાઇટહાઉસ ઉપર આવતી લૉગબુક પ્રમાણે તો શાંતા-ફી જહાજ નવો પુરવઠો તથા માણસો લઈને માર્ચના પ્રથમ અઠવાડિયામાં આવવાનું હતું. જ્યારે આજે તો હજી ૨૫મી ફેબ્રુઆરી થઈ હતી. તો શું એ ત્યાંથી વહેલું નીકળ્યું હશે? એ જો શાંતા-ફી જ હોય અને લાઇટહાઉસ પાસે આવવા નીકળ્યું હશે તો..? તો માત્ર બે કલાકમાં જ અહી આવી પહોંચે એમ હતું. કાર્સેન્ટીના હૃદયમાં જબરદસ્ત ધ્રાસકો પડ્યો. એવું બને તો? તો અત્યાર સુધી કરેલી બધી જ મહેનત દરિયામાં ડૂબી ગઈ સમજવાનું.

ત્રણ-ચાર વર્ષની અહીની એકાંત કેદ જેવી સ્થિતિમાંથી છુટકારો થવાનો આનંદ કૉંગ્રે સાથે હજી એકાદ કલાક ઉપર જ વ્યક્ત કર્યો હતો. મુક્તિની કલ્પનાને બંનેએ સાકાર થતી જોઈ હતી. તેવી અણીની ઘડીએ જ આ ઉપાધિ ક્યાંથી આવી પડી? એ જો શાંતા-ફી જ હોય, તો અહીથી મુક્તિની વાતો તો દૂર રહી ! એમના સૌ માટે જીવતર મુશ્કેલ બની જાય તેમ હતું. ફરી પાછા સેન્ટ બાર્થોલોમ્યુની પેલી ગુફામાં જ વાસો કરવો

પડે. જિંદગીના બાકીનાં વરસો ત્યાં જ પૂરાં થવાની બિહામણી વાસ્તવિકતા નજર સામે તરવા લાગી.

એણે નીચે નજર કરી. એમનું કાર્સેન્ટી વહાણ ભરતીના ચડી રહેલા પાણીમાં ડોલી રહ્યું હતું. એનું લંગર ઉઠાવવાની બધી જ તૈયારીઓ થઈ ચૂકી હતી, પરંતુ ભરતીના ચઢી રહેલાં પાણીમાં સામા પ્રવાહે જવાનું મુશ્કેલ હતું. બપોરના અઢી વાગ્યા પૂર્વે તો કાંઈ જ થઈ શકે તેમ ન હતું.

ઝડપથી પોતાના તરફ આવી રહેલી સ્ટીમરને એણે મનોમન ગાળો દીધી, પરંતુ હજી એ શાંતા-ફી જ હોવાની ખાતરી થઈ ન હતી. ત્યાં સુધી કૉંગ્રેને બિનજરૂરી ચિંતામાં નાંખવાનું એને યોગ્ય લાગ્યું નહીં. સ્ટીમરના ભૂંગળામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા. કાર્સેન્ટીની ચિંતા પણ ચરમસીમાએ પહોંચી. ઝડપી ગતિ કરી રહેલી સ્ટીમર લાઇટહાઉસની દિશામાં જ આવવાની હોય તો સવાલ હવે માત્ર એકાદ કલાકનો જ હતો.

તે જ વખતે સ્ટીમરે પડખું બદલ્યું હોય તેમ લાગ્યું. દૂરબીનની મદદથી સતત નજર રાખી રહેલા કાર્સેન્ટીને ખ્યાલ આવી ગયો કે લગભગ પંદરસો ટનનું આ જહાજ તો ઘણું મોટું હતું. લૂંટારુ મંડળીના બધા જ માણસોએ લાઇટહાઉસના બાંધકામ વખતે શાંતા-ફીને તો ઘણી નજીકથી જોયું હતું. આવી રહેલું જહાજ શાંતા-ફી નહીં, પણ બીજું કોઈ મોટું જહાજ હતું એવી ખાતરી થઈ ગઈ. એણે રાહત અનુભવી. પૂરેપૂરી ખાતરી કર્યા વિના બિનજરૂરી ચિંતા કરવા માટે પોતાની જાત ઉપર ગુસ્સો આવ્યો.

દક્ષિણ તરફથી આવેલી એ સ્ટીમર એલ્ગર-બેના મુખપ્રદેશની નજીક થઈને આગળ ઉત્તરમાં સીધી જ નીકળી ગઈ. ખૂબ જ હળવાશ અનુભવતો કાર્સેન્ટી નીચે ઊતર્યો. દરમિયાન ઓટની શરૂઆત થઈ ગઈ હતી. પવનની દિશા પણ અનુકૂળ હતી. મોટા ભાગના માણસો તો પહેલેથી જ જહાજ ઉપર આવી ગયા હતા. કાંઠે ઊભેલાઓ જહાજ ઉપર જવા કૉંગ્રેના આદેશની જ રાહ જોતા હતા.

સાંજના છ વાગ્યા. કૉંગ્રે તથા બાકીના માણસો આખરે મછવામાં બેસી વહાણ ઉપર આવી ગયા. મછવાને પણ હવે વહાણ ઉપર ખેંચી લેવામાં આવ્યો. ઓટનાં પાણી ઝડપથી ઓસરી રહ્યાં. 'કાર્સેન્ટી'એ પણ એ જ પ્રવાહમાં આગળ ધપવાનું હતું.

મુક્તિ માટે નિશ્ચિત થયેલી ઘડી આવી પહોંચી. કૉંગ્રેએ જરૂરી આદેશો આપ્યા. લંગર ઉઠાવી લેવા માટે એના તારનું દોરડું વીંટવાનો ચાકડો ફેરવવા માણસો હાજર જ હતા. એની ઠેસી ઊંચી કરીને માણસોએ બળપૂર્વક તે ફેરવવા માંડ્યું. થોડી વારમાં દોરડું તંગ થઈ ગયું. ત્યાર બાદ ઉપર ખેંચાઈને ચાકડા ઉપર વીંટાવા લાગ્યું. છેવટે લંગર પણ પાણીની બહાર ખેંચાઈ આવ્યું. હવે પછીની મુસાફરી લાંબી ચાલવાની હતી.

લંગરની એમાં જરૂર પડવાની ન હતી. એને ત્યાં જ લટકતું રાખવાને બદલે એના કક્ષમાં જ ગોઠવી દેવામાં આવ્યું.

આગળના, પાછળના તથા ઊંચાઈ ઉપરના તમામ સઢોને ખુલ્લા મૂકી દેવામાં આવ્યા. અનુકૂળ પવનની હવા એમાં ભરાતાં જ, ઓટના વળતા પ્રવાહ સાથે કાર્સેન્ટી ધીમેધીમે ખસવા માંડ્યું. તૂતક ઉપર ઊભેલા સૌએ હાશ અનુભવી. આનંદના પોકારો પાડ્યા. નિર્ધારિત દિશામાં, ધીમી પરંતુ મક્કમ ગતિથી વહાણ આગળ વધવા લાગ્યું. ધીમે ધીમે ગતિ વધવા લાગી. એટલી ગતિ ચાલુ રહે તો સાન-જુઆનની ભૂશિર થોડા જ સમયમાં વટાવી જવામાં કોઈ અડચણ આડી આવે તેમ ન હતી.

ઉનાળાની સાંજનો સમય હતો. એના પ્રકાશમાં એલ્ગર-બેના કાંઠાની ઊંચી ઊંચી ભેખડો સ્પષ્ટ રીતે જોઈ શકાતી હતી. કૉંગ્રે તો અહીંનો ભોમિયો હતો. કાળમીંઢ ભેખડો અને કાંઠા નજીકના અડધા ડૂબેલા ખડકો તેને ડરાવી શકે તેમ ન હતા. જહાજનું સુકાન તેના હાથમાં જ હતું. જરૂરત પ્રમાણે સુકાનચક્રને ડાબી કે જમણી બાજુએ ઘુમાવતો રહેતો હતો. મુસાફરી નિર્વિઘ્ને ચાલુ રહે, તે માટે જરૂરી બધા જ સંજોગો સાનુકૂળ હતા. શુકન પણ સારા જ થયા હતા.

સાડા છ વાગ્યા હશે. એકાદ માઈલનું અંતર જોતજોતામાં કાર્સેન્ટીએ કાપી નાંખ્યું. એની સમક્ષ હવે દૂરદૂર ક્ષિતિજ સુધી મહાસાગર ઘૂઘવતો હતો. સૂરજ પણ આથમવાની તૈયારી કરી. એકધારી ગતિથી વહાણ આગળ ધપ્યે જતું હતું. કૉંગ્રે સુકાન સંભાળતો હતો, ત્યાં કાર્સેન્ટી મલકાતા મોં સાથે ઉમળકો બતાવતો હોય તે રીતે બોલ્યો :

'આખરે આપણે હેમખેમ રીતે આપણી મુસાફરી શરૂ કરી શક્યા.'

'ટૂંક સમયમાં જ આપણે પ્રશાંતના પાણીમાં દાખલ થઈ જઈશું. અહીંથી હંમેશ માટેની મુક્તિ. કેમ બરાબરને?'

'હવે પછીની વીસેક મિનિટ બાદ જ હું તને ચોક્કસ જવાબ આપી શકીશ. એક વાર આપણે આ સામે દેખાતી સાન-જુઆનની ભૂશિર વટાવીને આગળ વધીએ, ત્યાર બાદ જ મુક્તિ ગણવાની.' કૉંગ્રે હજી પણ અસાવધ રહેવા માગતો ન હતો.

'પવનનો વધુ ને વધુ લાભ લેવા માટે વહાણની દિશામાં ફેરફાર કરવો જરૂરી લાગે છે તને? એ માટે આટાપાટા ખેલવા જોઈએ એમ મને તો લાગે છે.'

'હાલને તબક્કે તો એવું કરવાની જરૂર લાગતી નથી. ખુલ્લા સમુદ્રમાં ગયા પછી કદાચ જરૂર પડશે.'

બરાબર એ જ વખતે વહાણના આગળના ભાગમાં મોરા પર કામ કરતો એક ખલાસી બુમ પાડી ઊઠ્યો :

‘અરે જુઓ ! સામે જુઓ જરા !!’

‘શું વાત છે? જલદીથી બોલ ‘ કૉંગ્રે ત્યાં ઊભો ઊભો તરત જ બુમ પાડી ઊઠ્યો. કાર્સેન્ટી તરત જ ત્યાં દોડી ગયો. કઠેરાના પાઈપ ઉપર વાંકો વળી જોવા લાગ્યો. એમનું જહાજ એઓ પહેલાં રહેતા હતા, તે ગુફાની નજીકમાં થોડે દૂર થઈને પસાર થઈ રહ્યું હતું.

એણે જોયું કે તૂટી ગયેલા સેન્ચુરી જહાજના ભંગારનો એક મોટો ભાગ ઓટના ઓસરતાં પાણી સાથે ખેંચાતો આ તરફ આવી રહ્યો હતો. વહાણ પોતાની ઝડપને કારણે એની સાથે અથડાય તો પડખામાં નુકસાન થવાનો ભય હતો. કૉંગ્રેએ આ જોયું. સ્થિતિની ગંભીરતા સમજી ગયો. તરત જ સુકાનના ચકરને ઊંધી દિશામાં ઘુમાવ્યું. સમયસરનાં પગલાંથી વહાણ થોડું ફંટાયું અને ધીમેધીમે ખસી રહેલા ભંગારની બાજુએ થઈને આગળ નીકળી ગયું. પળવાર માટે સૌના જીવ પડીકે બંધાઈ ગયા, ડૂબેલા ભાગનો ધક્કો કાર્સેન્ટીના પડખામાં વાગ્યો, પરંતુ મોટા નુકસાનમાંથી વહાણ બચી ગયું. કૉંગ્રેએ વહાણને ફરીથી મૂળ માર્ગે વાળી લીધું. કિનારાથી સમાંતર અંતર રહીને વહાણ આગળ સરતું રહ્યું.

બસ ! હવે માત્ર પચાસેક વારનું અંતર બાકી રહ્યું. ત્યારબાદ ભૂશિરની બીજી બાજુએ વહાણ આવી જવાનું હતું.

બરાબર એ જ ક્ષણે કિનારાના ઊંચા ખડકની આડમાંથી તીણા કર્કશ અવાજની સિસકારી હવામાં પ્રસરી ગઈ. આ સાથે વહાણને જબરજસ્ત ધક્કો લાગ્યો હોય તેમ તે ધ્રૂજી ઊઠ્યું. સાથે જ એ તરફથી મોટા ધડાકાનો અવાજ આવ્યો. તેમ જ ભેખડને નાકેથી સફેદ ધુમાડાનો ગોટો આકાશમાં ઊંચો ચડતો જોવામાં આવ્યો. દરિયા તરફથી આવતા પવન સાથે એ ધુમાડાનો ગોટો ટાપુના અંદરના ભાગમાં ખેંચાઈ ગયો.

‘શું થયું? એ શું છે? કૉંગ્રે ચિત્કાર કરી ઊઠ્યો. ‘આપણા વહાણ ઉપર કિનારા તરફથી તોપનો ગોળો છોડાયો લાગે છે.’

કાર્સેન્ટીએ ઉશ્કેરાટમાં આવી જઈને જવાબ આપ્યો. સુકાનચકર તેને આપીને કૉંગ્રે તરત જ એ સ્થળે દોડ્યો. કઠેરા ઉપર વાંકા વળીને વહાણના પડખા તરફ નજર કરી. એણે જોયું કે પાણીની સપાટીથી માત્ર ત્રણેક ઇંચની ઊંચાઈએ પાટિયામાં મોટું કાણું પડી ગયું હતું. અન્ય સાથીઓ પણ કુતૂહલથી ત્યાં દોડી ગયા

કિનારાની ભેખડ ઉપરથી હુમલો? તોપના ગોળાથી ‘કાર્સેન્ટી’ વહાણ ઉપર હુમલો થયો? ગોળો જરાક જેટલો જ નીચેથી વાગ્યો હોત તો વહાણમાં પાણી ભરાવાની શરૂઆત થઈ ગઈ હોત. એકાએક અને અણધારી દિશામાંથી થયેલા આ પ્રહારથી સૌ

આશ્ચર્યચકિત થઈ ગયા. સાથે આવા અદીઠ દુશ્મન તરફથી થયેલી આવી મોટી કાર્યવાહીથી સૌ ચિંતામાં પડી ગયા.

કૉંગ્રે, કાર્સેન્ટી તથા તેમના સૌ માણસો માટે જબરી વિમાસણ ઊભી થઈ. આવી સ્થિતિમાં શું કરવું? મછવો પાણીમાં ઉતારીને તોપનો ગોળો જે દિશામાંથી આવ્યો હતો ત્યાં કિનારે પહોંચી જવું? હુમલો કરનારા દુશ્મનોને શોધીને તેમને ખતમ કરવા? પરંતુ આ હુમલાખોરો મોટી સંખ્યામાં હોય અને તોપ જેવા વધુ ખતરનાક હથિયારો ધરાવતા હોય તો?

એવું ઉતાવળિયું પગલું ભરવામાં લાભ કરતાં જોખમ વધુ હતું. તેમને કાંઠે ઉતારી, તેમના ઉપર હુમલો કરવા માટેનું આ છટકું પણ હોઈ શકે. એવું જોખમ લેવું તેના કરતાં વહાણને તોપગાળાની ફેંક મર્યાદામાંથી દૂર લઈ જવું અને નુકસાનીનો અંદાજ મેળવવાનું સૂચન થયું. એને કેવી રીતે દુરસ્ત કરી શકાય તે અંગે ત્યાર બાદ જ નિર્ણય કરી શકાય.

સૌ આ પ્રકારની અસમંજસ સ્થિતિમાં હતા, ત્યાં જ એ સ્થળેથી બીજો ધડાકો થયો હોય તેવો અવાજ સંભળાયો. ધુમાડાનો ગોટો વળી પાછો ઊંચે આકાશમાં ચડ્યો અને પવનને કારણે ઝડપથી હવામાં વિખરાઈ ગયો. બીજા ધડાકા સાથે વછૂટેલો બીજો ગોળો, પ્રથમ પડેલા કાણાથી થોડે દૂર છતાં સહેજ નીચેથી અફળાયો. વહાણ ફરીથી દરૂજી ઊઠ્યું. અગાઉના કાણા જેટલું જ બીજું કાણું થોડું નીચેના ભાગે પડ્યું.

'વહાણને બીજી બાજુ વાળી લો ઝડપથી.' કૉંગ્રે બરાડી ઊઠ્યો.

કાર્સેન્ટી પણ રઘવાયો બની ગયો. કૉંગ્રેના સૂચન પ્રમાણે વહાણને કાંઠાથી દૂર લઈ જઈ શકાય એ રીતે સુકાનનું ચક્ર ઝડપથી ઘુમાવવા માંડ્યું. તરત જ વહાણની દિશા બદલાઈ ગઈ. ચાલુ ઝડપમાં જ કાંઠાથી દૂર જવા લાગ્યું. થોડા જ સમયમાં તોપના ગોળાની પહોંચની બહાર નીકળી ગયું.

તોપના બીજા ગોળાથી જે નુકસાન થવાનું હતું તે થઈને જ રહ્યું. અપેક્ષા હોવા છતાં પણ ત્યારબાદ કાંઠા ઉપરથી બીજી કોઈ કાર્યવાહી થઈ નહી. ગોળાની પહોંચની બહાર હોવાને કારણે છૂપા દુશ્મનોની પ્રવૃત્તિ અટકી પડી હશે એમ માનીને કૉંગ્રેએ તરત જ વહાણને થોભાવી દીધું. આખો કિનારો નિર્જન હતો. બે ગોળા છૂટવા સિવાય ત્યાર બાદ બધું હતું તેવું સૂમસામ જ રહ્યું.

કૉંગ્રે સમક્ષનું સૌપ્રથમ કામ એ નુકસાનીનો અંદાજ મેળવવાનું હતું. એ માટે વહાણની અંદર અને બહાર એમ બંને બાજુએથી નિરીક્ષણ કરવું જરૂરી હતું. લૂંટના માલથી વહાણનું ભંડકિયું છલોછલ ભરેલું હતું. અંદરની બાજુએ તપાસ કરવા એ માલ ખસેડવો પડે તેમ હતો. જે કામ અત્યારે તો શક્ય જ ન હતું. બહારથી નુકસાનનો

જેટલો અંદાજ મળી શકે તેટલો મેળવવા મછવાને પાણીમાં ઉતારવામાં આવ્યો. સુથાર વર્ગાસને લઈને કૉંગ્રે મછવામાં ઊતર્યો. તપાસમાં જણાયું કે ચાર ચાર પાઉન્ડના બે ગોળાઓએ આ પરાક્રમ કર્યું હતું. બહારના ભાગમાં ધડાકાભેર કાણું પાડીને એ બંને ગોળા જહાજના ભંડકિયામાં ઘૂસી ગયા હતા. એ સિવાય વધારાનું કોઈ નુકસાન જણાયું નહી.

પરંતુ આ છિદ્રો કાંઇ નાનીસૂની બાબત ગણી શકાય એવાં ન હતાં. બંને છિદ્રો જળરેખાની સાવ નજીકમાં જ હતાં. દરિયાનાં મોજાંઓના હેલારામાં હડસેલાતું પાણી થોડું થોડું પણ અંદર ભંડકિયામાં ઊતરતું રહે તેમ હતું. તોફાની મોજાંનું તો બધું જ પાણી એમાં ઊતરતું જવાનું. વધુ બે ઇંચ નીચે પડ્યાં હોત તો અત્યારે જ પાણીનો રેલો અંદર વહેવાનું શરૂ થઈ ગયું હોત. એવી ધીમી શરૂઆત પણ લાંબા સમયગાળે આખા ભંડકિયાને છલકાવી દઈ શકે તેમ લાગ્યું. પરિણામ સ્પષ્ટ હતું. વહેલું કે મોડું આ વહાણ સાગરને તળિયે જ જાય.

મછવામાં બેસીને પેલા અજાણ્યા હુમલાખોરોને શોધવા માટે ટોળકી કાંઠે પહોંચી શકી હોત. પરંતુ પછી 'કાર્સેન્ટીને તો ભૂલી જ જવું પડે. અનેક વરસોની લૂંટમાં ભેગો કરેલો માલ ભંડકિયામાં ભરેલો હતો. એને એના નસીબ ઉપર છોડીને પેલા [illegible] હુમલાખોરોને શોધવા જવાનું આ લૂંટારાઓને પરવડે તેમ ન હતું. એવો જીવ પણ કેવી રીતે ચાલી શકે?

એવા નુકસાનીવાળા વહાણમાં બેસીને દરિયો ખેડવામાં પૂરેપૂરી મૂર્ખાઈ હતી. કોઈ પણ રીતે આ બંને છિદ્રોને વ્યવસ્થિત રીતે દુરસ્ત કરાવવાં જ પડે તેમ હતું.

'સમજ પડતી નથી? કે આપણો આ છૂપો દુશ્મન કોણ હોઈ શકે.' કાર્સેન્ટી આ પ્રશ્ન વારંવાર પૂછતો જ રહ્યો.

'લાગે છે કે લાઇટહાઉસ ઉપરનો પેલો ત્રીજો માણસ ! એના બે સાથીઓને આપણે ખતમ કર્યા હતા. તે વખતે રાતના અંધારામાં ભાગી ગયેલા ત્રીજા માણસનું જ આ પરાક્રમ હોવું જોઈએ.' સુથાર વર્ગાસે સ્થિતિનું વાસ્તવિક પૃથક્કરણ કરતાં જણાવ્યું. 'મારું માનવું છે કે છેલ્લે ભાંગી ગયેલા વહાણ ઉપરના કોઈ માણસો બચી ગયા હોય તો તેઓ પણ આ ત્રીજા માણસ સાથે મળી ગયા હશે. તોપના ગોળાને ચોક્કસ નિશાન ઉપર ફેંકવા માટે કોઈ નિષ્ણાત તોપચીની જરૂર હોય છે. ગોળાને અહીં સુધી ફેંકવા માટે તોપની જરૂર હોય છે. એવી તોપ કંઈ આકાશમાંથી ટપકતી નથી હોતી. ભાંગેલા વહાણમાંથી જ એમણે એ મેળવી હશે.'

'બરાબર લાગે છે.' વર્ગાસના અનુમાન સાથે સંમત થતાં કાર્સેન્ટી બોલી ઊઠ્યો. 'એમાં જરાય શંકા કરવા જેવું નથી. તોપ વગેરે એ વહાણના ભંગારમાંથી જ મેળવ્યા લાગે છે, પરંતુ દુ:ખદ વાત એ છે કે તોપ આપણા જોવામાં ન આવી.'

હોઠે આવેલો મુક્તિનો પ્યાલો આ રીતે અણીના સમયે જ ઢોળાઈ જવાની સ્થિતિથી અકળાયેલા કૉંગ્રેને કાર્યકારણની શોધમાં કાંઈ જ રસ ન હતો. જે થઈ ગયું હતું તેમાં આવી ચર્ચાથી કોઈ જ ફરક પડવાનો ન હતો. વહેલી તકે એનો ઉકેલ શોધવામાં જ એને રસ હતો. એનું શેતાનિક મગજ એમાં બરાબર કામે લાગ્યું. આવી ક્ષુલ્લક ચર્ચા બંધ કરવા એણે કાર્સેન્ટીને કરડાકીથી જણાવ્યું.

'છોડો હવે એવી વાતો. થયેલું નુકસાન કોઈ પણ ભોગે આપણે દુરસ્ત કરીશું. હવે આપણે સમયની સાથે હોડમાં ઊતરીએ છીએ. શક્ય એટલી ઝડપથી આપણે આ છિદ્રોનું સમારકામ કરવાનું છે.'

ત્રણેએ એ સંબંધમાં ચર્ચા કરી. છિદ્રોની દુરસ્તી કર્યા વિના આગળ વધવાનો તો સવાલ જ ઊઠતો ન હતો. અત્યારે તેઓ ભૂશિરના અણીવાળા ભાગની સામે તો આવી જ ગયા હતા. સમારકામ માટે ઓછી ઊંડાઈવાળી અને સલામત જગ્યાની જરૂર હતી. નજીકમાં એમના ખ્યાલમાં હતાં તે તમામ સ્થળોનો એમણે વિચાર કર્યો. દરેક સ્થળના લાભગેરલાભનો વિચાર કરીને આખરે કૉંગ્રેએ નિર્ણય લીધો કે વહાણને તરત જ લાઇટહાઉસ નજીકની અસલ જગ્યાએ જ લઈ જવું. એના જેવું શાંત અને સલામત સ્થળ બીજું એમના દયાનમાં આવ્યું નહી.

એ સ્થળે વહાણને પરત હંકારી જવામાં હવે એવી મુશ્કેલી નડે તેમ હતી. ઓટનાં ઓસરતાં પાણીની સાથે વહાણ ઝડપભેર અહીં સુધી આવી શક્યું હતું. હવે એ તરફની વળતી સફર માટે ભરતીના ઠેલાની જરૂર પડે તેમ હતું. એવી ભરતી રાત્રે ત્રણ વાગ્યે જ આવવાની હતી

. વહાણને થંભાવી દેવામાં આવ્યું. છતાં ઓટનાં વળતાં પાણીના હેલારા સાથે તે પૉઇન્ટ સેવરલ તરફ ધકેલાવા લાગ્યું. વળી મોજાંની થપાટો પણ એને માટે જોખમી બની શકે તેમ હતી. વહાણને સ્થિર કરવા માટે લંગર ઉતારવું જરૂરી હતું. લંગરને તેના કક્ષમાં જ બંધ કરી દેવામાં આવ્યું હતું. લાંબી સફરમાં હવે એની જરૂર પડવાની ન હતી, એવી ગણતરી સાથે એને ત્યાં વ્યવસ્થિત રીતે ગોઠવી દેવામાં આવ્યું હતું. સૌ ચાંચિયાઓ આ અજાણ્યા હુમલાખોરો પર અને શાપનો વરસાદ વરસાવતા હતા. અનિચ્છાએ પણ લંગરને નીચે પાણીમાં ઉતારવું જ પડ્યું. એ પછી જ વહાણ કાંઈક સ્થિર બની શક્યું.

પરિસ્થિતિ નાજુક બની ગઈ. પૂરેપૂરું અંધારું થઈ ગયું હતું. લાઇટહાઉસનો દીવો તો એમણે જ બંધ કર્યો હતો. ભરતીનાં ચડતાં પાણી સાથે ત્યાં જઈ શકાશે. ખરું, પરંતુ કિનારાના ખડકોમાં ફસાઈ જવાનો ભય પણ મોટો હતો. આ ખડકો સંબંધમાં કૉંગ્રેને જાણકારી હતી. એને સહારે જ અંધારામાં આગળ વધવાનું હતું.

ભરતીની શરૂઆત સુધી ચિંતાતુર મગજે સૌએ રાહ જોઈ. મોડી રાતે પાણી ચડતાં હોવાનો ખ્યાલ આવતાં જ લંગર ઉઠાવવાનો કૉંગ્રેએ આદેશ આપ્યો. ખૂબ જ સાવચેતીપૂર્વક વહાણનું સંચાલન કર્યું. એની મૂળ જગ્યાએ ફરીથી લંગર નંખાયું ત્યારે રાત ઘણી વીતી ચૂકી હતી.



મુક્તિનો પ્યાલો

મુક્તિની અંતિમ ક્ષણે સાવ ક્ષુલ્લક કહી શકાય તેવી રુકાવટ આવી પડી. કૉંગ્રે અને કાર્સેન્ટીનું બે માસથી સેવેલું સ્વપ્નનું અને તે માટે ઉઠાવેલી જહેમત એ કારણે રોળાઈ જવાની સ્થિતિ ઊભી થઈ. એમની હતાશા તથા ગુસ્સાનો પાર ન રહ્યો.

હવે તો સમયની મોકળાશ પણ ક્યાં રહી હતી? ત્રણચાર દિવસમાં જ પુરવઠા જહાજ શાંતા-ફીનું અહીંનું આગમન નિશ્ચિત જ હતું. નુકસાન દુરસ્ત કર્યા વિના પ્રશાંત મહાસાગરની લાંબી મુસાફરી શક્ય જ ન હતી. એમ કરવા જતાં એમના 'કાર્સેન્ટી' વહાણનું ડૂબવાનું પણ નક્કી બને તેમ હતું. જ્યારે અહીં પકડાઈ જવાનું જોખમ હતું. કૉંગ્રે પાસે બીજો કોઈ વિકલ્પ હોત તો તેણે દૂરના કોઈ સ્થળે લંગર નાખ્યું હોત. કોઈ પણ રીતે જોખમ હતું. મોતનો ભય ચારે તરફ હતો.

અત્યાર સુધી એના નસીબે બધી જ અનુકૂળતા કરી આપી હતી. હવે તે બરાબરનું રૂઠ્યું હોય એમ એને લાગવા માંડ્યું. છતાં કૉંગ્રે વાસ્તવદર્શી હતો. બહાદુર હતો. છેવટ સુધી આશા છોડે તેવો ન હતો. મુક્તિ મળતી હોય તો તે માટે જોખમ ઉઠાવવાની એણે માનસિક તૈયારી કરી દીધી. ક્ષણિક હતાશાને ખંખેરી નાંખી.

અત્યાર સુધી સાવ નિર્જન મનાતા આ સ્ટેટન ટાપુ ઉપર કોઈ અદીઠ દુશ્મનની હાજરી છતી થઈ હતી. એની આક્રમકતાનો સ્પષ્ટ પુરાવો મળી ગયો હતો. એ હજી પણ વધુ નુકસાન પહોંચાડી શકે એમ સૌને સમજાઈ ગયું. રાત્રી દરમિયાન અચાનક હુમલો કરીને વહાણને વધુ નુકસાન પહોંચાડી શકે તેમ હતું. એવો દુશ્મન કેટલો બળવાન હશે, તેની કાંઈ પણ માહિતી આ લોકોને ન હતી. એવી પણ શક્યતા લાગતી હતી કે કે ટાપુ ઉપરની આ લોકોની હાજરીની સરકારને માહિતી મળી ગઈ હોય. એને આધારે બાજુના કોઈ ટાપુ ઉપર મોટી સંખ્યામાં સૈનિકોએ ઉતરાણ કર્યું હોય. આવા દુશ્મનને જાણ્યા-સમજ્યા વિના એની સાથે લડવાનું સાહસ મૂર્ખામી જ ગણાય.

તોપના બંને ગોળાનાં નિશાન અચૂક હતાં. દુશ્મને એની કુશળતા પ્રદર્શિત કરી દીધી હતી. રાત્રે કોઈ મોટા હુમલાનું આયોજન કર્યું હોય તો તે સામે જાગૃત રહેવાની જરૂર લાગી. અત્યાર સુધીની સાનુકૂળતાઓને કારણે એ સૌની હિંમત અને આત્મવિશ્વાસ વધ્યાં હતાં, પરંતુ છેલ્લી ઘડીએ અગોચરમાંથી આવી પડેલા બે તોપગોળાઓએ એ બધું જ ધોઈ નાંખ્યું હતું. એઓ હવે શંકા અને ભયના ઓથાર નીચે જીવતા થઈ ગયા.

રાત્રીના અંધારામાં કૉંગ્રે તથા કાર્સેન્ટી ચિંતામગ્ન બનીને એકલા જ તૂતક ઉપર બેસી રહ્યા. ગઈકાલે સૌના મનમાં આશા અને ઉત્સાહ હતાં. અત્યારે ઘોર

નિરાશા અને મોતનો ભય સતાવી રહ્યો હતો. વાતો કરવા માટે સામાન્ય મુદ્દો પણ સૂઝતો ન હતો. મુદ્દો હોય તો વ્યક્ત કરવા માટે શબ્દો હાથવગા બનતા ન હતા. આવી પડેલી ઉપાધિના કારણો અને તેના ઉપાય સંબંધમાં કાર્સેન્ટી થોડી થોડી વારે કાંઈક બોલતો હતો, પરંતુ કોંગ્રેનું સમગ્ર ધ્યાન અનિશ્ચિત બની ગયેલા ભાવિમાંથી કેવી રીતે રસ્તો કાઢવો તે માટે મથામણ કરી રહ્યું હતું. કાર્સેન્ટીના શબ્દો એના મગજમાં ગયા વિના જ હવામાં ઓગળી જતા હતા. બહુ બહુ તો ચોક્કસ શબ્દો વિના હુંકારો મોંમાંથી બહાર નીકળતો હતો.

કાર્સેન્ટીનું માનવું હતું કે મોટી સંખ્યામાં સરકારી સૈનિકોએ ટાપુ ઉપર ઉતરાણ કર્યું હોય, પરંતુ સૈનિકો એ રીતે છુપાઈને હુમલો શા માટે કરે? તેઓ તો ગિરોહના મુખ્ય અડ્ડા ઉપર સામે હુમલો કરે. પૂરતો સમય ન હોય તો એલ્ગર-બેના મુખપ્રદેશમાં નૌકાબંદી કરી હોત. નિયમિત રીતનું સૈન્યદળ હોત તો અત્યાર સુધીમાં એમણે કોઈક પ્રકારનાં સખત પગલાં જરૂરથી લીધાં હોત.

તેને બદલે અહીં તો માત્ર બે ગોળાઓ છોડવામાં આવ્યા હતા. ત્યારબાદ બીજા કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ થઈ ન હતી. એમની પાસે વધુ મસાલો કે માણસો ન હોય, તો જ આમ બની શકે. માત્ર આંગળીચાળો જ કર્યો કહેવાય. વિશેષ કાંઈ જ નહીં. સૈન્ય હોય તો આ રીતે છુપાઈને કામ ન જ કરે. બેચાર વ્યક્તિઓનું જ એ કારસ્તાન હોવાની એને ખાતરી થઈ.

મુસાફર વર્ગાસના અનુમાન સાથે કાર્સેન્ટી સંમત થયો.

'તારી વાત માનવી પડે તેવી છે. દુશ્મનનો એક માત્ર ઉદ્દેશ આપણને અહીંથી ભાગતા અટકાવવાનો જ લાગે છે. તોપને ઊંચાઈએ ભેખડ ઉપર ચડાવીને તેનાથી પ્રહાર કરવાનું કામ એક વ્યક્તિ કરી શકે નહીં. પેલા ભાંગેલા વહાણના એક કે વધુ માણસો બચી ગયા હોય, લાઇટહાઉસના પેલા ભાગી છૂટેલા માણસ સાથે તેમનો ભેટો થયો હોય, અને અહીંની સ્થિતિથી માહિતગાર કરી તેમનો સાથ લીધો હોય, તેવી એકમાત્ર શક્યતા મને તો દેખાય છે. તોપ તથા દારૂ અને ગોળા તેમણે ભાંગેલા વહાણના ભંડકિયામાંથી મેળવ્યાં હોવાં જોઈએ.'

'પોતાને કે સાથીઓને નાસીપાસ કરે કે નાહિંમત બનાવે એવી કોઈ પણ વાત કોંગ્રે હમણાં સહન કરવાની સ્થિતિમાં ન હતો. એણે ગુસ્સામાં બરાડો પાડ્યો, 'બંધ કરી એવી બધી વાતોને ! પેલું પુરવઠા જહાજ હજી તો આવ્યું નથી ને ! એ અહીં આવે એ પહેલાં કોઈ પણ રીતે આપણે અહીંથી નીકળી જવાના છીએ.' કાર્સેન્ટી પોતાના મિત્રની વાતનો મર્મ સમજી ગયો. સૌ મૂંગા બની ગયા.

બાકીની રાત સૌએ એવા અજંપામાં જ વિતાવી. સવાર પડે ત્યારબાદ જ નુકસાનીનો સાચો અંદાજ મળી શકે તેમ હતો. તેની દુરસ્તી માટે પણ ત્યાર બાદ જ

વિચારી શકાય. એ માટેના ઉપાયો તો ઘણા હોય, પરંતુ લાંબી કાર્યવાહી માટે એમની પાસે સમય જ ક્યાં હતો? ગમે તે ઘડીએ પુરવઠા જહાજ ક્ષિતિજ ઉપર દેખા દઈ શકે તેમ હતું. તે પછી તો સમગ્ર રમત કલાક-બે કલાકમાં જ આટોપાઈ જાય તેવી સ્થિતિ હતી. આ લોકો કટોકટીની છેલ્લી ભેખડ ઉપર આવી ગયા હતા.

સમારકામ માટેનું પહેલું કામ નુકસાન પામેલા ભાગ પાસેના અંદરના સામાનને ખસેડવાનું હતું. નુકસાન એ રીતનું થયું હતું કે તે માટે અગાઉની જેમ આખું ભંડકિયું ખાલી કરવું પડે તેમ ન હતું. તોપગોળાના પ્રહારનાં છિદ્રો વહાણના તળિયામાં નહીં, પરંતુ પડખામાં પડ્યાં હતાં. એના સમારકામ માટે વહાણને કાંઠા ઉપર ચડાવવાની પણ જરૂર ન હતી.

આ છિદ્રો જો માત્ર પાટિયાંમાં જ થયાં હશે, તો પાણીમાં મછવો ઉતારી તેમાં ઊભા રહીને પણ એ કામ થઈ શકે તેમ હતું, પરંતુ જો એ પાટિયાં પાછળની પાંસળી તૂટી હશે તો કામ મુશ્કેલ બની જાય તેમ હતું. સુથાર વર્ગાસને લઈને કૉંગ્રે ભંડકિયામાં ઊતર્યો. તપાસમાં જણાયું કે નુકસાન ફક્ત પાટિયાંમાં જ થયું હતું. પાંસળી સલામત હતી. એને બંધ કરવાનું કામ મુશ્કેલ ન હતું, પરંતુ એ માટે કુનેહ જરૂરી હતી. અંદર અને બહારથી પાટિયાં જડીને એની ઉપર બહારની બાજુએ તાંબાનું પતરું જડવાની જરૂર હતી. એ માટે તાંબાની ખીલીઓ, પતરું તથા જરૂરી ઓજારો હાજર જ હતાં.

'આ કામમાં કેટલો સમય લાગશે.' કૉંગ્રેને ઉતાવળ હતી.

'એ માટે જરૂરી માપનાં પાટિયાં બનાવવાનું કામ હું હમણાં જ શરૂ કરી દઉં છું. આજે સાંજ સુધીમાં એને જડી દઈ શકાશે. એના ઉપર જડવા માટેનું તાંબાનું પતરું કાપીને તે મુજબનો ઘાટ આપવો પડશે. આવતી કાલ સાંજ સુધીમાં એ કામ પણ પૂરું કરી શકાશે.'

'એનો અર્થ એ થયો કે ત્યાર બાદ રાત્રી દરમિયાન ભંડકિયામાંનો સામાન વ્યવસ્થિત રીતે ગોઠવી શકાશે. પરમદિવસે સવારે અનુકૂળ સમયે આપણે અહીંથી નીકળી શકીશું.'

'તમારું સમયપત્રક આમ તો બરાબર લાગે છે. મને એમાં કોઈ મુશ્કેલી દેખાતી નથી.'

વર્ગાસે સંમતિ દર્શાવી.

સૌએ હાશ અનુભવી. વિશ્વાસ બેઠો કે મુક્તિનો વિચાર હજી પણ અમલમાં લાવી શકાય તેમ હતો.

કાર્સન્ટીના મગજમાં હજી પણ લાઇટહાઉસના ત્રીજા માણસ અને તોપગોળાવાળા છૂપા દુશ્મન અંગેનો વિચાર ખદબદતો હતો. તેણે કૉંગ્રેને પૂછ્યું :

‘સાન જુઆન તરફ નથી જવું? આપણો દુશ્મન ત્યાં જ છુપાયો છે. તેને નથી શોધવો?’

‘એનાથી આપણને કાંઈ લાભ મળે તેમ લાગે છે? આપણને ખબર નથી કે એ લોકો કેટલા માણસો છે? કેવાં કેવાં શસ્ત્રો એમની પાસે છે તેનો પણ આપણને અંદાજ નથી. એમને પકડવા માટે અહીંનું બધું કામ છોડીને આપણે સૌએ સાથે જ જવું પડે તેમ છે. એ દરમિયાન એ છૂપા દુશ્મન આપણી ગેરહાજરીનો લાભ ઉઠાવી આ વહાણ ઉપર હુમલો ન કરે એની શી ખાતરી?’

‘સાચી વાત છે તારી? કૉંગ્રે સાથે સંમત થતાં કાર્સેન્ટીએ જણાવ્યું. ‘એમની પાછળ જઈને બહુ બહુ તો આપણે એમને પકડી શકીએ. એમના ઉપરનો ગુસ્સો ઉતારવા એમને મારી નાખીએ. એમના શરીરના રાઈરાઈ જેવડા કટકા કરી નાંખીએ. પણ તેથી શું? આપણી સમક્ષનો તાકીદનો પ્રશ્ન આ સમારકામ પતાવીને વહેલામાં વહેલી તકે અહીંથી ભાગી છૂટવાનો છે. એઓને પકડવાની કાર્યવાહી એમાં કોઈ રીતે ઉપયોગી બની શકે તેમ નથી.’

દુશ્મનને શોધીને સજા કરવામાં સમય અને શક્તિ બગાડવાનો વિચાર એ રીતે તેમણે માંડી જ વાળ્યો. વળી તોપનો હુમલો કર્યા બાદ દુશ્મનો ત્યાં જ બેસી રહ્યા હોય તેવું થોડું બને? ત્યાંથી ભાગીને તેઓ અન્ય કોઈ છૂપી જગ્યાએ સંતાઈ ગયા હોય, તો બધી જ મહેનત માથે પડે તેમ હતું.

બન્યું પણ એવું જ હતું. એક માસ સુધી ચાલેલી મરામત બાદ કાર્સેન્ટી વહાણ સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયું હતું. ચાંચિયાઓ કોઈ પણ ઘડીએ લંગર ઉપાડીને પ્રસ્થાન કરે તેવી વાકુઝ અને ડેવીસને ખાતરી થઈ ગઈ હતી. હવે એને અટકાવવાનો એકમાત્ર ઉપાય ડેવીસે બતાવ્યો તે હતો. તોપને મોકાના ઊંચા સ્થાને ગોઠવીને અહીંથી પસાર થતા વહાણને થઈ શકે તેટલું નુકસાન કરવાનું ડેવીસનું આયોજન હતું. વાકુઝને એ વિચાર ગળે ઊતરી ગયો હતો. જોકે એ સિવાય એમની પાસે અન્ય કોઈ વિકલ્પ પણ ન હતો.

ડેવીસના આ વિચારનો તેમણે તરત જ અમલ શરૂ કર્યો. એમને પક્ષે પણ અભી નહી તો કભી નહી જેવી જ સ્થિતિ હતી. બંને જીવ પર આવીને કામે વળગી ગયા. એ માટે સૌપ્રથમ કામ તો તોપ માટેનું અનુકૂળ સ્થાન શોધવાનું હતું.

વહાણ અહીંથી પસાર થાય, ત્યારે છતા થયા વિના જ અચૂક નિશાન લઈ શકાય તેવું ઊંચાઈએ આવેલું એક સ્થાન પસંદ કર્યું. તોપને ઉઠાવીને એ સ્થળે ચડાવવાનું કામ ખરેખર મુશ્કેલ હતું. બાકી રહેલા એક માત્ર ઉપાયની પૂર્વતૈયારી માટે બંને મરણિયા બની ગયા. આખરે તોપને એમણે નક્કી કરેલા સ્થાને ચડાવી દીધી. સામેની ખાડી તરફ બરાબર નિશાન લઈ શકાય તે રીતે નાળચું ગોઠવ્યું. સૂકા દારૂનો

પાવડર જરૂરત પ્રમાણે તેના નાળચામાં દબાવીને ભર્યો. જામગરી ચાંપવા માટેની વાટ તૈયાર કરીને તે માટેના છિદ્રમાં બેસાડવામાં આવી. તેના ઉપર સંભાળપૂર્વક લોખંડનો ભારેખમ ગોળો દબાવીને બેસાડી દેવામાં આવ્યો. સાંજે છ વાગ્યા સુધીમાં બધી જ તૈયારી થઈ ગઈ. બસ, હવે જામગરીને સળગાવવાનું જ કામ બાકી રહ્યું.

નિરાંત અનુભવતાં ડેવીસ બોલ્યો :

'આપણે શું કરવું તે અંગે મેં વિચાર કર્યો છે. વહાણને ડુબાડી દેવાથી આપણો હેતુ બર આવે તેમ નથી. એવી સ્થિતિમાં તો નવરા પડેલા બધા જ ચાંચિયાઓ અહીં જ કાંઠે આવી જવાના. એમ થાય તો આપણને અહીંથી ભાગવાનો સમય પણ મળવાનો નથી. ત્યારબાદ એમનું તો જે થવાનું હોય તે થશે, પરંતુ આપણે તો કૂતરાને મોતે જ મરવાનું આવે. એ કાંઈ આપણી સિદ્ધિ બની શકે નહીં. આપણો હેતુ થોડા વધુ દિવસ એમને અહીં રોકી રાખવાનો છે. પુરવઠા જહાજ અહીં આવે ત્યાં સુધીનો જ સવાલ છે. આપણે એવું કરવું જોઈએ કે તેઓને એ જહાજનું સમારકામ કરાવવા મૂળ સ્થાને જ લઈ જવું પડે.' '

આ ગોળાથી તો માત્ર બે જ છિદ્રો પડી શકે. મારા માનવા પ્રમાણે એને બંધ કરવામાં ઝાઝો સમય નહીં જ લાગે.'

'ના એવું નથી. વહાણની જળરેખાથી ચાર ઇંચ ઊંચે જ જો છિદ્ર પડી શકે, તો તેના સમારકામ માટે ભંડકિયામાંનો સામાન ખસેડવો જ પડે. મારી ગણતરી પ્રમાણે એમાં ઓછામાં ઓછી અડતાળીસ કલાકનો સમય જરૂરી બને એમ છે.'

'પરંતુ જો આપણું શાંતા-ફી જહાજ એટલા સમયમાં આવે નહીં તો શું? બે દિવસમાં સમારકામ પૂરું કરીને આ લોકો આપણી નજર સામે થઈને બિનધાસ્ત છટકી જવાના ! પડખામાં કાણાં પાડવાને બદલે જો એનો કૂવાથંભ તોડી પાડ્યો હોય તો?'

'ખરેખર જો એમ થઈ શકે તો એ ઉપાય ઉત્તમ બની શકે, પરંતુ એમાં એક મુશ્કેલી છે. આપણી પાસે માત્ર બે જ ગોળા છે. એ જો નિશાન ચૂકે અને કૂવાથંભને લાગવાને બદલે નજીકમાંથી પસાર થઈ જાય તો શું? મોં વકાસીને જોઈ રહેવા સિવાય આપણાથી વધુ કાંઈ જ થઈ શકવાનું નથી. એની સરખામણીમાં આપણી સામે જ આવેલા વહાણના પડખા તરફ નિશાન લેવાનું ઘણું સહેલું રહેશે. એમાં પણ થોડી કાળજી તો રાખવી જ પડશે. વહાણની જળરેખાથી માત્ર બે-ત્રણ ઇંચની ઊંચાઈ ઉપર જ છિદ્ર પડવું જોઈએ. એટલી ઊંચાઈના છિદ્રથી તાત્કાલિક વહાણ ડૂબવાનો ભય નહીં. છતાં તેની વ્યવસ્થિત રીતની દુરસ્તી વિના તેને લાંબી સફરમાં લઈ જવાનું જોખમ પણ લઈ શકાય નહીં.'

'તારું અનુમાન અને ગણતરી બરાબર લાગે છે.'

ડેવીસનો તર્ક સ્વીકારવો જ પડે એટલો વ્યવસ્થિત હતો. ‘

સાંજે ઓટ શરૂ થાય ત્યાં સુધી તો આ લૂંટારાઓ લંગર ઉઠાવી શકવાના નથી. ઓટનાં ઓસરતાં પાણી સાથે એ લોકો નીકળે અને અહી આપણી સામેથી પસાર થાય તે વખતે પૂરતું અજવાળું હશે જ. એને લીધે નિશાન લેવામાં પણ તને અનુકૂળતા રહેશે. નક્કી કરેલા માર્ગે આગળ વધવા તું તૈયારી કર. એ કાર્યની સફળતા માટે મારી શુભેચ્છા છે.’

એ માટેની બધી જ તૈયારી થઈ ગઈ. વહાણ પસાર થાય ત્યારે જામગીરી ચાંપવાનું જ કામ બાકી રહ્યું. અત્યાર સુધી બધા જ સંજોગો એમની વિરુદ્ધ જતા હતા, પ્રારબ્ધ આ નાલાયક ચાંચિયાઓ ઉપર જ કૃપા વરસાવતું હોય તેમ લાગતું હતું. એ સ્થિતિ હવે બદલાઈ રહી હોવાનો એમને અહેસાસ થયો

એમની ધારણા પ્રમાણે જ બધું બનવા લાગ્યું. ચાંચિયાઓ અને તેમણે કરેલી લૂંટનો ખજાનો લાદીને બિનધાસ્ત જઈ રહેલું કાર્સેન્ટી વહાણ બરાબર એમની સામે થઈને પસાર થવા લાગ્યું. ધીમે ધીમે તોપના ગોળાની મર્યાદામાં સરકી રહ્યું. જરા પણ ઉતાવળ કર્યા વિના, પૂરેપૂરી સ્વસ્થતાથી ડેવીસે નિશાન તાક્યું. જામગીરી ચાંપી. ધડાકા સાથે એના નાળચામાંથી લોખંડનો ગોળો વછૂટ્યો. સિસકારા મારતો વહાણની દિશામાં લક્ષ્ય તરફ પહોંચી ગયો અને વહાણના પડખામાં બરાબર નિર્ધારિત સ્થળે અથડાયો. વહાણની ધ્રુજારી અહીં સુધી તો અનુભવી શકાય તેમ ન હતું, પરંતુ ગોળો છૂટવાના ધડાકાનો અવાજ પશ્ચિમે આવેલા ડુંગરાઓમાં ક્યાંય સુધી પડઘા પાડતો રહ્યો.

ચાંચિયાઓ પ્રથમ ધડાકાથી ચેતી જઈને વહાણને મારક રેન્જમાંથી બહાર હંકારી જાય તે પૂર્વે જ બીજો ગોળો છોડવાની તૈયારી ઝડપથી કરી લીધી.

તરત જ નિશાન લઈને ડેવીસે જામગરી ચાંપી. બીજો ગોળો પણ પહેલાંની જેમ જ વહાણના પડખામાં અથડાયો. આ બંને ગોળાથી જહાજને કેટલું નુકસાન થયું, તેનો તો એમને ખ્યાલ ન જ આવે, પરંતુ વહાણ ઉપર થોડા સમય સુધી ચહેલપહેલ તેમણે જોઈ. ત્યાર બાદ વહાણને પરત લાઇટહાઉસ તરફ લઈ જવાતું એમણે જોયું.

પોતાના મિશનની સફળતા બાબત હવે તેમના મનમાં કોઈ જ શંકા બાકી રહી નહી. એ સાથે જ તેમણે બીજી એક બાબતની શક્યતા અંગે પણ વિચાર કરી લીધો. ચાંચિયાઓને તો મુક્તિનો આ પ્યાલો હોઠ સુધી આવીને છેલ્લી ઘડીએ ઢોળાઈ જવા જેવું થયું હતું. ઝનૂને ચડીને તેઓ હુમલાખોરોને શોધવા આ તરફ દોડતા આવે, એવી દૂરની શક્યતા હતી. આ બંનેને તેઓ શોધી કાઢે તો એમની સ્થિતિ શું થાય એ તેઓ જાણતા જ હતા

એવી સ્થિતિ ટાળવા વહેલી તકે અહીંથી સ્થળાંતર કરી જવામાં જ ડહાપણ હતું. તેમણે ઝડપથી નિર્ણય લઈ લીધો. અહીંથી એકબે માઈલ દૂર કિનારાની નજીકના જ કોઈ સ્થળે નવું આશ્રયસ્થાન શોધવાનું નક્કી કર્યું. એઓ હવે શાંતા-ફી જહાજની કાગને ડોળે રાહ જોઈ રહ્યા હતા. પુરવઠા જહાજ ગમે તે ઘડીએ લાઇટહાઉસની દિશામાં આવવાની શક્યતા હતી. નવું આશ્રયસ્થાન એવું હોવું જોઈએ, જ્યાંથી આ જહાજ આવતું જોઈ શકાય તથા તાપણું કે ધુમાડો કરીને તેનું ધ્યાન આકર્ષિત કરી શકાય. કૅપ્ટન લફાયતને આ સંકેત મળી જાય, ત્યાર બાદ તો સંપૂર્ણ હવાલો તેમના હસ્તક જ રહેવાનો હતો.

અહીંથી સ્થળાંતરની તેમણે પાકી તૈયારી કરી લીધી. સાથમાં થોડો ખોરાક, હથિયારો અને તે માટેનો મસાલો તથા જરૂરી વસ્તુઓના થેલા ભરી લીધા. તૈયારીમાં મધરાત થઈ ગઈ. આકાશ ચોખ્ખું હતું. તારાઓના ઝાંખા પ્રકાશને કારણે આગળ ચાલવાનો માર્ગ અંધારામાં સૂઝે તેમ હતો. સાન-જુઆનની ભૂશિર ઓળંગીને આગળ વધ્યા. ઓટ હોવાને કારણે દરિયાનાં પાણી કાંઠાથી દૂર ગયાં હતાં. બંને મૂંગા મૂંગા ચાલતાં જ રહ્યા. ચારેક માઈલ જેટલું ચાલ્યા હશે. મથામણને અંતે ખડકમાં એક બખોલ મળી આવી. હવે કોઈ અનિશ્ચિતતા ન હતી. માત્ર બેચાર દિવસનો જ સવાલ હતો. એ દરમિયાન પુરવઠા જહાજ તો આવવાનું જ હતુ.

બખોલમાં સામાન મૂકી આરામ લીધો. થોડું ઊંઘ્યા હશે ત્યાં સવાર થઈ ગઈ. વાકુઝ જાણતો હતો કે જ્યાં સુધી ભરતીના પાણી ચડતાં હોય ત્યાં સુધી એવા પ્રતિકૂળ પ્રવાહમાં સામે નીકળવાનું કૉંગ્રે કદી પણ પસંદ નહીં કરે. પરંતુ ઓટનો લાભ લેવાનું ચૂકે તે એને પરવડે તેમ ન હતું. જ્યારે શાંતા-ફી માટે ભરતીનાં પાણી ઉપર સવાર થઈને આવવાનું જ અનુકૂળ હતું. બંને જણ બંને બાજુથી આવનારાં બે વહાણોની આતુરતાથી રાહ જોવા લાગ્યા. એકને આવકારવા તેઓ આતુર હતા તો બીજાને રોકવા માટે મરણિયા બની રહ્યા હતા.

સાંજ દરમિયાન ઓટ વખતે 'કાર્સેન્ટી' વિદાય લેશે એવી અપેક્ષા હતી, પરંતુ તે જણાયું નહીં. કૉંગ્રેએ પણ અદૃશ્ય દુશ્મનોનો પીછો કરવાને બદલે પોતાના વહાણનું સમારકામ પૂરું કરવા તરફ જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. બધા જ માણસોને એમાં રોકાઈ જવું પડ્યું.

સુથાર વર્ગાસે પોતાનું વચન પાળ્યું. પ્રથમ દિવસની સાંજ સુધીમાં કાણાવાળા ભાગ માટે એ માપના ટુકડા તૈયાર કર્યા. તાંબાની ખીલીઓથી તેને બરાબર રીતે જડી દીધા. બીજા દિવસે એની ઉપર જડવા માટે તાંબાનાં પતરાંને તૈયાર કરવાનું નક્કી જ કર્યું હતું. વાકુઝ અને ડેવીસ આખો દિવસ એમની રાહ જોતા બેસી રહ્યા. રાતે એ લોકો ભાગી છૂટે એવી શક્યતા જ ન હતી. એ દરમિયાન ખૂબ જ જરૂરી એવો આરામ

પણ એમને મળી ગયો. બીજા દિવસની સવાર પડી. બહાર આવીને બંનેએ આજુબાજુ નજર કરી. એકે બાજુથી કોઈ જહાજ આવવાના અણસાર વર્તાયા નહીં. જો સમારકામ રાત દરમિયાન પૂરું થયું હશે, તો સવારની ઓટના સમયે કૉંગ્રે લંગર ઉઠાવવા જણાવશે એવી વાકુઝને ખાતરી હતી, પરંતુ કોઈ બાજુથી જ પ્રવૃત્તિ જણાઈ નહીં. દિવસ સાવ નિરસ રહ્યો.

હવામાન ખૂબ જ સારું હતું. આખો દિવસ સૂરજનો પ્રકાશ રહ્યો. આકાશ સાવ જ ખુલ્લું હતું. પવન હૂંફાળો અને મંદ હતો. મોજાં નહીં, પરંતુ નાના તરંગો પાણી ઉપર લહેરાતા હતા.

'લાગે છે કે આ ચાંચિયાઓ હજી સુધી કાર્સેન્ટીનું સમારકામ પૂરું કરી શક્યા નહીં હોય.' વાકુઝે અનુમાન કર્યું.

'તેઓ ઉતાવળ તો કરતા જ હશે, છતાં કાંઈક ગૂંચવાડો થયો લાગે છે. મારું માનવું છે કે હવે બહુ લાંબો સમય નહીં જ લે. મરણિયા બનીને ગમે ત્યારે લંગર ઉઠાવી જશે એમ લાગે છે. એ લોકો તો હવે રાત્રે પણ રવાના થઈ શકે તેમ છે. રાત્રે જેમ અહીંથી ગયા હતા, તે જ રીતે રાત્રે પાછા આવી પણ શકે છે.

હવે જ્યારે પુરવઠા જહાજ ગમે તે ઘડીએ ક્ષિતિજ ઉપર દેખા દઈ શકે તેમ છે. તેવા સમયે છેલ્લે છેલ્લે ગમે તે રીતે હાથતાળી દઈને ચાંચિયાઓ ભાગી છૂટે એમ હતું. એવા વિચારમાત્રથી વાકુઝ કપાળ કૂટવા લાગ્યો.

'અરેરે ! આ લૂંટારા ખૂનીઓ આપણી નજર સામે થઈને ભાગી છૂટવાના ! અને આપણાથી કાંઈ થવાનું નહીં.'

'ભાઈ વાકુઝ ! તમે એકલા હોત તો આટલું પણ થઈ શકતો નહીં. આપણે બંનેએ ભેગા મળીને આપણાથી થાય એટલું કર્યું. બાકીનું તો હવે ભગવાનને ભરોસે જ છોડવું રહ્યું.'

વાકુઝના વલોપાતને સમજી ગયેલા ડેવીસે તેનો ખભો પકડીને આશ્વાસન આપ્યું. 'આપણે ઈશ્વરમાં શ્રદ્ધા રાખીએ કે તે આપણા મિશનમાં આપણને સહાય કરે.'

જહોન ડેવીસ પણ વિચારોમાં ખોવાઈને કાંઠા ઉપર નીકળી પડ્યો. શૂન્યમનસ્ક બનીને આમતેમ આંટા મારવા લાગ્યો. એની નજર ઉત્તરપૂર્વ તરફની ક્ષિતિજ ઉપર મંડાયેલી હતી. જો મદદ આવવાની જ હશે તો તે તરફથી જ આવે તેમ હતું, પરંતુ અફસોસ ! એ દિશા સાવ જ કોરી હતી. કોઈ અજબ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. એ તરફથી પુરવઠા જહાજ આવે તે માટે આતુરતાથી રાહ જોવાતી હતી. આ બાજુ લાઇટહાઉસ તરફથી ચાંચિયાઓવાળું વહાણ અહીં ન આવે એ માટે મનોમન પ્રાર્થના થતી હતી

કાંઈક વિચાર સ્ફુરતાં જ તે એકદમ ઊભો રહી ગયો. બખોલમાં વાકુઝ પાસે આવ્યો. તેનો ખભો ઢંઢોળીને બોલ્યો :

‘મને થાય છે કે આપણે એ તરફ જઈએ. જોઈએ તો ખરા કે એ લોકો ત્યાં શું કરે છે?’

‘ત્યાં એટલે ક્યાં? લાઇટહાઉસ પાસે ચાંચિયાઓવાળું વહાણ લાંગર્યું છે ત્યાં?’

‘હા, આપણે જાણવું જોઈએ કે સમારકામ કેટલે આવ્યું. એ ઉપરથી ખ્યાલ આવશે કે એ લોકો ક્યારે ઊપડી શકે તેમ છે.’

‘એવું જાણવાથી આપણી સ્થિતિમાં શું ફેર પડી શકે?’

‘એમની સ્થિતિ જાણવાથી આપણને કોઈ ઉપાય જડી શકે. મારું લોહી હવે ઊકળી રહ્યું છે. મગજને હું કાબૂમાં રાખી શકું તેમ લાગતું નથી. આપણે કાંઈક પણ કરવું જ રહ્યું. તમને ખ્યાલ છે કે એ સ્થળ અહીંથી કેટલું દૂર છે?’

‘ટાપુના મધ્યમાં આવેલા પઠારી ઇલાકા ઉપરથી સીધા જઈએ તો ત્રણેક માઈલ થાય.’

‘તો હું ત્યાં જઈશ. અહીંથી હું ચાર વાગ્યે ત્યાં જવા નીકળવા માગું છું. તમારા જણાવ્યા પ્રમાણે હું ત્યાં છ વાગ્યાના અરસામાં પહોંચી જઈશ. સાવચેતી રાખીને સરકતો સરકતો બની શકે તેટલો એ લોકોની નજીક હું પહોંચી જઈશ. જે થાય તે પણ હું જવાનો જરૂર. અહીં સંતાઈને બેસી સમય પસાર કરવાનો કોઈ જ અર્થ નથી.’ ડેવીસના આ મક્કમ શબ્દો સાંભળી વાકુઝ પ્રભાવિત થયો. આવો દૃઢ નિર્ણય જાણ્યા પછી તેને પાછા વળવા સમજાવવાનો અર્થ ન હતો. વાકુઝને પણ થયું કે સક્રિય બનવું જ જોઈએ. અહીંના છૂપા સ્થાનમાં સલામત રીતે બેસીને અફસોસ કર્યા કરવાનો કોઈ જ અર્થ ન હતો. બેઠેલાનું નસીબ પણ બેઠેલું જ રહેવાનું. ઈશ્વર પણ તેને જ મદદ કરે કે જે ખુદને મદદ કરવા પ્રવૃત્ત હોય. વિચારોના વમળમાં એ પોતે ક્યાંય સુધી અટવાતો રહ્યો.

‘હું માનું છું કે તમે અહીં જ રોકાવ એ પણ જરૂરી છે. તમે અહીં દરિયા ઉપર નજર રાખતા રહેજો. રાત્રે મોડોવહેલો હું આવી જઈશ.’ ડેવીસ બોલ્યો.

‘તું એકલો શા માટે? હું પણ સાથે જ આવું છું. કાંઈ ચોક્કસ પ્રયોજન હોય કે નહીં, લાઇટહાઉસ સુધી હું જરૂરથી આવીશ.’

સાંજના ચાર વાગવાને હજી ઘણી વાર હતી. વાકુઝે મનોમન કાંઈક વિચારી લીધું. પોતે શું કરવા ઇચ્છે છે, તેનો ફોડ પાડ્યા વિના જ એકલો બખોલમાં ગયો. ડેવીસ બહાર આંટા મારતો રહ્યો. એણે જોયું કે વાકુઝ પોતાની પાસેના છરાની ધાર કાઢવા

પથ્થર ઉપર ઘસતો હતો. ત્યારબાદ આ છરાથી તેણે પોતાના શર્ટને કાપી નાખ્યું અને તેમાંથી બની શકે તેટલી લાંબી પટીઓ તૈયાર કરી. એવી ચીદરડીઓને વળ ચડાવી. એણે દોરી બનાવવા માંડી. આ પ્રકારની વિચિત્ર કામગીરી સંબંધમાં ડેવીસે વારંવાર પૂછ્યું. પરંતુ એણે ઉડાઉ જવાબ આપ્યા. અંતમાં એટલું જ બોલ્યો કે રાત્રે લાઇટહાઉસ પાસે પહોંચીએ ત્યારે બધું સ્પષ્ટ થઈ જશે.

સમય થતાં જ બંનેએ બિસ્કિટ વગેરેનો નાસ્તો કર્યો. પિસ્તોલમાં ગોળીઓ ભરીને કમરપટામાં ખોસી દીધી. ત્યાં ઉપયોગી બની શકે તેવો સામાન બગલથેલામાં ભરી દીધો. બરાબર ચાર વાગ્યે બંને જણ નીકળી પડ્યા.

બે ભેખડો વચ્ચેની સાંકડી ખીણમાં આગળ વધ્યા. લાઇટહાઉસ તરફ જઈ શકાય તે તરફના એક ઊંચા ખડક ઉપર ચડી ગયા. એમની સામે જ એક મોટું સપાટ મેદાન હતું. સાવ વેરાન. વેરણછેરણ થોડાં ઝાંખરાં હતાં. એમાં એક પણ મોટું ઝાડ જોવામાં આવ્યું નહીં. માથા ઉપર થઈને દરિયાઈ બતકોનાં ટોળાં કલરવ કરતાં દક્ષિણ દિશા તરફ ઊડી ગયાં.

એલ્ગર-બેના મધ્ય ભાગ તરફ જવાની દિશા પકડીને તેઓ ચાલતા જ રહ્યા. આગળ જતાં બે માઈલ દૂરથી લાઇટહાઉસની ટોચ નજરે પડી. અત્યારે તેઓ એનાથી ઘણા દૂર હતા. ઝડપથી ચાલવામાં કે વાતો કરવામાં કાંઈ જ વાંધો ન હતો. નજીક ગયા પછી જ સાવચેતી રાખવાની હતી.

અડધો કલાક ચાલ્યા. લાઇટહાઉસથી અડધો માઈલ દૂર હશે, ત્યાં જ વાદળ સાથે વાતો કરતી લાઇટહાઉસની ટોચ તથા દર્શનગૅલેરી સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યાં. ઉપર તથા નીચેની સાવધાની હવે જ રાખવાની જરૂર હતી. કૉંગ્રે કે તેનો માણસ દર્શનગૅલેરીમાં હોય તો દૂરબીનની મદદથી સ્પષ્ટ રીતે આ બે જણને જોઈ શકે તેમ હતો. દરેક માળે ગોળ સીડીનાં પગથિયાં માટેના પ્લૅટફૉર્મ હતાં. ત્યાં દીવાલમાં પ્રકાશ માટે બારીઓ મૂકવામાં આવી હતી. ત્યાં ઊભેલો કોઈ માણસ એ બારીમાં જડેલાં કાચમાંથી પણ દૂર સુધી જોઈ શકે તેમ હતું.

ચાંચિયાઓની નજરમાંથી બચવા માટે હવે એમણે ઘૂંટણિયે પડીને આગળ ખસવાની જરૂર હતી. ગૅલેરીમાં કોઈ માણસ દેખાતો ન હતો, છતાં સાવધાની રાખવી જરૂરી હતી. છ વાગ્યા હતા. ધીમે ધીમે ખસતા તેઓ લાઇટહાઉસવાળા સ્થળ નજીકની છેલ્લી ભેખડની કિનાર ઉપર આવી ગયા. ત્યાંથી ડોક લંબાવીને નીચેના ભાગમાં નજર કરી. નજીકમાં કોઈ જણાયું નહીં. લાગ્યું કે બધા માણસો ભંડકિયામાં સામાન ગોઠવતા હશે.

'કાર્સેન્ટી' વહાણ ખાડીના પાણીમાં મસ્તીથી ડોલી રહ્યું હતું. એના તમામ સઢ હજી બંધાયેલી અવસ્થામાં જ હતા. વહાણ સાથેનો મછવો પાછળના ભાગે બંધાયો હતો.

સમારકામ વખતે નુકસાનવાળા ભાગ પાસે જ એને બાંધવામાં આવ્યો હતો. એમાં રહીને જ સુથાર વર્ગાસે કામ કર્યું હતું. તોપગોળાથી પડેલાં છિદ્રો સરસ રીતે બંધ કરી દેવામાં આવ્યાં હતાં.

ભરતી બાદની ઓટના વળતા પ્રવાહનો લાભ લઈ ચાંચિયાઓ કોઈ પણ સમયે લંગર ઉપાડી શકે તેમ હતા. હવે કોઈ કામ બાકી જણાતું ન હતું. એ માટેની બધી જ પૂર્વતૈયારીઓ સમેટી લેવામાં આવી હતી.

'અહીં બધું જ રંધાઈ ગયું હોય તેમ લાગે છે.' અહીંનો માહોલ જોઈને ગુસ્સે ભરાયેલો ડેવીસ પોતાના ગુસ્સાને માંડમાંડ કાબૂમાં રાખી શક્યો.

'લાગે છે કે ભરતી શરૂ થાય તે પહેલાં જ તેઓ અહીંથી ભાગવાની પેરવીમાં છે. હવે બેત્રણ કલાકનો જ આ ખેલ છે.'

'એઓ જશે અને આપણે એમને કાંઈ પણ કરવાની સ્થિતિમાં નહીં હોઈએ.' ડેવીસે નિશ્વાસ મૂક્યો.

અનુમાન કર્યા પ્રમાણેનો સમય પૂરો થવા છતાં વહાણ હજી ત્યાં જ ઊભું હતું. હળવાં મોજાંની છાલકો એના પડખામાં અથડાયા કરતી હતી. વહાણ એમ મસ્તીથી ડોલતું હોય તેવું લાગતું હતું. સૂરજ આથમી ગયાને ઘણી વાર થઈ ગઈ. હવે અંધારું ઊતરવા લાગ્યું.

વાકુઝ અને ડેવીસ હજી ઊંચી ભેખડ ઉપર જ હતા. વહાણમાંથી આવતા અવાજો સાંભળી રહ્યા. એમાંથી હસવાનો અવાજ આવતો હતો. બૂમાબૂમ થતી હતી. એકબીજાને સોગંદ આપતા હોય તેવા શબ્દો કાને પડતા હતા. એ સાથે ભારેખમ સામાનનાં પાર્સલો ખસેડવાનો અવાજ આવતો હતા. રાત્રીના દશ વાગ્યા. વહાણના ભંડકિયાનું ઢાંકણ જોરથી બંધ થવાનો અવાજ આવ્યો. એની સાથે ત્યાંથી આવતા અવાજો પણ શાંત થયા હોય તેમ લાગ્યું. હવે થોડી જ મિનિટનો સવાલ હતો. વહાણ ઊપડ્યું જ સમજો, પરંતુ લંગર હજી ઉઠાવાયું ન હતું.

એ જ વખતે ડેવીસે વાકુઝનો હાથ દબાવ્યો. ધીમેથી બોલ્યો :

'ભરતીનાં પાણી ચઢવા માંડ્યાં છે.'

'આ લોકો હવે રાત્રે જઈ શકશે નહીં. કાલે સવારે ઓટ શરૂ થાય ત્યારે દિવસ દરમિયાન જ હંકારવાનું એમણે નક્કી કર્યું હોય તેમ લાગે છે.'

'આજે તો નહીં જ જઈ શકે. જવાની વાત હવે આવતી કાલ ઉપર ઠેલાઈ ગઈ સમજો.'

'અને કાલે પણ નહીં. અરે કહો કે કદી પણ નહીં.'

વાકુઝ કંઈક વિચારીને ઉત્સાહભેર બોલી ઊઠ્યો.

'આવ મારી સાથે.' કહીને વાકુઝે ડેવીસનો હાથ પકડી ખેંચવાની શરૂઆત કરી. અંધારું હોવાથી હવે એમને કોઈ જોઈ જાય એવી સ્થિતિ ન હતી. સલામત જગ્યાએથી બંને જણા બહાર સરક્યા. લાઇટહાઉસની દિશામાં જવા માંડ્યું.

વાકુઝની આવી અણધારી ગતિથી ડેવીસ પળભર મૂંઝાઈ ગયો. એને સમજ પડી નહીં કે વાકુઝ શું કરવા માગે છે. છતાં તેની પાછળ પાછળ ખસતો રહ્યો. પાછળને રસ્તે થઈને બંને જણ થોડી જ ક્ષણમાં નીચેના ભાગમાં આવી ગયા. લાઇટહાઉસ સંકુલ માટેનો ચોક અહીંથી શરૂ થતો હતો. એના પગથિયાંની સાવ નજીકમાં ઝાંખા અજવાળામાં વાકુઝે જમીનની બાજુના ખૂણામાં હાથ ફેરવ્યો. ત્યાં એક પથ્થર પડેલો હતો. પહેલેથી જ જાણકારી હોય, તે રીતે અવાજ ન થાય તેવી કાળજી સાથે હળવેથી પથ્થર ખસેડયો. ત્યાં ખડકમાં નાની બખોલ હોય તેવું વાકુઝે જણાયું. તેમાં તો સાવ અંધારું જ હતું. ધીમા અવાજે ડેવીસના કાનમાં જણાવ્યું :

'અહીં નીચે ઊંડી બખોલ છે. બે માણસો ઊભા રહી શકે તેટલી એમાં જગ્યા છે. અમે અહીં રહેતા હતા, ત્યારે અચાનક જ તે મને મળી આવી હતી. અકસ્માત કોઈ વાર ખપમાં આવે એમ વિચારી એમાંથી પથ્થર વગેરે કચરો કાઢી નાંખી મેં એને સાફ કરી હતી. તેના મોં પર વ્યવસ્થિત રીતનો પથ્થર બેસાડ્યો હતો. એ ગુફા નહીં, પણ બખોલ જ છે. ઉપરનો પથ્થર ખસેડી કોઈ અંદર ઊતરી શકે છે. ત્યારબાદ અંદરથી જ પથ્થર એની મૂળ જગ્યાએ મૂકી દે, તો કોઈને શંકા પણ પડે નહીં કે તેમાં કોઈ સંતાયું હશે.'

ડેવીસ આ બખોલને જોઈ રહ્યો. અંદર ઊતરવા વાકુઝે તેને સૂચના આપી. અજાણી અને અંધારી બખોલમાં આવા કસમયે ઊતરવામાં ડેવીસ ખચકાયો, છતાં વાકુઝના શબ્દો ઉપર વિશ્વાસ રાખી તેમાં ઊતરી પડ્યો. તેની પાછળ વાકુઝ પણ એ સ્થળને જાણતો હોય તેવી સાહજિકતાથી અંદર ડેવીસની લગોલગ દાખલ થઈ ગયો. વાકુઝે સિફતથી પેલો પથ્થર હાથ વડે ખસેડીને બખોલનાં મોં ઉપર ગોઠવી દીધો.

સાવ ધીમા અવાજે વાકુઝે પોતાના પ્લાન અંગે સ્પષ્ટતા કરી.

'મારો એ પ્લાન છે. તારે થોડો સમય અહીં એકલા રહેવું પડશે.'

'મારે એકલાએ થોભવું પડશે એટલે? શું મારે તમારી સાથે નથી આવવાનું?'

'ના, તારે નથી આવવાનું. હું એકલો જ જહાજ પાસે જાઉં છું.'

'જહાજ પાસે ! મરવા માટે?'

'મારે આ ખૂનીઓને ભાગી જતા ગમે તે ભોગે અટકાવવા છે.' વાકુઝ દૃઢતાથી બોલ્યો. પોતાની પાસેના થેલામાંથી એણે ધાર કાઢેલો પેલો છરો તથા બે પેકેટ બહાર

કાઢ્યાં. અંધારામાં એ બધું જોઈ શકાય તેમ હતું નહી. ધીમા અવાજે એણે જણાવ્યું કે એણે પોતે બનાવેલી એ સુરંગ હતી. જામગરી ચાંપવા માટેની વાટ પણ એણે પોતાના શર્ટમાંથી કાપેલી ચીદરડીમાંથી બનાવી હતી. અંધારાનો લાભ લઈ ચુપકીદીથી વહાણ ઉપર જવા માંગતો હતો. વહાણના પાછળના ભાગે સુકાનને નુકસાન કરવાનો તેનો ઇરાદો હતો. એને કારણે વહાણની વિદાય થોડા સમય માટે પણ વિલંબમાં મૂકી શકાય. નસીબ જોર કરે અને એ દરમિયાન શાંતા-ફી આવી જાય તો આ મિશન સો ટકા સફળ થશે. એવી તેણે ગણતરી મૂકી.

આ સાહસમાં પકડાઈ જવાનું પણ જોખમ ઘણું હતું. થાય તો ભૂંડી રીતે મરવાનું નક્કી જ હતું. એ જ કારણે એ કામે એકલા જ જવાનો આગ્રહ એણે ચાલુ રાખ્યો. ડેવીસના વળતા આગ્રહ સામે એની દલીલ હતી કે મૂળભૂત રીતે એક જ માણસની એમાં જરૂર હતી. પોતાને કાંઈ થાય તો અહીંની ચાંચિયાકથા ટૂંક સમયમાં જ આવનારા શાંતા-ફી જહાજના કૅપ્ટનને જણાવવા એક જણે જીવતા રહેવું જરૂરી હતું.

વાકુઝના આગ્રહ સામે ડેવીસે ઝૂકવું પડ્યું. સુકાનને નુકસાન પહોંચાડી વહાણની વિદાયને વિલંબમાં નાંખવાનો પ્લાન વાકુઝનો જ હતો. ભલે એ જાતે જ એનો અમલ કરતો, અનિચ્છાએ એણે મન મનાવ્યું.

રાત બરાબર જામી ગઈ. અંધારું એકદમ ગાઢું બની ગયું. વાકુઝને એની જ જરૂર હતી. જરૂરી સામાનનું પોટલું એણે માથા ઉપર બાંધી દીધું. વધારાનાં કપડાં કાઢી નાખ્યાં. બખોલમાંથી બહાર નીકળીને ચુપકીદીથી કાંઠા તરફ ચાલવા માંડ્યું. લાઇટહાઉસથી ખાડી સુધી અનેક વાર એણે આવજા કરી જ હતી. એ કારણે પડેલી કેડીનો એને પૂરેપૂરો ખ્યાલ હતો.

અંધારામાં 'કાર્સેન્ટી' વહાણનો માત્ર કાળો ઓળો જ દેખાતો હતો. પાણીની નજીક આવતાં જરા પણ અવાજ ન થાય એ રીતે ઊતરવા લાગ્યો. વધુ ઊંડા પાણી આવતાં હાથ અને પગ પાણીની નીચે રાખીને અવાજ કર્યા વિના એણે ઊભાં ઊભાં તરવા માંડ્યું. કાળા ધાબા તરીકે દૂરથી દેખાતા વહાણની નજીકમાં ધીમેથી તરતો એ પહોંચી ગયો.

તૂતક ઉપર હલનચલન બંધ હતું. વહાણ ઉપર અને ચારેબાજુ શાંતિનો માહોલ હતો. તૂતકના આગળના ભાગમાં કોઈ ખલાસી બેઠો હોવાનો વાકુઝને ખ્યાલ આવ્યો. એના બંને પગ બહાર પાણી તરફ ઝૂલતા હતા. ધીમા અવાજે દરિયા માટેનું કોઈ ગીત ગાતો હતો. અવાજ ધીમો હતો, છતાં નીરવ શાંતિમાં તે પણ સ્પષ્ટ રીતે સંભળાતો હતો.

ચોકીદારનું ધ્યાન ખેંચાય નહીં, તે રીતે વાકુઝ ચુપકીદીથી તરતો વહાણના પાછળના ભાગમાં આવી ગયો. એને તો સુકાનવાળા ભાગ સાથે જ કામ હતું. પાણી નીચે પગનો હડસેલો મારી થોડો ઊંચો થયો. સુકાનના દાંડાનો ભીનો અને ચીકાશવાળો ભાગ

એના હાથમાં આવ્યો. એને પકડી રાખવામાં થોડી મથામણ કરવી પડી, છતાં એના ઉપર હાથની પકડ મેળવી લીધી. થોડી વધુ શક્તિ વાપરીને એ વધુ ઊંચો થયો. ઉપરના ભાગમાં જડાયેલું જાળી જેવું કાંઈક એના હાથમાં આવ્યું. તેને બરાબર પકડીને એણે પોતાની જાતને વધુ ઉપર ધકેલી. આખરે વહાણ અને સુકાનને જોડતા ભાગ પાસેના ખાંચામાં એ બેસી શક્યો. સાંધાના એ ભાગ ઉપર સારી રીતે ગોઠવાઈ ગયો. નીચે પગની આંટી મારી જાતને વધુ સલામત બનાવી એના બંને હાથ આગળની કામગીરી માટે હવે છૂટા થયા. માથા ઉપર બાંધેલી કોથળી સાચવીને એણે નીચે ઉતારી. એનો એક છેડો દાંતમાં ભરાવીને જરૂરી વસ્તુઓ બહાર કાઢવા માંડી. બપોર દરમિયાન પથ્થર ઉપર ઘસીને ધારદાર બનાવેલા છરાની હવે કસોટી હતી. સુકાનને વહાણના પાછલા ભાગ સાથે જોડતા સાંધા આગળ હાથથી ફંફોસીને એણે જગ્યા નક્કી કરી. ધારદાર છરાની મદદથી તેમાં છિદ્ર કોતરવાની શરૂઆત કરી. જરા પણ અવાજ ન થાય તેની તકેદારી રાખવી જરૂરી હતી. ધીમેધીમે છરી અંદર ઊતરતો ગયો. છિદ્ર અંદરથી વધુ ને વધુ ઊંડું બનવા લાગ્યું. એનો મુખપ્રદેશ સાંકડી રાખી, સુરંગની પોટલી સમાવવા અંદરની બખોલ વધુ મોટી બનાવવાની હતી.

એક કલાક સુધી એ કામ ચાલ્યું. સતત ચાલેલી એકધારી કોતરણીને પરિણામે જરૂર મુજબની બખોલ બની ગઈ. મોં સાંકડું, પરંતુ અંદરથી વધુ પોલાણ. અગાઉ એ રહેતો હતો, તે ગુફાની જ જાણે આ નાની આકૃતિ. પોતે જ બનાવેલી સુરંગની પોટલી થેલીમાંથી કાઢી બળપૂર્વક દબાવીને એમાં સેરવી દીધી. જામગરી પેટાવવા માટેની વાટ પણ અંદર ખોસી દીધી. એનો બીજો લાંબો છેડો બહાર લટકતો રહ્યો. એને સળગાવવા માટે ચકમક પથ્થર પર લોખંડ ઘસવાનું હતું. કોથળીમાં છેક તળિયે રાખેલી એ વસ્તુઓ શોધવામાં એનું ધ્યાન સહેજ રોકાયું. દરમિયાન લાંબા સમયથી સ્નાયુઓને તંગ રાખી ચુસ્ત બનાવેલી પગની આંટીની પકડ થાકને કારણે ઢીલી પડી. એક પળ એવી જોખમી બની ગઈ કે એ પોતે જ ધબાકા સાથે પાણીમાં પડી ગયો હોત. તેની સાથે એના આ તરણોપાય જેવા મિશનનો પણ અંત આવી ગયો હોત. અત્યાર સુધી કરેલી મહેનત અને ઉઠાવેલ જોખમ બધું જ ખાડીનાં ખારાં પાણીમાં ડૂબી ગયાં હોત.

એવી અતિ નાજુક પળે એનામાં રહેલી પ્રકૃતિદત્ત આંતરપ્રેરણા કામ કરી ગઈ. એકદમ એ સાવધ બની ગયો. જાતને તરત જ સંભાળી લીધી. એ તો બચી ગયો, પરંતુ ભારેખમ છરો નાનકડા અવાજ સાથે પાણીમાં ગરકાવ થઈ ગયો.

આવી નીરવ શાંતિમાં એટલો અવાજ પણ ચોકીદારનું ધ્યાન ખેંચવા માટે પૂરતો હતો. એના ગીતનો અવાજ બંધ થઈ ગયો. તૂતક ઉપર ચાલતા પાછળના ભાગ તરફ આવેલ હોય તેમ લાગ્યું. બંને બાજુના પડખા તરફ જઈ કઠેરા ઉપર વાંકા વળીને જોવા લાગ્યો. આવા અંધારામાં સ્પષ્ટ રીતે જોઈ શકાય એમ તો હતું જ નહીં, છતાં થોડા સમય માટે ત્યાં સન્નાટો છવાયેલો રહ્યો. એનો પગરવ પાછળના ભાગમાં આવતો હોય તેમ

લાગ્યું. સચેત બનીને વાકુઝ સુકાનના ઊભા દંડા સાથે બરાબરનો ચીપકી ગયો. જીવન અને મોત વચ્ચે ઝાઝું અંતર બાકી રહ્યું ન હતું. પગ થાકેલા હોવા છતાં ઉપરના ભયને કારણે વધુ પ્રયાસ કરીને પણ ચુસ્ત રાખ્યા.

સબસલામત જણાતાં ચોકીદાર પાછી પોતાની અસલ બેઠકે જઈ બેસી ગયો અને પેલું ગીત લલકારવા લાગ્યો. વાકુઝને હાશ થઈ. સલામતીની ખાતરી થતાં થેલીમાંથી ચકમકનો પથ્થર તથા તેના ઉપર ઘસવા લોખંડની પટ્ટી કાઢી. પથ્થર ઉપર ઘસીને તણખા પાડ્યા. દારૂ લગાવેલી વાટને તણખા અડી ગયા. તડતડ અવાજ સાથે તરત જ વાટ સળગવા લાગી. એ સાથે જ વાકુઝે ઝડપ કરી. ચુપકીદીથી નીચે પાણીમાં સરકી પડ્યો. લાંબી ડૂબકી લગાવીને કાંઠાની નજીક પહોંચી ગયો.

અહીં બખોલમાં સંતાયેલો ડેવીસ અકળાતો હતો. એ સેકંડ અને મિનિટી ગણતો હતો. કલાક ઉપરાંતનો સમય થઈ જવા છતાં વાકુઝ દેખાયો નહીં. ચિંતાતુર બની ગયો. આ રીતે બખોલમાં પુરાઈ રહેવામાં તેનું મન અકળામણ અનુભવતું હતું. અડધો ઢાંકેલો પથ્થર ખસેડીને તે બહાર આવ્યો. વાકુઝ તેના મિશનમાં સફળ થયો કે નહીં, તે તો ધડાકો થશે ત્યારે ખબર પડવાની હતી. વહાણ ઉપર કોઈ કોલાહલ મચ્યો ન હતો. તે ઉપરથી તેને ધરપત થઈ કે વાકુઝ હજી સલામત હતો.

બરાબર એ જ સમયે વહાણના પાછળના ભાગમાં એક જબરજસ્ત ધડાકો થયો. આજુબાજુની ભેખડો અને દૂરના ડુંગરામાં એના પડઘા ઊઠ્યા. મધ્યરાત્રીની નીરવ શાંતિમાં ભારે કોલાહલ મચી ગયો. વહાણના તૂતક ઉપરથી દોડાદોડીના અવાજ આવવા લાગ્યા. સૌ રઘવાયા થઈ ગયા. શું થયું તે શોધવા તૂતક ઉપર આમથી તેમ ફાંફાં મારવા લાગ્યા.

થોડી જ મિનિટોમાં કોઈ વ્યક્તિનો ઓળો પાણીમાંથી નીકળીને લાઇટહાઉસના ચોક તરફ દોડી ગયો. એનું શરીર ચીકણા કાદવવાળા પાણીથી નીગળતું હતું. એ વાકુઝ હતો. જામગીરી ચાંપીને પાણીમાં સરકી પડ્યો હતો. લાંબી ડુબકી મારી ઝડપથી કાંઠે આવીને મુઠ્ઠીઓ વાળીને લાઇટહાઉસની દિશામાં એણે દોટ મૂકી. એ સાથે જ એના પરાક્રમની સફળતા સમો ધડાકો સંભળાયો. ડેવીસ બખોલ પાસે જ બહાર નીકળીને ઊભો હતો. ઝડપથી તેનો હાથ પકડીને વાકુઝ બખોલમાં ખેંચી ગયો. મારો, મારોના અવાજ નજીક આવે તે પહેલાં જ બખોલના મુખને તેમણે પથ્થરથી બંધ કરી દીધું.

વહાણ ઉપરથી માણસો આ તરફ ધસમસતા આવતા હોય તેવા ભારે પગના ધબકારા બખોલ સુધી અનુભવાયા. એમના હોકારા - પડકારા પણ અહીં નજીક સુધી આવી ગયા હતા.

'દોડો ! દોડો ! એ તરફ જ ગયો લાગે છે.'

‘એ જ દિશામાં એને દોડી જતો મેં જોયો છે.’

‘એકલો જ જણાય છે. ઝડપ કરો.’

‘બહુ દૂર નહી ગયો હોય. હમણાં જ પકડાયો સમજો.’

‘શેતાનની ઓલાદ ! એને પકડીને આપણે છૂંદી જ નાંખીશું.’

લાઇટહાઉસના ચોકનાં પગથિયાં નજીકની બખોલમાં આ બંને સુરક્ષિત હતા. એમની શોધમાં માણસો આગળ નીકળી ગયા. અવાજો આવતા હવે બંધ થયા.

‘તમારું જ પરાક્રમ લાગે છે.’ ડેવીસે પૂછ્યું.

‘એમ જ હોય ને. એ સિવાય છૂટકો પણ ક્યાં હતો?’

‘તમને લાગે છે કે ધડાકાનું ધાર્યું પરિણામ આવશે?’

‘હું એમ માનું છું.’

મળસકા બાદના સમયમાં વહાણની દિશામાંથી મોટા ઘણા ઝીકાતા હોય તેવા અવાજ આવવા લાગ્યા. નુકસાન ખરેખર ગંભીર પ્રકારનું હોય એવી આ બે જણને ખાતરી થઈ. વાકુઝના પરાક્રમની સફળતાથી ડેવીસ ઉત્સાહિત થઈ ગયો.

‘હું તો ભગવાનને પ્રાર્થના કરું છું કે નુકસાન એટલું ગંભીર પ્રકારનું હોય કે આ લોકોએ એમાં સમારકામ માટે અહીં એકાદ માસ કાઢવો પડે.’

‘એ લોકો એટલો લાંબો સમય અહીં રહેવાના હોય તો આપણે પણ આ બખોલમાં જ ભરાઈ રહેવું પડે તેનો તો ખ્યાલ છે ને? ભૂખે અને તરસે આ બખોલમાં જ બફાઈ મરીશું.’

વાકુઝે વાસ્તવિક સ્થિતિનું શબ્દચિત્ર દોર્યું.

એ જ વખતે એમની બખોલ ઉપર મૂકેલા પથ્થર ઉપર કોઈનાં પગલાં પડતાં સંભળાયાં. ડેવીસનો હાથ દબાવી શાંત રહેવાની વાકુઝે સૂચના આપી. પડછાયાની જેમ દેખાઈને અદૃશ્ય બનેલા આ ભાંગફોડિયાને તેઓ ઝનૂનથી શોધતા હતા. બીજી બાજુ શાંતા-ફીના આગમનની ઘડીઓ ગણાઈ રહી હતી. એ કારણે આ પડછાયાને પકડવા સમય વેડફવાનું તેઓને પરવડે તેમ ન હતું. બપોર સુધી આ શોધ જોરશોરથી ચાલી, પરંતુ ત્યારબાદ એમાં મંદી આવી ગઈ.

બપોર બાદ ત્રણ-ચાર માણસો આ બખોલ તરફ આવતા હોય તેમ લાગ્યું. એમની વચ્ચેની વાતચીત સ્પષ્ટપણે સંભળાતી હતી.

‘લાગે છે કે આ ભાંગફોડિયો ઘણે દૂર ભાગી ગયો છે.

એને શોધવાનું હવે શક્ય બને તેમ લાગતું નથી.’

આ વાત કરનારાઓમાંનો એક માણસ તો બખોલ ઉપર ઢંકાયેલા પથ્થર ઉપર જ બેઠો હતો.

‘રહી રહીને હવે એનો પીછો કરવામાં મને તો સમયની બરબાદી જ લાગે છે. આપણને એ માટે ધકેલ્યા છે, પરંતુ આપણા બીજા સાથીઓ તો વહાણ ઉપર પહોંચી પણ ગયા છે.’

‘આ માણસ સાવ ઘનચક્કર લાગે છે. એ તો આપણા વહાણનું સુકાન જ ઉડાવી દેવા આવ્યો હતો. આપણું સદ્‌નસીબ કે એમાં એ સફળ થયો નહીં. સુકાન વગર વહાણ આગળ ચલાવી શકાય જ નહીં. એના વિનાના વહાણની તો કલ્પના પણ થઈ શકે નહીં. આખું સુકાન તૂટવાને બદલે સુરંગથી માત્ર એના પાછળના ભાગમાં જ થોડું નુકસાન થયું. સુકાનને જોડનાર પટ્ટીનો એક બોલ્ટ તૂટી ગયો. લાકડાનો થોડો ભાગ પણ બળી ગયો હતો, પરંતુ તે તો આજ સાંજ સુધીમાં દુરસ્ત થઈ જશે. સાંજની ભરતીનાં પાણી આવે તે પહેલાં અહીંથી નીકળવાનું રહેશે.’

‘હા, ભાઈ. ફરી એક વાર હઈસો રે ભાઈ હઈસોનું સમૂહગાન કરવાનું રહેશે. હવે પેલા ભાંગફોડિયાને વધુ ભાંગફોડની તક મળવાની નથી. એક વાર આ ખાડીની બહાર નીકળ્યા પછી તો એમણે ભૂખે મરવાનું જ છે. આપણા હાથે નહીં મરે તો ભૂખે મરશે.’

‘બસ હવે ! મિ. લોપાઝ.’ કરડાકીભર્યા એક સત્તાવાહી અવાજને કારણે પરપીડનની ચર્ચામાં ભંગ પડ્યો. ‘આવી ફાલતુ વાતોનો કોઈ અર્થ છે? ચાલો ! વહાણમાં પહોંચી જાઓ.’

‘બરાબર છે, આપણે પણ ત્યાં સવેળા પહોંચી જઈએ…’ બાકીના ત્રણ જણે સૂર પુરાવ્યો.

ચારે જણે વહાણ તરફ ચાલતી પકડી. એમની વાતો સાંભળી વાકુઝ અને ડેવીસને સંતોષ થયો. છેલ્લે છેલ્લે બતાવેલી હિંમતનું ધાર્યું પરિણામ આવ્યું હતું. વાકુઝ ભાવવિભોર બની ડેવીસને ભેટી પડ્યો. નાવિક તરીકેની કઠિન જિંદગીના અનુભવો પણ કઠોર જ હોવાના. પરંતુ એમાં પણ આવી કોઈ સુખદ પળ આવી જાય, ત્યારે એને જીરવવાનું કામ મુશ્કેલ હોય છે. એણે મગજ ચલાવ્યું. ઉપાય શોધ્યો. હિંમત કરી અને જોખમ ખેડ્યું. પરિણામે આ ચાંચિયાઓને વધુ બાર કલાક માટે સ્થગિત થવું પડ્યું. પળપળ માટેની આવી કટોકટી ચાલતી હોય, ત્યારે બાર કલાકના વિલંબનું પણ ઘણું મોટું મહત્ત્વ હોવાનું.

બંને હજી પણ અસમંજસ સ્થિતિમાં હતા. ચાંચિયાઓની વિદાયમાં બાર કલાકનો વિલંબ થયો, એથી થોડી આશા જાગ્રત જરૂર થઈ, પરંતુ શાંતા-ફી ક્યારે આવે એનો એમને ખ્યાલ આવતો ન હતો. સાંજે આ લોકો અહીંથી ઊપડી જાય, ત્યાર બાદ તેનું આગમન થાય તો શું? અત્યાર સુધીની બધી મહેનત ધૂળમાં મળે તેમ હતું. હવે એમની પાસે કોઈ પણ ઉપાય બચ્યો જણાતો ન હતો. એમની પ્રાર્થના ફળે અને ઈશ્વરી કૃપા થાય તો જ કાંઈક થઈ શકે.

કાંઠે ઊભેલા વહાણમાંથી હજી પણ હથોડા તથા અન્ય ઓજારોના અવાજ આવતા હતા. એ કામ તાકીદે પૂરું કરવા કૉંગ્રે હવે મરણિયો બની ગયો હતો. 'હમણાં નહી તો કદી પણ નહીં'નો એને બરાબર ખ્યાલ હતો.

સાંજે પાંચ વાગ્યા. ઓજારોના અવાજો આવતા બંધ થયા. આ બંનેના મનમાં ધ્રાસકો પડ્યો. સમારકામ પૂરું થઈ ગયું હશે, તો કૉંગ્રે કંપની હવે ગમે તે પળે ભાગવાની પેરવી કરવાની હતી. જ્યારે બીજી બાજુ શાંતા-ફીના આગમનના કોઈ અણસાર જણાતા ન હતા.

થોડા જ સમયમાં લંગર ઉપર ખેંચવાની શરૂઆત થઈ ગઈ. દોરડું વીટવાનો ચાકડો ફરવા લાગ્યો. એનો કિચૂડ કિચૂડ અવાજ આવવા લાગ્યો. ભારવું દોરડું થોડું વીટાતાં તંગ બની ગયું. દોરડું પસાર થવા માટેના છિદ્રમાં તાંબાનું પતરું જડેલું હોય છે. તેની સાથે દોરડું ઘસાવા લાગ્યું. દોરડાનો છેવટનો ભાગ અને સાથે લંગર હજી પણ પાણીમાં જ હતાં. માણસોની છેલ્લી જોરદાર ખેંચ અને લંગર ઉપર ખેંચાઈ આવે તેમ હતું. ઉપર ખેંચાઈ આવેલું લંગર આગલા પડખાના છિદ્ર નજીક લટકતું થાય તેટલી જ વાર હતી. તેના કક્ષમાં વ્યવસ્થિત રીતે ગોઠવતી વખતે કૅપ્ટન કે તેના સમકક્ષ અધિકારીની હાજરી જરૂરી હોય છે. પરંતુ અહી કૉંગ્રે તથા કાર્સેન્ટી બંને જણ હજી કાંઠા ઉપર ઊભા હતા.

વાકુઝથી આવી સ્થગિત સ્થિતિ સહન થતી ન હતી. એ આકળો થઈ ગયો હતો. પથ્થર હટાવી બહાર નીકળી આવ્યો. પરંતુ કાંઠે ઊભેલા કૉંગ્રે-કાર્સેન્ટીને જોઈને તરત જ પાછો બખોલમાં ભરાઈ ગયો. છેલ્લી ઘડીએ પકડાઈ જવાનું પરવડે તેમ ન હતું. કૉંગ્રે અને કાર્સેન્ટી બંને વાતો કરતા લાઇટહાઉસ તરફ આવતા જણાયા. લાઇટહાઉસને અલવિદા કહેવા જ આવ્યા હોય તેમ લાગ્યું. અહીંથી નીકળતાં પહેલા છેલ્લી વાર લાઇટહાઉસ ઉપર ચડીને ચારે તરફ નજર ફેરવી લેવાની કાર્સેન્ટીએ ઇચ્છા બતાવી. સાવચેતી રાખવાનું જણાવી કૉંગ્રે કાંઠા તરફ ચાલ્યો. ઝડપથી પગથિયાં ચડીને કાર્સેન્ટી દર્શન- ગૅલેરીમાં પહોંચી ગયો. ત્યાંથી એ નીચે ઊતરે ત્યાર પછી પણ એમણે ભરતી પૂરી થઈ ઓટ શરૂ થાય ત્યાં સુધી વાટ જોવી પડે તેમ હતું.

સાંજનો સૂર્ય પશ્ચિમના ડુંગરાની હારમાળા પાછળ આથમવાની તૈયારીમાં હતો. ઉનાળાની એ સાંજ હતી. સંધ્યાનો રક્તરંગી પ્રકાશ ત્યારબાદ પણ મોડે સુધી રહેવાનો હતો. પવન પડી ગયો હતો. રાત્રી દરમિયાન હવામાન સ્વચ્છ રહેશે એમ લાગતું હતું.

દર્શનગૅલેરીમાં ફરતે ફરીને કાર્સેન્ટીએ ચારે દિશાઓમાં જોવા માંડ્યું. છેવટે એની નજર દૂર ઉત્તરપૂર્વની ક્ષિતિજ ઉપર સ્થિર થઈ. વાકુઝ અને ડેવીસ પણ પથ્થર થોડો ખસેડીને ઉપર જોવા લાગ્યા. દૂરદૂર નજર ફેલાવીને જોઈ રહેલા કાર્સેન્ટી માટે સાવ નજીકમાં લાઇટહાઉસના પાયામાં નજર ઠેરવવાનું શક્ય પણ ન હતું.

એકાએક કાર્સેન્ટીના હૃદયમાં ફડાકો બોલ્યો. ખાડી કાંઠે ઊભેલો કૉંગ્રે દર્શનગૅલેરીમાં સ્થિર બનીને ઊભેલા કાર્સેન્ટીને કુતૂહલથી જોઈ રહ્યો. એ જ વખતે કાર્સેન્ટીના મોંમાંથી એકાએક ચિચિયારી નીકળી ગઈ.

સૌ સાંભળે તેટલા મોટા અવાજે તે બરાડી ઊઠ્યો :

‘પુરવઠા જહાજ ! શાંતા-ફી જહાજ આપણી સામે જ આવતું દેખાય છે.’



મોતનો પેગામ

'સાવધાન ! પુરવઠા જહાજ આ તરફ આવી રહ્યું છે !' દર્શનગૅલેરીમાંથી મોટા અવાજે કાર્સેન્ટી બરાડી ઊઠ્યો. નીચે ઊભેલા સૌ ચાંચિયાઓ માટે આ શબ્દો વજ્રપાત જેવા જ બની રહ્યા. આ શબ્દો જાણે મોતનો પેગામ લઈને આવતા હોય તેવો ગભરાટ સૌમાં પ્રસરી ગયો. પુરવઠા જહાજ શાંતા-ફી આ ગુનેગારો માટે ન્યાયની અદાલત બનીને આવતું હતું. સૌને માથે મોતની સજાની તલવાર લટકતી હોય તેમ સૌ રઘવાયા બની ગયા.

કૉંગ્રેની માન્યતા પ્રમાણે શાંતા-ફીના આવવાને હજી થોડા દિવસની વાર હતી. કાર્સેન્ટીનો પોકાર સાંભળીને એને આશ્ચર્ય થયું. એને લાગ્યું કે વહાણને ઓળખવામાં કાર્સેન્ટીની કાંઈ ભૂલ થતી હોવી જોઈએ. બની શકે કે કોઈ વેપારી જહાજ અહીં એલ્ગર-બેમાં દાખલ થઈ લમાયર ખાડીમાં જવા નીકળ્યું હોય.

જાતે ખાતરી કરવા તે લાઇટહાઉસ તરફ દોડ્યો. ઝડપથી પગથિયાં ચડીને દર્શનગૅલેરીમાં પહોંચી ગયો, કાર્સેન્ટી દૂરબીન લગાવીને આવી રહેલા જહાજ તરફ આંખો સ્થિર કરી રહ્યો હતો.

'ક્યાં છે પુરવઠા જહાજ? કઈ બાજુએ છે, જોઉં.'

'ઉત્તરપૂર્વના સામે આવેલા ખૂણામાં દેખાય છે.'

કાર્સેન્ટીએ લાંબો હાથ કરીને એ દિશામાં આંગળી ચીંધી.

'કેટલું દૂર હશે?'

'દસેક માઈલ જેટલું.'

'એનો અર્થ એ કે અંધારું શરૂ થાય તે પહેલાં એ જહાજ આ તરફ આવશે નહીં.'

'એમ જ લાગે છે.' કોઈ પણ ભાવ વિના કાર્સેન્ટીએ જવાબ આપ્યો. એના હાથમાંથી દૂરબીન લઈ કૉંગ્રેએ તેમાં આંખો ઠેરવી.

આવી નાજુક ઘડીએ બોલવા માટે કોઈને પણ શબ્દો સૂઝે તેમ ન હતા. કૉંગ્રે ધ્યાનથી જોઈ રહ્યો. આવનારું જહાજ સ્ટીમર હતી, તેમાં તો કોઈ શંકા ન હતી. એની ચીમનીમાંથી ધુમાડાના ગોટે ગોટા નીકળતા હતા. હવા સ્થિર હોવાને કારણે હવામાં વિખેરાઈ જવાને બદલે ઊંચે ને ઊંચે ચડતા દેખાતા હતા. લાઇટહાઉસના બાંધકામ

દરમ્યાન એ સૌએ પુરવઠા જહાજને અનેક વાર જોયું હતું. આવી રહેલું જહાજ એ પુરવઠા જહાજ જ હતું એની હવે કૉંગ્રેને ખાતરી થઈ ગઈ.

'અત્યારે તો એ સીધું આપણા તરફ જ આવે છે.'

'સાચી વાત છે.' 'કૉંગ્રેએ હવે મોં ખોલ્યું. એ પુરવઠા જહાજ જ છે, એમાં હવે શંકા કરવાને કોઈ જ કારણ નથી.'

'આ કેવી કમનસીબી કહેવાય ! અત્યાર સુધી આપણું પ્રારબ્ધ જોર કરતું હતું. બધું જ આપણને અનુકૂળ આવે તેમ બનતું હતું, પરંતુ હવે એકદમ સ્થિતિ બદલાઈ ગઈ છે. નખ્ખોદ જજો પેલા નાલાયકોનું ! એમને કારણે જ આપણા વહાણમાં બબ્બે વાર ભાંગફોડ થઈ. અને આજે આપણે આ સ્થિતિમાં ફસાઈ ગયા છીએ. એમના કારણે વિલંબ થયો ન હોત, તો અત્યારે આપણે પ્રશાંત મહાસાગરમાં ક્યાંના ક્યાં પહોંચી ગયા હોત.'

'હવે અફસોસ કરવાનો અર્થ નથી. આપણે ઝડપથી કોઈ નિર્ણય લેવો પડશે.'

'નિર્ણય? કેવો નિર્ણય? શું કરવાનું બાકી રહ્યું છે હજી?'

'લંગર ઉઠાવી દરિયામાં નીકળવાનો.'

'ક્યારે?'

'અત્યારે જ. એકદમ ઝડપ કરવી પડશે.'

'એ કેવી રીતે બની શકે? આપણે અહીંથી બહાર નીકળીએ, તે જ વખતે એ લોકો અંદર આપણી નજીક આવી ગયા હશે.'

'એ ખરું છે, પરંતુ એ લોકો અંદર આવશે નહીં. તેમણે તો લાઇટહાઉસનો દીવો જોવાની અપેક્ષા રાખી હશે. તેની ગેરહાજરીમાં તેઓ અંદર આવવાનું જોખમ લેશે નહીં.'

આ બાજુએ વાકુઝ અને ડેવીસ પણ એમ જ વિચારતા હતા. શાંતા-ફી આવી ગયું હોવાના સમાચાર તો તેમણે સાંભળ્યા જ હતા, પરંતુ અહીં દીવાની ગેરહાજરીમાં તેઓ એકદમ નજીક નહીં જ આવે. વળી આ ચાંચિયાઓ જ્યાં સુધી અહીં લાઇટહાઉસમાં હશે, ત્યાં સુધી એઓ પોતે પણ એમની આ છૂપી બખોલમાંથી બહાર આવી શકે તેમ ન હતું.

સૂરજ હવે આથમવાની તૈયારીમાં હતો. લાઇટહાઉસનો દીવો સળગાવવાનો આ જ તો યોગ્ય સમય હતો. જહાજના કૅપ્ટનને અહીંની સ્થિતિનો તો ખ્યાલ હોય જ નહીં. લાઇટહાઉસની ટોચે દીવો નહીં જોતાં એમને વિમાસણ તો જરૂર થવાની. સાંજના ઝાંખા પ્રકાશમાં એમણે લાઇટહાઉસને તો જરૂર જોઈ હશે. અંધારું થયા પછી પણ એને આધારે એ લોકો સીધી લીટીમાં આ તરફ જરૂરથી આવી શકશે, પરંતુ એ વખતે

દેખાવો જોઈતો દીવો નજરે ન પડે, તો તેઓ છેક નજીક આવી લંગર નાંખવાને બદલે થોડા દૂર જ રહેવાનું પસંદ કરે એવું બની શકે. બીજા દિવસે સવારે જ તેઓ આવવાનું વિચારશે.

શાંતા-ફી અગાઉ પણ અહી એલ્ગર-બેમાં આવ્યું હતું, પરંતુ દરેક વખતે તે દિવસ દરમ્યાન જ આવ્યું હતું. લાઇટહાઉસના માર્ગદર્શનની ખરી જરૂર તો રાત્રે જ હોવાની. વળી ત્રણ માસ દરમ્યાન અહી જે ભયંકર ઘટના બની ગઈ, તેની તો કૅપ્ટનને કલ્પના પણ નહી હોય. એની ખબર આપી શકાય તો રાત્રે પણ જોખમ લઈને તેઓ આવી શકે. પરંતુ હવે? ચાંચિયાઓ છેલ્લી ઘડીએ હાથતાળી દઈને ભાગી શકે એવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

વળી પાછા બંને હતાશામાં ડૂબી ગયા. અઢી માસથી તેઓ જે સંઘર્ષ કરતા આવ્યા હતા, તે વિફળ જવાની સ્થિતિ ઉપર તે આવી ગયો. અહીની ખતરનાક ઘટનાઓથી સાવ અજાણ હોવાને કારણે કૅપ્ટન અંધારામાં અહી આવવાનું જોખમ નહી જ લે તેની વાકુઝને ખાતરી હતી. તોફાની સાગરનો આ બંનેને બરાબરનો અનુભવ હતો. આ ઘડીએ આશ્વાસન એક જ બાબતનું હતું, કે હવા સ્થિર હતી. એવા હવામાનમાં કોઈ વહાણ ખરાબે ચડીને નષ્ટ થવાની શક્યતા નહીવત જ હોય છે.

'આપણે અહીથી નીકળીને કાંઠે કાંઠે થોડે દૂર જઈએ તો કેમ? ભેખડ ઉપર લાકડાં સળગાવીને શાંતા-ફી જહાજને ખબર આપી શકીએ તો એમને થોડો પણ ખ્યાલ આવી શકે.' વાકુઝે મગજ ચલાવ્યું, 'ના ભાઈ ના ! એમાં તો ઘણું મોડું થઈ જાય. શાંતા-ફી અંદર આવે અને આપણે ત્યાં પહોંચી લાકડાં સળગાવી શકીએ તેમાં ઘણો જ સમય નીકળે તેમ છે. એ દરમ્યાનમાં ચાંચિયાઓ તો અહીથી નીકળી પણ જાય.'

'તો શું કરીશું? માથે હાથ દઈને અહી જ બેસી રહીશું?'

'થોડી રાહ જોઈએ હમણાં તો ! આ લોકો આવી તાકીદની સ્થિતિમાં શું કરે છે, તે જોતા રહીએ.'

છ વાગી ગયા. ટાપુ ઉપર હવે અંધારાનું આવરણ પથરાવાની શરૂઆત થઈ ગઈ. બંને પક્ષે જે કાંઈ કરવાનું હોય તે માટે તાકીદનો સમય થઈ ગયો હતો.

કૉંગ્રે અને કાર્સેન્ટીને હવે એક પળ પણ ગુમાવવી પરવડે તેમ ન હતી. ગમે તેટલું જોખમ ઉઠાવીને પણ એકદમ અહીથી લંગર ઉઠાવીને જવાનું એમણે નક્કી જ કરી દીધું. એમને માટે અત્યારે બધી જ પ્રતિકૂળતાઓ હતી. પવન સાવ મંદ હતો. ભરતી-ઓટની સ્થિતિ પણ અનુકૂળ બનતાં ઘણા કલાકો નીકળે તેમ હતું. ઓટનો લાભ લેવા માટે મધરાત સુધી રાહ જોવામાં પકડાઈ જવાનું પૂરેપૂરું જોખમ હતું.

રાત્રીના સમય દરમ્યાન લાઇટહાઉસનો દીવો સળગ્યો ન હતો. તે કારણે શાંતા-ફીનો કૅપ્ટન શંકાશીલ તો બનવાનો જ. તેમાં આ લોકોનો ભયંકર દેખાવ જોઈને એમના તરફથી જ કાંઈ ગરબડ થઈ હોવાનું તે અનુમાન કરશે એવી આ લોકોને ખાતરી હતી. એવી સ્થિતિમાં પકડાયા તો પૂરી તપાસ કર્યા વિના કૅપ્ટન એમને છટકવા દેશે નહીં.

અન્ય એક પ્રકારની ચિંતા પણ કૉંગ્રેને હતી. પુરવઠા જહાજને એમણે જે રીતે જોયું તે જ રીતે છૂપા દુશ્મનોએ પણ તેને જોયું હશે. હાલ તરત ખરું ડરવાનું તો આ પડછાયારૂપ બનેલા દુશ્મનોથી હતું. બે વાર તેણે વહાણમાં ભાંગફોડ કરી હતી. એમને કારણે જ 'કાર્સેન્ટી' જહાજે ચાર દિવસ વધુ રોકાવું પડ્યું હતું. લાઇટહાઉસમાંના પેલા ત્રીજા માણસે જ આ ભાંગફોડ કરી હતી. એ જ માણસ પુરવઠા જહાજના કૅપ્ટનને પણ અહીં લાઇટહાઉસમાં જે બન્યું તે જણાવ્યા વિના ન જ રહે. એ જાણ્યા પછી આ કૅપ્ટન શું કરશે તે સહેજે સમજી શકાય તેમ હતું. ચાંચિયાઓને એની જ બીક હતી.

આ બધાં પાસાંનો વિચાર કરીને જ કૉંગ્રેએ અહીંથી તાત્કાલિક લંગર ઉઠાવવાનો નિર્ણય લીધો હતો. પવન મંદ હતો. છતાં પ્રતિકૂળ ન હતો. અંધારું હોવાથી શાંતા-ફીના માણસોની નજરે ચડ્યા વિના જ ચુપકીદીથી છટકી જવાનો મોકો હતો. લાઇટહાઉસનો દીવો તો બંધ જ હતો. શાંતા-ફીને એ તરફથી કોઈ માર્ગદર્શન મળવાની શક્યતા ન હતી. સવાર સુધી તો એ સ્થગિત દશામાં જ રહેવાનું હતું. સવારે તે લાઇટહાઉસની નજીક આવે તે દરમ્યાન 'કાર્સેન્ટી' તો ક્યાંનું ક્યાં પહોંચી ગયું હશે. અનુકૂળ ઓટનો લાભ લેવા જવામાં સવાર પડી જાય તેમ હતું, જે એમને માટે કાળો દિવસ પુરવાર થાય તેમ હતું. તાત્કાલિક જ અહીંથી ઉપડવાનો એકમાત્ર વિકલ્પ એમની પાસે બાકી હતો. કૉંગ્રેએ એ મુજબનો આદેશ આપી પણ દીધો.

આ તરફ વાકુઝ-ડેવીસની જોડીનું પણ એ જ અનુમાન હતું. ચાંચિયાઓ સવારના ઓટના સમયની અનુકૂળતા સુધી વાટ જોવાનું જોખમ ન જ લે એવી એમને ખાતરી હતી. એ લોકો અત્યારે જ હંકારી જાય તો શું? લાઇટહાઉસનો દીવો બંધ હોવાથી એમનું શાંતા-ફી જહાજ તો નજીક આવે તેમ નથી. તો આ ચાંચિયાઓને આટલી રાત રોકવા માટે એમની પાસે શું ઉપાય હતો? એમની પાસે મર્યાદિત સમય અને સાધનો હોવા છતાં બે વાર તેઓ ચાંચિયાઓને રોકી શક્યા હતા. હવે તો માત્ર થોડા કલાકોનો જ ખેલ બાકી હતો, છતાં એમની પાસે કોઈ ઉપાય બાકી રહ્યો ન હતો. હતાશ થવાનો હવે એમનો વારો હતો. કૉંગ્રેનું પ્રારબ્ધ જોર કરતું હોય તો તેને માટે હજી થોડી તક હતી.

કૉંગ્રે હવે પૂરેપૂરું અંધારું પસંદ કરે તેમ હતો. સાડા સાત વાગ્યાનો સમય એને અનુકૂળ આવે તેમ હતો. રાતના અંધારામાં શાંતા-ફીની નજરે ચડ્યા વિના ચુપકીદીથી તેઓ ખાડી બહાર સરકી જઈ શકે તેમ હતું. તમામ માણસોને એણે વહાણ ઉપર બોલાવી

લીધા. મછવાને ઉપર ચડાવી દીધો. બધા જ સઢ ખુલ્લા કરાવી દીધા. સૌ મૂંગા મૂંગા કામે વળગ્યા હતા. કૉંગ્રેના હુકમો સિવાય ત્યાં કોઈ જ બોલતું ન હતું. સૌને ચિંતા હતી. જીવન અને મરણ વચ્ચેની ભેદરેખા એમને માટે ધૂંધળી બની ગઈ હતી.

લંગર ઉઠાવવાનો આદેશ આપ્યો. તરત જ એના દોરડાનો ચાકડો ઊંધો ફરવા લાગ્યો. અંદરના ચક્ર ઉપરની નાની ઠેસી કે વાંદરો નીચેના દાંતા ઉપર પડતો, ત્યારે ટક અવાજ થવા લાગ્યો. એટલી શાંતિ હતી કે ઠેસી પડવાનો અવાજ પણ વાકુઝ તથા ડેવીસ સાંભળી શકતા હતા. એમની ચિંતા પણ દરેક ટક અવાજ સાથે વધતી હતી.

લંગર પણ બહાર ખેંચાઈ આવ્યું. એના કક્ષ પાસે પાણી નીગળતું લટકી રહ્યું. સૌના મનમાં એક જ અપેક્ષા હતી. ખુદા ખેર કરે અને હવે આ મુસાફરી નિર્વિઘ્ને ચાલે. જેમાં લંગરને ફરીથી પાણીમાં ઉતારવાની જરૂર જ ન પડે. લંગરને ઉપર ખેંચીને તેના કક્ષમાં વ્યવસ્થિત બાંધી દેવામાં આવ્યું.

'કાર્સેન્ટી' વહાણ હવે લંગરના બંધનમાંથી મુક્ત હતું. ઉપરના બધા જ સઢ ખુલ્લા મુકાયેલા જ હતા, પરંતુ પવન પડી ગયો હતો. સાવ ધીમી ગતિથી એનું પ્રયાણ શરૂ થયું. કૉંગ્રેની માન્યતા હતી કે એટલી ધીમી ગતિ પણ જો એકધારી ચાલુ રહે તો મધરાત પહેલાં ખાડીની બહાર નીકળી જઈ શકાશે. ત્યારબાદના ખુલ્લા સમુદ્રમાં તો પવનનું જોર વધારે જ રહેવાનું હતું.

આશા પછી નિરાશા અને ત્યારબાદ ફરી આશાનાં ઝોલાં આવ્યાં કરતાં હતાં. હવે નિરાશા તરફનો ઝોલો આવ્યો. પવન સાવ પડી ગયો. ખુલ્લા સઢમાં હવા ભરાતી જ ન હતી. ઓટનાં પાણી સંપૂર્ણપણે ઊતરી ગયાં હતાં. વહાણ આગળ ધકેલાતું જ ન હતું. કૉંગ્રેને ભય હતો કે થોડા સમય બાદ ચડનારી ભરતીના પાણી સાથે એ કદાચ પાછું ધકેલાઈ જાય. અપેક્ષા છતાં લાગ્યું કે ખાડીમાંથી ધાર્યા પ્રમાણે નીકળી શકાય તેમ ન હતું.

કૉંગ્રેને એક બાબતની રાહત હતી. શાંતા-ફી જહાજ પણ તેનાં પોતાનાં કારણોસર સ્થગિત થઈ ગયું હતું અને સવાર સુધી એ ત્યાં જ ખોડાઈ રહે તેમ હતું. એવી રાહત જોકે અલ્પજીવી જ રહી. એનું પોતાનું વહાણ એ જ સ્થળે સ્થિર રહેવાને બદલે હળવાં મોજાંના હલકારે ખડકોથી ભરેલા કાંઠા તરફ ધકેલાવા લાગ્યું. વહાણને કાંઠાથી દૂર રાખવા એણે આટાપાટાની રમત શરૂ કરી. પરંતુ પવન જ જ્યાં સાવ નબળો હોય, ત્યાં આવી યુક્તિ પણ કારગત નીવડે તેમ ન હતું.

સુકાનનું ચક્ર એના હાથમાં જ હતું. વારંવાર એ ચક્રને આમથી તેમ અને તેમથી આમ ઘુમાવતો હતો. એની કોઈ જ અસર જણાતી ન હતી. વહાણને કાંઠા તરફ ધકેલાતું અટકાવવાનું જરૂરી હતું. ચિંતાતુર કૉંગ્રેએ એ માટે છેલ્લો ઉપાય અજમાવ્યો. મછવાને ફરીથી પાણીમાં ઉતાર્યો. છ જેટલા પઠ્ઠાઓને તેમાં બેસાડ્યા. વહાણના આગલા

ભાગ સાથે તારનું દોરડું બાંધીને આ માણસોને આપવામાં આવ્યું. તેઓ મછવાને હલેસાંના જોરે ઊંડા પાણી તરફ લઈ ગયા અને દૂરથી વહાણને ખેંચવા માંડ્યું. ભારખેમ વહાણને એ રીતે ખેંચવાનું આસાન ન હતું. વધુ પડતું ખેંચાઈ જાય તો મછવો પોતે જ વહાણની નજીક આવી જાય તેમ હતું. આમ છતાં વહાણ પણ એક તરલ પદાર્થ હતો. આ રીતના ખેંચાણની થોડી અસર થઈ. ધીમે ધીમે તે ઊંડા પાણીમાં ખેંચાતું રહ્યું.

પરંતુ આટલી મહેનત પછી શું? આ રીતે કેટલો સમય સુધી ખેંચી શકાય? નાનાં મોજાંના હેલારા જેમ વહાણને લાગતા હતા તેમ મછવાને પણ લાગતા હતા. એ બંને જ કાંઠા તરફ ધકેલાતાં હતાં. વહાણને ઊંડા પાણીમાં સ્થિર રાખવા ફરીથી લંગર ઉતાર્યા વિના છૂટકો ન હતો.

આ બાજુ વાકુઝ અને ડેવીસ આ વહાણ લંગર ઉઠાવે તેની જ રાહ જોઈ રહ્યા હતા. જેવું લંગર ઊંચકાયું અને વહાણ બહાર ખસવાની શરૂઆત થઈ કે તરત બંને જણ બખોલની બહાર ચોકમાં આવી ગયા. લાઇટહાઉસના ચોકમાં હવે બંને સલામત હતા. દરિયા તરફ જઈને અંધારામાં એ તરફ જોવા લાગ્યા. એઓ બંને અનુભવી સાગરખેડુ હતા. પડી ગયેલા પવનની રૂખ જોઈને એમને સમજાઈ ગયું કે કુદરત હવે એમની તરફેણમાં હતી. આટલી ધીમી ગતિએ વહાણ બહુ બહુ તો બે માઈલ જેટલું જ આગળ જઈ શકે તેમ હતું. એમની ધારણા પ્રમાણે ત્યાં એ સ્થગિત થઈ ગયું હશે. હવે પછીની ઓટ સુધી કૉંગ્રેએ રાહ જોવી પડે તેમ હતું.

'થોડોક પણ પવન શરૂ થાય તો, મારા માનવા પ્રમાણે આ લોકો માટે હજી પણ ભાગવાની તક છે.' ડેવીસ બોલ્યો.

અચાનક વાકુઝના મનમાં ચમકારો થયો. એકદમ બોલી ઊઠ્યો, 'ના ના ! કદી નહીં. આ વહાણ હવે સપડાયું જ સમજો.' ડેવીસને કાંઈ સમજ ન પડી. કેવી રીતે? કેવી રીતે? એમ પૂછતો જ રહ્યો. જવાબ આપવાને બદલે વાકુઝે તેનો હાથ પકડીને ખેંચવા માંડ્યો.

'અહીં આવ ! અહીં આવ ' ડેવીસ કાંઈ વિચારે તે પહેલાં તો વાકુઝ તેને લાઇટહાઉસના ખુલ્લા પડેલા દરવાજાની અંદર ખેંચી ગયો.

ચાંચિયાઓની વિદાયને પગલે વાકુઝ તથા ડેવીસ સંપૂર્ણ રીતે સલામત અને હળવાફૂલ બની ગયા. એવી હળવાશમાં વાકુઝનું મગજ તેજ ગતિથી ગણતરી કરવામાં લાગી ગયું. શાંતા-ફી હજી પણ લાઇટહાઉસ તરફ આવી રહ્યું હશે. આ ભાગમાં કૅપ્ટન લફાયતે અનેક વાર સફર ખેડી હોવાથી લાઇટહાઉસના માર્ગદર્શન વિના પણ એની નજીક આવી શકે તેમ હતું. પવન પડી ગયો હોવાથી શાંતા-ફી ખરાબે ચડી જવાનો પણ ભય ન હતો. લાઇટહાઉસનો દીવો સમયસર સળગાવાયો ન હોવાથી કૅપ્ટનને આશ્ચર્ય

પણ થયું હશે. કાંઈક આશંકાથી કે ગમે તેમ, ઝડપથી આ તરફ ધસી આવવાને બદલે હળવી ગતિથી જ આવવાનું તે પસંદ કરશે એવી વાકુઝની ગણતરી હતી.

કૉંગ્રે પણ એવું જ વિચારતો હતો. શાંતા-ફીને હજી પણ તે ભુલાવામાં નાંખી શકશે એવો તેને વિશ્વાસ હતો. હવે તો તેણે ઓટ સુધી રાહ જોવી પડે તેમ હતું. ભરતીનાં ચડતાં પાણીમાં વહાણ એની અસલ જગ્યાએ પાછું ધકેલાઈ જાય એવી શક્યતા હતી, તેને અટકાવવું જરૂરી હતું. તે માટે તેણે ઊંડા પાણીમાં લંગર ઉતરાવ્યું હતું. કૉંગ્રે આશાવાદી હતો. સહેલાઈથી તે હાર સ્વીકારે તેમ ન હતો. એણે હવે ઓટ સુધી રાહ જોવાની હતી. ઓટનાં સાગરગામી પાણીમાં એ સડસડાટ એલ્ગર-બેના છેડાના પૉઇન્ટ સેવરલ સુધી પહોંચી જાય તેમ હતું. એ માટે તેને પવનની પણ જરૂર પડવાની ન હતી. શાંતા-ફીની હાલની સ્થિતિથી એ સ્થળ આઠેક માઈલ દૂર હતું. ત્યાંથી શરૂમાં દક્ષિણમાં જવાનું હતું. ત્યાર બાદ ત્યાંથી પશ્ચિમ તરફની વાટ પકડવામાં એને કાંઈ તકલીફ પડે તેમ ન હતી. ત્યાંના કિનારાની ઊંચી ખડકાળ ભેખડોના ખાંચાઓની આડશમાં આખેઆખું વહાણ સલામત રીતે છુપાઈ શકે તેમ હતું.

કૉંગ્રેની આવી ગણતરી આમ તો વાસ્તવિક હતી. એમાં એક જ ભય હતો. શાંતા-ફી જહાજ ઉત્તર છેડેના કેપ સાન-જુઆનને વટાવીને એલ્ગર-બેમાં પ્રવેશી શક્યું હતું. એના કૂવાથંભની ટોચે ઊભેલો માણસ જો એને જોઈ જાય તો મુશ્કેલી ઊભી થવાની શક્યતા હતી. એનો કૅપ્ટન પછી તો એને છટકવા ન જ દે. શાંતા-ફી જહાજમાં સઢ ઉપરાંત શક્તિશાળી એન્જિનો પણ ગોઠવાયેલાં હતાં. પવનની ગેરહાજરીમાં પણ તે પોતાની ગતિ જાળવી શકે તેમ હતું. સઢમાં ભરાતા પવનને આધારે જ ચાલતા 'કાર્સેન્ટી' વહાણને તે સરળતાથી પકડી શકે તેમ હતું.

રાતના નવ વાગ્યાનો સમય થયો. ભરતીનાં પાણી ચડવાની શરૂઆત થઈ. ચડતા પાણીના જોરદાર પ્રવાહમાં વહાણ પાછું અગાઉવાળા સ્થળે જ પહોંચી જાય તેવી શક્યતા હતી. તેવી સ્થિતિ ટાળવા કૉંગ્રેએ દીર્ઘદૃષ્ટિ વાપરી પહેલેથી જ પાણીમાં લંગર ઉતાર્યું હતું. ભરતી છ કલાકે એની મહત્તમ સપાટીએ પહોંચે, ત્યારબાદ એટલે કે રાત્રીના ત્રણ વાગ્યે ઓટ શરૂ થવાની હતી. ત્યાં સુધી કૉંગ્રેએ આ સ્થળે જ રાહ જોવી પડે તેમ હતું. પરંતુ ત્યાર પછી એક ક્ષણનો પણ વિલંબ એને પરવડે તેમ ન હતો. ઓટના વળતા પ્રવાહ સાથે ખેંચાઈ જવામાં વિલંબ ન થાય, તે માટે તમામ તૈયારીઓ પૂરી કરી લીધી. મછવાને પણ ઉપર ચડાવી દેવામાં આવ્યો.

બરાબર એ જ વખતે તૂતક ઉપર ઊભેલા બધા જ ચાંચિયાઓ એકાએક ચિત્કાર કરી ઊઠ્યા. દૂર દૂર સુધી એનો પડઘો પહોંચે તેમ હતો.

લાઇટહાઉસની ટોચેથી એક ઝળહળતો તેજલિસોટો કાળા અંધકારને ચીરતો ચારે બાજુ ઘૂમવા લાગ્યો.

'આહ ! નાલાયકો !! આપણું કરેલું કારવેલું એમણે આ દરિયાના પાણીમાં ડુબાવી દીધું.' કાર્સેન્ટી બરાડો પાડી ઊઠ્યો.

'જલદી ! જલદી કરો !! કિનારે દોડી જવું ખૂબ જ જરૂરી છે. મછવો નીચે પાણીમાં ઉતારો. જલદી.' કૉંગ્રે પણ રઘવાયો બની ગયો. સામે જ વિકરાળ, મોં ફાડી ઊભેલા મોત સાથે કાંઈ પણ કરી શકવા તેમની પાસે કોઈ ઉપાય જણાતો ન હતો. વહેલી તકે કાંઠે દોડી જઈને લાઇટહાઉસના દીવાને હોલવી નાંખી શકાય તો હજી પણ ભાગી શકાય તેમ હતું. વહાણ ઉપર માત્ર બે જ માણસોને રહેવા દઈને બાકીના તમામને કૉંગ્રેએ પોતાની સાથે બેસાડી દીધા. દરેકે હાથમાં આવ્યાં તેવાં હથિયાર સાથે લઈ લીધાં. એનો ઇરાદો ઝડપથી કાંઠે પહોંચી જઈને લાઇટહાઉસનો કબજો લેવાનો હતો. એમાં જેટલા પણ માણસો હોય તેને ખતમ કરીને દીવાને બુઝાવી દેવાનો હતો. મશીનરીમાં તોડફોડ કરી તેને બિનઉપયોગી બનાવી દેવાનો હતો. દીવો જો બુઝાવી શકાય તો એને આધારે નજીક આવી રહેલા શાંતા-ફી જહાજને ફરીથી અટકાવી શકાય તેમ હતું.

લાઇટહાઉસમાં એટલી કામગીરી ઝડપથી પતાવીને એ સૌ પાછા વહાણ ઉપર પહોંચી જવાના હતા. લંગર ઉઠાવીને અંધારાનો લાભ લઈ અહીંથી પોબારા ગણવાનો આ પ્લાન ઝડપથી વિચારાયેલો હોવા છતાં સંપૂર્ણ હતો. હમણાં ભરતીનો ચડતો પ્રવાહ હતો. મછવો એના ઉપર સવાર થઈ ઝડપથી કાંઠે પહોંચી શકે તેમ હતું. ત્રણ વાગ્યા બાદ શરૂ થવાની ઓટ સાથે એમનું 'કાર્સેન્ટી' વહાણ પણ સડસડાટ અહીંથી નીકળી શકે તેમ હતું.

ભરતીના સાથમાં એમનો મછવો પંદરેક મિનિટમાં તો મારમાર કરતો લાઇટહાઉસના દીવા તરફ ધસી ગયો. કાંઠો આવતાં જ હડૂડૂ કરતા સૌ બહાર કૂદી પડ્યા. હાથમાંના કુહાડા, હથોડા, સળિયા તથા પિસ્તોલ જેવા હથિયારો સાથે દોટ મૂકી. થોડી જ વારમાં તો તેઓ સૌ લાઇટહાઉસના લોખંડી દરવાજા પાસે પહોંચી ગયા

ચાંચિયાઓ સાથેનું વહાણ અહીંથી રવાના થયું કે તરત જ વાકુઝ અને ડેવીસ ખુલ્લામાં આવી ગયા હતા. તેમને હવે કોઈનો પણ ડર રાખવાની જરૂર ન હતી. ચાંચિયાઓ અહીંથી જવાની ઉતાવળમાં હતા. એ કારણે લાઇટહાઉસનો દરવાજો ખુલ્લો જ છોડી ગયા હતા. ડેવીસનો હાથ પકડીને વાકુઝ એને અંદર ખેંચી ગયો. બંનેએ સાથે મળીને દરવાજાને અંદરથી બરાબર બંધ કરીને, તેના ઉપર આડા પાટા બેસાડી દીધા. બબ્બે પગથિયાં ચડીને દોડતા તેઓ ટોચે પહોંચી ગયા. શાંતા-ફીને માર્ગદર્શન આપી શકે તેવા એ દીવાને વહેલી તકે ચાલુ કરવા વાકુઝ ઉત્સક હતો. એ જો ચાલુ થઈ શકે તો સવારે અજવાળું થાય ત્યાં સુધી રાહ જોયા વિના, શાંતા-ફી અહીં નજીકમાં આવીને લંગર ઉતારી શકે.

એ વખતે એની સૌથી મોટી બીક દીવા સંબંધી હતી. ચાંચિયાઓ જો જતાં જતાં એના લેન્સ વગેરેમાં ભાંગતોડ કરી ગયા હોય, તો આવી હાથમાં આવેલી બાજી ગુમાવવી પડે તેમ હતી, પરંતુ એ ભય સાચો ન હતો. દીવો તથા તેનાં સંચાલન યંત્રો અકબંધ હતાં. અઢી મહિના પહેલાં કૉંગ્રેએ એનો કબજો લીધો, ત્યારે તેમણે માત્ર દીવો જ બુઝાવી દીધો હતો. એનાં યંત્રોમાં ભાંગફોડ કરવાની તસદી લીધી ન હતી. એમ કરવાની એમને જરૂર પણ લાગી ન હતી. અત્યારના જેવી અદ્‌વિતીય સ્થિતિ ઊભી થઈ શકે એવી તો કલ્પના પણ ક્યાંથી હોય?

ગમે તેમ પણ દીવો એની પૂરી તાકાતથી તેજ કિરણ રેલાવી રહ્યો હતો. થોડી જ વારમાં હોકારા-પડકારા કરતા ચાંચિયાઓ નીચે દરવાજા પાસે આવી પહોંચ્યા. લોખંડના દરવાજા ઉપર એમના હાથમાંના હથોડા વગેરે ઝીંકાવા લાગ્યા. ગિરોહના દરેક માણસ દરવાજો ખોલવા પોતપોતાની રીતે પ્રયાસ કરવા લાગ્યા. સીધી રીતે તે ખૂલી શકે તેમ ન જણાતાં, તેને તોડી નાંખવા માટે તેઓ મરણિયા પ્રયાસ કરવા લાગ્યા. પરંતુ પોલાદનાં જાડાં પતરાંનો બનેલો દરવાજો મચક આપતો ન હતો.

કાર્સેન્ટીને ખ્યાલ આવી ગયો કે એ રીતે દરવાજો ખોલી શકાય તેમ ન હતું. છતાં દશ માળની એ લાઇટહાઉસને ટોચે જઈ દીવો બુઝાવવાની અત્યારે તાકીદ હતી. દરવાજો જો ન ખૂલે કે ન તૂટે તો શું કરવું? અંદરથી શક્ય ન હોય તો બહારથી કોઈ પણ રીતે લાઇટહાઉસ ઉપર પહોંચી જવું અત્યંત જરૂરી હતું. ચાંચિયાઓને બરાબર ખ્યાલ આવી ગયો હતો. અંદર કે બહારનો કોઈ જ રસ્તો મળી ન શકે, તો એમનો વનવાસ ફરીથી શરૂ થવાનો હતો. દીવાના માર્ગદર્શન હેઠળ શાંતા-ફી અહીં આવી જાય, તો 'કાર્સેન્ટી' વહાણ ઉપર પાછા જવાનો વિકલ્પ પણ બંધ થઈ જાય તેમ હતો.

કોઈ પણ રીતે ઉપર પહોંચી દીવો બંધ કરી શકાય તો હજી પણ થોડી આશા હતી. એમાં સફળતા મળે તો શાંતા-ફી ફરીથી સ્થગિત થઈ જાય તેમ હતું. બહારથી ઉપર પહોંચવા માટે એક ઉપાય હોવાનો કૉંગ્રેને ખ્યાલ આવ્યો. આકાશમાં વાદળોમાં ઋણભાર વધતાં ઉત્પન્ન થતી વીજળી ઊંચા લાઇટહાઉસ ઉપર ત્રાટકી તેને નુકસાન કરે, તે અટકાવવા ટોચથી તળિયા સુધી તાંબાની જાડી પટ્ટી બહારની બાજુએ દીવાલમાં જડેલી હતી. એને આધારે ઉપર ચડવાનું મુશ્કેલ હતું, છતાં તેને પકડીને ઉપર ચડતાં દર્શનગૅલેરીમાં પહોંચી શકાય તેમ હતું. એ માર્ગ ઉપર ચડી શકવા બાબત ઉપર રહેલા માણસોને તો ખ્યાલ પણ ક્યાંથી હોય? ઉપર ચડી પિસ્તોલની બેત્રણ ગોળીઓ અને પછી તો એમનું ધાર્યું એ લોકો કરી શકે તેમ હતા.

તાંબાની એ જાડી પટ્ટીને પકડીને ઉપર ચડવા કાર્સેન્ટી તૈયાર થયો. ઝડપથી તેણે ઉપર ચડવાની શરૂઆત કરી. એની પાછળ સુથાર વર્ગાસ પણ અનુસરવા લાગ્યો. રાત્રીના અંધારામાં એમને કોઈ જોઈ શકે તેમ ન હતું. કોઈને એ બાબતની

શંકા પણ આવે તેમ ન હતું. બંને સ્ફૂર્તિથી સડસડાટ ઉપર ચડવા લાગ્યા. આગળ ચડતો કાર્સેન્ટી આખરે ગૅલેરીની રેલિંગ સુધી પહોંચી પણ ગયો. રેલિંગનો સળિયો પકડીને એક છલાંગ, અને તે દર્શનગૅલેરીમાં પહોંચી જાય તેમ હતું.

બરાબર એ જ વખતે પિસ્તોલમાંથી ગોળીઓ છૂટવાનો અવાજ આવ્યો. અંદરથી ચડાય નહી તો બહારથી પણ ટોચે પહોંચવા આ ચાંચિયાઓ પ્રયાસ કરશે જ એની વાકુઝને ખાતરી હતી. એઓ બંને એમની રાહ જોઈને જ ઊભા હતા. બંનેની પિસ્તોલોમાંથી સાવ નજીકથી જ ગોળીઓ છૂટી. બંને ચાંચિયાઓના માથા સરસી એ ગોળી તેઓના શરીરમાં ઊતરી ગઈ. એકી સાથે બંનેના હાથની પકડ છૂટી ગઈ. દશ માળ જેટલી ઊંચાઈએથી બંને જણા ઊંધા માથે નીચેના પથ્થર જડેલા ચોકમાં પટકાયા.

એ જ વખતે નજીક આવેલા શાંતા-ફી જહાજ ઉપરથી કાન ફાડી નાંખે તેવો અવાજ કરતી સાયરન વાગવા માંડી. ચાંચિયાઓ પાસે હવે તો ભાગવાનો સમય પણ રહ્યો ન હતો. શાંતા-ફીની બચાવ નૌકા લાઇટહાઉસની નજીકમાં જ આવી ગઈ હોય, તે રીતે તેનાં હલેસાંના અવાજ સંભળાવા લાગ્યા. ગમે તે પળે તે કિનારે આવી જાય તેમ હતી.

ચાંચિયાઓમાં નાસભાગ મચી ગઈ. પોતાના ખાસ વિશ્વાસુ એવા બે મિત્રોનાં છૂંદાઈ ગયેલાં શબ ત્યાં જ પડેલાં રહેવા દઈને ડોંગરે સહિતના તમામ જેમ ફાવ્યું તેમ ભાગવા લાગ્યા. અંધારાનો લાભ લઈને આજુબાજુના ખડકોમાં સંતાઈ ગયા.

ઘડી પહેલાંના હોકારા-પડકારા અને ઘણના અવાજો એકદમ બંધ થઈ ગયા. પંદર જ મિનિટમાં શાંતા-ફીના શસ્ત્રસજ્જ માણસોની પહેલી ટુકડીએ લાઇટહાઉસ પાસે ઉતરાણ કર્યું. વાતાવરણ એકદમ હળવું બની ગયું. ટોચ ઉપરથી ઊતરીને નીચે ઊતરેલા બંને મરજીવાઓ થોડા જ સમયમાં જહાજ ભેગા થઈ ગયા. જહાજના કૅપ્ટન લફાયત, પ્રથમ અધિકારી રીગલ તથા સૌ એમની રાહ જોતા તૂતક ઉપર ઊભા જ હતા.

પોતાના મિત્રોની એની નજર સામે થયેલી નિર્મમ હત્યા, પળેપળ મોતની છાયા નીચે જિવાતી જિંદગીનો કપરો સમય, અનિશ્ચિતતા અને છેલ્લી ઘડીએ મસીહા બનીને આવેલું શાંતા-ફીનું મિશન - આ તમામ ઘટનાઓ વાકુઝના મનમાં ઘમસાણ મચાવી રહી. આવી ખતરનાક સ્થિતિમાંથી તે એકદમ બહાર આવી ગયો હતો. છેલ્લા અઢી માસથી જેની એ રાહ જોતો હતો, તે શાંતા-ફી, તેના કૅપ્ટન, અધિકારીઓ તથા સૌ મિત્રો – એ સૌ અત્યારે એના સ્વજનો બનીને સામે ઊભા હતા.

એવી સ્થિતિ વાકુઝ માટે અસહ્ય બની રહી. સૌની સામે તે ભાંગી પડ્યો. પ્રયત્નો કરવા છતાં પોતાનાં આંસુઓને તે ખાળી શક્યો નહી. આવા મરદ માણસને ધ્રુસકે ધ્રુસકે રડતો જોઈને કૅપ્ટન સહિતના સૌની આંખો ભીની બની.



શુભાસ્તે પન્થાન

સ્ટેટન ટાપુ ઉપરની દીવાદાંડી માટે બદલીના માણસો તથા નવો પુરવઠો લઈને પુરવઠા જહાજ શાંતા-ફી ૧૯મી ફેબ્રુઆરીએ જ બુએનાસ-એરીસથી રવાના થયું હતું. પવન અને કાંઠાનો જળવિસ્તાર સાનુકૂળ હતાં. કોઈ પણ જાતની રુકાવટ વિના એકધારી ગતિથી તે દક્ષિણ તરફ ધસી રહ્યું હતું. સ્ટેટન ટાપુ અને એલ્ગર-બે વિસ્તારમાં એક અઠવાડિયા સુધી ઘમસાણ મચાવી રહેલું તોફાન ઉત્તરમાં મેગેલનની ખાડી સુધી જ વિસ્તર્યું હતું. શાંતા-ફીને તો એનો અણસાર સુધ્ધાં આવ્યો ન હતો. એવી અનુકૂળતાને કારણે નિર્ધારિત સમય પહેલાં જ તે એના અંતિમ મુકામે વહેલું આવી પહોંચ્યું હતું.

લાઇટહાઉસની દર્શનગૅલેરીમાંથી પિસ્તોલના જે બે ધડાકા થયા હતા, તેનો અવાજ શાંતા-ફી ઉપર સંભળાયો હતો. એમને લાગ્યું કે લાઇટહાઉસ ઉપર કાંઈક તકલીફ ઊભી થઈ હતી.

સ્વસ્થ થયા બાદ વાકુઝ કૅપ્ટનની ચેમ્બરમાં હાજર થયો. ડિસેમ્બર માસમાં શાંતા-ફી અહીંથી ગયું ત્યારે કુલ ત્રણ માણસોને અહીં મૂકીને ગયું હતું. અત્યારે એઓ પૈકીનો એક વાકુઝ જ અહીં હાજર હતો. સાથમાં કોઈ સાવ અજાણ્યો માણસ હતો. બંનેએ કૅપ્ટનને નૌકાદળની શિસ્ત પ્રમાણે સલામ કરી. ટાપુ ઉપર બનેલા જીવસટોસટના બનાવોથી કૅપ્ટન સાવ અજાણ જ હતા. તેને તો ફક્ત આ છેલ્લે બનેલા બનાવનો જ ખ્યાલ આવ્યો હતો. એની ગેરહાજરીમાં ત્રણ માસ દરમ્યાન અહીં જે ઘટનાઓ બની હતી તે જાણવા કૅપ્ટન લફાયત આતુર હતા.

લાઇટહાઉસનો દીવો આજે સાંજના સમયે મોડો સળગ્યો, તે જ એને માટે તાત્કાલિક તપાસનો મુદ્દો બની ગયો. તેણે પૂછ્યું :

'દીવો ઘણો જ મોડો સળગાવાયો હતો, મિ. વાકુઝ? એનું કારણ આપી શકશો?'

'એ સાચું છે કે રાત્રે દીવો મોડો સળગ્યો હતો, પરંતુ એ તો છેલ્લાં નવ અઠવાડિયાંથી સળગાવાયો જ નહતો.

'નવ અઠવાડિયાં સુધી? શું કહેવા માગે છે તું? અને તારા બંને સાથીઓ ક્યાં છે?'

'મારા બે સાથીઓ ફીલિપ અને મોરીઝ મૃત્યુ પામ્યા છે. અમને અહીં મૂકીને તમે ગયા બાદ ત્રણ જ અઠવાડિયાં થયાં હતાં એ વાતને. ત્યારથી હું એકલો જ રહ્યો છું.'

સેન્ચુરી જહાજના વાઈસ કૅપ્ટન જ્હોન ડેવીસને લાગ્યું કે પોતાના સર્વોચ્ચ અધિકારી કૅપ્ટન લફાયત સમક્ષ પૂરેપૂરી વાત કરતાં વાકુઝ ક્ષોભ અનુભવી રહ્યો હતો. કૅપ્ટનની સરખામણીમાં વાકુઝ તો ઘણી નીચલી કક્ષાનો કર્મચારી હતો. સંરક્ષણ દળોમાં કૅપ્ટનની કક્ષાના અધિકારી સાથે વાત કરવાની પણ તક એમને મળતી નથી હોતી. એણે તરત જ પોતાની ઓળખ આપી. બોલવાની પરવાનગી માંગી. ઉચ્ચ અધિકારીની પૂરી અદબ રાખીને અહીંની ઘટનાઓ કહેવા માંડી.

'અહીં બનેલી ખતરનાક ઘટનાઓ તો વાકુઝે આપને જણાવી જ નથી. અમારી પાસેની નાની તોપમાંથી છોડાયેલા બે ગોળાથી 'મૌલે' વહાણને નુકસાન તો થયું હતું, પરંતુ તે ગંભીર ન હતું. બે જ દિવસમાં તેનું સમારકામ પૂરું પણ થઈ ગયું. ગઈ કાલે સાંજે જ તે અહીંથી રવાના થઈ શક્યું હોત. પરંતુ તમે અહીં આવો ત્યાં સુધી કોઈ પણ જોખમ લઈને તેને અહીં રોકી રાખવા વાકુઝ આતુર હતો. એ માટે તેણે જે હિંમત બતાવી તેનો જોટો જડે તેમ નથી. રાત્રીના અંધારામાં ખાડીના પાણીમાં થઈને તે વહાણ ઉપર ગયો હતો. પકડાઈ ગયો હોત તો ચાંચિયાઓએ એની પણ એના બે મિત્રો જેવી જ દશા કરી હોત. વહાણના સુકાનને નુકસાન થઈ શકે તો તેના સમારકામ માટે ચાંચિયાઓએ ફરજિયાત રોકાવું પડે એવી એની ગણતરી હતી. તે માટે સુકાન પાસે બખોલ જેવું નાનું છિદ્ર કોતરી કાઢ્યું. તેમાં પોતાના હાથે બનાવેલી સુરંગ ગોઠવી. સામાન્ય સ્થિતિમાં જામગરી ચાંપીને તેનો વિસ્ફોટ કર્યો. નુકસાન ભલે ધાર્યા પ્રમાણે ન થયું, પરંતુ વહાણને એ કારણે ઊપડી જવામાં વધુ બાર કલાકનો વિલંબ થઈ શક્યો, અને અત્યારે અહીં આપની સમક્ષ હાજર રહીને ચાંચિયાઓની નાપાક હરકત જણાવી શક્યા છીએ, તેના પાયામાં વાકુઝની બહાદુરી રહેલી છે.

'એની ઊંચી બુદ્ધિમત્તા, હિંમત તથા ફરજપરસ્તીને કારણે જ આજે ચાંચિયાઓની એક ખૂંખાર ટોળી હાથવેંતમાં આવી ગઈ છે. લાઇટહાઉસ અને તેનો દીવો આજ રાતથી સલામત બન્યાં છે. તમોને છેલ્લી ઘડીએ માર્ગદર્શન આપવા માટે લાઇટહાઉસનો દીવો ચાલુ કરવાનો વિચાર પણ એનો જ હતો.'

સાક્ષાત્ મોત પોતાનાં જડબાં ફાડીને એની સામે ઊભું હતું ત્યારે પણ ધૈર્ય જાળવીને પોતાની ફરજ બજાવનાર આ મરજીવાની કથા સાંભળીને કૅપ્ટન પણ ગદ્ગદિત થઈ ગયા. પોતાનાં હોદ્દા અને સ્થાન ભૂલી જઈને આ બંને બહાદુરોને તેણે બાથમાં લઈ અભિવાદન કર્યું.

સાયરન વગાડીને ચાંચિયાઓને ભગાડ્યા તે પહેલાંના એક કલાક સુધી શાંતા-ફી ઉપર પણ સ્થિતિ દ્વિધાપૂર્ણ રહી હતી. એ હકીકત કૅપ્ટને સ્વમુખે એમને જણાવી. સૂરજ આથમ્યો તે અગાઉ તેણે સ્ટેટન ટાપુ તથા તેના ઉપરની દીવાદાંડીને જોઈ લીધાં હતાં. કેપ સાન-જુઆનની ભૂશિર વટાવ્યા પછી તો પરિચિત સ્થાને પહોંચી જવાનું એને

માટે સહેલું હતું. અંધારું થાય તે પહેલાં જ ત્યાં પહોંચી જવાની એમની ધારણા હતી. એ વખતે ટાપુથી એ દશેક માઈલ દૂર હશે.

બરાબર એ જ વખતે દર્શનગૅલેરીમાં બેઠેલા કાર્સેન્ટીએ શાંતા-ફીને જોયું હતું. એણે કરેલો ચિત્કાર નીચે બખોલમાં છુપાયેલા વાકુઝ અને ડેવીસે સાંભળ્યો હતો. કૉંગ્રેએ જાતે ઉપર ચડીને એ બાબતની ખાતરી કરી હતી. એ પછી જ એમના વહાણને તાબડતોડ ત્યાંથી ઉપાડવાનો તેણે નિર્ણય લીધો હતો.

નવમી ડિસેમ્બરના રોજે લાઇટહાઉસ ચાલુ થયું, તે અગાઉ કૅપ્ટન લફાયતે રાતના સમયે અહીં આવવાની હિંમત કરી ન હતી. આ વખતે પણ દીવાની સહાય વિના કાંઠા નજીક આવવાનું સાહસ એણે ન જ કર્યું હોત. પરંતુ દીવો સળગશે અને તે આધારે લાઇટહાઉસની નજીકમાં એ લંગર ઉતારી શકશે એવી એને આશા હતી. એ કારણે ધીમી ગતિએ અંધારું થવા છતાં એણે આગળ વધવાનું ચાલુ રાખ્યું હતું.

અંધારું થવા છતાં દીવો સળગ્યો ન હતો. વધુ એક કલાક થવા છતાં દીવાનો પ્રકાશ જણાયો નહીં. કૅપ્ટનને તો પાકી ખાતરી હતી કે શાંતા-ફી એલ્ગર-બેમાં દાખલ થઈ ચૂક્યું હતું. દીવો ન સળગવા માટે એણે અનુમાન કર્યું કે તોફાન અથવા અન્ય કોઈ કારણે યંત્રમાં કાંઈક ખરાબી આવી હશે. લાઇટહાઉસ ઉપર ચાંચિયાઓએ હુમલો કર્યો હતો, અને તેઓ જ એના ઉપર કબજો જમાવીને બેઠા હતા, એવી તો કોઈને કલ્પના પણ કેવી રીતે આવી શકે?

કૅપ્ટનના જણાવ્યા પ્રમાણે એવા અંધારામાં લાઇટહાઉસના માર્ગદર્શન વિના આગળ વધવું કે નહીં તેની એને વિમાસણ હતી. આગળ વધવામાં જોખમ હતું. છેવટે રાત ત્યાં જ રોકાઈને સવારમાં આગળ વધવાનો તેણે નિર્ણય કર્યો હતો, પરંતુ એના હાથ નીચેના અન્ય અધિકારીઓ અકળાતા હતા. લાઇટહાઉસમાં કાંઈક અમંગળ બન્યું હોવાની એમના મનમાં ઊંડે ઊંડે શંકા હતી.

દરમ્યાન બરાબર નવ વાગ્યે દીવાના ઝગારા મારતો પ્રકાશ એમની નજરે પડ્યો. થયેલો વિલંબ કોઈ યાંત્રિક ખરાબીને કારણે થયો હોવાનું સૌએ અનુમાન કર્યું. લાઇટહાઉસનું ચોક્કસ સ્થાન નક્કી થઈ જતાં શાંતા-ફીનાં એન્જિનો પૂરા બળ સાથે ચાલુ કરી દેવામાં આવ્યાં. યાત્રા ફરી શરૂ થઈ ગઈ. એ દરમ્યાન કાંઠાથી દોઢેક માઈલ દૂરના અંતરે પાણીમાં લંગર નાંખીને અંધારામાં ઊભેલા એક વહાણને તેમણે જોયું હતું. એમાં કોઈ જ ચહેલપહેલ ન હતી. તેને ત્યજી દેવામાં આવ્યું હોય તેમ લાગતું હતું. એના તરફ માણસો સાથે હોડી મોકલવાનો કૅપ્ટને વિચાર કર્યો, ત્યાં જ લાઇટહાઉસની ટોચેથી બે ચમકારા જોયા. સાથે બે ધડાકા પણ સાંભળ્યા.

કૅપ્ટનને તરત જ ખ્યાલ આવી ગયો કે લાઇટહાઉસ ઉપર હુમલો થયો હોવો જોઈએ. એના ચાલકોએ સ્વબચાવમાં ગોળીબાર કર્યા હોય એમ પણ લાગ્યું.

હુમલાખોરોને ભગાડવાના હેતુથી જહાજ ઉપરની સાયરન વગાડવાનો એણે આદેશ આપ્યો. રાત્રીના અંધારામાં સાયરનના અવાજથી ગભરાઈને ચાંચિયાઓ પોતના મૃત સાથીઓનાં શરીર છોડીને જેમ ફાવ્યું તેમ ભાગી છૂટ્યા.

‘આપના તરફનો સાયરનનો અવાજ એકદમ સમયસર જ હતો.’ વાકુઝે મોં મલકાવતાં જણાવ્યું.

‘અરે ભાઈ ! જાનના જોખમે તમે જો એ દીવો સળગાવ્યો ન હોત, તો સાયરન કદી પણ વાગી શકી ન હોત. અમે દૂર અંધારામાં જ અટવાતા હોત અને ચાંચિયાઓ અંધારાની ઓથમાં બિન્ધાસ્તપણે વહાણને હંકારી ગયા હોત. અંધારામાં ચુપકીદીથી સરી જતું એ વહાણ અમારી નજરે ચડ્યું પણ નહોત. એઓના જઘન્ય ગુનાઓ માટે એમને કદી પણ સજા થઈ શકી ન હોત.’

કુઝ અને જ્હોન ડેવીસની આ સાહસકથાની જાણ શાંતા-ફી ઉપર સૌને થઈ ગઈ. બે માસ સુધી સતત મોતની છાયામાં રહીને પણ હિંમતથી પોતાની ફરજ બજાવનારા આ વીરબંકાઓને સૌએ સલામ ભરી. અભિનંદનોથી એમને નવાજ્યા. વાકુઝ તથા ડેવીસ સ્ટેટન ટાપુ ઉપર ચાંચિયાઓ સામે ખેલાયેલા જંગના વીરનાયક બની ગયા.

બાકીની રાત શાંતિમાં વીતી. શાંતા-ફીના સુરક્ષિત સ્થાનમાં બરાબર અઢી માસના વનવાસ બાદ વાકુઝને ઘસઘસાટ ઊંઘ આવી. બંનેને પૂરતો આરામ મળી ગયો. સવાર પડી. લાઇટહાઉસ માટે આવેલા ત્રણ નવા માણસો સાથે વાકુઝનો પરિચય કરાવવામાં આવ્યો.

ચાંચિયાઓ અને તેમના ‘કાર્સેન્ટી’ વહાણની વાત જાણ્યા પછી કૅપ્ટન લફાયતે અગમચેતી વાપરી, એ જ વખતે રાતના અંધારામાં તેનો કબજો લેવા માણસો રવાના કર્યા હતા. એમાં થોડી પણ ઢીલ થઈ હોત તો કૉંગ્રે ગિરોહ મોડે મોડે પણ વહાણ ઉપર આવીને મધરાત બાદની ઓટમાં ભાગી શકી હોત.

કાર્સેન્ટી તથા વર્ગાસ લાઇટહાઉસ ઉપર ચડતી વખતે જ માર્યા ગયા હતા, પરંતુ બાકીના માણસો ટાપુ ઉપર હજી છૂટા જ હતા. હવે પછી અહીં લાઇટહાઉસમાં રહેનારા કર્મચારીઓની સલામતી માટે એમને પકડવાનું અથવા ખતમ કરવાનું કામ કૅપ્ટન માટે પ્રથમ ક્રમે હતું. એ કામ સહેલું ન હતું, છતાં એ ટોળકીને નાબૂદ કર્યા વિના અહીંથી જઈ શકાય તેમ પણ ન હતું. એમાં મુશ્કેલી હોવા છતાં એક શક્યતા હતી. ચાંચિયાઓએ પૂર્વ તથા પશ્ચિમ તરફની એમ બંને ગુફાઓમાં વાસ કર્યો હતો. બંનેમાંની તમામ ચીજવસ્તુઓ લાવીને તેને આ વહાણમાં ભરી દીધી હતી. એ ગુફાઓ હવે સાવ ખાલી હતી. વાકુઝ અને ડેવીસ સાથે કૅપ્ટને બીજા દિવસે સાન-જુઆન નજીકની ગુફાની મુલાકાત લીધી. તેમાં થોડાં વાસણો તથા કપડાં જ બાકી રહ્યાં હતાં. વાકુઝ

એક વાર છુપાયો હતો, ત્યાં જૂના સઢના વીટા પડ્યા હતા. કૅપ્ટને એ તમામ વસ્તુઓ લાઇટહાઉસમાં મુકાવી દીધી. ટાપુના અંદરના ભાગમાં છુપાયેલો કૉંગ્રે ત્યાં આવીને તે લઈ જાય, તે અગાઉ બંને તરફની ગુફાઓ ખાલી કરવાની જરૂર હતી. જીવન ટકાવી રાખવા માટે ઉપયોગી બની શકે તેવી ખોરાક સહિતની કોઈ પણ વસ્તુ ત્યાં રહેવા દીધી નહીં. શિકાર કરવા માટે હવે તો હથિયારો પણ આ ટોળી પાસે ન હતાં.

ચાંચિયાઓએ લાઇટહાઉસનો કબજો લીધો, ત્યારે ભાગી છૂટેલો ત્રીજો કર્મચારી એમના હાથમાંથી ભલે છટક્યો, પણ ભૂખે મરી જશે એવી શેખી કરી, હીન કક્ષાનો આનંદ લૂંટનારાઓ હવે એવી જ સ્થિતિમાં મુકાયા હતા. એ લોકો પોતાના ગુનાઓ માટે ફરાંસીએ ચડીને મરે કે અહીં વેરાન ટાપુ ઉપર રખડી રઝળીને ભૂખે મરે, તે હવે થોડા સમયનો જ સવાલ હતો. કાયદાને શરણે આવી દયાની ભીખ માંગવામાં જીવતા રહેવાની થોડી પણ શક્યતા રહેતી હતી. શરણે આવ્યા સિવાય એમનો છૂટકો ન હતો. આમ છતાં કૅપ્ટન લફાયતે એઓની શોધમાં સશસ્ત્ર માણસો મોકલવા માંડ્યા. પોતે પણ વાકુઝ તથા ડેવીસને લઈને સેન્ટ બાર્થોલોમ્યુની ભૂશિર સુધી જઈ આવ્યો, પરંતુ ચાંચિયાઓના કોઈ સગડ મળ્યા નહીં.

થોડા દિવસ વીત્યા. ત્યાર બાદ દશમી માર્ચના રોજે સવારે સાત જેટલા ફ્યુજિયનો લાઇટહાઉસના મુખ્ય દરવાજા પાસે આવીને શરણે થયા. દિવસોની રખડપટ્ટી અને ભૂખથી એ લોકો સાવ નબળા પડી ગયા હતા. ચાલવાની પણ શક્તિ રહી ન હતી. તરત જ એમની ધરપકડ કરીને શાંતા-ફીના કેદખાનામાં સુરક્ષિત કરી દેવાયા.

પાંચ દિવસ બાદ શાંતા-ફીનો વાઈસ કૅપ્ટન રીગલ ટાપુના દક્ષિણ કાંઠે કેપ વેબસ્ટર પાસે બાકીના માણસોની તપાસમાં હતો. આ ટોળકીના વધુ પાંચ માણસોનાં શબ જોવામાં આવ્યાં. તેઓ પૈકીના બે પડોશના ચીલી દેશના વતની હતા. વાકુઝે તેઓને ઓળખી બતાવ્યા. એમની આજુબાજુમાં માછલીનાં હાડકાં જોવામાં આવ્યાં. એમણે ક્યાંય પણ અગ્નિ સળગાવ્યો હોય તેવું જણાયું નહીં ! એ માટેનાં કોઈ જ સાધનો એમની પાસે જણાયાં ન હતાં.

એ પછીના બીજા દિવસે સાંજે લાઇટહાઉસ નજીકની એક ઊંચી ભેખડ ઉપર કોઈ માણસનું ડોકું ઊંચું થતું હોવાનું ત્યાંના ચોકીદારે જોયું. એ તે જ ભેખડ હતી, જ્યાંથી વાકુઝ અને ડેવીસ ત્રણ દિવસ પહેલાં લાઇટહાઉસના ચોકમાં સરકી આવ્યા હતા, અને વાકુઝે આ ચાંચિયાઓને ભાગી જતા અટકાવવા માટે સુકાનમાં સુરંગ મૂકવા મોતનો જુગાર ખેલ્યો હતો. એ કૉંગ્રે હતો. ચાંચિયા ગિરોહનો સરદાર, એક ખૂંખાર અને રીઢો ગુનેગાર. જેના ગુનાઓ માટે અનેક દેશોની સરકારો એને શોધતી હતી.

વાકુઝ એ સમયે બીજા માણસો સાથે લાઇટહાઉસના ચોકમાં ઊભો હતો. એની નજર પણ કૉંગ્રેના બિહામણા ચહેરા ઉપર પડી. એ બૂમ પાડી ઊઠ્યો:

'એ દેખાય ! ચાંચિયા સરદાર કૉંગ્રે.'

વાકુઝનો અવાજ સાંભળી કૅપ્ટન લફાયત વગેરેએ ભેખડ તરફ જોયું. બીજા નાવિકો પણ દોડી આવ્યા.

લાઇટહાઉસની આટલી નજીકની એની હાજરીથી સૌને આશ્ચર્ય થયું. શા માટે અહીં આવ્યો હશે? આત્મ-સમર્પણ કરવા માટે હશે? અત્યાર સુધી એણે કરેલાં ગુનાહિત કૃત્યો માટે શું સજા થઈ શકે, તેનો તો એને ખ્યાલ હશે જ. તો પછી આત્મસમર્પણ શા માટે કરે? જીવતો પકડાય તોપણ એનો કેસ તો બુએનોસ એરીસની અદાલતમાં જ ચલાવવો પડે. એણે આચરેલી લૂંટી અને કરેલાં ખૂનોનો રેકોર્ડ અદાલત સામે હતો જ. એ માટે મૃત્યુદંડની સજા પણ એને માટે હળવી ગણાય તેમ હતું. જીવનભર એણે અન્યોને માટે ખાડાઓ ખોદ્યા હતા. નિર્દોષ માણસોનાં મોત ઉપર એણે મિજબાની માણી હતી. આખરે એનું સ્થાન પણ એમાં પાકું થઈ ગયું. ઊંચા ખડક ઉપર માથું ઊંચું કરીને એ નીચેના ભાગમાં તથા દરિયા તરફ જોઈ રહ્યો. ત્યાં નજીકમાં જ પૂરવઠા જહાજ શાંતા-ફી ગૌરવથી ડોલી રહ્યું હતું. એની બાજુમાં જ 'કાર્લોટા' નામ પામેલું, 'મૌલે' વહાણ પણ ઊભું હતું. એની ટોળકી માટે એક વાર મુક્તિદાતા બની રહેલા વહાણ ઉપર એની નજર પરોવાઈ રહી. એના નસીબે ક્ષણભર માટે એને યારી આપી. બીજી જ પળે એ જ સદ્નસીબી એને માટે શાપરૂપ બની ગઈ. લૂંટના માલસામાન અને જરઝવેરાતથી લથબથ ભરાયેલા પોતાના એ ખજાનાને હવે એણે દૂરથી જ જોવાનો રહ્યો.

જેને માટે વરસો સુધી આ નર્કાગાર જેવા ટાપુ ઉપર એણે એકાંતવાસ વેઠ્યું હતો, અનેક વહાણોને ગેરમાર્ગે દોરીને બેસુમાર ખાનાખરાબી કરી હતી, ઠંડે કલેજે નિદોષ લોકોનાં ખૂન કર્યાં હતાં - તેવું આ વહાણ અને તેમાંની અઢળક સમૃદ્ધિ - બધું જ એની સમક્ષ ઝાકળની જેમ હવામાં અદૃશ્ય બની ગયું. કોઈ પણ માણસ એવી સ્થિતિમાં સ્વસ્થ રહી શકે નહી.

કૅપ્ટન લફાયત આવા ખૂંખાર ચાંચિયાને જીવતો પકડવા આતુર હતા. તરત જ એણે વાઈસ કૅપ્ટન રીગલને સૂચના આપી. હથિયારબંધ સૈનિકો સાથે રીગલ પાછલે રસ્તે થઈને ભેખડ તરફ જવા નીકળ્યો. વાકુઝ તો આ પ્રદેશનો હવે ભોમિયો બની ગયો હતો. ટૂંકા રસ્તે થઈને આ ટુકડીને લઈ જવા એ અગ્રેસર થયો. પરંતુ અફસોસ – એઓ કૉંગ્રેની નજીક પહોંચે તે પહેલાં જ એના તરફથી પિસ્તોલની ગોળી છૂટવાનો ધડાકો સંભળાયો. એ જ ક્ષણે ખડકને મથાળેથી એક માનવ શરીર નીચે ખાડીના પાણી તરફ ફંગોળાયું. અઢી મહિના પૂર્વે જે સ્થળે ફીલિપ અને મોરીઝનાં મૃત શરીરોને એણે

એના વહાણ ઉપરથી પાણીમાં ધકેલી દીધાં હતાં, ત્યાં જ એનું શરીર પણ જઈ પડ્યું. પોતાને હાથે જ એણે પોતાનાં કુકર્મોનો ન્યાય તોળ્યો.

સ્ટેટન ટાપુ છેલ્લા અઢી માસથી સાચા અર્થમાં દોજખ ટાપુ બની ગયો હતો. એ દરમ્યાન અહીં ખેલાયેલા ખતરનાક ખેલનો એવો જ ભયંકર અંજામ આવ્યો. કૉંગ્રે અને કાર્સેન્ટીના ચાંચિયા ગિરોહનો એ રીતે અંત આવ્યો. સ્ટેટન ટાપુ અને તેના ઉપર નવું બંધાયેલું લાઇટહાઉસ હવે સંપૂર્ણ રીતે સુરક્ષિત બની ગયાં.

કહેવાની જરૂર નથી કે ત્રીજી માર્ચ ૧૮૬૦થી નવા માણસોને હાથે સળગેલો દીવો ત્યાર બાદ નિયમિત રીતે પેટાવાતો રહ્યો.

શાંતા-ફીની વળતી મુસાફરીમાં વાકુઝ અને જ્હોન ડેવીસ પણ જોડાવાના હતા. જ્હોન ડેવીસે તાત્કાલિક તો બુએનોસ-એરીસ જ જવાનું હતું. ત્યાંથી અમેરિકામાં પોતાના શહેર મોબીલ જઈને નવા જહાજની જવાબદારી સંભાળવાની હતી. કંપનીના ‘સેન્ચુરી’ વહાણનો એ એક માત્ર જીવિત માણસ હતો.

વાકુઝ માટે વીતેલા ત્રણ માસ એના જીવનનો સૌથી વધુ દુ:ખદ સમય હતો. એ સમય એને માટે એક દુખદ સ્વપ્ન બની રહ્યો. એના પરમ મિત્રો એણે ગુમાવ્યા હતા. પોતાના ગામ જઈ આ મિત્રોનાં સનેહીજનોને આશ્વાસન આપવાની ઉપરી જવાબદારી એને શિરે હતી. ઘરેથી ઉત્સાહભેર એ ચારે જણ નીકળ્યા હતા. વળતી મુસાફરીમાં એ એકલો જ જવાનો હતો. એનું પુનરાગમન એકાકી અને દુ:ખદ બની રહેવાનું હતું.

ચાંચિયા ગિરોહ એ રીતે સંપૂર્ણપણે નષ્ટ થતાં સ્ટેટન ટાપુ હવે સંપૂર્ણ રીતે સલામત બની ગયો હતો, એવા વિશ્વાસ અને સંતોષ સાથે કૅપ્ટન લફાયતે વળતી મુસાફરી માટે લંગર ઉઠાવવાની તૈયારી શરૂ કરી દીધી.

૧૮મી માર્ચ ૧૮૬૦ના દિવસની સંધ્યાકાળ હતી. કૅપ્ટન લફાયતે ફરી એક વાર શાંતા-ફી જહાજના પ્રસ્થાનનો આદેશ આપ્યો. ત્રણ માસ અગાઉ એવી જ એક સંધ્યાકાળે આવા સુંદર માહોલ વચ્ચે શાંતા-ફી અહીંથી સ્વદેશ જવા નીકળ્યું હતું. વચ્ચેના ત્રણ માસમાં અહીં એક ભીષણ કાંડ ખેલાઈ ગયો. આજના પ્રયાણની સાથે પણ ધરતીના છેવાડા આ દીવાદાંડીની ટોચે દીવો પ્રગટ્યો. એનું તેજ પૂર્વોત્તર દિશામાં આગળ ધપી રહેલા શાંતા-ફી જહાજ ઉપર ઝિલાઈ રહ્યું.

●●